અને તેમના વચ્ચે તે કારણથી તેમનું નામ યાદગારજ રહેવાનું. મરહુમે જોકે જાણવા જેવી કેળવણી લીધી ન હતી તોપણ એક મોટી દોલતના માલેકને જેમ આપે એવી પ્રકારની નાણાંની વહીવટ ચલાવવાની ચબરાકી તેઓ ધરાવતાં, અને પોતાના સમાગમમાં આવનારાઓ વચ્ચે તે માટે તેઓએ ચહડતું મત બસાડયું હતું. મરહુમની જીંદગીનો હેવાલ હેઠળ આપ્યે છંયેઃ—બાઈ મોટલાબાઈ ૧૮૧૧ ના વરસમાં જનમયાં હતાં, અને તેથી મરણ વખતે તેમની વય ૮૬ વરસની હતી. "રીવયુ એનસાઈકલોપાડીક લારૂસે" નામે એક ફ્રેંચ ચોપાનિયાના ગયા નવેંબર માસના અંકમાં એમનું ચરીત્ર નીચલા શબ્દોમાં વરણવવામાં આવયું છે. જરથોસ્તી ધરમ નીતીનો પાયો ગણાતા કાનુન "હુમત, હુખત અને હુવરસ્ત" ને પોતાના દરેક કામકાજના સંબંધમાં નમુનો તરીકે ગણી બાઈ મોટલાંબાઈ કામ લેતાં આવયાં છે.

**મુંબઈમાં તા. ૩૦ મી અકટોંબર ૧૮૧૧ ને દીવસે તેઓ જનમયાં હતાં.**

પારસી કોમનાં એક એવાં માનવંત કુટુંબથી તેઓ ઉતરેલાં છે, કે જે કુટુંબને મુંબઇ શેહેર છેલ્લી અરધી સદી જેટલાં વખતની પોતાની મોટાઈ તથા આબાદી માટે આભારી છે. તેમના એક વડીલ લવજી નસરવાનજી, જેઓ ૧૭૧૦ નાં વરસમાં સુરત મધે જનમયા હતા તેમને ઈસ્ટઇનડયા કમપનીની ગોદીમાં વહાણ બાંધવાનાં કામ ઉપર રાખવામાં આવયા હતા. ૧૭૩૫ નાં વરસમાં કમપનીની નવી ઉભી કરવામાં આવેલી ગોદીઓનો અખત્યાર લેવાને તેમને મુંબઈ બોલાવવામાં આવયા હતા, અને તેમાં તેમના વંશજો છેક હમણાં સુધી મારતર—બોલડર તરીકે કામ કરતા આવયા હતા. દોઢસો વરસના અરસામાં એ ગોદીઓમાંથી ત્રણસો પચાસ મનવાર તથા વેપારી બારકસ બાહાર પડયાં છે, અને તે ઉપરાંત સંખયાબંધ નાના બારકસોની મરામત તેમાં કરવામાં આવી છે. વાહાડયાં ખાનદાનના સઘળા નબીરાઓએ વહાણ બાંધવાનો ધંધો અખત્યાર કરયો નહીં. થોડાકો વેપાર રોજગારમાં પડયા હતા. બાઈ મોટલાંબાઈના પીતા મરહુમ જેહાંગીર નશરવાનજી વાહાડયાએ કેટલીક મોટી યુરોપીઅન પેઢીઓના દલાલ તથા આપણાં ફ્રેંચ દરયાઈ ખાતાના આડતયા

તરીકે ધંધાદારી આલમ વચ્ચે નામ કહાડયું છે. ફ્રાનસની આ ભલી અને વફાદાર સેવા બાઇ મોટલાબાઇએ તેમના પીતા પછી ચાલુ રાખી હતી, જે વખતે મુંબઈમાં ફ્રેંચ બેંક હસ્તી ધરાવતી નહી તે વખતે તેઓએ આપણા લશકરી તથા વેપારી બારકસોના કપતાનોને તથા આપણા સ્વદેશીઓને નાણાં ધીરયાં હતાં. ફ્રાનસે વાહાડયા કુટુંબની તે સેવાની કદર પીછાણી વખતે વખત તેનો બદલો વાલયો છે. ફ્રાનસના રાજા લુઈ ફીલીપે ડયુક આફ ડાલમેશયાને હુકમ આપયો હતો કે, તેની સખી સાથનો રોનાનો એક ખાસ ચાંદ બનાવી જેહાંગીર નશરવાનજી વહાડયા ઉપર મોકલવો. હુકમ પ્રમાણે ૧૮૩૯ નાં વરસમાં ફીલીપાઈનિસના ટાપુમાંનાં આપણા ફ્રાનસલે હાથોહાથ તે લાયકીવાળા પારસીને તે ચાંદ સંપુરદ કરયો હતો. બાઈ મોટલાંબાઈના વડા દીકરા મી૦ નવરોજી માણેકજી વાહડયાને શાહનશાહ ત્રીજા નેપોલ્યને એક બીજો ચાંદ આપણાં બારકસોની સેવા બજાવવાની પીછાણમાં મોકલી આપયો હતો. બાઈ મોટલાંબાઈના ભરથાર

**માણેકજી નવરોજી વાહડયા ૧૮૩૭ માં ગુજરયા હતા.**

તે વખતે બાઈની ઉમર છવીસ વરસની હતી. તેમના પીતા ૧૮૪૦ નાં વરસમાં ગુજરયા હતા, અને તેઓ પોતાની પાછળ ઘણી મોટી દોલત બાઇના બંને દીકરા મેશરસ નવરોજી માણેકજી વાહાડયા અને નશરવાનજી જેહાંગીર વાહાડયાના લાભ માટે મેલી ગયા હતા. તે દોલતનો વહીવટ કરવાની સત્તા તેઓએ બાઈ મોટલાંબાઈ અને તેમના માતાજી બાઈ માણેકબાઈને આપી હતી. તેઓએ પોતાના પીતાનાં મરણ બાદ ઘરખટલાનો કારોબાર પોતાના હાથમાં લીધો, અને એકાંતવાસમાં રહીને જરથોશતી ધરમને લગતાં તથા સખાવતનાં કામોમાંજ પોતાનો વખત કાહાડવાનો નીયમ તેઓએ રાખયો હતો. તેઓની જુદા જુદી સખાવતોમાં નીચલી મુખય છે: ૧૮૫૧ નાં વરસમાં નવસારીનું પુરાતન આતશકદેહ કરીથી બંધાવી આપવા પાછળ રૂ. ૨૦,૦૦૦ ઉપરનો ખરચ તેઓએ કરયો હતો, ૧૮૫૭ માં ભરૂચ ખાતે જાગેલા તોફાનથી સંકટમાં આવેલા પારસીઓની મદદ માટે રૂ. ૧૫,૦૦૦ અને ૧૮૬૨ માં નાચાર પારસીઓનાં રવાનોને અવલમંજલ પોહોંચાડવા માટેનાં ફંડમાં રૂ. ૧,૫૦૦ આપયા હતા. ૧૮૬૩ માં મુંબઈ શેહેરમાં એક અગયારી તેઓએ બંધાવી

હતી. ૧૮૬૪ માં કલકતા ખાતે થયલાં તોફાનમાં ભોગ થઈ પડેલા-ઓની મદદ માટે ઉભાં કરેલાં ફંડમાં તેઓએ મદદ આપી હતી. ૧૮૭૨ માં ગાહમબાગનાં ફંડમાં તેઓએ રૂ. ૨૫,૦૦૦ ભરયા હતા. ૧૮૭૩ માં એક દવાખાનું તેઓએ કહડાવયું હતું. ૧૮૮૩ માં સુરતના રેલ નીવારણ ફંડમાં રૂ. ૨૫,૦૦૦ તેઓએ ભરયા હતા. ૧૮૮૮ માં મુંબઈ શેહેરને સ્ત્રીઓ તથા બાળકોના એકલાના લાભ માટે એક આરપાંઠલ ઉભી કરવાને રૂ. ૨, ૦૦,૦૦૦ ની કીમતની જમીન તથા રૂ. ૧,૫૦,૦૦૦ ની રોકડ રકમની નાદર બક્ષીસ તેઓએ કરી હતી. ૧૮૯૪ નાં વરસમાં ઉડવાડા ખાતેનાં આતશ બેહેરામ માટે એક નવું મકાન બંધાવવાને દોઢ લાખ રૂપીયા ઉપરનો ખરચ તેઓએ કરયો હતો અને ઉડવાડાનાં સ્ટેશનથી શેહેર સુધી એક પાકી સડક બંધાવવા રૂ. ૫૪,૦૦૦ કાહાડી આપયા હતા. આતશ બેહેરામના મકાનનો મુખરો પરસીપોલીસ ખાતે મળી આવતી અસલી ઈરાની ઈમારતોનાં ધોરણ ઉપર રાખવામાં આવયો છે. નવાં મકાનનાં મુહુરતની ક્રીયા તા૦ ૩૧ મી અકટોબર ૧૮૯૪ ને દીવસે કરવામાં આવી હતી, અને તે પ્રસંગે બાઈની એક મોટી સભા આતસબેહેરામનાં દીવાનખાનામાં ખુલી મેલવાની ક્રીયા સર દીનશાહ માણેકજી પીટીટે કરી હતી. મરહુમે કરેલી ઉપલી મોટી રકમની અથવા મુખય જાહેર સખાવતો ઉપરાંત નાની રકમોની બીજી ઘણી સખાવતે તેઓએ કરી હતી: અને તે ઉપરાંત ખાનગી રીતે પણ કેટલીક સખાવતો કરેલી જણાવવામાં આવે છે. તેમની સખાવતોનો એકંદર આંકડો ૨૬ લાખનો અટકળવામાં આવે છે.

---

## ઇનામ નામાંકીત અને કીમતી ઉતરડા આ મહીનામાં શરૂ થયા છે.

અખબારે શીદાગર-ભારે અફશોશ શાઠ લખેછે:-જાલમ જમેપોતાના રાપાનામાં આજ સુધી જેટલા જનોને ફસાવયા છે, જે ઓના પયારા જનો લીધા છે, આ નગરીનું જે નખોદ આજ કેટલાક માશો થઆ થવા લાગયું છે, તે જાણે પુરતું નહોય તેમ હજી ખરાબી કરયે જાય છે. આ માસ માહ પુરશો કે સ્ત્રીઓના સંબંધમાં અચીતજ નુકસાનકારક થયું છે. આ માસમાં ડાકટર ગોમસ ગી૦ નસરવાનજી

જેહાંગીર વાહડીયા, આનરેબલ ઝવેરીલાલ ઉમયાશંકર યાજ્ઞીક, દીવાન બાહાદુર લક્ષ્મણ જગંનાથ, મી૦ જેહાંગીર હોરમજજી મોદી વગેરે આ જેહાનમાંથી પોતાનો સરનજામ ઉઠાવીને ચાલયા ગયા છે, અને આજે પારસીઓમાં જાણીતી થયલી કરોડપતી બાઈ મોટલા-બાઈ જંગીરજી નવરોજી વાહડીયાના દુઃખદાયક મરણની નોંધ લેતા વધુ અફસોશ ઉપજે છે. એવણના પુતર ચાલુ માસની તા૦ ૫ મીએ આ જેહાનથી અસબાબ ઉઠાવીને ચાલી ગયા અને એ ભલી બાઈને જે કારી જખમ લાગેયો હતો, જે માહ દુખ તેવણ ઉપર આવી પડયું હતું, તે માટે ચોતરફથી તેવણ તરફ દીલશોજી બતલાવવામાં આવતી હતી. એ વખતે બાઈ મોટલાબાઈ લકવાના સખત હુમલા તલે પાડાતા હતાં અને એ છોકરાની પાછલ વીસ દીવસમાં તેવણ આ ફાની જેહાનથી અસબાબ ઉઠાવીને મીનોઈ જેહાંન તરફ કુચ કરી જશે એવી કોઈએ વકી રાખી નહો હતી. પણ આજે એમ બરે-બરૂં બનયું છે, અને બાઇ મોટલાબાઇ વાહડીયા ગઈ પરમ દીને રાત-ના અમુરેથી આ જેહાનથી પોતાનો અસબાબ ઉઠાવીને ચાલયા ગયાં છે, અને તેઓના આસરા હેઠલ હજરો જનો કે લખો જનો પલાતા હતાં, માનઅકરામથી રેહેતા હતાં, તેઓને આશરો આપનાર આપ-ણી બાઈ સવરગવાસી થયા છે. એવણ કઇ આ જમાનાના કેલવણી પામેલા બાઈ નહી હતાં, પણ બેદાએ તેવણને જે બાદશાહી દોલત બક્ષી હતી તેનો રૂડો આસરો તેવણ પોતાના અમજતીઓ જેઓ જમાનાની ગીરદેશી વચે ફસી પડયા હતા, તેઓને આસરો આપીને પોતાની દોલતનો સારો ઉપયોગ કરતાં હતા.

## એવણની સખાવત ઘણી ખરી છુપી હતી.

અને લેનાર અને આપનાર સીવાયે તે બાબે બીજું કોઈ જાણતું નહીં હતું. સખાવતના કામો જેઓ બેતાબ કે માન અકરામ મેલવ-વાના હેતુથી કરેછે, તેવાં બાઈ મોતલાબાઈ નહી હતાં, પણ બનતા સુધી તે ગુપત રીતે તેવણ કરતા હતા. એથી એવણની સખાવતો ભારે સતુતી પાતરફ ઠરે છે. અને એવણના બેટાના મરણની વખતે જે લાગણી એવણ તરફ ચોતરફથી બતલાવવામાં આવી હતી, તેજ શાબેત કરવાને પુરતી છેકે, એવણની તરફ લોકોની લાગણી કેટલી બધી હતી. લકવાના બુરા મરજથી એવણ આજ કેટલું થયું હેરાન ગતી ભોગવતાં હતા અને એ પછી તેવણ ઉપર જે ફતેહ વીસ દીવસ-

ની વાત ઉપર એવણના ભલા બેટા શેઠ નશરવાનજીના મરણથી પડયો હતો તેથી એવણનો અંત એટલી ઝડપથી આવી પુગ્યો હતો એમ કહેલું કોઈની રીતે ખોટું નથી. એ બાઇની વય ૮૬ વરશની હતી, અને આજે એ કરોડપતી બાઇના ઘેરમાંથી જે જનો બોલ બોલતાં ઉપડી ગયલા જોઈને હમુને ભારે અફશોશ ઉપજે છે. અવારનવાર એ બાઇએ જે શખાવતો જાહેરમાં કરીછેતેનો ગંજાવર આંકડો રૂપયાસાડા બાર લાંખનો થવા જાય છે. અડજનમાં એક ધેરમનું દવાખાનું કાઢવા માટે એ બાઈએ નાણાની મોટી રકમ કાઢી આપી હતી અને જે માટે શરકારે એવણનો આભાર, એક ઠેરાવ કાઢાડી થોડા દીવશની વાત ઉપર માનયો હતો. ઉદવાડાના આતશબેહેરામ શાહેબનું નવું મકાન રૂપયા શવા લાંખના ખરચે એ ભલી બાઈએ બંધાવી આપયું છે અને રેલવેના શટેશનથી એ ગામ શુધી જવાના રશતાની માઠી હાલતને લીધે વરસાદમાં તે તરફ જનારાઓને જે ભારે આપદા ખમવી પડતી હતી, તે ઠાલવા માટે સરકારના અશતકમાં રૂ. ૬૦,૦૦૦ ની મોટી રકમ કાઢાડી આપી હતી. ઈરાનથી પારશીઓ હીંદુશતાનમાં પહેલવેહેલા આવીને દીવ ગામમાં ઉતરયા હતા, તયાં વાહડીયા ખાનદાનની અગીઆરી, દોખમું શગડી શરવનો નીભાવ બાઇ શાહેબ મોતલાબાઈના ખરચે થતો હતો. ઉદવાડાની પડોશમાં આવેલા દમણ, જે ફરંગીઓનું શંશથાન છે. તયાં આજ ૫૪ વરશ થયા પોતાના ખરચે એક મોબેદ રાખીને તેનો ખરચ પોતાના ગીરોથી આપતાં હતાં. વલી પચાસ વરશની વાત ઉપર નવશારીના પુરાતન આતશકદેહ બીશમાર હાલતમાં આવી જવાથી બાઇ મોતલાબાઈએ રૂ. ૫૦૦૦ ના ખરચે તે બંધાવી આપયું હતું. અને ખુવું મેલવાના કીરયા તા૦ ૨૦ મે સને ૧૮૬૫ ને દીને થતાં એ મકાનના નીભાવ માટે એક જાગીર આપી હતી. ૧૨૫૪ માં પાટણાના પાંજરાપોલના ફંડમાં નાણાની રકમ ભરી હતી અને શુરત અને મુંબઈ વચે જયારે પગરસતે મુસાફરી કરવામાં આવતી હતી, તે વખતથી આજ શુધી જગેજગ એ બાઇના નામની યાદગારીની નીશાનીઓ જોવામા આવે છે. મુંબઈમાં આવીને નવસારીના મોબેદો આપણા શેહેરમાં વસતા હતા તેઓના રહેવા માટે એક લાયક મકાન નહોવાથી એ ભલી બાઈએ ૧૮૪૨ માં એમાટે ઉભા કરેલા ફંડમાં રૂપયા તરણ હજારની રકમ ભરી હતી. વલી ૧૮૪૪ માં બજારગેટમાં લાગેલી મોટી આગ વ-

ખતે તે ઓલવવા માટે સોલજરોએ કરેલી મદદ માટે ઈનામો આપવા માટેના ફંડમાં તેમજ ૧૮૫૧ માં મરહુમ શેઠ ફરામજી કાવસજી ઈનશટીટયુટ બાંધવાનાં તથા ૧૮૫૨ માં ધી બોંબે આશોશીએસનના ફંડમાં, ઈરાનના ગરીબ જરથોસ્તીઓની હાલત શુધારવાના ફંડમાં અને ૧૮૫૭ માં માહમેદનોનાં હાથે ભરૂચનાં જે જરથોસતીઓ લુતાયા હતા, તેઓને મદદ આપવાના ફંડમાં એ બાઈના નામની સારી સારી રકમો ભરાયલી જોવામાં આવે છે. ઉદવાડાના આતશબેહેરામનું નવું મકાન રૂપયા સવા લાખના ખરચે બાંધી આપવા ઉપરાંત તેનાં નીભાવ માટે રે. ૬૧ હજારની બીજી મોટી રકમ એ બાઇએ કહાડી આપી હતી. વલી એ વખતે ઉદવાડાથી પાછા ફરતાં એ ભલી બાઇ એ રૂપયા એક લાખ બેહાસી હજારની મોટી રકમ કહાડી આપી હતી. બેડા તેમજ સુરતમાં મોટી રેલ આવતાં જે ખરાબી થઇ હતી, તેમાં મદદ કરવા માટે ઉભાં કરેલા ફંડોમાં રૂ. ૩૦૦૦૦ ની રકમ સરખે ફાલે વેહેચી આપી હતી. આપણા શેહેરમાં છોકરાં અને સ્ત્રીઓ માટે ઉગાડેલી મોટી આસપીટલમાં બાઈ મોટલાબાઇએ રૂ. પાા લાખની રકમ કહાડી આપી હતી. મેહેમના ધરમના દવાખાના માટે રૂ ૧૦૦૦૦ નો એક બંગલો બેટ આપવા ઉપરાંત પારસી રવાનોને અવલમંજલ પોહચાડવાના ફંડમાં રૂપયા પચીસ હજાર ભરાયા હતા. અને પીંઠાના મોહલાની અગીયારી રૂ. ૬૦ હજારની ખરચે તેવણે બંધાવી આપી હતી.

**મરનાર મોટલાબાઈની સખાવત ૧૮૩૭ થી શરૂ થાય છે.** એ રીતે એવણની સખાવતનો ઝરો ૧૮૩૭ થી શરૂ થયો હતો કે જે વરસમાં આપણી ઉપર રાજ્ય કરનારી મહારાણીજી તખત ઉપર આવ્યા હતા, અને એ સખાવતની રકમ આસતે આસતે વધીને આજે ૨૬ લાખની થવા ગઇ છે. પોતાના છોકરા શેઠ નવરોજી માણેકજી વાહડીયા ભય ભરેલી માંદગીમાંથી સાજા થતાં તેવણે છુટા હાથે રૂપયા સવા લાખનો ધરમ કરયો છે. એવી એક ભલી બાઇના મરણ બાબે આજે પોતરફથી જે બલાપો અને આહ અફસોશ કરવામાં આવે છે, તેમાં ખરા જીગર સાથે હમો પણ સામેલ થઇએ છીએ. ખોદા એ બાઇને બેહેશત આપે, અને શેઠ નવરોજી વાહડીયા ઉપર વીસ દીવસની દુંક મુદતમાં જે મોટા જબરા ફટકા પડયા છે, તે ખમવાને કીરતાર શકતી આપે, એવી હમારી જે ભલી દુવા છે તેવણને આમીન થાય !

## મરનાર મોટલાબાઈની જાહેર જીંદગાનીને પુરતો ઈનસાફ.

રાસ્ત ગોફતાર તથા સત્ય પ્રકાશ. મરનાર બાઈ મોટલા-બાઈનાં મરણ વીશે લખેછેઃ—અમારા ગઈ તા૦ ૯ મીના અંકમાં મરહુમ શેઠ નસરવાનજી જાંહાગીર વાડિયાના અકાળ મરણ ઉપર શોક કરતાં તેવણનાં બુજર્ગ માતા બાઇસાહેબ મોટલાંબાઇનાં જીગરને થયલા જબુન જખમ તરફ આપણે ઘણીક દિલસોજી દેખાડી હતી. તે જખમ એવણથી સહણ નહી થઈ શકે એવો અમે જણાવ્યો હતો, પણ તેજ જખમ એ સખીવજુદ બાનુના કીમતી જીવનો પણ ત્યારપછીનાં ત્રીજાં અઠવાડિયાંમાં ભોગ લેય એટલો અસહ્ય આપણે ધારયો નહીં હતો. પણ નજદીક ૮૪ વર્ષની પુખ્ત જૈફીના વખતમાં નજદીક ૬૦ વર્ષની વયના એક સપુતને ખોહવાનો જખમ એ બાઈને માટે તેવોજ અસહ્ય માલમ પડયો છે અને તેવણ પોતાના દીકરાની પુંઠે ત્રીજાં અઠવાડિયાંમાં ગોયા તેને મળવાને સ્વર્ગવાસ ચાલી ગયાં-છે. તેવણ પોતાની જીંદગીના પાછળા દાહાડાઓમાં તે પ્રમાણેની બળતી બાયસથી ઉમેદવાર થયાં હતાં. તેવણે પોતાના દીકરા નસર-વાનજીની યાદ પોતાનાં મનમાંથી જરા પણ ખીસવા દીધી નહી હતી. એટલાસુધી કેહેછે કે તેવણે પોતાનાં મરણની ત્રણ ચાર દિવસ અગાઉ બરાબર એજ દાહડે પોતાના પાક દીકરાના રૂહને મળવા જવાની પો-તાને માટે આગાહી કીધી હતી, કે જે આગાહી તેવણ ગયા સોમવારની રાત્રે ખરી પાડી ગયાંછે. પોતાના દીકરાનાં મરણની ઘણુંક આગમચ-થી તેવણની દેહ લથડતી ચાલી હતી, અને મરહુમ શેઠ નસરવાન-જીની હૈયાતીમાંજ એક બે વખત તેવણની અજલ નજદીક આવેલી હતી. મા બાપે બચ્ચાંની આગળ થઈ જવું એ કુદરતનો અણુક્રમ છે, માટે જે આ બનાવ શેઠ જાંહાગીર વાડિયાનાં કુટુંબમાં કુદરતી અણુક્રમથી ઉલટા બન્યાછે, તે વિષે સર્વને મોહડે એકસરખું બો-લાયછે તેમ તે જો અણુક્રમ પ્રમાણેજ બન્યા હોત, બાઈસાહેબ મોટલાંબાઈનો સ્વર્ગવાસ એકજ મહીનો આગમચ થયો હોત તો તેવણ પોતે વધારે સુખી મોતે ગુજરયાં હોત અને બીજાં આસપાસ-નાઓ વધારે સુખીને ભાગ્યવાન નિવડયાં હોત કેમકે મરહુમ શેઠ નસરવાનજીનો જીવ ઘણો દુલ્લો ને દિલગુરદો ઘણો સખી હતો. તેવણે પોતાની અડધી દોલત પારસી કોમમાં સખાવત ખાતે આપા

જવાની ખાયસ રાખી હતી અને વસીહત પણ કીધું હતું પણ તે દોલત તેવણના માતાજીનાં મરણ પછીજ તેવણને મળનાર હતી, માટે જો આ માંદીકરાના મરણ કુદરતી આણુકમાનુસાર થયાં હોત તો આ સખીવજુદ સપુત પોતાની ખાયશ પુરી પાડી શકયા હોત, જેમ નહી થયું તે આ અણુકમના ઉલટાઈ જવાને લીધેજ હતું. બાઈ મોટલાંબાઈનું મરણ તેવણની લગભગ ૮૪ વર્ષની બુજ-ર્ગીદાર જેફી છતાં પારસી કોમનાં જીગરોને જખમી કરેછે તે તેવણ-ની જાણીતી અને જાહેર સખાવતોના ખ્યાલને લીધેજ જખમી કરેછે. તે સખાવતોમાં સખો દસ્ત લખાવાને નથી. દીકરો જીવતો રહયો, કે નહી મા જીવતી રહી, એ પ્રજાની એક મોટી ખોટ સમાન છે. શેઠ નસરવાનજીનાં મૃત્યુની અમારી નોંધમાં બાઈ મોટલાંબા-ઈની સખાવતોનો એકંદર સરવાળો અમે ૨૬ લાખ રૂપીયાનો આં-કયોછે. તે મોટા આંકડાથી, અમે જાણીએ છીયે કે, અમે કેટલાક જાણકાર સાહેબોને અચરત કીધાછે. બાઈમોટલાં બાઈની સખાવતોનો એ આંકડો મોટે છે, પણ ખોટો નથી--મોટો છે, પણ જાહેરમાં જણાયલો નથી. અને એ મોટો આંકડો જાહે-રમાં જણાયલો નથી, તેમી એટલાજ માટે કે લાખો રૂપીયાની મોટી મોટી જાણીતી રકમોથી એ આંકડો બનેલો નથી. બાઈ મોટલાંબાઈની મુખ્ય ખાસીયતજ પોતાની સખાવતો કોઈને જા-ણવા નહી દેવાની હતી. તેવણ પોતાની કોઈ પણ સખાવત જાહેર થયલી જોવાને ખુશી નહી હતાં. જેનો છેલ્લો દાખલો હમણાજ છેલ્લી મરકીના હિગામમાંજ બન્યો હતો. કે જયારે ડા-કટર બાહાદુરજીવાળી પારસી હાસ્પીટલમાં તેવણે કરેલી મદદ જાહેર થવાથી તેવણનાં મગજને ઘણોક કકલાટ થયો હતો અને તે સખાવત જાહેર કરનારા અથવા કરાવનારાઓ તેવણની ઘણીક ખફગી તળે આવ્યા હતા. ખાનગીપણાને એવું પસંદ કરનાર એક દાનશિલ દાતાની ઉદારતાના દાખલા જાહેરમાં જણાયલા નહી રહે એ કેવળ કુદરતી છે અને તેથી કરીને તેવણની સખાવતોનો જે મોટો સરવાળો અમે જાહેર કીધોછે, તેથી ઘણાક વાંચનારાઓ વિસ્મય પામ્યા હોય એ બનવા જેવું છે. તોપણ અમે હિમતથી કહીયે છીયે કે બાઈ મોટલાંબાઈની સખાવતનો રૂ. ૨૬ લાખનો જે સરવાળો અમે પેહલવેહલો જાહેર કીધોછે, તે જાહેર કરવાનો અ-

મારો પાસે પુરતી સત્તા છે,—તો જોકે અમારી એ સત્તા વિષે પણ આ એક નવાઇ જેવી બીના છે. તે સત્તા પણ છુપી છે. અમોને ખબર આપનારને મરહુમ સાથ અતિ અતલગનો અને ઘાડો સંબંધ હતો. તેણે મરહુમની સઘળી સખાવતોનો સરવાળો ગણીને અમોને તે આંકડો આપ્યો હતો. પણ અમારી સત્તા કોઈને કેહવી નહો એવો તેણે અમારો કોલ લીધો હતો અને મુખ્ય કરીને તે મરહુમ બાઈસાહેબની ખાતરને માટે હતો—કે " આ હિસાબ મેં તમોને આપ્યોછે એવું જો તેવણ જાણસે તો મને. કદી માફ કરશે નહી." એ રીતે ઉપર કહયું તેમ મરહુમ બાઇ મોટલાંબાઈનો પારસી પ્રજાની પ્રસંશા ઉપર મુખ્ય દાવોજ તેવણની મોટી દોલત અને તે દોલતમાંથી કરેલા સખાવતના સદઉપયોગને આધારે હતો. હવે તેવણની એ નાદર સખાવત વિષે બીજી જે મુખ્ય જાણવાજોગ બાબત અમે ભાર મુકીને કેહવા માગીયે છીયે તે જે

**જુના જમાનાથી તેવણની સખાવતો ચાલતી આવેલી છે,** તે આગળ કાળની યાદની બાબત છે. પરોપકારી અને પરગજુ સખાવતના જે પ્રકાશિત સદગુણથી પારસી કોમનું નામ પ્રકાશી રહયું છે, તે સખાવત બાબે સર્વથી પેહલું નામ કાહાડનારાઓમાં મરહુમ મોટલાંબાઈનું નામ પેહલવેહલુંજ છે, એમ કેહવામાં કશી સહરાગાત નથી. પારસી નામનો પેહલો પ્રકાશજ વાડિયા ખાનદાનથી છે, અને પેહલી સખાવતની નામના પણ એજ ખાનદાનની છે. આપણા બેરોનેટ, પિટિટ અને બીજા સખાવતના સાહેા બાઈ મોટલાંબાઈ વાડિયાની પાછળના જમાનાઓથી પ્રકાશેછે. એ મરહુમ બાઈની મુખ્ય સિફત ગણી શકાય. આ અટકળના આધારમાં કેહવાનુંછે કે સન ૧૮૩૭ માં બાઇ મોટલાંબાઈ વિધવા થયાં ત્યારપછી એવણની સખાવતોનો સુગંધીમય પમરાટ વધવા માંડયો. એટલે આજે બરાબર ૬૦ વર્ષની એ વાત થઈ, કે જ્યારે એ બાઈએ પોતાના ભર્તાર શોક માણકજી વાડિયાનાં મરણથી ઘણી જુવાન વયે વિધવાપણાનો શોક સજ્યો તે વખતથી તેવણે પોતાને અંગે એવો તો શખત અને કરડો એકાંતવાસ ધરયો કે તેવણ દુન્યામાં જીવે છે એવું તેવણની અવારનવારની સખાવતોથીજ દુન્યાને જણાવા લાગ્યું હતું. એ સાદો એકાંતવાસ તેવણે પોતાની આખી લાંબી જીંદગી સુધી એટલોતો એખત્યાર કીયો હતો, કે તેવણે પોતાનાં

ઘરમાંથી કદી પગ બહાર કાઢ્યો નહી હતો—

પોતાની આખી હૈયાતીમાં તેવણે આગગાડીમાં એકજ વાંની મુશાફરી કીધી હતી, કે જે મુશાફરી ગયેજ વર્ષ ઉદવાડાનાં તેવણનાં આતશ બેહરામની જશન વેળાના હતી. પોતાના માતબર ભર્તારની મોટી દોલત પોતાને હસ્તક થવા પછી અને એક વેપારી સહી વહીવટની કળ વકણે તે સઘળાં દ્રવ્ય અને તે મોટી મીલકતોને કરોડ રૂપિયાની આબાદાનીભરેલી હદસુધી વધારી મેળવ્યા પછી, મરહમે એક સાધ્વી સમાનની સારી જીંદગીમાં દાની દુન્યાની જુઠી મોહ માયાથી દૂર રેહવાનું જે મોહું મન દેખાડયું હતું, તે દોલતના મદથી છક થઈ ગયલી બીજી જુવાન વિધવાઓથી જુદીજ પ્રકારનું હતું. તે સર્વે દોલતનો ઉપયોગમાં ઉપયોગ તેવણે સખાવતનાં કામો ઉપર ચાલુ રાખ્યો હતો. પોતાની દોલત વધારવી એ તેવણની જીંદગીનો લોભમાં લોભ હતો અને તે દોલત સમાર્ગે વાપરવી એ તેવણની જીંદગીની મોજમાં મોજ હતી અને તેમી જ્યારે "પારસી સખાવત" નું નામ વડીક જણાયલું નહી હતું તેવા દૂરના જમાનાથી તેવણે પરમાર્થનાં કામોમાં રકમોની રકમો કાહડી આપવાનો દિલગુરદો ચલાવ્યો હતો. "પારસી સખાવત" નું નામ પડી ગયું, તેની પેહલાંનો એવણના પૈસાનો રેલો પુણ્યશિલ કાર્યોમાં ચાલુ થયલો હતો. આગળાં જમાનાનાં બાઈ મોટલાંબાઈના ધર્મી કામોના થોડાક જ દાખલા અતરે આપવા બેહતર થશે. તેવણની છેલામાં છેલી સખાવત શ્રી ઉડવાડા ખાતેનાં વડાં પુરાતન આતશબેહરામને રૂ. ૧૫ લાખને ખર્ચે નવેસરથી બંધાવી આપવા તથા ઉદવાડાના રેલવે સ્ટેશનથી ગામ સુધીની ૪ માઈલની સડક રૂ. ૬૦૦૦૦) ને ખર્ચે પાકી બંધાવી આપવા વિષેની જણાયલી છે. ઉદવાડાનાં પવિત્ર અને પુરાતન ધર્મસ્થળના સંબંધમાં એ બાઈનું નામ આજ કાલ પારસી કોમને મોહડે ઘણું રમી રહ્યું છે. પણ અંહી વિશેષ જણાવાજોગ એ છે કે આવી રીતે પુરાતન પારસી કેબલાઓને સહાય થવાની બાઈસાહેબ મોટલાંબાઈને કશી નવાઈ નથી, અથવા એ જાતની એવણની આ સખાવત કાંઈ પેહલવેહલી નથી. એનીજ મુકાબેલ એવણની બરાબર એવીજ બીજી સખાવતો આ વખતે યાદ આવ્યા વગર રેહતી નથી. દીવ ગામ જે પારસીઓનું એક પેહલવેહલું સંસ્થાન હતું, ત્યાં વાડિયા ખાનદાનની અગ્યારી, દોખમું અને સ-

ગડી સર્વેનો નિર્ભાવ—ખર્ચે બાઈસાહેબ મોટલાંબાઈથી આવ્યો જાય છે. એવણે ઉડવાડાનીજ પાસે બ્રો દમણ શેહરમાં જરતોસ્તીઓનાં ક્રિયા-કામોમાં મદદ આપવા માટે એક મોબેદ રાખવાનો ખર્ચ પોતાની ગીરોથી આપતો કીધો તે વાતને આજે ૫૪ વર્ષ થયાંછે. છેક ઈસવી સને ૧૮૪૪ નાં સાલમાં એ બાઈસાહેબે પોતાને ખર્ચે દમણમાં મોબેદ મોકલ્યો હતો. તેમજ જેવો ધર્મ એવણે ઉદવાડાનાં પાક આતશબેહરામ ઉપર આજે કીધોછે તેવોજ એક ધર્મ એવણે નોસારીની વડી દરે મેહર પછવાડે આજે પચાસ વર્ષ ઉપર કરેલો અમોને યાદ આવેછે. નોસારીનું તે પુરાતન આતશકદેહ બિસ્માર હાલતમાં આવી પડવાથી, બાઈસાહેબ મોટલાંબાઈએ ૩.૨૦૦૦ ની રકમ ખર્ચીને બંધાવી આપ્યું હતું, જે મકાનને ખુલ્લું મેળવાના જશનની ક્રિયા નોસારીમાં તા૦ ૨૭ મોમે ૧૮૫૧ ને દિને થઈ હતી. તે વેળા બાઈ મોટલાંબાઈ તરફથી વંચાયલા અનજુમન પત્રમાં આ પાક મકાનની મરામતના ૩.૨૦ હજાર ઉપરાંત, તેના નિભાવના ખર્ચને માટે એક જાગીર પણ ભેટ આપવાની કબૂલાત આપી હતી. આ જાતની સખાવતથી ખુશી થઈ જેમ ઉદવાડાનાં પારસી અનજુમને આજે એ બાઈસાહેબના દીકરાઓને ઘણુંક માન આપ્યુંછે, તેમજ તે આગળા વખત ઉપર નોસારીનાં અનજુમને એ બાઈના દીકરાઓ શેઠ નવરોજજી તથા શેઠ નસરવાનજીને માટે શાલો ભેટ મોકલી હતી. પાટણનાં પાંજરાપોળમાં બાઇસાહેબ મોટલાંબાઈએ નાણાની રકમ પેહલવેહલી છેક ૧૮૪૫ ના અકટોબરમાં મોકલી આપી હતી. અને તેમ જોતાં આખાં ગુજરાતમાં પારસીઓનાજ નહી પણ હિંદુઓનાં મથકો ખાતે બીજા પારસીઓની પેઠે બાઈસાહેબ મોટલાંબાઈનો સખી દસ્ત લંબાવેલો હતો. સુરતથી મુંબાઈ આવવાના પગરસ્તા ઉપર વાડિયા ખાનદાનની સખાવતની ઘણી નિશાનો આંખે રસ્તે તેમની યાદગારી જાળવેછે, અને તે મુજબ છેક પાટણથી, નોસારી, ઉદવાડા અને દમણ સુધી બાઈસાહેબ મોટલાંબાઈનું નામ તેવણની ઉદારતાને માટે યાદગાર રહા ગયુંછે. બાઈ મોટલાંબાઈની આ સખાવતો અડધી સદીની અગાઉ છે, તેનો એક બીજો દાખલો છેક ઈસવી સને ૧૮૪૨ નો મળેછે. તે વખત ઉપર મુંબઈ આવતા ભગર સાથના મોબેદોને રેહવા તથા ઉતારો લેવા માટે એક ઘર નહી હતું. તે ઘર પુરૂં પાડવાને એક ફંડ થયું

હતું. તે ફંડમાં બાઈસાહેબ મોટલાંબાઈએ રૂ. ૩૦૦૦ આપ્યા તે વાતનો આજે પદ વર્ષ થયાંછે. એ રાતે તેવણની સખાવતની પેહલ છેક તે આગળા જમાનાથી થઈછે, કે જયારે મુંબઈની જાહો જલાલી એક નાનાં ગામડાં કરતાં વધારે નહી હતી અને જયારે આજની નવી પ્રજાનો તો જન્મ પણ થયલો નહી હતો. તા૦ ૨ જી એપ્રેલ ૧૮૪૪ ને દિને મુંબઈના કોટમાં બજારગેટના રસ્તા ઉપર એક જબરદસ્ત મોટી આગ લાગી હતી કે જે આગથી લગભગ આખો મોહલ્લો બળી ગયો હતો. તે આગ ઓળવવાને લશકરી સોલજરો તથા દરિયાખાતાનાં સેલરોની મોટી ટુકડીઓ મદદે આવી હતી. તેઓને ઈનામ આપવા માટે મુંબઇના શેહરીઓએ એક ફંડ કોયું હતું, તે ફંડમાં બાઇસાહેબ મોટલાંબાઈની એક સુંદર રકમ જોવામાં આવેછે, તે ઉપરથી જાહેર ઉઘરાણાઓમાં ભાગ લેવાની એ બાઈની ઉલટનો જુનો—છેક ૫૨ વર્ષનો જુનો—દાખલો મળેછે.

## મરનાર મોટલાંબાઈની જાહેર ઉલટ અને મોટી સખાવત.

એવીજ જાહેર ઉલટ એવણે ઘણાં વર્ષો સુધી જારી રાખેલી જોવામાં આવેછે. જેમકે ૧૮૫૬ માં મરહુમ શેઠ ફરામજી કાવસજીની યાદગારી રાખવા તેવણને નામની એક ઈનસ્ટર ટયુટ બાંધવાને ફંડ થયું તેમાં, તથા ૧૮૫૨ ના આગસ્ટ મહીનામાં પેહલવેહલી રાજદારી સભા "ધી બાંબે આસોસીએશન" ઉભી કરવામાં આવી, તેનાં ફંડમાં બાઈસાહેબ મોટલાંબાઈએ સારી સારી રકમો ભરી હતી. વળી શ્રી ઈરાન દેશના ગરીબ જરતોશતીઓની હાલત સુધારવાનું ધર્મખાતું ઈસવી સને ૧૮૫૫ માં ઉભું થયું તેમાં એ બાઈસાહેબે રૂ. ૧૦૦૧, ભરયા હતા; તથા ૧૮૫૭ માં શ્રી ભરૂચ શેહરમાં મુસલમાનોએ મોટું હુલડ કરીને ત્યાંનાં પારસીઓ વચે મોટી લુટ અને ખુવારી ચલાવી હતી. તે પોતાના ગરીબ જાતભાઈઓની મદદને માટે મુંબઇના પારસીઓએ એક ફંડ ઉઘરાવ્યું હતું, તેમાં બાઈસાહેબ મોટલાંબાઈએ રૂ. ૫૦૦૦ ની મોટી રકમ ભરી હતી. બાઈસાહેબ મોટલાંબાઈની મોટી રકમની સખાવતોના દાખલાઓની કશી ખુટ નથી. એવણે ઉદવાડાનું આતશબેહરામ રૂ. ૧ લાખ ખરચીને બંધાવી આપવા ઉપરાંત તેના નિભાવને માટે રૂ. ૬૧ હજાર જુદા કાહડયાછે. એટલુંજ નહી પણ ગયે વર્ષે એ પાક મકાનની પોતાની મુલાકાતથી પાછાં ફરતી વખતે ઉદવાડાનાં ગરીબોમાં વેહચવા માટે એવણ

રૂ. ૧. લાખ ૮૨ હજાર આપી આવ્યાં હતાં, તે તો જુદાં. ખેડાની મોટી રેલ વેળા રૂ. ૧૫૦૦૦ તથા સુરતની રેલ વેળા રૂ. ૧૫૦૦૦ એવણે આપ્યા હતા; તેમજ રજપુતાણાના દુકાળમાં એવણની મોટી રકમની સખાવત ઘણી વખણાઇ હતી. દેશાવરો ખાતે એટલું ધ્યાન આપતાં મુંબઈ શેહર એવણની સખાવતોથી બકાત રહી ગયું નથી. મુંબઈની સ્ત્રીઓ તથા બાળકોને માટે સ્થાપેલી હાસ્પીટલ, જેને બાઈસાહેબ મોટલાંબાઈનું નામ આપેલું છે, તે મોટી અને સુંદર હાસ્પીટલ પાછળ એવણે રૂ. ૫૦ા લાખ ખરચ્યાછે. મેહમનું ધર્મનું દવાખાનું એવણનાજ સખી દસ્તથી ચાલેછે, જેનાં મકાનને માટે પોતાનો મેહમનો બંગલો ભેટ આપ્યા ઉપરાંત એવણે રૂ.૧૦૦૦૦ ની બક્ષેસ જુદી કરીછે. પારસી રવાંનોનાં અવલમંજલ પોહચાડવાનાં ફંડમાં એવણે રૂ.૨૫૦૦૦ ભરયાછે તથા કોટમાં પાંઠાંવાળાં મોહલામાં રૂ. ૬૦ હજારને ખર્ચે એવણે દરેમેહર બંધાવી આપીછે. વળી એવી મોટી સખાવતનો સર્વથી ઉમદા દાખલો હમણા ચોડાજ મહીના ઉપર એવણે એ આપ્યોછે કે પોતાના દીકરા શેઠ નવરોજજી છેલ્લી શખ્ત માંદગીમાંથી સાજા થયા તેની ખુશાલીમાં બાઈસાહેબ મોટલાંબાઈએ ૧ા લાખ રૂપાયા જુદાં જુદાં લાયક ગરીબોમાં તથા સગાંવ્હાલાંઓમાં વેંહચ્યા હતાં. બાઇસાહેબ મોટલાંબાઈ ગરીબોના કેવાં સખી દાતાર હતાં, તે આ રકમ દેખાડી આપેછે. તેવણથી સેંકડો ગરીબ સગાંવ્હાલાંઓ અને નોકર નફરોનું ગુજરાન ચાલેછે. ફકત તેવણના ઘરખટલામાંજ આજે ૨૨૦ માણસો પળાયાં જાયછે એવી ગણત્રી કરવામાં આવીછે. મરહુમ બાઇની સખાવતો વિષે અમે જે સિધાંત પ્રજાની સનમુખ મુકયુંછે, તે જોકે ઘણાકોને મનથી નવું છે, તોપણ આ ટુંક હેવાલથી તેને ટેકો મળેછે. બરાબર બોલાયે તો બાઈ મોટલાંબાઈની સઘળી કીર્તિજ તેવણની એકઠી કરેલી મોટી દોલતમાં નહી પણ તે દોલતમાંથી કરેલાં ધર્મનાં કામોમાં છે. માણસ પોતાની ભલાઈ અને પરોપકારથી પોતાની પાછળ સારૂં કે માઠું નામ મુકી જાયછે. બાઈ મોટલાંબાઈ સ્વર્ગવાસ પામીને સુખી થયાંછે, તેવણ જે નેકનામીથી પોતાનું નામ યાદગાર રાખી ગયાંછે, તેજ તેવણના સ્વર્ગવાસ વચે તેવણનું મોટાંમાં મોટું સુખ છે, અને લોકોમાં તેવણની ભલી ભલાઈનાં ગીતો ગવાતાં રહ્યાંછે એજ તે-

વણના કુટુંબને પોતાના બુજર્ગ માતુશ્રીને ખોહવાનાં ગમમાં મોટો દિલાસો છે.

---

## ધરમી માહા બાનુનો છંદગાનીનો અંત.

શતીઆમીતર લખેછેઃ—ત્રણ અઠવાડયાની વાતઉપર મરહુમ શેઠ નશરવાનજી જેહાંગીર વહાડયાનાં અકાલ મરણની નોંધ લેતાં અમે ખેદ બતાવ્યો હતો કે, એ દુઃખદાયક મરણથી તેમના વૃદ્ધ માતુશ્રી બાઈ મોટલાંબાઈને એક નહી રૂઝાય એવો કારી જખમ લાગેા છે. પોતાના એક વહાલા પુત્રનાં મરણનો એ કારી જખમ ધડપણની વયે નહી રૂઝાય એવો છતાં. અમે એમ તો હરગેજ વીચારયું ન હતું કે એ જખમ એ બુઝોરગ અને ધર્મીમહા બાનુની છંદગીનો અંત તુરતજ માત્ર ત્રણ અઠવાડયાંમાં-લાવશે. પણ, તેમનાં કુટુંબનાં અને આખા પારસી ટોલાનાં કમનસીબે, તેમજ બન્યું છે. મરહુમ શેઠ નશરવાનજી વહાડયાનાં મરણ પાછલ માત્ર એકવીસ દીવસે બાઈસાહેબ મોટલાંબાંઇ, ગયા મંગલવારે સહવારે આ દોરંગી દુન્યાથી છંદગીનો અસબાબ ઉઠાવી, મીનોઈ જેહાન તરફ કુચ કરી ગયાં છે. તેઓ ૮૪ વરસની પાકો, અને હાલની નબલી પારસી ઔલાદ કવચીતજ ભોગવી શકે એવી, પ્રૌઢ ઉમરે ગુજર્યાં છે, અને તેથી જો તેમનું મરણ હાલના અસાધારણ સંજોગો વચ્ચે નીપજયું ન હોત, તો તેઓ ઓર ભાગયસાલી ગણાત, અને તે માટે અફસોસ કરવાનું ઝાઝું કારણ ન રહેત પણ, બાઈ મોટાલાંબાઈ પોતાના એક વહાલા અને માનીતા પુત્રનાં મરણનો સખ્ત ધા ખમીને, અને વલી તેમના પાછલ તુરતજ મરણ પામ્યાથી તેમનાં મરણે સ્વભાવિક રીતે, જેમ તેઓનાં બહોલાં કુટુંબમાં તેમજ,

આખા પારસી ટોલામાં ભારે ગમગીની ફેલાવીછે,

કે જે ગમગીનીમાં અમારો પુરતો હીસ્સો છે. બાઈ મોટલાંબાઈ પારસીઓમાં અલબતે ઘણાં માલબર હતાં. તેમની દોલતની હદ બે કરોડ રૂપ્યાની સમજવામાં આવે છે, કે જેવી મોટી દોલતના કરોડપતીઓ આજના વખતમાં આ શેહર ખાતે તો શું પણ આ દેશમાં પણ થોડાંજ મલી આવે છે. એવી ગંજાવર દોલતનાં બલે તેવણે મોટી જાહોજલાલી અને નામદારી ભોગવી છે. પણ જે દુખદાયક હાલતમાં અને જે કારી જખમ સાથ

તેઓ આ જેહાનને છેલ્લી સલામ કરી ગયાં છે, તે આપણને પેલો જુને ધંડો નવેસરથી આપે છે કે, આ ફાની દુન્યામાં દોલત-થીજ કાંઈ ખરૂં અને કાયમ સુખ મલી શકતું નથી. જેમ જીંદગીનું ખરૂં સુખ બખશવાને તેમ મોતના કારી ડંખ રૂઝવવાને પણ દોલત તથા હશમત લાચાર અને લાઈલાજ છે. અને માણસજાતે તેટલા માટે દોલતને ખાતર જેમ પોતાની માણસાઈનો ભોગ આપવો રવા નથી, તેમ દોલતપર જીંદગીનો મદાર બાંધવો પણ સજાવાર નથી. ત્યારે જીંદગીનું ખરૂં સુખ શામાં છે? આત્માની હંમેશનો કાયમ શાંતી શાથી મલે છે? આ અગત્યના સવાલના જવાબ ધર્મથી આપણને જમાનાઓ થયા મલી ચુકેલાં છે, પણ થોડાંજ ઈન્સાનો તે યાદ રાખે છે અને તેથી પણ ઘણાજ થોડા ઈન્સાનો તેઉપર અંમલ કરે છે. તે જવાબ એજ છે કે, માણસે ધર્મી અને પરમાર્થી થવું. ધર્મીપણાથી અને પરમાર્થી યા સખાવતથી માણસ આ જેહાનમાં જીંદગીનું ખરૂં સુખ, અને મીનોઈ આલમમાં જીંનતનું અમર સુખ મેલવી શકે છે. મરહુમ બાઈ સાહેબ મોટલા બાઈ દોલતમંદ હોવા જોડે ખરેખરાં ધર્મી અને વલી સખી દીલ હતાં. તેવણે પોતાની દોલતને દુન્યાની થાલી અને અપવીત્ર મોજમજાહના કરતાં, ધરમ ધ્યાનમાં અને સખાવતનાં કામોમાં વાપરી હતી. તેમની જાહેર સખાવતો છવ્વીસ લાખ રૂપ્યા સુધીની અટકલવામાં આવે છે. તે ઉપરાંત તેમની ખાનગી સખાવતો પણ બોહલી હતી. વલી તે સખાવતો માન, વખાણ, ખેતાબ અને બદલાના કશા લોભ વીના જેમ ખરાં દીલથી થતી હતી, તેમ સમાર્ગે અને ધર્મીરીતે પણ થતી હતી. એટલે, બાઈ મોટલાંબાઈનો ઘણી ખરી સખાવતો પોતાના પવીત્ર જરથોશ્તી ધર્મનાં મકાનો, કોયા, ભણતરો જશનો જમનો વગેરેનાં સવાબકારી કામમાં, તેમજ નાચાર બેચારાંને આશરો આપવામાં, થતી હતી. બેશક એ સખાવત તથા ધરમ ધ્યાનનો જથ્થો જેમ મોટો છે, તેમ તેનાં સવાબનો તોશો પણ બહુ મોટો થયો છે. બાઈ મોટલાંબાઈએ પોતાની લગભગ વધુ જીંદગી જોકે વીધવાપણાંની કમનસીબ હાલતમાં ગુજારી હતી, તો પણ તેઓ પોતાનાં એ ધરમીપણાં અને સખાવત વડે દીલથી સુખી અને સંતોષી રહેતા હતાં; અને આપણે બેશક માનીશું કે, પોતાનાં અંતના ઘડી વેલા તેમને જોકોઈ પણ ચીજે સંતોષ

અને શાંતી આપી હોય. તો તે તેમની પેલી દોલત નહીં, પણ તે દોલતથી કીધેલો ધર્મ અને સખાવતજ છે. એજ સખાવત તથા ધર્મીપણાં વડે તેઓ વલી

**મીનોઈજેહાનમાં બેહશતની બુલંદ જગા પામ્યાં છે.**

એમ અમે માનીએ છીએ, અને સાચા એતેકાદના દરએક જરતોશ્તી તેમ માનશે. એ રીતે બાઈ સાહેબ મોટલાંબાઈ તો પોતાના ઘડતા વખતે ગુજર પામી ખરા સુખનાં શરીક થયાં છે; પણ તેમનાં મરણથી પારસી ટોલામાં જે એક મોટી ખોટનો ખાડો પડયો છે, તે પુરાવો મુશ્કેલ છે. પારસી ટોલામાં દોલતમંદો અને સખીઓ ઘણાં છે, પણ બાઈ મોટલાંબાઈ જેવાં ઠરેલ, અનુભવી, ધર્મી અને ગરીબોની દાઝ જાણનારાં તેઓમાંથી થોડાં મલી આવશે. પણ કુદરતની કરામત ન્યારી છે, અને કજાના હોકમ આગલ માણસ લાઈલાજ છે. બાઈ મોટલાંબાઈનાં મરણ અને તેમની જીંદગીના હેવાલનો અગત જોગ સાર હેઠલ પ્રમાણે છે—જણ્યાતાં વહાડયા ખાનદાનનાં બુજરગ શેઠાણી બાઇ મોટલાંબાઇ ગયા મંગળવારે સવારના નજદીક છ માસની સખત માંદગી ભોગવી મરણ પામ્યાં છે. મરનારનો જન્મ તા૨ ૩૦ મી અકટોબર સને ૧૮૧૧ ને દીને મુંબઈ મધે થયો હતો; જેથી મરણ વેલાએ તેવણની વય લગભગ ૮૬ વરસની હતી. બાઈ મોટલાંબાઈના ભરથાર માણેકજી નવરોજી વહાડયા સને ૧૮૩૭ માં ગુજરયા હતા, જેથી મરનાર બાઈ ૨૬ વરસની ઉમરે વાંધવા થયાં હતાં. મરનારે કરેલી ખાનગી તથા જાહેર સખાવતોનો આંકડો લગભગ ૨૬ લાખનો થાય છે; જેમાંની નીચલી સખાવતો મુખ્ય છે:—૧૮૫૧ નાં વરસમાં નવસારીનું પુરાતન આતશકદેહ ફરીથી બંધાવી આપવા પાછળ રૂ. ૨૨,૦૦૦ નો ખરચ કરયો હતો; ૧૮૫૭ માં ભરૂચ ખાતે જાગેલાં તોફાનથી સંકટમાં આવેલા પારસીઓની મદદ માટે રૂ. ૫,૦૦૦ અને ૧૮૬૨ માં નાચાર પારસીઓના રવાનોને અવલ મંજલ પોહચાડવા માટેનાં ફંડમા રૂ. ૧૫૦૦ આપયા હતા. ૧૮૬૩ માં મુંબઈ શેહરમાં એક અગયારી બંધાવી હતી. ૧૮૭૨ માં ગાડમબારનાં ફંડમાં રૂપીયા ૨૫૦૦ ભરયો હતો. ૧૮૭૩ માં એક દવાખાનું ઉઘાડવયું હતું. ૧૮૮૩ માં

સુરતના રેલ નીવારણ ફંડમાં રૂ. ૨૫,૦૦૦ ભરયા હતા. ૧૮૮૮ માં મુંબઈ શેહેરને સ્ત્રીઓ તથા બાલકોના એકલાના લાભ માટે એક આરપીટલ ઉભી કરવાને રૂ. ૨,૦૦,૦૦૦ની કીંમતની જમીન તથા રૂ. ૬,૫૦,૦૦૦ ની રોકડ રકમની નાદર બક્ષેસ તેઓએ કરી હતી. ૧૮૯૪ નાં વરસમાં ઉડવાડા ખાતેનાં આતશબેહેરામ માટે એક નવું મકાન બંધાવવાને દોઢ લાખ રૂપીયા ઉપરનો ખરચ તેઓએ કરયો હતો અને ઉડવાડાનાં સ્ટેશનથી શેહેર સુધી એક પાકી સડક બંધાવવા રૂપીયા ૫૪,૦૦૦ કાહાડી આપયા હતા. મરનારના પાછલા પોહરના થયલાં ઉઠમણાની કીયામાં મરનારની પોતાની પુંજીમાંથી રૂ. ૧,૦૬,૦૦૦ મરનારના દીકરા મી. નવરોજી માણેકજી વકાડયાએ રૂ. ૧ લાખ, તથા બીજા બેરોનેટોએ મરનારને રૂપીયા ૨,૧૪,૧૯૦ ની નાદર રકમ ધરમ ખાતામાં આપીછે. આમાંથી રૂ. ૨,૧૩,૭૨૫ ની રકમ કયા ફંડમાં આપવી, તે હવે પછી નકી કરવામાં આવશે. બાકીની રૂ. ૪૬૫ ની રકમ પરચુતન ધરમ ખાતાંમાં આપીછે.

---

## એક કરોડપતી પારસી બાઈનું મરણ.

કેશરેહીંદ લખેછેઃ—ફકત એકજ માસની ટુંક મુદતમાં પારસી કોમનાં એક દ્રવ્યવાન કુટુંબમાં બે દુઃખદાયક મરણો નીપજયાં છે. માણેકજી વાડીયાનાં સદ્‌ગુણી વિધવા બાઈ મોટલાંબાઈ ૮૬ વરસની વૃધ્ધ વયે ગયા મંગળવારે બેહેસ્તનશીન થયાં છે, જે સાથ એક સખાવતી ઝરો પારસી લાભ માટે વેહતો બંધ પડયો છે. ઉદાર દીલના તેમના બેટા ભાઈ નસરવાનજીનાં મરણ માટેનો વિલાપ હજી પુરો થયો નથી, તે મરણથી કોમના જે ગરીબોની ઉમેદ અને આશા અધવચ્ચે તુટી ગઇ છે, તે નિરાધાર થઈ પડેલાં કમનસીબ લોકોની આંખ્યોમાંથી વ્હેતા આંસુ હજી સુકાયાં નથી, તેટલામાં બાઈ મોટલાંબાઈના મરણની ખબર બેવડી અફસોસકારક થઈ પડે છે. દોલતના પ્રમાણમાં તેમની સખાવત જોકે ઘણી મોટી ગણાય નહીં, તોય તેનો આંકડો ૨૫ લાખ ઉપર ગયો છે, જેવી બાંદશાહી રકમ પોતાના જાતભાઈઓના લાભ કાજે કાઢી આપનાર બાઈનું નામ ચાહ્યા અને વખાણ સાથ પારસી મોઢાં ઉપર રમી રહે એ સંભવિત છે અને તેટલા માટેજ બાઈ મોટલાંબાઈનાં મરણ માટે વ્યાજબી વિલાપ બહાર

પડયો છે. એ મરણના સંબંધમાં એક અફસોસકારક બનાવ એ છે કે પોતાનાં વાહાલા અને માનીતા બેટાને બોવાનો ગમ મરણના ફકત ૨૧ દીવસ અગાઉ તેમને ખમવો પડયો હતો, જે મજબુત કઠકાએ તેમની અજળ વેહેલી આણી આપવામાં મદદ કરી હોય એમ માની શકાય છે. તેઓની તબીયત તો અલબતાં ઘણોક વખત થયો બીગડી ગઇ હતી અને એક વાર તેણે બહુ ચિંતાતુર રૂપ પણ પકડયું હતું; તોય ડાકટરોની ચાંપતી દેખરેખથી તેઓ ઠરી શકયાં હતાં; પરંતુ પોતાના બેટાનાં અકાળ મૃત્યુનો ગમ તેમને કચડી નાખનારો નીવડયો હતો. મરનાર ભાઇ નશરવાનજીને લોકો "લોર્ડ" યાને ઉમરાવનાં નામથી ઓળખતાં હતાં અને તેઓનું દીલ ખરેખર ઉમરાવીજ હતું. સખાવત તરફ એ માતબર જરબોસ્તીની મોહીની લાગી રહી હતી અને તેમની જીંદગીને તે કીર્તારે યારી બક્ષી હતે, તો પારસીકોમને તે કેવી લાભકારી થઇ પડતે તે તો તેમના સખી 'દીલગુરદાની અત્યાર તુલીકમાં બહાર પડેલી ગવાહી ઉપરથી આપણે સમજી શકયે છીયે. પણ તે સઘળી ઉમેદો, પ્રજા લાભની તે સઘળી આશા પારસી કોમના કમનસીબે તે દુઃખીઓ તરફ દુઃખતું હૈયું ધરાવનારા હીરાના પસાર થવા સાથ ગુમ થઇ છે. તે મરણ પછી ફકત ૨૧ દીવસના અરસામાં બાઈ મોટલાંબાઈ પણ દુલગુજર બન્યાં છે એ પારસી ગરીબોના હકમાં બહુ નુકશાન કરનારો બનાવ બન્યો છે. હવે તો એ બાઇનાં એક પુરા બેટા તરીકે ભાઈ નવરોજી માણેકજી વાડીયા રહ્યા છે, કે જેમની સારી સમજ પોતાના માતુશ્રી તેમજ વડા ભાઇને પગલે દોરવવાને કામે લાગે એવું આપણું ચાહવું છે.

---

## વાહાલા પુતરનાં મરણુનો ગમ તે તેવણનાં મરણુનું કારણ હતું.

ઉપલુંજ પતર પોતાનાં બીજાં આરતીકલમાં લખેછેઃ-બાઈ મોટલાંબાઈ માણેકજી નવરોજી વહાડયા ગયા મંગળવારે સવારે ૮૪ વરસની વયે બહેસ્તનશીન થવાની ખબર આપતાં અમોને દલગીરી ઉપજે છે. મરનાર બાઈએ જોકે ઘણી લાંબી જીંદગી કાઢી હતી પણ બેાડા દાવસ ઉપરના તેમના પુત્ર શેઠ નસરવાનજીના અકાળ મરણથી તેમની અજલને વધારે નજદીક આણી હતી. મરનારે પોતાના પુત્રના મરણનો ભારે ગમ પકડયો હતો અને તે ગમ તેમના મરણનું

કારણ થઈ પડયું હતું. મરનાર બાઈની જાહેર અને ખાનગી સખાવતનો આંક છત્રીશ લાખ રૂપીયાના બાદશાહી સખાવત ઉપર પુગવા જાય છે અને જો તેમનો મરહુમ પુત્ર હયાત રહેત તો વડા પુત્ર શેઠ નસરવાનજીની સલાહ મુજબ તે હાતમદીલની બાઈ બીજી વધુ સખાવત કરવામાં પોતાનો હાથ લંબાવી શકતે. મરહુમ બાઇએ જોકે આગલા વખતમાં જાણવાજોગ કેળવણી લીધી નહોતી તોપણ એક દોલતના માલેકને જેબ આપે એવી નાણા વહીવટની કુનેહ તેમને બતાવી હતી અને તેમના સમાગમમાં આવનારાઓમાં તે માટે ઉંચું મત બેઠું હતું. બાઈ મોટલાંબાઈ ૧૮૧૧ માં જનમ્યાં હતાં. ગયા નવેમબર માસમાં પ્રગટ થયલાં એક ચોપાન્યામાં મરનાર બાઈના જીવન ચરિત્ર જણાવવામાં આવ્યું છે કે "જરથોસ્તી ધર્મનીતિનો પાયો ગણાતો કાનુન' હુમત, હુખ્ત, હુવરસ્ત'ને પોતાના દરેક કામના સંબંધમાં નમુના તરીકે ગણી બાઈ મોટલાંબાઈ કામ લેતાં હતાં." બાઇ મોટલાંબાઈના કુટુંબને પારસી કોમ આજ અરધી સદી થઈ ઓળખતી આવી છે. આ કુટુંબના વડીલ લવજી નસરવાનજી જે ૧૭૧૦ માં સુરત શેહરમાં જનમ્યા હતા, તેમને ઈસ્ટ ઇંડીયા કંપનીની ગોદીમાં પ્રથમ વહાણ બાંધવા પાછળ રાખ્યા હતા અને ૧૭૩૫ માં કંપનીએ મુંબઈમાં નવી ઉભી કરેલી ગોદીનો અખત્યાર લેવા માટે તેમને બોલવવામાં આવ્યા હતા અને તેમના વંશજો છેક હમણા સુધી મારફટર બીલડર તરીકે કામ કરતા હતા અને ઓળખાતા હતા. દોઢસો વરસના અરસામાં એ ગોદીમાંથી ઉપર મનવાર અને વેપારી બારકસો બહાર પડયાં છે. અને તે ઉપરાંત તેમના હાથ તળે સંખ્યાબંધ બારકસોની મરામત થઈ છે. બાઈ મોટલાંબાઇના પિતા શેઠ જહાંગીર નસરવાનજી વહાડયા આ ધંધામાં પડયા નહોતા પણ તેમણે કેટલીક યુરોપયન પેઢીઓમાં દલાલનો ધંધો શરૂ કરયો હતો અને ફ્રેંચ દરીયા ખાતાના આડત્યાનું કામ કરવા માંડયું હતું, અને મરનાર બાઇએ પોતાના પિતાના મરણ પછી પણ ફ્રાન્સની આ ભલી અને વફાદાર સેવા બજાવવાનું ચાલુ રાખ્યું હતું. જ્યારે શેહેરમાં ફ્રેંચ બેંકની હસ્તિ નહોતી તેવે વખતે વહાણોના કપતાનોને આ કુટુંબે નાણા ધીર્યા હતાં અને ફ્રેંચ સરકારે તેનો બદલો વાળી આપ્યો હતો. ફ્રાન્સના રાજા લુઈ ફીલીપે ડયુક ઓફ ડાલમેશીયાને હુકમ આપ્યો હતો કે, તેની છબી સાથેનો સોનાનો એક ખાસ ચાંદ

બનાવી જહાંગીર નસરવાનજી વહાડયા ઉપર મોકલ્યો અને ૧૮૩૯ માં તે ચાંદ તે લાયકીવાળા શેઠને સપુરત કરવામાં આવ્યો હતો. બાઈ મોટલાંબાઇના ભરથાર ૧૮૩૭ માં ગુજર્યા હતા અને તે વખત બાઈ મોટલાબાઈની ઉમર ફકત ૨૬ વર્ષની હતી. મરનારના પિતા ૧૮૪૦ માં ગુજર્યા હતા અને તેવન પોતાની મોટી દોલત મરનાર બાઈના બંને પુત્રોને આપી ગયા હતાં. મરનાર બાઇએ પોતાના પિતાના મરણ બાદ ઘર ખટલાનો સઘળો વહીવટ પોતાને હાથ લીધો હતો અને એકાંતવાસમાં જીંદગી ગુજારી જરથોસ્તી ધર્મને લગતાં તથા સખાવતનાં કામોમાં પોતાનો સઘળો વખત નીયમિત અને સ્વચ્છ જીંદગીમાં ગુજર્યો હતો. મરહુમ બાઇની જાહેર સખાવત ઉપરાંત

## બાનગી સખાવત એટલી બધી તો કહેવાય છે કે તેનો ગણુતા પાર આવે નહીં.

જાહેર સખાવતોમાં નીચલી કેટલીક સખાવતો મુખ્ય ગણાય છે:—૧૮૫૧ માં નવસારીનું પુરાતન આતશકદેહ ફરીથી બંધાવી આપવા પાછળ રૂ. ૨૦,૦૦૦ ઉપરનો ખરચ તેવણે કર્યો હતો; ૧૮૫૭ માં ભરૂચ ખાતે જાગેલા તોફાનમાં સંકટમાં આવેલા પારસીઓને મદદ માટે રૂ. ૫૦૦૦ અને ૧૮૬૨ માં નાચાર પારસીઓના રવાનોને અવલ મંજલ પુગાડવાના ફંડમાં રૂ. ૧૫૦૦ આપ્યા હતા. ૧૮૬૩ માં મુંબઇ શેહેરમાં પોતાને ખરચે એક અગીયારી બંધાવી હતી. ૧૮૬૪ માં કલકત્તા ખાતે થયેલા ભારે તોફાનમાં લાચારીમાં આવી પડેલાઓને સારી રકમની મદદ કરી હતી. ૧૮૭૨ માં ગંભાર ફંડમાં રૂ. ૨૫૦૦૦ આપ્યા હતા. ૧૮૭૩ માં એક દવાખાનું તેવણે બંધાવ્યું હતું. ૧૮૮૩ માં સુરતના રેલનીવારણ ફંડમાં રૂ. ૨૫૦૦૦ આપ્યા હતા. ૧૮૮૮ માં મુંબઈ શેહેરમાં સ્ત્રીઓ અને બાળકો માટે એક આસ્પીટલ ઊભી કરવા માટે રૂ. ૨,૦૦,૦૦૦ ની કીમતની જમીન અને રૂ.૧૫૦,૦૦૦ ની રોકડ રકમની બાક્ષેશ કરી હતી. ૧૮૯૪ માં ઉદવાડા ખાતેના આતશબેહેરામનું નવું મકાન કરવા પાછળ દોઢ લાખ ઉપર રૂપયાનો ખરચ કરયો હતો અને ઉદવાડા શેહેરથી સ્ટેશન સુધી પાકી સડક કરવા માટે રૂ. ૫૪૦૦૦ ની રકમ આપી હતી. આ આતશબેહેરામના મકાનનો મુખરો પરસેપોલીસ ખાતે મલી આવતી અસલી ઈરાની ઇમારતોની ઢબ ઉપર રાખવામાં

આવ્યો છે અને તેના મુહૂર્તની ક્રિયા તા૦ ૩૫ મી અકટોબર ૧૮૯૮ ને દીવસે કરવામાં આવી હતાં, જે પ્રસંગે મરહુમ બાઈની એક ઐઈલપેનટીંગ છબી આતશબેહેરામના દીવાનખાનામાં મેલવાની ક્રિયા સર દીનશા માણેકજી પીટીટે કરી હતી. બાઈ મોટલાંબાઈ વીધવા માણેકજી નવરોજજી વહાડયા, તે મરહુમ શેઠ જહાંગીર નશરવાનજી વહાડયાના દીકરી, જેવણ રોજ ૧૨ મો મહા ૯ મો, સને ૧૨૬૬ યઝદેજરદીને દીને હક થયાં હતાં, તેવણના ગઈ કાલના પાછલા પોહોરના થયલાં ઉઠમણામાં તેવણની પોતાની પુંજીમાંથી તથા બેશી ઓએ રૂ. ૨૧૪૧૯૦ ની રકમ ધરમ ખાતે આપી છે.

## મરનાર મોટલાંબાઈનો જનમ.

"બ. બે. પ." નામનો એક જાણીતો પારશી લખનાર જમેજમશેદમાં લખતાં જણાવે છે જે જાણીતાં વહાડયાં ખાનદાનનાં વડાં બુજરગ શેઠાણી બાઇ મોટલાંબાઈ વીધવા માણેકજી નવરોજજી વહાડયા, તે આગલા પારસી અકબર શેઠ જહાંગીર નશરવાનજી વહાડયાનાં એક પુરાં બેટી, બુજરગીની અતીશય નાતવાનીની નજદીક ૬ માસની સખત માંદગી ભોગવી ગઇ કાલે પરોઢયાંમાં મુંબઈનાં પોતાનાં બાપીકાં મોટાં મકાનમાં મરણ પામયાં છે. જે બે દીકરાઓ ઉપર પોતાની જીંદગીનો સઘળો આધાર બાંધીને સબુરી પકડી બેઠેલાં જીંદગીની એકલી લેઝત વીધવાપણાની સખત એકાંતવાસમાં એ બે દીકરાઓને સુખી જોવામાંજ લેખેલી, તેઓમાંના નાના બેટા મી૦ નશરવાનજીનાં ત્રણ અઠવાડયાં ઉપર નીપજેલાં અચબુચ મરણથી બુજરગ બાઇ મોટલાંબાઈની નબળી દેહ નજદીક તદન કચડાઈ ગઈ હતી, એ કારી ફટકો તેવણ ખમી શકશે નહી એમ માનવામાં આવયું હતું, અને ગરીબ બેશીઓ વગેરેના કમનસીબે બીજા દીકરાનાં મરણ પછી ૨૧ મે દીવસેજ એમ બનયું છે. બાઈ મોટલાંબાઈ પણ આ ફાની દુનીયામાંથી વાસો ઉઠાવી ગયાં છે.

બાઇ મોટલાંબાઇનો જનમ મુંબઈ મધે તા૦ ૩૦ મી અકટોબર ૧૮૧૧ ને દીને થયો હતો. એવણ પોતાના કાકાના એક પુરા દીકરા મરહુમ મી૦ માણેકજી નવરોજજી વહાડયા સાથે બાળ વયમાં પરણયાં હતાં. ખાવિંદ તા૦ ૧૪ મી નવેમબર ૧૮૩૭ ને દીને ૨૮ વરસની ભર જવાન વયે હક થવાથી, બાઈ મોટલાંબાઇ પોતાની ૨૬ વરસની વયે વીધવા થયાં હતાં, અને વીધવાપણાનો શોક કેવી ચી-

વટાઇથી એકાંતવાસ સાથ જળવયો હતો, તે દરેક કુટુંબને જાણીતી બિના છે. મરનાર કરોડપતિ છતાં એક સાદી ખાટલી ઉપર સૂતાં હતાં. કાળો પોશાકજ સદા રાખતાં અને ઘરમાંથી કદો બાહેર નીકળતાં નહિં, એટલાં સુધી કે મરનાર બે વરસની વાત ઉપર, પોતાના દિકરાઓના બહુ આગ્રહથી ઉદવાડાના આતશબહેરામનાં પોતે બંધાવેલા નવાં મકાનને સેજ્દો કરવા ગયાં, તયારેજ પોતાની જીંદગીમાં પહેલીજવાર (અને છેલ્લીજવાર) રેલવેટરેનમાં બેઠાં હતાં. દુનીયાની કાંઈપણ મોજ મરનાર બાઈએ સને ૧૮૩૭ માં વીધવા થયાં તયારથી તે મરણ પામયાં તયાંસુધી ભોગવીજ ન હતી, એવાં તેવણ ચીવટ અસલી વીચારનાં હતા. બાઈ મોટલાંબાઈના બાવા શેઠ જહાંગીરજી નશરવાનજી વહાડયા, જેવો પારસી કોમના એક જાણીતા આગેવાન તથા અકાબર અને કોમને લગતા દરેક કામોમાં ભાગ લેનાર હતા, તેવણ તા॰ ૧૯ મી મે ૧૮૪૩ ને દીને ગુજરી ગયા હતા. એઓ પાસે સારી દોલત હોવાથી તથા પેટે કાંઈ પુત્રનું સંતાન ન હોવાથી, પોતાના વીધવા બાઈ માણેકબાઈ તથા આ જવાન બેટી મોટલાંબાઈને પોતાના વારસ વકીલો નેમી ગયાં હતા અને બાઈ મોટલાંબાઈની કજા રજાએ સઘળી મીલકત તથા પુંજી એ બાઇના બે બેટાઓ શેઠો નવરોજજી તથા નશરવાનજીને મળે એવો બંદોબસ્ત કરી ગયા હતા. મજકુર બંને બાઈઓએ મરહુમ જહાંગીરજી શેઠની દોલત જળવી તથા ઘણી વધારી મુકી હતી.

## મોટલાંબાઈની શખાવતો.

બંને ભાઇઓ પોતાના ગરીબ બેશીઓને તથા બીજા જરથોસતીઓને ઠીક આશરો આપતાં હતાં તથા જાહેર ફંડો વગેરેમાં ઠીક હીસ્સો આપતાં હતાં. ઈ॰ સ॰ ૧૮૪૪ ના સાલમાં એ બે બાઈઓએ નાયલી તથા મોઢી દમણ ખાતે તયાંના જરથોસતીઓને ઘરના ક્રિયા મારગના કામો કરવાને એકેકો મુસારેદાર મોકેદ રાખ્યો હતો. એજ સાલમાં નવસારીના ભગરસાયના મોંબદોનું જે ફંડ અત્રે ઉભું થયું હતું, તેમાં એ બાઈઓએ રૂ. ૩૦૦૦ ની રકમ ભરી હતી. નવસારી મધેની વડી દરેહ મેહરની ઇમારત ઘણી પુરાતન થવાથી મરહુમ બાઈ મોટલાંબાઈએ તે રૂ. ૨૦૦૦૦ ને ખરચે પાછી બેધાવી. તા ૨૦ મી મે ૧૮૫૧ ને દીને જાહેર જશન કરી ખુલ્લી મેલી હતી. ૧૮૫૭ માં ભરૂચ મધે મુસલમાનોનું હુલડ થયું, તેવેળાએ

તથા નુકસાન પામેલા પારસીઓને મદદ કરવા થકી એ બંને બાઈઓએ રૂ. ૫૦૦૦ ની રકમ મોકલી આપી હતી. ૧૮૬૧ માં હીંદુસતાનના વાયવ પ્રાંતોમાં પડેલા સખત દુકાળનાં સંકટમાં આવી પડેલા લોકોને આશરો આપવાના ફંડમાં બંને બાઈઓ એ રૂપીઆ ૧૦૦૦ મોકલયા હતા. ૧૮૬૨ માં મુંબઈના જરતોસતી રવાનોને અવલમંજલ પહોંચાડવાનાં ફંડમાં રૂ. ૧૫૦૦૦ ની રકમ તેનું વીધાજ વાપરવા માટે ભેટ આપી હતી. મુંબઈના કોટમધે પાંઠાંવાળા મોહોલામાં બાઈ મોટલાંબાઈએ એક આદરીયનની દરેહમેહેર બંધાવી, તે પોતાના બાવા મરહુમ શેઠ જહાંગીરજી નશરવાનજી વહાડયાના પુન માટે તા૦ ૧૦ મી જુન ૧૮૬૩ ને દને ઇજાવી હતી, જે પાછલ જમીન સાથ રૂ. ૬૪૦૦૦ નો ખરચ થયલો કહેવાય છે, તેમજ દરેહમેહેરના જાથુકના નીભાવ માટે રૂ. ૪૦૦૦૦ ની સરકારી લોન અલાહેદા કહાડેલી બોલાઇ છે. ૧૮૬૪ ના આકટોબર માસમાં કલકતા અને તેની આસપાસના ભાગોમાં થયલાં મોટાં તુફાનથી તારાજ થયલાં બેહદ માણસોનાં દુઃખનું નીવારણ કરવા માટે મુંબઈ મધે જે જાહેર ફંડ ઉભું કરવામાં આવયું હતું, તેમાં બંને બાઈઓએ રૂ. ૫૦૦૦ ભરયા હતા. ૧૮૬૫ માં પરેલ મધે મરહુમ લવજી વહાડયાના નામનું એક ધરમનું દવાખાનું ઉઘાડવાને અત્રેના એ કુટુંબના ગ્રાસથો તથા બાનુઓએ એક ફંડ ઉભું કરી "લવજી વહાડયા ડીસપેનસરી" સથાપી તેમાં એ બંને બાઈઓએ પોતાનો રૂ. ૯,૩૩૭ નો હીસો આપયો હતો. ૧૮૬૮ માં ગુજરાત તરફ પડેલા ભારે વરસાદ તેમજ તુફાન અને રેલથી જે મોટી નુકસાની થઈ હતી, તે મધે મદદ મોકલવાને અત્રે ઉભાં થયલા રીલીફ ફંડમાં બંને બાઈઓએ રૂ. ૧૦૦૦ ની રકમ આપી હતી. ૧૮૭૧ માં પોતાના મરહુમ વડીલ લવજી વહાડયાના નામનો મુંબઈ મધે દરતીર માસમાં મંબારની નયાત ચાલુ રાખવા માટે બાઈ મોટલાંબાઈએ રૂ. ૨૫૦૦૦ ની રકમ અલાહેદી કહાડી, તેનું ઘટતું ત્રસટ દોડ કરાવયું હતું. ૧૮૭૩ માં માહીમ મધે ચેરીટેબલ ડીસપેનસરીને એ બંને બાઈઓએ રૂ. ૧૭૦૦૦ ની સરકારી નોટ તથા એ ડીસપેનસરીવાળું પોતાનું ઘર ભેટ આપયાથી તે દવાખાનાનું નામ "જહાંગીર નશરવાનજી વાહાડયા માહીમ ચેરીટેબલ ડીસપેનસરી" કરી રાખયું, તથા ૧૮૮૫

માં તેનાં ફંડમાં બીજી રૂ. ૫૦૦૦ ની નોટ તથા ઉપલાં ઘરની પાસેની રૂ. ૫૦૦ ને આશરેની કીમતની થોડીક ખાલી જમીન દવાખાનાના વપરાસ માટે ભેટ આપી હતી. સને ૧૮૮૩ માં ઇગલંડથી અબલા તબીબોને મુંબઈ મધે વઈદાંનો ધંધો ચલાવવાને બોલાવવાનું જે ફંડ મા૰ કીત્રીડજ તથા બેહેસતી શેઠ સોરાબજી શાપુરજી બંગાલીની આગેવાની હેઠલ ઉભું થયું હતું, તેમાં બાઈ મોટલાંબાઇએ રૂ. ૧૦૦૦ ભેટ આપયાં હતાં. એજ સાલના મે માસમાં મુંબઈ મધે પાંજરાપોળ આગળ એક અનાજની વખારમાં આગનો ખોટો ગભરાટ થવાને લીધે ભચડાકચરો થઈ, તેમાં ઘણાંક ગરીબ હીંદુ મજુર તથા મજુરડીઓના જાનની હાણી થઈ હતી, તે ગરીબ માણસોનાં લાચાર કુટુંબોમાં વહેંચી આપવા માટે મરહુમ બાઈ મોટલાંબાઈએ તુરતજ રૂ. ૫૦૦ ની રકમ પોલીસ કમીશનર ઉપર મોકલી આપી હતી. એજ સાલના જુલાઈ માસમાં સુરત મધે જે મોટી રેલ આવી તેમાં નાશ પામેલાઓના આશરાને માટે અત્રે ઉભાં થયલાં ફંડમાં મરહુમ બાઈ મોટલાંબાઈએ રૂ. ૧૫૦૦૦ની મોટી રકમ ભરી હતી. ૧૮૮૭ માં એ બાઈના કોટના ઘેરમાંથી રૂ. ૩૫૦૦૦ની રકમની હીરા જડેલી એક કીમતી આરસી ચોરાઈ હતી, જે બાબે પોલીસે પૂરતી ખોળ કરી ચોરો પકડયા હતા, જે ત્રણ પારસી ચોરોને સખત સજા કરાવવાને બાઈ મોટલાંબાઈ નાખુશ હોવાથી પોલીસ કોરટમાંજ એ મુકદમાનો ફડચો કરાવી, તા. ૨ જી આગસટ ૧૮૮૭ ને દીને દરેકને બબે વરસના સખત કેદખાનાની સજા થઈ હતી. ૧૮૮૮ માં એ મરહુમ બાઇએ મુંબઈ મધે સુવાવડની એક આસપીટલ બાંધવાને પોતાના મજગામતરફ આવેલી " પારસનેજ " નામની જમીન તે ઉપર બાંધેલી ઈમારત તથી રૂ. ૧૧ લાખની રોકડ મોટી રકમ સાથ લારડ રે ની સરકારને આપી હતી. એ આસપીટલનો પાયો નાખવાની ક્રીયા મુંબઇના તે વેળાના નામદાર ગવરનર લારડ રેએ તા૰ ૯ મી મારચ ૧૮૮૯ ને દીને ધામધુમ સાથે કરી હતી, તથા તે મકાન તયાર થવાથી તેને ખુલ્લું મુકવાની ક્રીયા નામદાર ગવરનર લારડ હેરીસે તા૰ ૧૫ મી મારચ ૧૮૯૨ ને દીને કરી હતી અને એ આસપીટલનું નામ " બાઇ મોટલાંબાઈ આસપીટલ " કરી આપવામાં આવ્યું હતું એ આસપીટલ કોઈ

પારસી યા હીંદીવાન તંબોળના હાથ હેઠળજ મેલવાની મરનાર બાઈની ખાએસ હતી, તે ખાએસ મરનારના દીકરા મી૦ નવરોજજીએ ગવરનર લારડ હેરીસ સનમુખ રજુ કરી હતી, પણ તે વાજબી ખાએસ સવીકારવામાં આવી નહી. એ આસપાંટલનો પાયો નખાવા પછી ત્રીજે દાવસે યાને તા૦ ૧૨ મી મારચ ૧૮૮૯ ને દીને નામદાર લારડ તથા લેડી રેએ એ બાઈની મુલાકાત તેમના કોટના ઘરમાં લઈ કેટલીક અરસપરસ વાતચીત કરી હતી. ૧૮૯૦ માં મરહુમ બાઇ મોટલાંબાઈએ પરેલ મધેની પ્રી જમશેદજી નશરવાનજી પાંટીટ પારસી આરફનેજના ફંડમાં રૂપીઆ ૧૫૦૦૦ ની રકમ તથા તે તરફ આવેલો પોતાનો જમીનનો એક મોટે કડકો ભેટ આપયો હતો. નામદાર ગવરનર લારડ હેરીસના બાનુ લેડી હેરીસે પણ એ બાઈની મુલાકાત તા૦ ૧૪ મી ફેબરવારી ૧૮૯૩ ને દીને એવણનાં મકાનમાં લીધી હતી. ઉદવાડા ખાતેનું પાક આતશબેહેરામ સાહેબનું મકાન જુનું થવાથી, તે મરહુમ બાઈ મોટલાંબાઇએ પોતાને ખરચે નવેસરથી બંધાવયું હતું, અને તેનો પાયો નાખવાની ક્રીયા તા૦ ૨૨ મી મે ૧૮૯૩ ને દીને એ બાઇના બંને બેટાઓ શેઠો નવરોજજી તથા નશરવાનજી એ એક મોટા મેળાવડા સનમુખ કરી હતી. એ મકાન તઈયાર થવાથી તા૦ ૩૧ મી અકટોબર ૧૮૯૪ ને દીને તે ઇજાવી તેમાં પુરાતન કેબલાને પાછો તખતનશીન કરયો હતો. એ આતશબેહેરામ મધે કેબલા સારૂં એ બાઇ સાહેબે એક રૂપાનું મોટું અફરગાનીઓ તથા બીજે ક્રીયાને લગતો સરવે સરંજામ ભેટ આપયો હતો. એ મકાન વગેરે ઉપર બધો મળી રૂ. ૮૦૦૦૦ નો ખરચ થયલો નોંધાયલો છે. એ આતશબેહેરામ એ બાઈએ પોતાના ખાવીંદ મરહુમ માણેકજી નવરોજજી વહાડયાની વહાલી યાદમાં અરપણ કરયું હતું. એજ દીને એ બાઈના વખાણનારાઓએ સર દીનશાહજી માણેકજી પાંટીટ બારોનેટ સાહેબની આગેવાની હેઠળ પડાવેલી બાઈની એક ઓઈલપેનટીંગની તસવીર શેઠ કાવસજી ખરશેદજી જમશેદજીએ ખુલ્લી મુકી હતી. વળી એ આતશબેહેરામની સાથે એક ખરસ નુમખાનાનું મકાન બંધાવી એ બાઈએ તે પોતાના સસરા મરહુમ નવરોજજી નશરવાનજી વહાડયાની વહાલી યાદમાં તા૦ ૨૫ મી મે ૧૮૯૫ ને દીને ઇજાવયું હતું. એ આતશબેહેરામ સાહેબ-

ના ચાલુ ખરચ માટે બાઈ સાહેબે રૂ.૫૦૦૦૦ નું એક પાકું ત્રસટ-દીડ કરાવેલું કહેવાય છે, પણ તે ત્રસટદીડ વીશે ઉદવાડાની અંજુમનના સાહેબોની કશી મસવરત ન લીધાથી તથા એ અંજુમનના નેમેલા વડા અકાબર શેઠ સોરાબજી માણેકજી દમણવાળાને તેમાં ત્રસટી નહી ઠેરવયાથી, અંજુમનના મોટા ભાગમાં ઘણો અણગમો ફેલાયલો છે, અને બાઈની ખરચેલી આ મોટી રકમને પુરતો જશ મળયો નહી. તા૦ ૨૧ મી જુલાઈ ૧૮૯૪ ને દીને બાઈ મોટલાંબાઈએ કરજ ગામમાં રૂ. ૩૫૦૦ ખરચી એક સગડી બંધાવી આપી હતી, તથા એજ ગામમાં ગરીબો માટે એક ધરમાદા દવાખાનું ઉઘાડવાને રૂ. ૨૦૦૦૦ સરકારમાં આપયા હતા. ઈ૰ સ૰ ૧૮૯૬ના મારચ માસમાં સુરત મધે નવાપરાંના ગોળવાડમા લાગેલી મોટી આગમાં નુકસાન પામેલાઓને મદદ કરવા બાઈ મોટલાંબાઈએ રૂ. ૧,૦૦૦ ની રકમ મોકલી આપી હતી, તથા એજ સાલના જુન માસમાં મુંબઈની પારસી પંચાયતના ફંડમાં રૂ. ૨૭૬૦૦ અને મુંબઈના લાચાર ઈરાનીઓના ફંડમાં રૂ. ૭૨૦૦ ની રકમો ભેટ આપી હતી. ઉદવાડાના રેલવે સ્ટેશનથી તે આત શબેહેરામ સુધી જવાનો પકો રસતો બાંધવાને એ બાઈએ રૂ. ૩૨૦૦૦ તથા તે રસતાની દર વરસની મરામતને માટે રૂપી આ ૩૧૦૦૦ સરકારમાં આપવાથી, તે રસતો બંધાઈ તઈયાર થવાથી તા૰ ૬ ઠી નવેમબર ૧૮૯૬ ને દીને સુરતના તે વખતના કલેક્ટર મી૰ ડબલ્યુ. સી. રેંડે એક મોટા મેળાવડા સનમુખ ધામધુમ સાથે ખુલ્લો મુકયો હતો. બાઈ મોટલાંબાઈએ સુરત મધેના મરહુમ શેઠ દાદાભાઇ નશરવાનજી મોદીવાલા શેહેનશાહી આતશબેહેરામનાં પુરાતન મકાનની મરામત રૂ. ૯૦૦૦ ને ખરચે કરાવી તેના અસલ કેબલાને પાછો તા૰ ૨૦ મી ફેબરવારી ૧૮૯૭ ને દીને તખતનશીન કરાવયો હતો. મુંબઈ ઈલાકાના હાલના દુકાળના નીવારણ ફંડમાં મરહુમ બાઈએ રૂ. ૫૦૦૦, બીજીવાર રૂ.૫૦૦૦, ખાનદેશના દુકાળ ફંડમાં રૂ.૧૪૦૦, શોલાપુરના દુકાળ ફંડમાં રૂ.૧,૦૦૦ નાશકના દુકાળ ફંડ તથા ગાય ચારાના ફંડમાં, ૧,૦૦૦ મળી રૂ. ૧૩,૫૦૦ નો રકમ આપી હતી, જેવી મોટી રકમ બીજાં કોઇ એક બાનુ યા ગ્રહસથ તરફથી અપાયલી જણાવી નથી. મુંબઈના મરકીનાં સંકટ નીવારણ ફંડમાં મરનારે રૂ. ૫૦૦ અગાઉ આપી

ગયા અઠવાડયામાં જનરલ ગેટેકર ઉપર બીજા રૂ. ૧,૦૦૦ મોકલ-યા હતા. મરકીની પારસી આસપીટલનાં ફંડમાં મરનારે રૂ. ૧,૦૦૦ ની રકમ આપી હતી તથા સરકારી છાપાખાનાના કામદારોને મરકીના હતાથી દુર રાખવા માટે છેલ્લા પાંચ માસ થયા પ-રેલ ખાતેનો પોતાનો મોટો બંગલો સરકારને મુફત વાપરવા આ-પ્યો છે.

મરહુમ બાઈ મોટલાંબાઈએ ૮૬ વરસની વરધ વય ઘણાંજ શાંતપણાં, એકાંતપણાં, નીયમીતપણાં અને ચુસત ધારમીક લાગણી જાલવવામાં ગુજારી છે. કોઈબી વખત કશો ઘોંઘાત યા દેખાવ કરવાની તેવણની બાએસ જણાઇજ નથી. આપણ ઇચ-છીશું કે, હવે પછીના પારસી બાનુઓ એવું સાદાપણું જાળવી રાખે. બોદા એ મરનારના પવીત્ર રૂહને જીનત બક્ષે અને તેવ-ણના એક પુરા બેટા શેઠ નવરોજજીની જીંદગી લાંબી અને ઉ-પયોગી કરે, કે જેથી મરનાર જહાંગીર વહાડ્યાનું નામ સખાવત તથા ધરમ ધયાન સાથે આપણી કોમમાં ચાલુ રહે.

---

## જીનત ગુજીન બાઈ મોટલાંબાઈ જહાંગીરજી વહાડીઆ અને તેમની સખાવતો.

ગુજરાત મીત્ર તથા ગુજરાત દર્પણ લખેછેઃ—પારસીઓને સખી દીલના એ મુઠીભર ટોળામાં ગણાતા માતબરોમાંના એક સખાવતે બહાદુર બાઈ, જેમની સખાવતનો લાભ બધી કોમને મળ્યો છે તેવા સખીવજુદ બાઇ મોટલાંબાઈ જહાંગીરજી વહાડી-આ, પોતાના બીજા બેટા શેઠ નશરવાનજીનાં મરણ પાછળ ૨૦ દીવશે ૮૬ વર્ષની વૃદ્ધ વયે જીનતગુજીન થવાથી ઉપજેલી દલગા-રીમાં વધારો કરે છે. બાઈ મોટલાંબાઈ તથા તેમના પુત્ર વગેરેની મોટી મોટી સખાવતોનો લાભ સગળી કોમોના લોકોને એટલો બધો મળતો રહ્યો છે અને તેમના મરહુમ બેટા શેઠ નશર-વાનજીથી એટલી બધી આશા બાંધવામાં આવી હતી કે એ સ-ખીદીલના બેટા તથા સખીદીલનાં માતાના ટુંક વખતમાં થયલાં મરણો બેવડો શોક ઉત્પન્ન કરે છે. લગભગ ૨૬ લાખ રૂપીઆની ઉમદા સખાવતો બાઈ મોટલાંબાઇ તરફથી થવાનો સરવાળો આ-

ચ્યો છે, જે સખાવતોના એ શાહનાં નામને અને તેમના દોલતને જેબ આપે છે, પણ એ સખાવતની હદ એટલામાંજ અટકતી નથી. મરહુમ શેઠ નશરવાનજીના સખીદીલે ઘણાં ધર્માદા કામો પાર પાડવાના ઈચ્છયાં હતાં, તે કામો બાઈ મોટલાંબાઈની હયાતીમાં પાર પડવા મુશ્કેલ હતા, પણ હવે જો મરનાર બાઈના વડા પુત્ર શેઠ નવરોજી માણેકજી વહાડીઆજી પોતાના મરહુમ સખી ભાઇની ઈચ્છાને અનુસરીને તેમની ફરમાવેલી સખાવતો પાર પાડે તેમજ તેમના મરહુમ માતાજીની યાદગીરી કાયમ રાખે તો એ બંને મરનારોનું રૂહ ખુશ થઈ એ સખાવતોનો લાભ લેનારા હજારો ગરીબોની દુવા પ્રાપ્ત કરશે. અને બાઈ મોટલાંબાઈ તથા શેઠ નશરવાનજીની સખાવતોને તથા તેઓના નામને જેબ દેશે. તેમજ બાઈ મોટલાંબાઈના મરણ પાછળ કાઢેલી રૂા૦ ૨ લાખ ઉપરાંતની રકમનો ઉપયોગ પણ તેવો રૂડો કરવામાં આવશે. મરહુમ બાઈ મોટલાંબાઈએ નાની ઉમરમાં પોતાના માનવંત પોતાની મોટી દોલતનો વારસો મેળવી પોતાના મા બાઇ માણેકબાઈ વહાડીઆ જોડે તેનો વહીવટ ઘણોજ મનમાનતો ચલાવ્યો હતો. અને જેમ જાહેર તેમ છુપો ધર્મ કરવામાંજ પોતાની ભલી નીષ્ઠા સમાવી હતી. તેમ કરતાં પણ આજે તેઓ બે કરોડ રૂપીઆની દોલત મુકી ગયાં છે. મરનારની મુખ્ય સખાવતો બીજા ભાગ ઉપર પ્રગટ કરી છે. તે વાંચવાથી વહાડીઆ ખાનદાને લોકો ઉપર કરેલા ઉપકારો અને ઉપયોગી કામોનો ભાસ આપે છે.

---

## સખાવત કરી નામ મેલવનાર તે મરનાર બાઈ મોટલાંબાઈ વાડીઆ.

ઉપલું પતર પોતાનાં મીજાં આરતિકલમાં લખે છે:—મુંબઈના જાણીતાં કરોડપતી અને આ શેહેર તેમજ બીજે ઠેકાણે સખાવતો કરી નામના મેળવનાર પારસી કોમના સખીવજુદ બાઇ મોટલાંબાઈ જહાંગીરજી નશરવાનજી વહાડીયા ઉપર તેમના પુત્ર મી૦ નશરવાનજી જહાંગીરજી વહાડીયા ગઈ તા૦ ૫ મીએ મરણ પામવાના પડેલા કારી ઘાથી એટલી બધી માઠી અસર થઈ કે, પોતાના પુત્રના પછી ફકત ૨૦ દીવસમાં એટલે ગઈ તા૦ ૨૪ મીના

પાછલી રાત્રે ૮૬ વરસની વૃદ્ધ વયે મુંબઈ મધે એ બાઈના બેહેસ્તનશીન થવાની નોંધ લેતાં ઘણો ખેદ ઉપજે છે.

મરનાર બાઈ મોટલાંબાઈ આખી પારસી કોમના એક સર્વથી માતબર બાઈ ગણાતાં હતાં અને તેવીજ રીતે તેમણે પોતાને મળેલી પુંજીમાંથી કરેલી સખાવતો જગ આશકારા થઈ છે. મરહુમ બાઈ મોટલાંબાઈની સખાવતનો જરો ચાલુ હતો. તેમના મરહુમ પુત્ર શેઠ નશરવાનજી ભોળા, ભલા અને સખી દીલના હોવાથી તેઓની સખાવત તેમાં ઉમેરો કરતી હતી, તેવામાં એ બંને સખી માદીકરાનાં મરણે પારસી કોમમાંજ નહી, પણ સઘળી કોમમાં ભારે ખેદ પેદા કીધો છે. બાઇ મોટલાંબાઈને, તેઓના મરહુમ પીતા શેઠ જહાંગીરજી નશરવાનજી વાહાડીયાની મોટી પુંજીના મળેલા વારસામાંથી બેહોળી સખાવતો માત્ર પોતાનીજ કોમમાં નહીં, પણ બીજી કોમોનાં લાભને માટે પણ કરી છે. તે મોટી સખાવત કેટલીકવાર જાહેરમાં આવી ગઈ છે, પણ એ સખીવજુદ બાઈના દલગીરી ભરેલાં મૃત્યુ સમયે એ સખાવત કુલ્લે કેટલી થઈ છે તે જાહેર કરવાની જરૂર છે. અને તે સખાવતનો આંકડો રૂા૦ ૨૬ લાખ ઉપરાંતનો થયો છે. મરહુમ બાઈ મોટલાંબાઈએ કરેલી સખાવત સુરત અને સુરત જીલ્લામાં રૂા૦ ૫૮,૦૦૦ ની તથા ઉદવાડાનું મોટું આતશબેહેરામ તથા તેનો રસ્તો બાંધવા વીગરે પાછળ રૂા૦ ૩ લાખની કરેલી છે. એ સખાવતોમાં ઉદવાડાનું આતશબેહેરામ બાંધવા અને મરામત કરવા માટે રૂા૦ ૧,૮૬,૦૦૦, ઉદવાડાના રસ્તાના રૂા૦ ૬૪,૦૦૦, સુરતના મરહુમ શેઠ દાદાભાઈ મોદીવાળાં આતશબેહરામના મકાનમાં સમારકામ નીકળેલું હોવાથી બાઈ મોટલાંબાઈએ મરામત તથા ચાલુ ખરચના મળી રૂા૦ ૨૫,૦૦૮ આપ્યાછે. કરંજગામમાં ડીસ્પેન્સરી બાંધવા પાછળ રૂા૦ ૨૦,૦૦૦, તથા એ ઉપરાંત બીજી રકમો પણ સખાવત તરીકે આપી છે. ૧૮૮૩ ના સાલના સુરતના રેલ નીવારણ ફંડમાં રૂા૦ ૨૫ હજારની રકમ, સુરતમાં પાણીની ટાંકી બાંધવા માટે રૂા૦ ૨,૫૦૦ની રકમ આપી છે. મરહુમ બાઈએ આસ્પીટાલો તથા ડીસ્પેનસરીઓ જુદે જુદે ઠેકાણે સ્થાપી આપી છે. વળી તેમણે વરસાદના ભારે તોફાનથી સંકટમાં આવી પડેલાઓને મદદ આપવાને હિન્દુસ્તાનના જુદા જુદા ભાગોમાં રકમો મોકલી આપી હતી. મરહુમ બાઈ મોટલાંબાઈના એક વડીલ લવજી નશરવાનજી જેઓ ૧૭૬૦ નાં સા-

લમાં સુરતમાં જનમ્યા હતા, તેમને ઈસ્ટઇંડિયા કંપનીની ગોદીમાં વહાણ બાંધવાના કામ ઉપર રાખ્યા હતા. ૧૭૩૫ ના સાલમાં કંપનીની નવી ઉભી કરવામાં આવેલી ગોદીઓનો અખત્યાર લેવાને તેમને મુંબઈ બોલાવવામાં આવ્યા હતા. અને તેમાં તેમના વંશજો છેક હમણા સુધી માસ્ટર-બીલ્ડરનો માન ભરેલો ઓદ્દો બજાવતા હતા. મરનારના ઉઠમણાની ક્રીયા સુરતમાં તેઓના બેશી મા૦ પેસ્તનજી બેરામજી એંઠી મારફતે સહેનશાઈ આતશબેહેરામમાં ગયા બુધવારે થઈ હતી જે વેળા મોંબદોમાં તથા ગરીબ પારસીઓમાં રૂપાનાણું તથા સદરાનું વહેચાણ થયું હતું.

## પોતાની તેમજ પારકી કોમને તેવનની સખાવતનો જરો ચાલુ હતો.

ગુજરાતી લખે છે—પ્રસિદ્ધ વાહડિયા ખાનદાનનાં આ વૃદ્ધ કરોડપતી વૃદ્ધાવસ્થાની અસ્કતીની નજદીક છ માસની માંદગી ભોગવી ગયા સોમવારે કોટ મધેનાં પોતાનાં મોટાં મકાનમાં મરણ પામ્યાં છે. મરનારના બે માહેલા નાના પુત્ર મી૦ નસરવાનજીનો ત્રણ અઠવાડિયાંની વાત ઉપર નિપજેલાં ઓચિન્તા મરણથી મરનારની માંદગીમાં સખત વધારો થઈ ગયો હતો, અને છ માસ થયા માંદગી ભોગવતાં છતાં, પોતાના વાહાલા પુત્રને બોહવાનો અસહ્ય ધા ખમવાનેજ જાણે તેમના પાછળ ૨૧ દીવસની હયાતી ભોગવી મરણ પામ્યાં છે. મરનારની વય ૮૬ વરસની હતી. મરનારે ઘણી મોટી રકમની સખાવત પોતાની તથા બીજી કોમના લાભ માટે પોતાની હયાતી દરમ્યાન કરી હતી. મરનાર નાણાંથી પુર છતાં ઘણા શાંત, એકાંતપણાને ચાહનારાં, નીયમિત અને ચુસ્ત ધાર્મિક લાગણી ધરાવનારાં હતાં. મરનારનાં ઉઠમણાની ક્રિયામાં મરનારનાં પુન્યાર્થે મરનારની પોતાની પુંજીમાંથી રૂ. ૧,૦૬,૦૦૦; મરનારના પુત્ર મી૦ નવરોજી એ રૂ. ૧ લાખ, તથા બીજાં કેટલાંક સગાં સંબંધીઓએ મળીને એકંદર રૂ. ૨,૧૪,૧૯૦ ના રકમ ધર્મખાતામાં આપ્યા છે.

## ઈશવર બ્યા ભલી બ્યને સખી બાઈનો શવરગમાં વાશો કરે.

હીનદુશતાન પતર દલગીરી શાઠ લખે છેઃ—જાણીતાં સખી બાઈ મોટલાંબાઈ જહાંગીર વહાડીઆ ૮૪ વર્ષની ઉમરે પોતાના એક પ્રીય

દીકરા મી. નસરવાનજીના મણનો જખમી ઘા ખમી, તે મરણ પછી ૨૧ મે દીવસે ગઈ તા. ૨૫ મીના રોજે મરણ પામ્યાં છે. મરહુમ બાઈ મોટલાંબાઈ કરોડપતી બાઈ હતાં. તેઓ ચુસ્ત જુના વિચારનાં હોઈ બહુ જવાન ઉમરે વિધવા થવા છતાં, વિધવાપણાની દીલગીરી બહુ ચીવટપણે જાળવતાં હતાં. પોતાના પતીના મરણ બાદ દુનીયામાં પોતાને માટે સર્વત્ર અંધારૂંજ થએલું લેખતાં હતાં. પતી ગયા પછી દુનિઆ પોતાના માટે અકારી થએલી સમજતાં હતાં, અને તેનો ગંભીર ખ્યાલ આપતાં હતાં. અને કરોડપતી છતાં એક સાદી ખાટલીપર સુતાં હતાં. પોતે કાળો પોશાક હરહમેશાં રાખતાં, અને ઘરની બાહેર કદી નીકળતાં હતાં નહીં એટલા સુધી કે ઉદવાડાંના આતશબેહેરામનાં બંધાએલાં નવા મકાનને સેજદો કરવા ગયાં, ત્યારેજ પોતાની જીંદગીમાં પહેલીજ વાર રેલવે ટ્રેનમાં બેઠાં હતાં. દુનીયાની કાંઈ પણ મોજશોખ મરનાર બાઈએ સં. ૧૮૩૭માં વિધવા થયાં ત્યારથી તે મરણ પામ્યાં ત્યાં સુધી ભોગવીજ હતી નહીં. તેઓની બહોળી અને ઉદાર સખાવતની ટીપ જગજાહેર છે, માટે તે અમે અત્રે સ્થળ સંકોચને લીધે આપતાં નથી. તોપણ હમણાંજ મુંબઈની મરકીના સંકટ નીવારણ ફંડમાં મરનારે રૂ. ૫૦૦૭ અગાઉ આપ્યા ગયા અઠવાડીઆમાં જનરલ બેટેકર ઉપર બીજા રૂ. ૧૦૦૦ મોકલ્યા હતા. મરકીની પારસી આસ્પીટલના ફંડમાં મરનારે રૂ. ૧૦૦૭ ની રકમ આપી હતી. મરહુમ બાઈ મોટલાંબાઈએ ૮૬ વર્ષની વૃધ વય ઘણાં શાંતપણાં, એકાંતપણાં, નિયમીતપણાં અને ચુસ્ત ધાર્મીક લાગણી જાળવવામાં ગુજારી છે. કોઈપણ વખતે કશો ધોંધાટ યા દેખાવ કરવાની તેઓની ઈચ્છા જણાઈ નથી. બાઈ મોટલાંબાઈનું નામ કોઈ બહુ ઉપયોગી અને ગરીબોને સંગીન લાભ મળે તેવા ખાતાંથી જાળવી રાખવાની કોશીશ તેઓના દીકરા મી. નવરોજી વાહડીયા કરશે એવી અમને આશા છે. ઈશ્વર આ ભલી અને સખી બાઈનો સ્વર્ગમાં વાસો કરે એવી અમારી પ્રાર્થના છે. તેઓના ગઈ તા. ૨૨ મીએ પાછલા પોહોરના થયલા ઉઠામણામાં તેઓની પુંજીમાંથી રૂ. ૨,૧૪,૧૯૦ ની રકમ ધર્મદાન ખાતે આપવામાં આવી છે, અને તે ઉપરાંત કુલ જરથોસ્તી રવાનોને અવલમંજલ પોહોચાડવાના ફંડમાં રૂ. ૧૧૫, કરંજ ગામના રવાનોના ફંડમાં ૧૨૫, ઈલાવ ગામના દોખમાના ફંડમાં રૂ. ૧૦૦, સુમાલી ગામના દવાખાનાના ફંડમાં રૂ.૫૦, આંધળાપાંગળા જરથોસ્તીઓની પ્રવરશીના ફંડમાં રૂ.

૨૫, દુકાળના ફંડમાં રૂ. ૨૫ તથા કોટના ધર્મના દવાખાનામાં રૂ. ૨૫ મળી એકંદર રૂ. ૪૬૫ ની રકમ અપાઈ છે.

---

## અતિ શોચનીય મરણ.

દેશભક્ત લખેછેઃ-ઉદારચરિત માન્યવંતાં બાઇ શ્રી મોટલાબાઈનું અતિ શોચનીય મરણ આ ઓગણીસમી સદીના ઇતિહાસનાં પૃષ્ટપર અંકાવા યોગ્ય છે. તેમણે જોકે વૃદ્ધાવસ્થામાં દેહ છોડયો છે, તો પણ આજ સુધીમાં કરેલી બાદશાહી સખાવતને લીધે દરેક દેશહિતેચ્છુ મનુષ્યને તેને માટે લાગણી થયા વગર રહે નહીં એ સ્વાભાવિક છે. ૨૬ વર્ષની ઉમરે વિધવાપણું પ્રાપ્ત થયા પછી આજ સુધી એ બાઈએ પોતાની જીંદગી બહુજ સાદાઈથી ધર્મકાર્ય કરવામાં ગાળી છે તે પરથી શ્રીમંતોને પોતાની મોટાઈને એક બાજુએ રાખી સાધનોના પ્રમાણમાં સત્કાર્ય કરવામાં પોતાનું લક્ષ દોરવાને ઉત્તમ દૃષ્ટાંતો મળી આવે છે તેમજ ગરીબ પ્રત્યે પોતાનાં કર્તવ્ય બજાવવાને તેઓએ કેવું સરલ વર્તન રાખવાની જરૂર છે તેનું સારી રીતે સુચન થાય છે. મરહુમ બાઈએ જાહેર રીતે કરેલી સખાવતનો આંકડો ૨૬,૦૦,૦૦૦ જેટલી મોટી રકમ જેટલો થઈ આવેછે. તે ઉપરાંત તેમણે છુપી રીતે જે પાત્ર જોઇને દાન કરેલું તેતો જાદું, તેઓ પોતે એટલાં બધાં મોટા મનનાં અને સરલ સ્વભાવનાં હતાં કે એક વખત બે પારસી બાનુઓ પોતાની છોકરીનાં લગ્ન કરવા જેટલો ખર્ચ કરવાને અશક્ત હોવાથી પોતાની જાહેર સખાવતથી સુપ્રસિદ્ધ થએલાં બાઈ શ્રી મોટલાંબાઈ પાસે મદદ માગવા તેમને બંગલે આવી તે વખતે મોટલાંબાઈ પોતેજ એક સામાન્ય સ્થિતિના મનુષ્યને શોભે એવા સાદા પોશાકમાં બારણે બેઠાં હતાં તેમને એ બાઈઓએ ઓળખી ન શકવાથી એક નોકરીઆત બાઈની સ્થિતિમાં ધારી લઈ મોટલાબાઈનો મેળાપ કરાવવા કહ્યું તો તેમણે તેમના આવવાનું કારણ પૂછયું અને જણાવ્યું કે તમારે જે કહેવાનું હોય તે મને કહો એટલે હું મોટલાંબાઈને જઇ કહીશ અને તમારા કામનો ખુલાસો કરાવી આપીશ એટલે એ બાઇઓએ હસીને કહ્યું કે તમને અમારી વાત કહ્યાથી કંઈ વળે એમ નથી, અમે તો તેમને જાતે મળવા ઇચ્છીએ છીએ, પછી મોટલાબાઇએ ધીમે ધીમે તેમની પાસેથી સઘળી વાત કઢાડવી અને તેમની માગણી ધ્યાનમાં લઇ ખરી વાતની છુપી રીતે તપાસ કરાવી

તેમને સારો આશ્રય આપ્યો. ધન્ય છે તે બાઇના સરલ હૃદયને! તેમની જગ્યાએ જો બીજું કોઈ હોતતો તે ઘણું કરીને આ બાઈઓના અજ્ઞાનતાં થએલા તોછડા વર્તનથી અપમાન ગણી લેત અને તેમનો કંઈ શુકવાર કરત નહિ. બાઈ શ્રી મોટલાંબાઈના મરણ પ્રસંગે તેમના ચિરંજીવ મી. વાડીઆજીએ ત્રણ લાખ જેવડી મોટી રકમ ગરીબ લોકોને માટે એક સારૂં દવાખાનું બાંધવા માટે જુદી કહાડી છે. તેમજ તેમનાં બીજા સંબંધીઓ તરફથી પણ લગભગ ૧૪,૦૦૦ ની રકમ તેવાજ કાર્યમાં ખર્ચવાને ભરાઈ ચૂકી છે. તે ઉપરાંત વળી મહુમ બાઈ શ્રીના સ્મરણાર્થ એક મોટું ફંડ તૈયાર થવાની તજવીજ મુંબઈ શહેરની પારશીકોમમાં ચાલી રહી છે. વળી મરણસમયની ધર્મક્રિયા કરાવતી વખતે પારસીકોમના મુખ્ય અધ્યારૂએ તેમને ધર્મમૂર્તિરૂપે ચિરકાલને માટે સ્તવનસૂત્રમાં તેમનું પવિત્ર નામ જોડીને અમરપદ આપવાને તે વખતે ભરાએલા પારસી ગૃહસ્થોને જણાવ્યું તે તેમણે ખુશીની સાથે સ્વીકાર્યું. આ પ્રમાણે બાઈ શ્રીને તેમની ઉદાર વૃત્તિથી થએલા પ્રત્યક્ષ ફળથી કયા શ્રીમંતને તેવું આચરણ કરવાને ઉત્તમ દૃષ્ટાન્ત મળતું નથી?

આ લેખ સાથે, પારસી કોમની આધુનિક સંસારસ્થિતિનો વાસ્તવિક રીતે જે ઉત્તરોત્તર હ્રાસ થતો જાય છે તે સંબંધી કંઈક દિગ્દર્શન કરાવવું અમે યોગ્ય ધારીએ છીએ. અમે અમારી આશામાં ઠગાતા ન હોઇએ તો હજુ બાઇ શ્રી મોટલાંબાઇ જેવી અનુકરણીય દૃષ્ટાન્ત આપનારાં સ્ત્રી પુરૂષ પારસીકોમમાંથી નિકળી આવે તેને માટે અમારી ઈશ્વર પ્રાર્થના છે. પરંતુ આજકાલ તેમની સામાજીક સ્થિતિ તરફ દૃષ્ટિ કરતાં તેમનાં લગ્નસંબંધ, રીતિ રીવાજ, અને ઉપર ઉપરની પાશ્ચાત્યનીતિ એ બધાનું દર્શન ખેદ ઉપજાવ્યા વિના રહેતું નથી. આપણી પ્રજાપર જ્યારે કન્યાવિક્રય અને બાલલગ્ન વગેરેનો આરોપ આવે છે ત્યારે તેમનામાં થતો વરવિક્રય અને પુખ્ત ઉમ્મરના લગ્નનું પરિણામ અનિષ્ટ આવ્યા વિના રહેતું નથી. ખરૂં જોતાં પવિત્ર બાઇ શ્રી મોટલાબાઈ જેવી ધર્મમૂર્તિઓ દર્શન દે તેને માટે તો સાત્વિકવૃત્તિની હમેશાં અપેક્ષા રહે છે. પરંતુ આજકાલતો પશ્ચિમ તરફના બાહ્યોપચારનો નાદ પારસી ભાઇઓને સારી રીતે લાગેલો જણાયછે, તેથી આગળપર કોણ જાણે કેવું ખેદજનક પરિણામ આવશે તે કંઈ નિશ્ચયથી કહી શકાતું નથી. પણ એટલું તો ખરૂં કે છેવટે ભૂંડયા ત્યાંથી

**૧૬૩થી** ગણ્યા એ આપણાં નીતિવચનનો તેમને આશ્રય લેવો પડવાનો એમાં કંઈ સંદેહ નથી. તેમના સંસર્ગદોષમાંથી આપણે પણ જો બચવા પામીએ તો તેમાં આપણે મોટું ભાગ્ય સમજવું જોઈએ.

આથી એમ સમજવાનું નથી કે પારસી ગૃહસ્થો હિંદની ઈતર પ્રજાઓ કરતાં વધારે ચાલાક મહેનતુ અને સાહસિક નથી પરંતુ તેમની આધુનિક સ્થિતિ સંબંધે અમે જે કંઈ આ કહીએ છીએ તે સકારણજ છે એમ જાણવાને માટે ભૂખે મરતા આવેલા એક ઈરાની અને આપણે અહિંના પારસીઓની એકાદ વ્યક્તિની સરખામણી કરી જોવાની આવશ્યકતા રહે છે. દશ પંદરેક વર્ષ ઉપર પારસી ગૃહસ્થો વ્યાપાર વિદ્યા અને હુન્નર વગેરેમાં જે સરસાઈ ભોગવતા હતા તેમાં હવે તેઓ પાછા પડવા માંડયા છે એ તેમની ખર્ચાળ નીતિને લઈને છે, તેટલાં સૂક્ષ્મ નિરીક્ષકને માલમ પડયા વિના રહે તેમ છે? પારસી કોમમાંથી જે દેશસેવા બજાવવાના કામમાં આગળ આવેલી જે કેટલીક ઉત્તમ વ્યક્તિઓ છે તેમને માટે અમે હમેશાં માનની નજરે જોઈશું અને બનતા સુધી તેમનું અનુકરણ કરવા—કરાવવા યત્નવાન રહીશું પણ હાલ તેમ બીજી જાતોની સામાજીક સ્થિતિમાં સળોપેઠો છે તેમ પારસી ભાઈઓની બાબતમાં પણ છેજ તે તેમણે ભૂલી જવું જોઈતું નથી. અને તેની સ્મૃતિ આપવાનેજ અમારે અત્રે આટલું કહેવાની જરૂર પડી છે. કારણ કે બાઈઓ મોટલાબાઇના જેવી બીજી વ્યક્તિઓ એક પક્ષે એક એમ દૃષ્ટાંત દીધાંજ કરે એવો અમે સકારણ આશા રાખીએ છીએ.

---

## પારશીકોમો-એક ભલી મનશાનીનાં બાનુ-ગુમાવેલ્યાંછે.

**સ્વતંત્ર, તા. ૩૦ મી મેના પોતાના પેપરમાં** લખે છે:—ખુદાના હુકમ આગળ માણસીનું ચલણું શું ગણાય? તેની મરજી સામે સવાલ કોણ્યથી ઉઠાવી શકાય? એકે એક પારસી અને એકે એક દીલસોજ મુંબઈગરો આજે બોલે છે કે બાઈ મોટલાંબાઈ વાહાડયા તા૦ ૨૪ મી મે અને સોમને દાને બેહરતનશીન થયાં તેને બદલે ફકત એકવીસ દાવસ આગળ જો ગુજરયાં હોત તો તેમને અતી ધડપણમાં એક માંથા ઉપરવાલા વહાલા અને સખી તબેહના બેટાને ગુમાવવાનો ધા લાગત નહી. પણ માણસનું ધાર્યું તે કાંઈ ખુદાનો સજેંયું હોતું નથી. બાઈ મોટલાં બાઈ વહાડયાએ ખુદાપાસ "તાઢે પેઢે" બે દીકરા પા-

છળ મુકી જવાનો રોજીંદી પ્રાર્થના કીધી હશે, પણ જ્યાં તેમનું કીસ્મત કાણું ત્યાં તે પ્રાર્થના કબુલ રહી નથી અને બેદાદ મરજીએ માણસાઈ મુરાદ ઉપરગમે એવી ભલી મુરાદ ઉપરખી-ફાવી નીકળી બાઈ મોટલાંબાઈને એક વાહાલો બેટો ગુમાવવાનો ગમ એકવીશ દીવશ ચેર કરાવ્યા પછીજ તેમનો અજલ આણી છે. બાઈ મોટલાં બાઈનું મૃત્યુ. અગરજો તેમને આ જબરો ઘા મરણના થોડા દીવસ આગળ લાગ્યો ન હોત તો બધો વાતે ખચીત સુખી કહેવાત. પણ દુઃખ વગરનું સુખ આ ફાની દુનિયામાં અદના કે આલા ઈનસાનનેં નસીબે હોતું નથી, તેમ તેવણના બાબમાં બન્યું છે. તેમનાં મરણથી પારસી કોમે અશલી વિચારનાં, અશલી ખમીરના, ધર્મચુસ્ત લાગણીનાં, સ્ત્રીને છાજતા સદગુણના, દુનિયાઈ ડહાપણવાળી પાકી બુદ્ધોના અને ભલી મનસનીના બાનુ ગુમાવ્યા છે, કે જેમનની જોડીબી આજના વખતમાં મળવી કેવળ મુશકેલ છે. તેમની ઉંચી ખુબી તેમના કરવાઈઆ વહિવટમાં હતી કે જેથી તેઓ લખોનો દોલતનો આંકડો ઠાવકી ઉથળપાથલ અને એક મર્દને બાજુએ મુકે એવી અજબી વકીવટદારી કુને હથી, કરોડપર લઈ જઈ શકયાં છે, કે જેના એખલા માલેક તેમના હૈયાત એક પુરા બેઠા મી૦ નવરોજી વહાડયાં હતે થયા છે. પણ બાઈ મોટલાંબાઈના મરણથી, તેમના દીકરાના મોહત પછી બહુ જલદી નીપજેલાં મરણથી, જે સંખ્યાબંધ ગરીબ પારસી કુટુંબોને છુપી મદદ થતી હતી તેમને બેવડા મદદગાર બોહવાની મોટી ખોટ ગઈ છે, કે જે ગમ મી૦ નવરોજી વહાડયા સારી પણ સંભાલભરેલી સખાવતથી ભુલાવા માંગે તો સેકલાઈબી તેમ કરી શકે એમ છે. બાઈ મોટલાંબાઈ વહાડયા ગમે એવાં કરકસરયા અને સાદા હતાં, તોય.

## તેમના દીલમાં સખાવતનો ઝરો ધીમો તોય અચુક વહેતો હતો.

તેમની સામતી સખાવતનો આંકડો કેટલાક લાખનો થવા જાય છે કે જે સખાવતમાં જેમ તેમની કોમને તેમજ જાહેર લોકને તેઓએ ખુસીથી લાભ આપ્યો છે. પારસી ધર્મ ખાતાંઓ અને ધર્મના મકાનોને નવાજવા યા ઉભા કરવા ઉપરાંત તેઓએ ઈસ્પિટાલ, દવાખાના અને જાહેર રસ્તા બંધાવવાના ધર્મમાં મોટી રકમો કાઢી આપી છે કે જેથી ઉડવાડા સ્ટેશનથી ઉડવાડા

ગામની તેઓએ બહુ મોટે ખર્ચે બંધાવી આપેલી પાકી સડક તે તરફ સર્વે જ્ઞાતના લોકો ઉપર સારૂં હેશાન કરનારી નીવડી છે. બાઈ મોટલાંબાઈ વહાડયાંનાં શયાનપતની જો અનેક મોટલાબાંઈઓ પારસી કોમમાં ઉત્પન્ન થતી રહે તો ઘરખટલાના જે ઉડાઉ ખર્ચોમાં પારસીઓ સહમજે, ખોટી દેખાદેખી અને કાલાકુલીથી માર્યો જાય છે તેનો સારે દરજજે અટકાવ થાય. મોટલાંબાઈ વહાડયાના કેટલાક ભલા ગુણોનું બ્યાન અત્રે આપવાની અમારી પાસ જગા નથી, જેથી એટલું જ કહેવું બસ થશે કે તેમની ભલાઈ અને મનસની પોતાની પાછળ સારી સુગંધ મેલી ગઈ છે, કે જે લાંબો વખત તેમનું નામ યાદગાર રાખશે.

## કીરતાર તેવણનાં પવીતર રૂહેન છનત બખરો.

ઉપલાંજ પતરવાલોવગી વધારે લખતાં દલગીરી શાઠે જણાવે છેઃ- જણાવવાને ભારે ખેદ ઉપજે છે, કે શ્રીમંત પારસો બાનુ બાઈ મોટલાંબાઈ નાણેકજી નવરોજજી વહાડયાજી ગયા સોમવારે ૮૬ વરસની વયે બેહેસ્તનશીન થયાં છે. અસલી રેવાજ રસમોને ચુસ્તપણે વળગી રહેનારાં અને ધારમીક લાગણી પ્રમાણે ચાલનારાં આ બુઝોર્ગ બાનુ, ઉપર જણાવ્યા મુજબ જોકે પાકટ વયે મરણ પામ્યાં છે, છતાં એટલું તો હીંમતથી કહેવાઈ શકાય, કે તેમના એક પ્રીય પુત્ર શેઠ નશરવાનજીના મરણનો કારી ઘા તેમને લાગ્યો ન હોત તો એ બાઈ હજી થોડાંક વર્ષો જોવા પામત. એ બાનુએ કરેલી જાહેર તેમજ ખાનગી સખાવતોનો આંકડો બેશક ૩૭ લાખ રૂપ્યાં ઉપર ગયો છે. અતિ જવાન વયે આ બાઈ વીધવા થયાં હતાં અને જોકે તેઓ અસલી વીચારનાં હોવાથી જાજાં કેળવાયલાં ન હતાં છતાં પોતાની મોટી દોલત તથા પોતાને હસ્તકનાં ખાતાંઓના વહીવટ ઉપર બહુ સંભાલભરી તકેદારી રાખતાં હતાં એમ કહેવામાં અમો વાજબીજ ગણાઈશું. તેવણનો જન્મ ૧૮૧૧ નાં વરસમાં થયો હતો અને તેવણ પોતાના કાકાના એક પુરા પુત્ર શેઠ માણેકજી નવરોજજી વહાડયાજી સાથે નાની વયે લગ્નના પવીત્ર ગાંઠથી જોડયાં હતાં; પણ પતિનું સુખ બાઈ મોટલાંબાઈની સરજતમાં ભોગવવાનું ન હોવાથી તેવણ પોતાની ૨૬ વરસની ભર જવાન ઉમરે વીધવા થયાં હતાં. તેવણ અતિ ઘણી સાદાઈથી પોતાનો વખત પસાર કરતાં હતાં અને કેઠે પણ જતાં આવતાં ન હતાં. કીરતાર

તેમનાં પવિત્ર રૂહને જીનત બક્ષો! મરહુમ બાઈના ગયા બુધવારે પાછલા પોહરે થયલાં ઉઠમણાની ક્રીયામાં, તેવણનાં પુણ્ય અર્થે-તેવણની પોતાની પુંજીમાંથી તથા બીજા સગાંવાહલાંઓએ એકંદર રૂ.૨૧૪૧૯૦ ની રકમ ભરી હતી અને એ રકમનો શો ઉપ્યોગ કરવો તે હવે પછી નક્કી કરવાનું ઠરાવ્યું છે.

## શારી કરનીથી આશપાશ વેરેલો પમરાત રહી જાએછે.

સુરત અખબાર લખેછેઃ—એ કરોડ રૂપીઆની દોલત જ્યાંની ત્યાં મુકીને બાઇ શ્રી મોતલાંબાઈ હક થયાં છે. તેમણે પોતાની હઈયાતામાં દોલતનો સારો ઉપયોગ કરયો. છતાં તે વધતી ને વધતી રહી છે. બીજું એમાંથી જોવાનું એ છે કે કરોડપતી પણ આ જેહાનથી ગરીબોની પેઠે આખરે ચાલ્યા જવાના છે. નામ તેનો નાશ. કાયમ માત્ર સારી કરણીથી આસપાસ વેરેલો પમરાત રહી જાય છે. માણસ મ્હારૂં મ્હારૂં કરે છે પણ તેનું કશું નથી. એક દીવસ તેને જમડો ઉંચકી ચાલ પકડશે ત્યારે તેનું કશુએ નથી. મરનારના ઉઠમણાની ક્રીયામાં રૂ. ૨૧૪૧૯૦ ભરાયા છે. કયા કયા ફંડમાં એ નાણું આપવું તે હજી નક્કી કરયું નથી. સંગીન સખાવતના કામમાં એ નાણું ભરાયલું જોવાને ઈચ્છવામાં આવે છે. બાઈ મોટલાંબાઈ જેહાંગીર વાહડયાનાં ગઈ તા૦ ૨૬ મીએ કરવામાં આવેલાં ઉઠામણાની ક્રિયા વખતે મરહુમ બાઈની પુંજીમાંથી તેમજ તેમના દીકરા અને કુટુંબીઓ તરફથી રૂ. ૨૧૩૭૨૫ ધરમખાતામાં આપ્યા હતા. કયા ધરમખાતામાં આપવામાં આવશે તે હવે પછી નક્કી કરવામાં આવશે.

સમશેર બહાદુર લખેછેઃ- મુંબાઈવાળાં ધનવાન પારસી બાઈ મોટલાંબાઈ તેમની ૮૨ વરસની ઉમ્મરે મુંબઈમાં મરણ પામ્યાં છે. આ ગૃહસ્થ બાઈને ઉદાર હાથે તેના જીવનમાં ૨૬ લાખ રૂપીઆ સખાવતમાં નાંખેલા છે.

## THE THIRD DAY OR UTHUMNA OBSEQUIES.

The *Times of India* says:—The *Uthumna* or third day obsequies on the death of Bai Motiibai Wadia was performed on Wednesday (May 26) afternoon by Shumsul-Ulama Dustoor Dr. Peshotan

Byramjee Sunjana, head priest, at her family residence in the Fort, in the presence of a large gathering of the members of the Parsee community. At the conclusion of the ceremony the head priest preached a sermon on "Death," in the course of which he dwelt at some length on the different charities, amounting to about twenty-six lakhs of rupees, of the deceased lady, and observed that in the whole history of the Parsee community there never existed a lady during their sojourn in India for the last twelve hundred years, whose munificence and benevolence extended to such vast dimensions. She had spent the whole of her life in charitable and religious pursuits, and the extensive fortune she was able to amass was spent more towards the amelioration of the condition of the poor and distressed, without any difference of caste or creed, than for purposes of self-aggrandisement or personal advancement. She was as ignorant and innocent of luxuries as the poorest of the poor, because ever since her widowhood, at the age of twenty-six, she had been leading the life of an ascetic or one given up to religious pursuits, and she never knew what earthly pleasures and enjoyments were. She carried out the tenets of the Zoroastrian Faith in their integrity and spirit, and was never known to swerve from the path of piety and charity, which were uppermost in her heart. Such an unique lady

DESERVED UNIQUE ACKNOWLEDGMENTS FROM THE ZOROASTRIAN COMMUNITY,

who had sustained an irreparable loss, and he (the

head priest) accordingly proposed that the name of Bai Motlibai Wadia be recited in all their religious ceremonies, together with those ancient Persian monarchs, heroes, and sacerdotal heads of the community, and those who had made their mark in the history of their fatherland in ancient Persia. It would be the first instance in the history of the Indian Parsees in which the name of a lady would be recited in their prayers with the masculine sex, but there were precedents of that kind in ancient Persia where the names of the mother of Zoroaster and the mother of Rustom, the greatest hero of the age, were commemorated in a similar manner. He took it that the assembly acquiesced in his proposal, and hoped that it would be carried out in its integrity. At the conclusion of the sermon, the family-priest announced to the assembly that Mr. Nowrojee Maneckjee Wadia, C. I. E., the sole surviving son and heir of Bai Motlibai, had set spart a lakh of rupees from the funds of the deceased lady and another lakh from his own private property for charitable purposes which would be determined hereafter. Bai Heerabai, the wife of Mr. Nowrojee Wadia, and Bai Peerojbai, widow of the late Mr. Nusserwanjee Jehangir Wadia, and some of the friends and relations of Bai Motlibai subscribed among themselves a sum of Rs. 14,000 for different Parsee charities. It is believed that a general meeting of Parsees will be called by some of the leading members of the community to take some steps to

commemorate the memory of Bai Motlibai in some tangible form.

---

COMMEMORATE THE LIFE OF THE DECEASED LADY.

The *Bombay Gazette* writes:—Yesterday afternoon Shumsul-Ulama Dustoor Dr. Peshotan Byramjee Sunjana, head priest, performed the *Uthumna* or third day obsequies on the death of Bai Motlibai Wadia, at her family residence in the Fort. The members of the Parsee community assembled in very large numbers. At the conclusion of the ceremony the head priest preached a sermon. He dwelt at some length on the different charities, amounting to about twenty-six lakhs of rupees, of the deceased lady. He remarked that in the whole history of the Parsee community there never existed a lady during their sojourn in India for the last twelve hundred years, whose munificence and benevolence extended to such vast dimensions. Bai Motlibai had spent the whole of her life in charitable and religious pursuits, and the extensive fortune she was able to amass was spent more towards the amelioration of the condition of the poor and distressed without any difference of caste or creed, than for purposes of self-aggrandisement or personal advancement. She was as innocent of luxuries as the poorest of the poor. Ever since her widowhood, at the age of twenty-six, she had been leading the life of an ascetic or one given up to religious pursuits, and she never knew what earthly pleasure and enjoyments were. She

carried out the tenets of the Zoroastrian Faith in their integrity and spirit, and was never known to swerve from the path of piety and charity which were uppermost in her heart. Such an unique lady deserved unique acknowledgments from the Zoroastrian community who had sustained an irreparable loss. He, therefore, proposed that

THE NAME OF BAI MOTLIBAI WADIA BE RECITED IN ALL THEIR RELIGIOUS CEREMONIES,

together with those ancient Persian monarchs, heroes, and sacerdotal heads of the community and those who had made their mark in the history of their fatherland in ancient Persia. It would be the first instance in the history of the Indian Parsees in which the name of a lady would be recited in their prayers with the masculine sex, but there were precedents of that kind in ancient Persia, where the names of the mother of Zoroaster and the mother of Rustom, the greatest hero of the age, were commemorated in a similar manner. He took it that the assembly acquiesced in his proposal, and hoped that it would be carried out in its integrity. The family-priest then announced that Mr. Nowrojee Maneckjee Wadia, C. I. E., the sole surviving son and heir, had set apart a lakh of rupees from the funds of Bai Motlibai and another lakh from his own private property for charitable purposes, which would be determined hereafter. Bai Heerabai, the wife of Mr. Nowrojee Wadia, and Bai Peerojbai, widow of the late Mr. Nusserwanjee Jehangir Wadia, and some of the

friends and relations of Bai Motlibai subscribed, among themselves, a sum of Rs. 14,000 for different Parsee charities. A general meeting of Parsees will, probably, be called by some of the leading members of the community to take some steps to commemorate the life of the deceased lady.

---

મુંબઈ સમાચાર લખેછેઃ– બાઈ મોટલાંબાઈ જેહાંગીર વાહડયાનાં ઉઠમણાની ગઈ કાલે કરવામાં આવેલી ક્રીયા વખતે મરહુમ બાઈની પુંજીમાંથી તેમજ તેમના દીકરા અને તેમના કુટુંબીઓ તરફથી કુલે રૂ. ૨,૧૩,૭૨૫ ધરમ ખાતે આપવામાં આવયા હતા. કયાં ધરમ ખાતાંઓમાં તે આપવામાં આવશે તે હવે પછી નકકી કરવામાં આવશે. મરહુમ બાઈની પુંજીમાંથી એક લાખ રૂપયા, પાંચ હજાર રૂપયા અને એક હજાર રૂપયા એમ ત્રણ છુટી રકમો જણાવી છે તે ત્રણ ધરમ ખાતાંઓમાં આપવામાં આવશે એમ જણાવવામાં આવયું છે. બાઈના કુટુંબીઓ ઉપરાંત બીજી રૂ. ૪૬૫ ની રકમ તેમના કામદારોએ જુદાં જુદાં ધરમ ખાતાંઓમાં ભરી છે અને તે સાથે લેતાં એકંદર રકમ રૂ. ૨,૧૪,૧૯૦ નો થવા જાય છે. અનજુમન આગળ એ રકમોનો વીગત વાંચી સંભળાવવામાં આવયા પછી દસ્તુર પેશોતનજી બેહરામજી સનજાનાએ એક ટુંક ભાષણ બાઈની વખાણમાં કરી પોતાના અથોરનાન ભાઈઓને એલતેમાસ કરી હતી કે, હવેથી તેઓએ આકરીગાનની ક્રીયાઓમાં બાઈ મોટલાંબાઈનું નામ પણ દેવું. તેઓએ જણાવયું કે હમણાં આપણે આકરીગાનમાં પેગમબર સાહેબનો મા તથા પેહેલવાન રૂસ્તમનો મા એ બે બાનુઓનાંજ નામ દઈએ છીયે, અને હવે આ ત્રીજી બાનુનું નામ ઉમેરાશે. દશતુર પેશતનજી બેરામજી શનજાનાનું ભાશાંતર નીચે મુજબ હતુંઃ– "માહરા ભલા અથોરનાંનો, ગયા માસમાં હમોએ બાઈ શાહેબ મોટલાંબાઈ માણેકજી વાડીઆજીના સખી દીલ દીકરા મરહુમ શેઠ નશરવાંનજી જેહાંગીરજી વાડીઆજી વીસે કેટલાએક ઘટતા વીચારો જણાવીને તે બેહશતનશીન શેઠીઆનું નામ આપણા બુજોરગ નીઆંગાનોની સાથે દીનની ક્રીરીઆઓમાં લેવાની હમોએ તમોને એલટેમાસ કીધી હતી, તેજ પરમાનેની એક બીજી અરજ ૨૩ દીવસની ટુંક મુદતમાં હમોને ફરાથી અદા કરવાને આજ રોજે

પાડી ફરજ પડી છે તે ફરજ દલગીરી સાથે હમો અતરે અદા કરીએ છઈએ. તમો શરૂવે અથોરનાનો સારી તરેહથી જાણો છેઓ કે બાઈ શાહેબ મોટલાંબાઈ દીનદાર-ધરમી અને અસલી વીચારનાં એકલાં એક બાંનું હતાં. એવણે નવસારી ખાતેની વડી દરેમેહર પુરાંણી થવાથી ૨૦૦૦૦ રૂપીઆ ખરચીને આપણા ભગર સાથના મોબેદોને સારૂ બંધાવી છે. મુંબઈ ખાતે પાંઠાંણાં મોહલ્લામાં એક દરેમેહર ૪૦૦૦૦ થી વધારે રૂપીઆ ખરચીને આપના નવસારીના ભગર શાથના મોબેદોને સારૂ બંધાવી છે. શુરતનાં મરહુમ શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીનાં આતશ બેહરામ સાહેબનાં મકાંનને મરામત કરવા સારૂ રૂ.૧૦૦૦૦ ની રકમ ખરચી છે. ઉદવારેનાં કદીમ આતશ બેહરામસાહેબની પુરાણી એમારતને નવેં સરથી બંધાવી તેની મરામતને લગતા ફંડ સાથે રૂ. ૧૫૦૦૦૦ ની રકમ આપી છે. એજ આતશ બેહરામને સેજદો કરવા જવાના રસ્તા ઉપર રૂ. ૪૦૦૦૦ થી વધારેની રકમ ખરચી છે. એ ઉપરાંત ઘટતે વખતે નેઆત જાતનો તફાવત રાખેઆ વગર માણસ જાતના શુખને સારૂ રૂ. રપ૦૦૦૦૦ લાખ રૂપીઆ સુધીની કરેલી સખાવતના અરસતાએ વરતમાનપતરોની મારફતે જાહેર થાએલા છે. ઈરાનથી હીંદુસ્થાન ખાતે આવેલા જરતોશતી બાંનુમાં સખાવત કરનારાં સરવેથી ચહડતે દરજજેનાં આએ બાંનું મોટલીબાઈને આપણે ગણવાં જોઈએ. બાઈસાહેબ મોટલાબાઈ જાતે ઔરત હતાં. તેઓએ જોબવાન વયમાં પોતાને માથેના તાજને યાને પોતાના વાહલા ખાવંદ શેઠ માણેકજીને ખોયા હતા, તેથી તેઓએ સેવટ શુધીની પોતાની જીનદગી આએ દુનીઆમાં એકાંતરીતે ગુજારવા છતાં ઉપલી સખાવત કરી હતી તે વાત આપણને સંતોષ પામવા જોગ છે. આપણ અથોરનાનો એ દુનિઆઈ સખાવત કરતાં દીનને લગતી સખાવતના તરફ વધારે માનની નજરથી જોવું જોઈએ છે, તે મુજબ જોતાં જરતોશતી ધરમને લાગતાં ઉપલા ધરમી મકાંનો એ બાઈ શાહેબ ઘટતે અને જોઈતે વખતે બંધાવી આપાં છે, તેથી એ ભલા બાંનુનો આપણા નવસારીના, ઉદવારેના અને સુરત શેહેરના અને સેવટે મુંબઈના ભગરશાથના અથોરનાનો ઉપર ઉપકાર થાએલો છે. માટે આપણા સરવે અથોરનાનોની ફરજ છે કે આપણી ધરમની દારીઆઓમાં આએ ભલાં બાઈના અશો રવાનની આપણાં

નીઆગાંનોનાં નામોની સાથે જાહેરમાં યાદ કરવી. અને તેમ કરવાની કું તમો ભલા અથોરનાંનોને નમનતાઈ સાથે એલતેમાસ કરૂં છેઉ.

હમારે જણાવવું જોઈએ કે મરહુમ બાઈસાહેબ મોટલાંબાઈની આગમચ મરહુમ બાઈસાહેબ આવાબાઈ જમશેદજી જીજીભાઈએ સરવેથી ઓત્તમ ઘરમની કેલવની આપવાને લગતું જરતોશતી મદરેશાનું ખાતું ઉભું કીધું છે તે બાઈસાહેબનું પણ નામ આપણે ઉપલી કીરીઆમાં લેવું જોઈએ છે. રોજે અવલથી આપણ જેમ ખુશીવન્તા મરદોનું તેમજ ઓરતોનું નામ લેતા . આવેઆ છઈએ, જેમ કે અશો જરતોશતની માએ દોગદો, રૂશતમ પેહલવાનની માતા રોદાબે, ગુશતાસ્પ પાદશાહની ઓરત હુતોશી પણ હિંદુસ્થાનમાં નવસારી ખાતે એક માલણ નેક દીન બેહરામ નામની ઓરતે પોતાનું નાઢલું ઘર દરેમેહેરની જગોમાં વાપરવા આવ્યું હતું તેણીનું નામ નવસારીના મોબેદો લીએછે ત્યારથી એ રવઈઓ બંધ પડેઓછે તેને મુંબઈ ખાતે પાછો આપણે ચાલ્ કરવો જોઈએ. એ નમનતાઈ ભરેલી હમારી તમોને એલતેમાશ કરીને હમો હમારી જગીઆ ઉપર બેશવાની રજા લઈએ છઇએ.

---

## ઉડવાડાને મરનાર બાઈ મોટલાંબાઈનિ ગમ.

જમે જમશેદનો ઉદવાડાનો ખબરપતરી પોતાના તા. ૨૬ મી મેહેના કાગલમાં લખે છે:—ઉદવાડા કસબા ઉપર અનેક જાતના ઉપકારો કરનારાં સખીવજુદ બાઈ મોટલાંબાઈ જહાંગીરજી વકીલ ઉયાનાં બેહેસતનશીન થવાની ખબર ગઈ કાલે અત્રે પડતાં, સરવે જરથોસ્તીઓમાં તથા બીજી કોમના લોકોમાં દલગીરી ફેલાઈ હતી. મરહુમ બાઈ બુજરગ વયના હોવાથી તેવણનું બેહેસતનશીન થવું અચરત કરનારૂં ન હતું. પણ કકત ૨૦ દીવસ ઉપર પોતાના વહાલા દીકરાનાં મરણથી તેવણને જે મોટો ગમ લાગો હતો, તે ખમી ન શકયાથી, પોતાના દીકરા પાછળ પોતાની જીંદગી અરપણ કરી હોય, તેવી રીતે તેવણનો અંત આવેલો હોવાથી સરવેની દીલસોજી એ મરહુમ બાઇ તરફ વધારે ખેંચાઈ છે. મરહુમ બાઈની નઇયતે તેવણના દીકરા શેઠ નવરોજજી માણેકજી વહાડયા. સી. આઈ. ઈ. તરફથી મી. બેહેરામજી પેસતનજી ભરડાની આગેવાની હેઠલ અત્રેના આતશબેહેરામમાં સંદોશ તથા ઉદમણાંની દોયા કરવામાં

આવી હતી. અન્નેની અંજુમને પણ પોતાનો તરફથી જુદી ક્રોયા કરાવી હતી. ઉઠમણાંની ક્રીયામાં ઉદવાડાના બંને દસતુરો, સરજે મોબેદો તથા બેહેદીનો મળી આશરે ૩૨૫ જણા હાજર હતાં. ઉઠમણાંની ક્રીયા પુરી થવા બાદ, દસતુર ખુરશેદજી મન્ચેરજીએ, બાઈ મોટલાંબાઈના બેહેસતશીન થવાથી જરથોસતી કોમને ઉપજેલી દલગીરી જાહેર કરી હતી તેનો શાર નીચે મુજબ છેઃ—

રોજ ૧૨ મો માહાંખાખતાર મોહોર ઈજદ, માહા ૬ ઠો આદર ઈજદ શેહેનશાહી શને ૧૨૬૬ યઝદેજરદને રોજે મુમબાઇવાશી શખીયજુદ બાઈજીશાહેબ મોડોટલાંબાઈ જાંહાંગીરજી વાડીઆજી શ્રી મુમબાઈમધે બેહેશતનશીન થવાના માંઠા શમાચાર ગઈ કાલે આપરા ઉદવાડામાં મલવાથી આપરી આખી અથોરનાંન તથા બેહેદીન અનજુમન દલગીર થઇ ગમગીન છેજી એ.

આએ વખતમાં ગમગીન થવાનું કારણ માતર એટલુંજ છે કે એ મરહુમ માનવંતાં બાઈજી શાહેબનો આએ વખત પોતાને આએ ફાની દુંનીઆમાં તરક કરી તે મીનાઈ જેહાંન માટે જવાનો વખત હતો મગર મોહોટી દલગીરી સાથે જનાવાને એક ઉપજેછે કે એ મરહુમના લાએકીવાલા અને વાહાલા બેટા શેઠ નસરવાનજીનાં કવખતના મરનથી એ મરહુમ બાઈજીને પોતાના છેલા વખતમો ભારી જખમ લાગવાથી એ બાઈને મોહોટી નાસીપાશી અને નાઉમેદી પેદા થાઈ તેથી આજે આપણને દલગીર થવાનું કારણ છે. મગર એ બનાવ તે કીરતારનો છે. એટલે આપણે ખાકી બંદા નાચાર કેજીએ એ મરહુમ જેવાં શખાવતના કામના કરનાર એ વાહાડીઆ કુટમના આવા એક પાંડીટ કુટમના તેમજ શર જમશેદજીના કુટમના એવાં લાએકીવાલા આપરા ગરીબ ટોલાઉપર શખાવત અને ધરમના કામના કરનારા છે સીવાયે આજે મુમબાઈ જેવી નામીચી ટાપુમાં ઘણા મોહોટા શખી શેઠજીઓ છે પણ આપરા કમનશીબથી આપરા ગામ ઉપર તે શાહેબોનું દીલ થોડુંજ છે પણ તે સાહેબોને પરવરદેગાર નેક શારી બુધ્ધી બખશે ને એ ઉપર કેહેલા સખી વજુદ કુટમના પગલાં ઉપર ચાલી ધરમના કામ ઉપર એતેકાદ રાખી શરકરાજ થાએ.

એ મરહુમ બાઈજી શાહેબ આપરા ગામોમાં હજારો અને લાખો રૂપીઆ ખરચી જે ધરમના મકાનો અને કામો કરઆં છે તે વીશે

આપણે તે મરહુમનો હેશાંન માની તેવનનું નામ આપણા ધરમની દરેક ક્રીયા, જેમકે ઘહંમબાર, આફરગાંન, તથા જશન તથા બાજની ક્રીયાઓમાં એ બાઈજીનું મુબારક નામ લેવાને હું અનજુમનના દરેક સાહેબોને ભલામન કરૂં છું. તે હું ધારૂંછું કે અનજુમનના દરેક સાહેબો કબુલ રાખશે. કોઈ સાહેબો એમથી સમજતા હશે કે એવાં કેટલાં નામો દાખલ કરવાં તે હમો જાણવા માગ્યે છઈએ. પણ મુંબઈ તથા નવસારી જેવાં મોટાં શહેરોમાં મુંબઈના નામીચા અસલ શેઠયાઓ તથા દસતુરો અને દેશાઈઓના જો નામો ગણ્યે તો ૨૫) થી ૫૦) ઉપરાંત થાય છે. પણ આપણે ત્યાં તેવું છેજ નહી.

છેલ્લે મારે કેવાનું છે કે બેહેશતનસીન નસરવાનજી વાડીઆજીના ઉઠમણાની ક્રીરીઆ વખતે મારી તરફથી બે બોલ બોલવામાં આવેલા તેને કોઈ ચરચાપતરીએ જણાવાઉ કે વાહાડીઆજીનું મન સમજાવી રીજવેચ તે બોલ આપનારની ઘણી ભુલ છે. આપરા દસતુરો તથા મોબેદોની આઈન ફરજ છે કે આપરા ગામોમાં કાંઈપણ સારાં ધરમના કામો જેઓએ કર્યા હોએ તે લોકોની સ્તુતી કરવી, સારા શબ્દોમાં નેક દુઆ ચાહાવી, તે આપરી પોતાની ફરજ જાનીએચ.

---

ઉપલી દરખાસતને દસતુર પેશોતનજી બરજોરજી મીરઝાએ ટેકો આપવાથી તે ઠરાવ ફએ પસાર થઈ હતી. એ પછી મી. બેહેરામજી પેસતનજી ભરડાએ મરહુમ બાઈના હાલના તાજા ઉપકારો ઉપરાંત આજ સાહાઠ વરસની લાંબી મુદત થઈ ઉદવાડાના જરથોશતીઓના અર્શો ફરોહરોની છેલ્લી આસાએશની જગા ઉપર રોશની ચાલુ રાખવા માટે મરહુમ બાઈ તરફથી જે ખરચ મળતો હતો, તેની યાદ આપી એ મરહુમ બાઈની યાદગારી આતશબેહેરામનાં મકાનમાં, ઘડતી ઈયાના આકારમાં હમેશ જળવી રાખવા માટે પોતાની તરફથી રૂ.૧૦૦ ની રકમ આપવાનું જાહેર કરયું હતું. એ રકમમાં યોજદાથરેગર મોબેદોએ રૂ. ૨૫ તથા બંને દસતુર સાહેબો પોતાની તરફથી રૂ.૧૦ ભરયા હતા. રૂ.૧૩૫ ની એ રકમનો

તથા હવે પછી ભરાનારી બીજી રકમોનો ઉપયોગ, આતશબહેરામનાં મકાનમાં ઘડતી ક્રીયા ચાલુ રાખવાના કામમાં વાપરવામાં આવશે; જેથી મરહુમ બાઈની યાદગારી કાયમ રહયા ઉપરાંત ઉદવાડાના આથોરનાન ભાઈઓને પણ ફાયદો થશે. આ પછી શેઠ નવરોજજી વહાડયા તરફથી સઘળા મોબેદો તથા બેહેદીનોને એકેક રૂપાંઓ તથા એકેક સદરાની આશો લાદ વહેચવામાં આવી હતી. આવતી કાલે મરહુમ બાઈનું ચેહારમ હોવાથી આખા ગામના સરબે મોબેદો તથા બેહેદીનોને ચાશની કરાવવામાં આવનાર છે, જેને લગતી સગવડ ગોઠવણો મી૦ ભરડાને સોપવામાં આવી છે.

---

## મરનારની યે યાદગારી કાયમ રાખવા ઉદવારા ઉલટમંદ.

ગુજરાત મીતરનો ઉદવાડેનો અખબાર નવેશ લખે છે:- સખીવજુદ બાઇ શાહિબ મોટલાંબાઈ માણેકજી વાહાડીઆ ગયા રોજ ૧૨ માહા ૯ શને ૧૨૬૬ શેહેનશાહીને દોને મુંબઈમાં બેહેસ્તનશીન થવાની દલગીરી ભરેલી ખબર તારની મારફતે અત્રેવાળા શેઠ બેહેરામજી પેસ્તનજી ભરડા તરફ આવેલી જાણતાં આખા ગામની તમામ જરથોશતી વસ્તી તથા પરકોમના લોકોમાં ભારે દલગીરી ફેલાઈ હતી. અને ખશુશ કરી એ ખરમાંતુ બાઈની બુજોરગ વયમાં વાહાલા બેટાને બેહોવાનું જે માહાભારત દુઃખ ફકત ૨૦ દીવશને માટે આવી પડયું, તે કુદરતના બનાવ તરફ સર્વેની ભારે દીલસોજી બેંચાઈ છે. મરહુમનું નામ જરથોસ્તી વસ્તીમાં વધુ યાદગાર રેહેવાના કારણો દેખીતાં છે, પણ ઉદવાડા સ્ટેશનથી ગામ સુધીના પાકા રસ્તાથી લોકોને તથા મુગાં જાનવરોને જે પારાવીનાનું સુખ થયું છે તેને માટે અરધા લાખ ઉપરાંતની રકમથી બીજી કોમવાળાઓમાં પણ એઓનું નામ વધારે યાદગાર રહી ગયું છે. મરહુમની નૈયતે શરોશ તથા ઉઠમણાંની ક્રીયા તેઓની સખાવતથી બંધાયલાં આતશબહેરામ શાહિબના મોટાં મકાનમાં તેઓના શાહિબજાદા શેઠ નવરોજીના તરફથી, તેમજ ઉદવાડાની સમસ્ત જરથોશતી અનજુમનની તરફથી મી૦ બેહેરામજી ભરડાની આગેવાની તળે કરાવવામાં આવી હતી. જેમાં ગામના બંને દશતુર શાહિબો તથા સઘળા મોબેદો અને બેહેદીનોએ ભાગ લીધો હતો. ઉઠમણાંની ક્રીયા પુરી થવા બાદ દસ્તુરજી સાહિબ ખુરશેદજી મનચેરજી એ, બાઈસાહિબ મોટલાંબાઈનાં

બેહેશતી થવાથી ઉદવાડાના મોબેદો તથા બેહેદીનોને ઉપજેલી દલગીરી અસરકારક રીતે જાહેર કરી હતી. અને જણાવ્યું કે, એ મરહુમ બાઈસાહેબનો વખત તે જેહાનમાં કુચ કરવાને લાયકનો હતો. મગર ૨૦ દીવશ ઉપર તેઓના વાહાલા બેટાને ગુજરવાના દુઃખ ભરેલા બનાવનો ગમ તેઓ ખુમીને બેહેસ્ત પામ્યાં તેટલાં કારણથી આપણ સર્વેને મોટી દલગીરી ઉપજે છે. પણ એ બનાવ કુદરતનો છે. તેથી આપણે ખાકીબંદા નાચાર છઈએ. એ મરહુમ બાઈ શાહેબે ઉદવાડા ગામમાં હજારો અને લાખો રૂપીઆ ખરચી કરેલાં ધરમના કામોને માટે આપણો જરથોસ્તી ટોળો ભારે હેશાનમંદ થયો છે. અને તે હેશાનની ઈબાણી તરીકે એ મરહુમ બાઈ શાહેબનું મુબારક નામ આપણા ન્યાગોનોના નામ સાથે દરેક જાહેર દીયામાં લેવાની એલતેમાસ કરી હતી. તથા મરહુમ વાકાડીઆજી શાહેબ નશરવાનજીનઃ ઉકમણામાં તેઓની સ્તુતીના એવો સાહેબે કહેલા બે શખુનોને માટે કોઈ ચર્ચાપત્રીએ ટીકા કરેલા હોવાથી દસ્તુરજીએ ખુલાસો કીધો કે દસ્તુરો તથા મોબેદોની ફરજ પોતાની ઉપર હેશાન કરનારાઓની સ્તુતી કરવાની તથા તેઓના યાદગાર નામો કીયાની મારફતે જાળવી રાખવાની છે. આ સુચનાને દસ્તુરજી સાહેબ પેશુતનજી બરજોરજી મીરંજીએ ટેકો આપવાથી. તે પસાર થઈ હતી. ત્યાર બાદ મી૦ બેહેરામજી પેશતનજી ભરડા ( જેઓ તેજ દીવશે કવારેનટાઈનમાંથી છુટા થયલા હોવાથી એ મીજલશમાં સામેલ થઈ શકયા હતા તેઓ ) એ જણાવ્યું કે, મરહુમ બાઈશાહેબ મોટલાંબાઈનાં સખાવતી કામોની દસ્તુરજી સાહેબે જે સ્તુતી કરી તે પુરતી છે, તે ઉપરાંત એક બાબત યાદ દેવાડવાની હું રજા માગું છું કે બાઈસાહેબની હાલની તાજી સખાવતો દરેકના ધ્યાનમાં છે. તેજ કંઈ આપણા ઉપરેનો તેવો સાહેબનો ઉપકાર નથી. પણ આજ ૬૦ વરશ ઉપરાંતની લાંબી મુદતથી આપણાં વાહાલાં ગુજરેલાઓની છેલી આશાએસની જગ્યાએ ચેરાગ જાયક રાખવાનો ખરચ એ બાઈસાહેબ તરફથી આજ સુધી મળ્યો જાય છે તેની હું યાદ આપું છું. અને એવો મહાભારત ઉપકારો કરનારાં બાઈ સાહેબના તરફ આપણે હેશાનનો બદલો વાળવાને તદન અશકત છીએ. છતાં એઓનું મુબારક નામ આપણાં ગામમાં અને આ મકાનમાં કીયા રૂપે જાયક યાદગાર રહે એવા હેતુથી રૂા૦ ૧૦૦ ની રકમ હું મારી ત-

રકથી આપું છું. જેમાં હવે પંડ્રી વધારો કરી તેમાંથી જથુક કાંઈબી ક્રીયા કામ ચાલુ રાખવું. જેથી એવો નેકબખ્ત બાઈસાહેબની યા-દગારી આપણાં વચે ચાલુ રેહેવા શાયે આપણા ક્રીયા કરનારા ભાઈઓને રોજી મળતી રેહેશે. ઉપલી રકમમાં બંને દશતુરજી શા-હેબોએ પોતાની તરફથી રૂા૦ ૧૦ ની રકમ ભરી હતી. તથા બાઈ સાહેબે બંધાવેલાં આતશબેહેરામ સાહેબના મકાનમાં પોજદાયરેગીરી કરનારા મોબેદોએ પોતાની તરફથી રૂા૦ ૨૫નો રકમ ભરી હતા. ત્યાર પછી શાયળા મોબેદો તથા ગરીબ બેહેદીનોને એક એક રૂ-પીઓ તથા શદરાની આશોદાદ વેહેચવામાં આવી હતી, અને બાઈ સાહેબનાં ચેહારમને દીવશે આખા ગામના મોબેદો તથા બેહેદીનોને ચાશણી કરાવવામાં આવી હતી. જેની મેનેજ મી૦ ભરડાની હો. વાથી તેઓના વીચાર મુજબ એ ગંભીર બનાવની ચાશણીમાં માંસ યાદારૂ તદન વાપરવામાં આવ્યું નહોતું કેમકે મરહુમ બાઈ મોઠલાં-બાઈને પણ જહેર ન્યાતોમાં માંસ તથા દારૂ વાપરવાનો અણગમો હતો. એક સખી દાતાર કુટુંબનાં ત્રણ માદીકરાઓમાંથી ૨૦ દા-વસમાં બે મરણો નીપજવાથી એ કુટુંબના છુપા સખાવતથી પોતાનું ગુજરાન કરનારા ગરીબ જરથોશતીઓમાં ભારે દલગીરી અને નાસી-પાસી ફેલાઈ છે. અને સરવે કોઈ કુદરતના એ નહીં સમજાય એવા ભેદ ઉપર અફશોશ કરે છે.

## દમનગામ ખાતે મરનારની ૫૪ વરસની શાખાવત.

દમનનો એક ખબર પતરી કેશરેહીંદ મથે તા. ૩૦ મીનાં પોતાનાં કાગળમાં લખે છે:-આ મુંબઈવાસી સખીવજુદ કરોડપતી બાઈ મોઠલાંબાઈ જંગીરજી વાહાડીયાનાં બેહેસ્તનશીન થવાની દુઃખદાયક ખબર અત્રે ગઈ તા. ૨૬ મીએ મળવાથી સર્વે જરથોસ્તીઓમાં ભારે દલગીરી ફેલાઇ છે. એ બેહેસ્તનશીન સખીવજુદ બાઈ શા-હેબની સખાવતો જેમકે દરએક ગામોમાં જરથોસ્તી સ્થળોમાં કરી છે. તેજ મુજબ હમારાં ગરીબ ગામમાં પણ એ સખીવજુદ બેહે-સ્તનશીન બાઇ શાહેબનો ધર્મો હાથ પરકાશવા વગર રહ્યો નથી અને તે આજ ૫૪ વરસ થયાં ચાલુજ છે. એ મરહુમ બાઈ શાહેબનાં ગુજરવાની દુઃખદાયક ખબર અત્રે મળવાથી ગઈ તા-રીખ ૨૬ મીએ તેમનાં ઉઠમણાની ક્રીયા અત્રેની દરેમેહેરમાં હમારા

લાયકીવાળાં બુજરોગ પથકી શાહેબ એરવદ જમશેદજી નવરોજી હનવાળાની આગેવાની હેઠલ થઈ હતી, અને તેમાં એ મરહુમ સખી વજુદ બાઈ શાહેબનાં માન માટે અત્રેની સર્વે અનજુમને સામેલ થઈ ભાગ લીધો હતો. અમારાં ગરીબ ગામમાં આજ લગી કોઈ પણ જરથોસ્તી શાહેબે ૫૪ વરસ લગી સખાવત કરી નથી અને કોઈ શાહેબ કરે એવો સંભવભી નથી. પણ એ મરહુમ સખીવજુદ બાઈ શાહેબ મુંગે મોઢે અત્રે લગભગ ૫૪ વરસ થયાં સખાવત કરે છે કે જેને માટે હમો દમણ વતનીઓ ઘણા આભારી છઈએ.

---

## જરતોશતી અનજુમન દુઃખી કાં નઈ થાએ?

શતીઅમીતરનો દમનનો ખબરપતરી લખે છેઃ—સખાવતે બહાદુર બાઈ સાહેબ મોટલાંબાઈ વાહાડીઆનાં મરણના દુઃખદાએક સમાચાર સાંભલી અત્રેની જરથોસ્તી અનજુમન ભારે દુઃખમાં ગીરફતાર થઈ છે. બાઈ સાહેબનાં દીકરાના મરણનો ઘા હજુરતો જરથોસતી અનજુમન વીસરી નથી, તેટલાં તેજ બાઈ સાહેબના મરણનો એકસોસકારક બનાવ બનવાથી જરથોસ્તી અનજુમન દુઃખી કાં નહી થાય! મરનાર બાઈસાહેબનાં ઉઠમણાની ક્રીયા, આજરોજે અતરેની દરેહમહેરમાં થઈ હતી.

સુરતનો જામે જમશેદનો ખબરપતરી લખે છેઃ—મરહુમ બાઈ મોટલાંબાઈ જહાંગીર વહાડયાનાં પાછલા પોહોરના ઉઠમણાની ક્રીયા આજે અત્રેના મરહુમ શેઠ દાદાભાઈ મોદીવાળાં શેહેનશાહી આતશબેહેરામમાં કરવામાં આવી હતી. જે વેળા અત્રેના દસતુરો, મોબેદો તથા જાણીતા પારસી ગ્રહસથો સારી સંખયામાં હાજર થયા હતા. ક્રીયા પુરી થયા બાદ મોબેદો તથા લાચાર બેહેદીનોમાં સદરા તથા રૂપાનાણાંની આશીદાદ વંહેચવામાં આવી હતી. મરહુમ બાઈ મોટલાંબાઈ તરફથી અત્રેનાં કેટલાક લાચાર પારસી કુટુંબોને માસીક લવાજમ મળતો હતો.

દમનનો જામેજમશેદનો આડતીઓ લખે છેઃ—મુંબઈવાસી કરોડપતી બાઈ મોટલાંબાઈ જહાંગીર વાહાંડયાનાં બેહેસતનશીન થવાની ખબર અત્રે ત્રીજે દીવસે મળી હતી. જેથી અત્રેનાં જરથોસતીઓમાં ભારે દલગીરી ફેલાઈ છે. એ મરહુમ બાઈની સખાવત જેમ બીજાં ગામોમાં તેમજ અમારાં ગરીબ ગામની દરેહમેહેરમાં

પણ આજ લગભગ ૫૪ વરસ થયાં ચાલુ છે. મરહુમ બાઇનાં ઉઠમણાંની ક્રીયા અત્રેની દરેહમેહેરમાં અમારા પંથકના ઉપરીપણાં હેઠળ કરવામાં આવી હતી. જે વેળા અત્રેના ઘણા જરથોસતીઓ હાજર થયા હતા.

ઉદવાડાથી એક ગ્રહસ્થ તા. ૨૭ મીના પત્રમાં કેશરેહીનદને લખી જણાવે છેઃ— સખી વજુદ બાઈ મોટલાંબાઈના ગુજરવાની ખબર અત્રે પડતાંજ આખાં ગામમાં ઘણીજ દલગીરી ફેલાઈ હતી. એ મરહુમ બાઈના ઉઠમણાંની ક્રીરયા ગઈ કાલે અત્રેની અનજુમન તરફથી દસ્તુર ખુરસેદજી મીનોચહેરજી તથા શેઠ ઐદલજી ખરસેદજી ભરડાની આગેવાની હેઠળ કરવામાં આવી હતી. ક્રીયા પુરી થવા પછી દસ્તુર ખુરસેદજીએ અસરકારક બોલામાં મરનારની ઘટતી સ્તુતી કરી એ અશો બાઇનું નામ અસલી નયાગાનોની ટીપમાં ઉમેરી જાહેર જસનોમાં વાપરવાની દરખાસ્ત કીધી હતી જેને આખી અનજુમને ટેકો આપ્યો હતો.

## મરનાર બાઈ મોટલાંબાઈનું મરણ અને ગરીબ ખાનદાનોમાં દલગીરી.

જામે જમશેદનો કરંજનો ખબરપતરી લખે છેઃ—બાઈ મોટલાંબાઇ જહાંગીરજી વહાડયાનાં મરણની ખબરથી આ ગરીબ ગામના જરતોસતીઓમાં વાજબી રીતે દલગીરી ફેલાઈ હતી કારણ કે અમારૂં ગામ એ બાઈની કેટલીક સખાવતોને બહુ આભારી છે. ગામના દોખમાં આગળ એક સગડી બંધાવી તેમાં જથુકનો ચેરાગ રોશન રાખવા માટે બાઈ મોટલાંબાઈએ રૂ. ૪,૦૦૦ ની રકમ ખરચી હતી અને ચોકકુક થયુંજ કરંજ તથા આસપાસનાં ગામોના ગરીબ દરદીઓ માટે એક દવાખાનું સથાપવા થકી રૂપીઆ ૨૦,૦૦૦ ની રકમ સરકારને સવાધીન કરી હતી. જે એ નામદારે કબુલ કરી છે અને એ દવાખાનું જલદીથી અમલમાં આવશે. અમારા ગામને એવાં ઉપયોગી નીવડેલા બાઈસાહેબનાં પાછલા બેહેરનાં ઉઠમણાની ક્રીયા આજે થઈ હતી, જેમાં ગામના ગરીબ જરતોસતીઓ હાજર થયા હતા અને બંદગી કરી. મરનારના દીકરા શેઠ નવરોજજી વહાડયા ઉપર દીલાસાપત્ર મોકલવાને ઠરાવ કરી, છુટા પડયા હતા.

## PUBLIC MEETING OF PARSEES.

A requisition signed by about fourteen hundred representative Parsees has been forwarded to the Trustees of the Parsee Punchayet Funds to convene a public meeting of the community for the purpose of placing on record the death of Bai Motlibai, whose charities, both sectional and catholic, during her lifetime, amounted to about twenty-six lakhs of rupees. The Trustees have called the meeting for Sunday afternoon. With reference to the above, the following requisition signed by 1,400 Parsees was forwarded to the Trustees of the Parsee Punchayet :—

મુંબઈની, જુન શને ૧૮૯૭.

નેક નામ શેઠજી શાહેબો.

શર જમશેદજી જીજીભાઈ બારોનેટ, શી. એશ. આઈ.
શર દીનશાજી માણેકજી પાંટીટ, બારોનેટ.
શેઠ હોરમજજી એદલજી આલબ્લેશ,
શેઠ કાવશજી ખરશેદજી જમશેદજી.
આનરેબલ શેઠ નવરોજજી નશરવાનજી વાડીઆ, શી. આઈ. ઈ.
તે પારશી પંચાએતનાં ધરમનાં ફંડનાં તરશટી શાહેબો જોગ.

શાહેબો, —જત આપણી કોમનાં એક જાણીતાં શખીવજુદ બાનુ બાઈ મોટલાબાઈ જંગીરજી વાડાઆનાં મરણથી આપણી કોમમાં દલગીરી ફેલાઈ છે માટે તમો શાહેબોને હમો નીચે શહી કરનારાવો અરજ કરીએ છઈએ જે એ મરહુમ બાઈનાં મરણ બાબતનો દલગીરીભરી નોંધ પંચાએતનાં દફતરમાં કરવાનો ઠરાવ કરવામાટે તથા તેવણની ઈયાદગારી ઘટતી રીતે જલવાઈ રહે તેવા કોઈ ઉપાએ લેવા માટે મોહરબાની કરી આપણી કોમની શમશત અજુમનની એક જાહેર શભા બોલાવવી.

હમો છઈએ તમારા નમનતાઈ ભરેલા સેવકો

[ Here follows signatures of 1,400. ]

With reference to the above requisition the Trustees of the Parsee Punchayet issued the following notice to the Parsee community :—

NOTICE TO THE PARSEE COMMUNITY.

We have received a Requisition signed by the Leading Members of the Parsee Community asking us to call a Public Meeting of the Community to record their sense of grief at the death of the late Bai Motlibai Maneckjee Wadia, and to take proper steps to perpetuate her Memory. In response to that Requisition we convene a Public Meeting of the Parsee Community on Sunday, the 4th instant, at 4 p.m., at the Sir Jamsetjee Institution Building, Fort.

DINSHAW MANECKJEE PETIT,
HORMUSJEE EDULJEE ALLBLESS,
COWASJEE CURSETJEE JAMSETJEE,
NOWROJEE N. WADIA,
Trustees of the Funds and Properties of the Parsee Punchayet.

## BAI MOTLIBAI AND THE PARSEE COMMUNITY.

A public meeting of the Parsee community was held on Sunday afternoon, the 4th instant, in the hall of the Sir Jamsetjee Jeejeebhoy Parsee Benevolent Institution, for the purpose of recording their sense of grief on the death of Bai Motlibai Wadia, whose charities, both sectional and catholic, amounted to about twenty-six lakhs of rupees. The meeting, which had been convened by the Trustees of the Parsee Punchayet Funds, at the instance of about fourteen hundred leading members of the community, was largely attended, and was presided over by Sir Dinshaw Maneckjee Petit, Bart. The Chairman, in opening the proceed-

ings, dwelt on the many valuable and enduring charities of the philanthropic old lady, who, notwithstanding the fact that she was rolling in riches, was a plain, simple and unobtrusive lady, whose name was a household-word in the country. (Cheers.) The much respected and revered lady did not only increase the fortune which came to her hands, but she knew how best to spend that fortune. With prudence and foresight, which were her own, she established fire-temples in different parts of the country for religious purposes, hospitals and dispensaries for the sick, rest-houses for the poor, constructed roads for affording easy means of communication from one village or town to another, laid out large sums of money for feeding the famine-stricken and for providing water supplies for the poor, afforded succour to those who suffered from floods, fire and famine, and last, though not least, from plague. (Cheers.) Bai Motlibai had left them a legacy—particularly to the sex to which she belonged—of an exemplary character which the community would do well to imitate. (Loud cheers.)

Dr. K. N. Bahadurjee then proposed a long resolution, in which the career of Bai Motlibai, who died at the advanced age of 84 years, had been reviewed, and moved that the Parsee community recorded the death of the philanthropic lady with deep regret in the books of the Punchayet. He said that a large number of the members of the community had not probably seen Bai Motlibai, who seldom or never appeared in public, but

the much revered lady was known to them all by name and fame. Her good deeds had added to the glory of the community, who were proud to possess such a lady among them. Generally what her right hand did her left hand did not know, and she gave large sums of money in charity for charity's sake. (Cheers.) She had bequeathed immense wealth to her sole surviving son, and it was to be hoped that she had also bequeathed to him her magnanimous mind, generous nature, and a due regard for those who were in need of help. (Cheers).

Mr. Bomanjee Dinshaw Petit, in seconding the resolution, referred to the virtuous and strictly regular life led by the deceased lady, who managed her monetary affairs with judgment, prudence, and ability worthy of a great and experienced banker. She had the interest of the community at heart, and the only pleasure she seemed to enjoy during her secluded life was to administer to the needs and wants of the poor and distressed. (Cheers.)

The resolution was then put to the vote and carried.

Mr. K. N. Kabrajee then proposed that the Chairman of the meeting be requested to forward a copy of the first resolution with a letter addressed to the Trustees of the Parsee Punchayet Funds for the purpose of being recorded in the books of the Punchayet, and that another copy of the same be sent to Mr. Nowrojee Maneckjee Wadia, C. I. E., the son of the deceased lady. In support of the resolution, Mr. Kabrajee said that this

was probably the first instance in the history of the Parsees since their advent to India that the death of a lady would be recorded in the books of the Punchayet. It would be remembered that about forty years ago it was a moot and a much disputed point among the Parsees whether a man should, by his will, give any inheritence to female members of his family, but the community had since made such rapid strides in general civilization as to assign the female sex the rank, dignity and position due to it, and it was no doubt an epoch-making event that a community which, about forty years ago, was not disposed to recognise females as being entitled to recognition of any kind, should, that day, convene a meeting to record the death of a lady, who was an ornament to her sex. (Cheers.) Bai Motlibai had spent in charity some twenty-six lakhs of rupees, and he (Mr. Kabrajee) was in a position to say that the full amount of her charity was not even known to the members of the family until he made inquiries of the relations of Bai Motlibai to give him a correct list of such charities from the family books for the purpose of having them recorded in a journal with which he (Mr. Kabrajee) was connected. The private charities of Bai Motlibai were as extensive or probably more than her public charities. (Cheers.)

Mr. Darasha R. Chichgar, in seconding the resolution, remarked that the fact of their meeting together to record the death of a lady was a unique event in the history of the community, showing that they had far advanced in civilization in having recognised

the claims of the gentle sex and placing them on a level with themselves. Though Bai Motlibai became a widow at a very young age, and she strictly observed her widowhood and did not go out of her house all her life, she appeared to have been instinctively blessed with great prudence and foresight, and though her sphere of observation was of a circumscribed character, she showed that she was possessed of a certain amount of natural shrewdness and sagacity which actuated her to preserve and increase her fortune and to dispense charities with discrimination and judgment. (Cheers.) The deceased lady had left them an example of simplicity and economy which might be followed with advantage by the community. (Cheers.)

The resolution was then put to the vote and carried.

Mr. Jeewanjee Mody, the Secretary, here read a letter just received from Dustur Dr. Jamaspjee Minocherjee Jamaspasana, sympathising with the movement but regretting his inability to attend the meeting, and also read messages received from Parsees of Udwada and Damaun.

Dustur Dr. Peshotan Byramjee Sunjana then proposed that as Bai Motlibai Wadia had, by her numerous and catholic charities, glorified the community, a suitable memorial be raised by way of perpetuating the memory of the deceased lady.

Mr. Dhunjeebhoy Merwanjee Jeejeebhoy having seconded the proposition, it was carried.

On the motion of Mr. Nowrojee Jehangir Gamadia seconded by Khan Bahadur Byramjee Dadabhoy, a

committee was appointed to carry out the object of the last resolution.

On the motion of Dr. N. N. Katrak, seconded by Mr. Bomanjee Byramjee Patel, a vote of thanks was passed to the managing committee of the Parsee Benevolent Institution for allowing the meeting to use their hall.

On the motion of Dr. Dossabhoy Bezonjee, seconded by Mr. Hormusjee Ashburner, a vote of thanks was passed to the Trustees of the Parsee Punchayet Funds for convening the meeting.

On the motion of Mr. Hormusjee Muncherjee Chichgur, seconded by Mr. Merwanjee Muncherjee Cama, a hearty vote of thanks was passed to the Chairman, and the proceedings terminated.—*Times of India.*

---

In accordance with the resolution passed above by a public meeting of the Parsees held for the purpose of expressing their sense of grief for, and recording the death of, Bai Motlibai Wadia, Sir D. M. Petit, the Chairman of the meeting, forwarded a copy of the resolution passed by the meeting to Mr. N. M. Wadia, C.I.E, the son of Bai Motlibai. Mr. Wadia sent Sir Dinshaw a reply acknowledging the receipt of the copy of the resolution and thanking both Sir Dinshaw and the Anjuman for recording the death and perpetuating the memory of his late lamented mother.

---

## મરહુમ બાઈ મોટલાબાઈ વહાડયાનાં માનમાં મળેલી પારસી અંજુમનની જાહેર સભા.

સખીવજુદ બાઈ મોટલાંબાઈ જહાંગીર વહાડયાનાં મરણની દલગીરીભરી નેં પંચાયતનાં દફતરે કરવા, તથા તેવણની યાદગારી જળવી રાખવાનાં પગલાં ભરવા માટેના ઠરાવો પસાર કરવા માટે પારસી કોમના ઘણાક વગવાલા ગ્રહસથો તરફથી મળેલાં રેકવીઝીશનની રૂએ પારસી પંચાયતના સાહેબોએ બોલાવેલી પારસી અંજુમનની જાહેર સભા ગઈ સાંજે સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલંટ ઇનસટીટયુશનના દીવાનખાનામાં મળી હતી, જે વેળા મોટી સંખ્યામાં પારસી ગ્રહસથો હાજર હતા. પ્રમુખ સથાને સર દીનશાહ માણેકજી પીટીટ બીરાજયાં હતા. સર દીનશાહ તરફથી તેવણના ચીરંજીવ મી૦ બમનજી પીટીટે જણાવયું કે, "આજે જે ભલાં અને સખીતબેહ બાઈનાં માનમાં આપણે મેગા મળયા છીયે, તે બાઈના રૂડાં કામોથી તમો સરવે સાંહેબો થોડા ઘણા વાકેફ છો. મરહુમ બાઈ મોટલાંબાઈનું નામ એક લક્ષાધીપતી બાઈ તરીકે પારસી ટોળામાં સરવેને મોહોડે રમતું હતુ એટલુંજ નહી, પણ બીજી કોમોમાં પણ સારી પેઠે જાણીતું હતું. એવણ બાઈનું નામ સરવેથી વધારે ધયાન ખેંચતું હતું, તેનો સબબ એ કે, લખોની દોલતની રેલછેલ છતાં એવણ હમેશાં સાદી, એકમારગી, શાંત જીંદગી પસંદ કરતાં હતાં. દોલતનો દોર યા દમામનું કાંઈ પણ ડોલ ધાલયા વીના નરમાસ અને સાલેસાઈના સદગુણોમાં એવણ સણગાર સમજતાં હતાં પોતાની નાની વયથી દોલત કેમ સંધરવી તે તેવણ જાણતાં હતાં, તેમ દોલતનો સમારગે ઉપયોગ કેમ કરવો, તે પણ એવણ સારી પેઠે સમજતાં હતાં. એવણ બાઇ મોટાં મન અને ઉદાર દીલથી સમજતાં દેખાતાં હતાં કે, ખોદાતાલાએ આપણને દોલત આપી હોય, તો તે ફકત મોજ મજાહ કે દોર દમામને માટે નહી, પણ આપણા ભાઈબંધોને માટે છે. એવા ભલા વીચારથી એવણે આપણાં શહેરમાં તેમજ આપણા શહેર બાહેર બીજાં ગામોમાં પોતાની સખાવતોનો હાથ લંબાવયો હતો. ખોદાતાલાની યાદ માટે ધરમનાં મકાનો સથાપવા, બીમારો માટે આસપીટલો ઉભી કરવા અને દવાખાનાંઓ બાંધવા, રાહદારીઓને સારા રસતા-

ઓની સગવડ આપવા મુસાફરોને આસાએશ સારૂ ઉતારો લેવા ધરમશાળાઓ બાંધી આશરો આપવો, ભુખાંઓની આંતરડીને સંતોષ આપવો, તેઓને ધન આપવું, તરસાંઓની તરસ મટાડવા કુવાઓ બંધાવવા અને તેઓને સવછ પાણીનું સુખ આપવું. રેલથી પાયમાલ થયલા ગરીબોને મદદ આપવી, આગથી ઘરબાર વીના થયલા ગરીબોને પોતાનાં ઘરબાર માંડવા માટે આશરો આપવો, એ સઘળા મારગોમાં બાઈ મોટલાંબાઈની સખાવત વહેતી હતી. ગરીબોનાં દુઃખ નીવારણનાં આવા પ્રકારનાં ફેડોમાં એવણ બાઈ પોતાનો હીસો હમેશાં દેવાને ખુશી હતાં. એવાં સાદાં સાલેસાઈવાળાં અને ઉદાર દીલના ઘણાક સફાઓ તેવણ પછીનાઓ માટે ધડો લેવાજોગ છે, માટે તેવણ બાઇને આજે માન આપ્યા આપણે ખરૂ માન શામાં સમાયલું છે તેનો આપણે પોતે ખયાલ બાંધયે છીયે એટલુંજ નહી, પણ હવે પછીની ઓલાદ માટે આગળ થઈ ગયલી કેટલીક જરથોસતી બાતુઓ ભેગી બીજો દાખલો રજુ કરયે છીયે. એટલા શબદો બોલી હું ડાકટર કેખશરૂ નશરવાનજી બહાદુરજીને આ સભા સનમુખ પહેલો ઠરાવ રજુ કરવાને એજલતેમાસ કરૂ છું." ( તાલીઓ. )

ડાકટર કેખશરૂ નશરવાનજી બહાદુરજીએ પહેલો દરખાસત રજુ કરી કે, "બાઈ મોટલાંબાઈ માણેકજી નવરોજજી વહાડયા તે મરહુમ શેઠ જાહાંગીરજી નશરવાનજી વહાડયાનાં બેટી જેવણ રોજ ૧૨ મો મોહોર માહા ૯ મો આદર શેનશાહી, માહા ૧૦ મો દેહે કદમી સને ૧૨૬૬ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે ૧૮૯૭ ને વાર સોમને દીન ૮૪ વરસની ઉમરે મુંબઈ ખાતે હક થયાં છે, તેવણનાં મરણની નોંધ, જરથોસતી અંજુમનની આ સભા મોટી દલગીરી સાથે લે છે. આ મરહુમ બાઈએ મોટી રકમની સખાવત જાહેર તેમજ છુપી રીતે કરી જરથોસતી ટોળાની કીરતીમાં વધારો કરયો છે. આ સખાવત જેમ જરથોસતી ટોળા માટે હતી, તેમ નાત જાતના તફાવત વગર બીજા ટોળાઓ માટે પણ હતી. દુકાળ, રેલ અને આગ જેવી આફતો વેળા ગરીબોનાં સંકટ ટાળવાના કામમાં એવણ બાઈ પોતાનો હાથ હમેશા લંબાવતાં હતાં. કમનસીબે જવાન વયેજ એવણ વીધવા થયાં હતાં. પણ પોતાની એ

હાલતમાં સાદી, એકમારગી છંદગી ગુજારી એવણે સખાવત-નો સદગુણ ગુપચુપ અખતયાર કરયો હતો. એ સદગુણ પોતાનાં મરણની ઘડી સુધી ખીલતો રાખી એવણે નાદર દાખલો આપયો હતો કે, ફકત જરથોસતી નરોનાજ નહી, પણ જરથોસતી નારીઓની પણ રગોમાં સખાવતનું લોહી વહેતું રહે છે. આવાં એક સાદાં, સદગુણી, સખી બાનુનાં મરણ માટે જરથોસતી અંજુમનનો આ જાહેર સભા પોતાનો દલગીરી જાહેર કરે છે." દરખાસત ઉપર બોલતાં ડાકટર બહાદુરજીએ જણાવયું કે આપણી પંચાયતના ત્રસટી સાહેબોએ આ દરખાસત મેલ-વાનું માન મને આપયું છે, પણ હું ઈચ્છું છું કે, એ કામ મારાં કરતાં કોઈ વધારે લાયક હાથમાં મેલાયું હતે. કારણ કે બાઈની સખાવતનો મને જાતી અનુભવ નથી, તથા તેવણના સાહાસ કરમો અને ફીર-તીવંત કામોની યાદદાસત તથા તેની નોંધ મારા જેવા કરતાં બુજ-રોગોના મનમાં વધારે મજબુત હોવી જોઇયે. તો પણ હું કહી શકું કે, બાઈ મોટલાંબાઈએ ફકત પોતાની હમકોમમાંજ સખાવત કરી હતી એમ નથી, પણ તે સાથે તેવણે પરકોમમાં પણ ઘણું દાન કરયું હતું. બાઈ મોટલાંબાઈ કોણ હતા ? બધાઓએ કાંઈ તેવણને નજરે જોયાં હશે નહી, પણ તેવણનું નામ તો સઘળાઓએ સાંભ-ળયું હશે, અને નામ કરતાં તેવણના કામો વધારે જાણીતાં છે. બાઈ મોટલાંબાઇ માટે પારસી કોમાને મગરૂર થવાનું છે, અને તેવણથી પારસીઓની કીરતીમાં વધારો થયો છે. બાઈ મોટલાંબાઈની દોલત ગમે એવી ગંજાવર હોય, તોપણ તેવણ એક ઘણા સાદા દીલનાં બાનુ હતાં, અને જાહેર સખાવત કરતાં તેવણની છુપી સખાવત વધારે હોવી જોઇયે. તેવણ પોતાની કી સખાવત તયારેજ જાહેરમાં લાવતાં કે જેમ કરવાને તેમને ફરજ પડતી. જરથોસતી ધરમનાં ફરમાન મુજબ તેવણ નાતજાતનો તફાવત રાખયા વગર જયારે પણ આકત આવી પડતી તયારે મોટી મોટી રકમો કાઢી આપા લોકોને હેરાનમંદ કરતાં હતાં. પોતાની દોલતનો વારસો એવણ પોતાના દીકરાને આપી ગયાં છે, અને આપણે આશા રાખી શકયે કે, તેવા વારસા સાથે એ બાઈએ પોતાના પુત્રને મોટાં દીલનો, સ-ખાવત ભરયાં મનનો, કોમની દાઝ હાઈડે ધરવાનો, તથા ગુપત સ-ખાવત કરવાનો પણ વારસો આપયો હશે. સાહેબો, દરખાસત

એટલી લાંબી છે, અને તેમાં બધું એવી રીતે તો વીસતારીને લખેલું છે કે, તમારો વધુ વખત રોકવાને હું પસંદ કરતો નથી.

મી૦ બમનજી દીનશાહ પીટીટે ઉપલી દરખાસતને ટેકો આપતાં જણાવ્યું કે, અમારા મુરબ્બી પીતાજીએ બાઈ મોટલાંબાઈ બાબે જે વીચારો જણાવ્યા છે, અને ડાકટર બહાદુરજી દરખાસત મેલતાં જે સખુનો બોલ્યા છે, તે પછી તેના ટેકામાં મારે વધુ બોલવું નથી. બાઈ મોટલાંબાઈની જીંદગી આપણા ટોળાની બાનુઓ આગળ એક નકલ કરવાજોગ દાખલો રજુ કરે છે. ઘણી જવાન વયે એ બાઈ ઉપર-વીધવાપણાનું દુઃખ આવી પડયું હતું, પણ સતુતીપાત્ર સહનશકતી સાથે તે દુઃખ તેવણે ઉપાડી લીધું હતું અને પોતાના બે બેટાઓ ઉપર મદાર રાખી, તદન સાદી એકાંતવાસ જીંદગી ગુજારતાં હતાં. કહે છે કે, સાદી, સદગુણી, નીતીમાન અને નીયમીત જીંદગો, જીંદગીની દોરીને લંબાવે છે અને તે આપણે મરહુમ બાઈ મોટલાંબાઈની જીંદગી ઉપરથી જોયું છે. બોદાતાલાની મેહેરથી તેવણે તનદરોસતી સાથે પાકી ઉમર મેળવી હતી અને એવણના લાયકીવાળા બેટા શેઠ નશરવાનજીનું દુઃખદાયક મરણ નીપજ્યું ન હતે, તો એવણ બાઈ વધુ લાંબી જીંદગી ગુજરતે અને પોતાની સખાવતનો ઝરો ચાલુ વ-હેતો રાખતે. હવે પોતાની એવી સાદી એકાંતવાસ જીંદગી છતાં એવણ બાઈનું નામ જે આપણા ટોળામાં મશહુર થયું હતું, તે એવણની એક વેપારીને જેબ દેનારી બાહોશીથી હતું. કે જેથી એવણ બાઈએ પોતાની દોલત વધારી હતી, અને તે વધારેલી દોલતને સખાવતોનાં કામમાં વાપરવા માંડી હતી. પોતાનાં ઘરનાં એકાંતવાસ ખુણામાં પોતાની જીંદગી ગુજારવા છતાં, એ બાહોશ બાનુ પોતાનાં માણસ જાત ભાઈબંધો ઉપર પડતાં સંકટોથી વાકેફ રહેતાં હતાં. જયારે પણ ગરીબોનું સંકટ તેવણના જાણવામાં આવતું, કે તુરત તે-વણ અન્નદાન અને વસ્ત્રદાનનું પુન કરવાને તઈયાર થતાં હતાં. જરથોસતી નરોની માફક જરથોસતી નારીઓ પણ સખાવતો કરવામાં આગેવાન ભાગ લે છે, તેનો આપણા શહેરમાં પહેલ વહેલો ફુડો દાખલો બેસાડનાર મરહુમ લેડી આવાંબાઈ જમશેદજી જીજી-ભાઈ હતાં. એક સખીતંબહ ખાતીનના સદગુણો એ માનવંત બાઈએ અખ્તયાર કરયાં હતા, અને પોતાના ટોળા માટે ઘણાં ભલાં કામો આરંભયાં હતાં. એવણ બાઈનો શુભ દાખલો એવણ

પછી આપણા ટોળાનાં બીજાં બાઈઓએ લીધા હતા અને લે છે; તેઓમાં મરનાર બાઈ મોટલાંબાઇનો દાખલો જાણીતો હતો. પારસી ટોળાની હવે પછી તવારીખ લખનારે એવાં સદ્‌ગુણી બાનુઓને પોતાના પુસતકના સફાઓમાં અગતની જગા આપવી પડશે. આજના જેવી હાલચાલથી આપણે મરનારને માન આપયે છીયે એટલું જ નહી, પણ તેથી આપણે એવો સંતોશ મેળવયે છીયે, કે ઉપકારોની પીછાન આપણે કરીયે છીયે, અને તેટલામાટે ભવીશની ઓલાદ આગળ નકલ કરવા જોગ દાખલો આપણે ધરયે છીયે. એટલું બોલી ડા૦ બહાદુરજીની દરખાસતને હું ખુશી સાથ ટેકો આપું છું. ( તાલીઓ ).

મી૦ કેખશરૂ નવરોજજી કામ્પાજીએ બીજી દરખાસત રજુ કરી કે, "અનજુમનની આ સભા પોતાના સરનશીન નામદાર સર દોનશાહજી માણેકજી પીટીટ બારોનેટને અરજ કરે છે કે હાલ પસાર કરેલા પહેલા ઠરાવની એક નકલ, તેવણ સાહેબે એક ઘટતા પત્ર સાથે પારસી પંચાયતના ધરમખાતાંઓના ફંડ તથા મીલકતના ત્રસટી સાહેબો ઉપર અંજુમનના દફતરમાં નોંધવા માટે મોકલી આપવી, અને એક નકલ મરહુમ બાઈના બેટા શેઠ નવરોજજી માણેકજી વહાડયા; સી. આઈ. ઈ. ઉપર મોકલવી."

મી૦ કેખશરૂ કામ્પાજીએ આ દરખાસતના ટેકામાં મરહુમ બાઈ મોટલાંબાઈની સખાવતોની બહુ સતુતી કરી હતી, એવું વધારીને કે, તે સખાવત રૂ. ૨૬ લાખ જેવા મોટા આંકડાની થવા જાય છે, જે મોટી સખાવત જાહેરમાં તેવણે પોતે ( બોલનારે ) પહેલાં બાહેર પાડી હતી. એ પછી બોલનારે જણાવવા માંડયું કે, જાહેરમાં કેટલુંક ઓછું લખાયું છે, જેથી તેવણ આ સભામાં કાંઈ વધારે બોલનાર ન હતા, તો પણ તે ઓછાં લખાણને લીધે તેવણને આટલું લંબાણ બોલવું પડયું છે, અને એવી મતલબનું બહુ લંબાણ કરીને તેવણે પોતાની દરખાસત રજુ કરી હતી.

મી૦ દારાશાહ રતનજી ચીચગરે ઉપલી દરખાસતને ટેકો આપતાં જણાવયું કે, મરનાર બાઈએ વીધવાપણા દરમયાન પોતાના બેટાઓની સાજવારી લગનની ક્રીયા કે નવજોતની ક્રીયામાં પણ ભાગ નહી લીધો હતો અને વીધવાપણા સંકટ એક નાના સાંકડા ઓરડામાં સેહેવયું હતું. તેવણ એક ઓરડામાંથી બીજા ઓરડામાં જ-

નારાં બાઈ હતાં અને એવી એકાંત રીતે રહેવા છતાં પણ તેવ-
ણનામાં ઉદારતા અને સખાવતી લાગણીના ગુણો હતા. આપણ
બહેર સઘળે ઠેકાણે ફરી ફરીને સખાવત કરવાના લાભો. શી-
ખ્યે છે તે ગુણ મરનારે ૬૦ વરસ સુધી એક એકાંત નાના ઓર-
ડામાં ગોંધાઈ રહેવા છતાં તેવણનામાં હતો. મરનાર બાઈ આપણને
એક વારસો આપી ગયાં છે અને તે આપણે જાળવી રાખવાનો
જરૂર છે. મરનારની સાદાઈ, સઘડાઉપણાના ગુણોની આપણે ન-
કલ કરવી જોઈયે છે. એવી ફરીઆદ થાય છે કે આપણ પારસીઓ
ખરચાળુ થતા જઈયે છીયે, આપણાં ખરચો વધ્યા ચાલયા છે, પણ
મરનાર બાઈ મોટલાંબાઈના મજકુર ગુણોની નકલ થાય, તો પા-
રસી કોમનો દહાડો ફરે ખરો. (તાલીઓ).

દસતુર ડાકટર જમાસપજી મીનોચેરજી જમાસપઆસાન તરફથી આવેલો પત્ર સરનર્શાને સભામાં રજુ કરયો હતો, જેમાં દસતુરે બંને સભાઓની નેનો તરફ દીલસોજી બતાવી રોકાણને સબબે સભામાં પોતાથી હાજરી નહી આપી શકાવા માટે દલગીરી બતાવી હતી. ઉદવાડા તથા દમણના જરથોસતીઓ તરફથી આ વેલા તારના સંદેશા પણ સભામાં રજુ કરવામાં આવયા હતા, જેમાં સભાનાં કામ તરફ દીલસોજી બતાવનારી લાગણો દરશાવવામાં આવી હતી.

દસતુર પેશોતન બેહેરામજી સંજાનાએ દરખાસત રજુ કરી કે, "બાઈ મોટલાંબાઈ માણેકજી નવરોજજી વહાડયાએ જરથોસતી કોમ માટે તેમજ બીજી કોમો માટે નાદર સખાવતો કરી પોતાના ટોળાની કીરતીમાં વધારો કરયો છે, માટે આ સભા એ મરહુમ બાઈની યાદગારી કાયમ રાખવા માટેના ઉપાયો લેવાને ઘટતું ધારે છે." દસતુર પેશોતને જણાવયું કે, બાઈ મોટલાંબાઈમાં જે ખુબી, સારા ગુણો, પહેરેજગારી, નેક વરતણુક, દાનાઇ અને શાંતપણું હતું, તે કુદરતી રીતેજ હતું. વળી બાઈ મોટલાંબાઈ અગાઉ થઈ ગયલાં લેડી આવાંબાઈ જમશેદજીએ પણ જરથોસતી કોમનાં ભલાં માટે ઘણાં પુનનાં કામો કરયાંછે. એ દુરઅંદેશ બાઈએ પો તાના ઘરમનો વધારો કરવાને ઘણાં ખાતાંઓને મદદ આપી પોતાની દીનનો પાયો મજબુત કરયો હતો. તે વખતે એ બાઈના

ભલાં માટે, હું દલગીર છું કે, આપણે એક સભા બોલાવી, તેની નોંધ લીધી હતી નહી, અને તેનું કારણ એ હતું કે, એવાં કામોમાં મુખ્ય ભાગ સર જમશેદજીનાં કુટુંબનાં માણસો લેતાં હોવાથી. પોતાનાજ અતલગના બેશીની એવી નોંધ લેવાડવાને તેઓના દીલને ઠીક લાગયું નહી. કેટલાક લોકો કહેશે કે, કેળવણી વીના સારા ગુણો સંપાદન કરી શકાય નહી, પણ તેને બાઈ મોટલાંબાઈના દાખલાએ ખોટું પાડી આપયું છે, કારણ કે તેવણે કેળવણી નહી લીધા છતાં, તેવણ નમર હતાં, અને પરકોમ અને હરકોમ માટે જે દાલસોજી ધરાવતાં હતાં, તે કુદરતી દાનાઈથી હતું.

મી૦ ધનજીભાઈ મેરવાનજી જીજીભાઈએ ઉપલી દરખાસતને ટેકો આપતાં જણાવયું કે, બાઈ મોટલાંબાઈ ગરીબો માટે એટલી તો દાઝ ધરાવતાં હતાં કે, કોઈ મુફલેસ માણસ દુઃખથી પીડાતે તેવણની જાણમાં આવતો, તો પોતાની પાસે એક ગુણકારક છાળાપાળાની જે દવા હતી તે તેવણ દુઃખથી હેરાન થતાં માણસોને પોતાની પાસે બોલાવીને આપતાં હતાં.

## યાદગારીના ફુંડાનાં ફડચા માટેની બેદરકારી વીશે મી૦ નવરોજી ગામડયાની વાજબી ફરીયાદ.

મી૦ નવરોજજી જહાંગીર ગામડયાએ દરખાસત રજુ કરી કે, "ત્રીજા ઠરાવમાં જણાવવા પ્રમાણે અમલ કરવા માટે, તે માટે નાણું ભેગું કરવા માટે અને ભેગાં થયલાં નાણાંમાંથી જેમ ઘટતું દીસે તેમ એ મરહુમ બાઈની યાદગારી કેવા પ્રકારે રાખવી તે બાબે ઠરાવ કરવા માટે આ સભા નીચલા સાહેબોની એક કમીટી, એ નામોમાં વધારો કરવાની સતા સાથ નેમે છે." એ કમીટીનાં નામો વાંચી સંભળાવીને તેવણે જણાવયું કે, બાઈ મોટલાંબાઈની લાયકાત વીશે તો ઘટતું વીવેચન થયું છે, માટે તે વીશે મારે વધુ કહેવું નથી. હું એવું બોલવા માગું છું કે, યાદગારીના ઘણા ખાતાંઓ પહેલાં ઉભાં થાય છે પણ પાછળથી તે બોરબે પડે છે (તાલીઓ) અને તે ઠરાવો ઉપર પાછળથી ધ્યાન અપાતું નથી. થોડાજ દીવસ ઉપર મારા મીત્ર મી૦ ખરશેદજી રૂસતમજી કામાએ જરથોસતી છોકરીઓની નીશાળ મંડળીની વારશીક સભામાં પ્રમુખની ખુરસી ઉપરથી યાદ આપી હતી કે, મરહુમ શેઠ સોરાબજી શાપુરજી બંગાલીની યાદગારી જાળવી રા-

ખવા માટે ઉભાં થયલાં ફંડમાંથી તેવણનું એક બાવલું મંગાવવામાં કેટલોક ખરચ થયો હતો, પણ તે ફંડમાંથી બાકી વધેલી રકમનો હજી કાંઈ નીકાલ થયો નથી. એ માટે કારોબારીઓનો તો વાંક કાઢી શકાય નહી, કારણ કે તે કામ સરનશીન તથા સેક્રેટરીની કાળજી ઉપર આધાર રાખે છે ( જોસભેર તાલીઓ ). બીજી ફરીઆદ એ છે કે યાદગારીનાં ફંડો ઉભાં થયા પછી તે કોઈ વખત એવાં ખાતાઓમાં આપવામાં આવે છે, કે તે કયાં ખાતાંઓમાં આપવામાં આવયા તથા તેથી શું ફાયદો હાંસલ થયો, તે બહાર આવતુંજ નથી ( વધારે જોસભર તાલીઓ ). દાખલા તરીકે શેઠો રૂસતમજી જમશેદજી જીજીભાઈ તથા બીજા બારોનેટ સર જમશેદજી જીજીભાઈની યાદગારી રાખવા માટે ઉભાં થયલાં ફંડોની થતી વયવસથા યા તેથી થતા લાભો વીશે જરથોસતી અંજુમને કાંઈ સાંભળયું નથી. પણ આશા રાખું છું કે, બાઈ મોટલાંબાઈની યાદગારી રાખવા માટે જે ફંડ ઉભું થાય, તેનું સેવટ જલદીથી આવી જશે. અને એ ફંડમાટે કોમને એવી ફરીઆદો કરવી પડશે નહી. ( ચાલુ બહુ જોસભેર તાલીઓ. )

ઉપલી દરખાસતને મીઃ બેહેરામજી દાદાભાઈ રેજી સ્ટારે ટેકો આપતાં જણાવયું કે, જેમ સર જમશેદજીના ખાનદાન સાથ મને લાંબા વખતનો સંબંધ છે, તેમજ બાઇ મોટલાંબાઈ તથા તેવણના પીતા સાથ મને ૬૦ વરસનો સંબંધ હતો, તે ઉપરથી હું કહી શકું છું કે, તેવણ બાઈ ઘણાં અસરાફ અને નેક હતાં, તેવણનો નીયમ એ હતો કે " પહેલાં બેશ પછી દુરવેશ " એટલે કે તેવણ પોતાનાં સગાંવહાલાંઓને પહેલાં મદદ કરતાં હતાં, અને તે મદદનો આંકડો લખો રૂપીઆ ઉપર ગયલો છે.

એ પછી " જરથોસતી કોમના આગેવાન અને આબરૂદાર ગ્રહસથોએ કરેલી એલતેમાસને માન આપીને પારસી પંચાયતનાં ધરમખાતાંઓના ફંડ તથા મીલકતોના ત્રસટી સાહેબોએ બોલાવેલી સભા માટે તેમનો ઉપકાર માનવામાં આવયો હતો."

ડા૦ નાનાભાઈ નવરોજજી કાવકે દરખાસત મેલી કે, " અંજુમનની આ સભા ભરવા માટે આ મકાન વાપરવા આપયું, માટે સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલંટ ઈનસટીટયુશનની કારોબાર મંડળીના સાહેબોનો આ સભા ઉપકાર માને છે."

મી૦ બહમનજી બેહરામજી પટેલે એ દરખાસતને ટેકો આપતાં જણાવ્યું કે સઉ સારૂ તેનું સેવટ સારૂં તે મુજબ આજે ઠરાવેલું યાદગારીનું કામ ઘટતા પાયા ઉપર મેલી પાર પાડવામાં આવ્યું છે. મી૦ કાખાજી એ હવડા કહયું કે કેટલાકો બાઈ મોટલાંબાઈની આ યાદગારીનાં કામને ભાંજી પાડવા માગે છે. પણ નહી સાહેબો. હું સમસત અંજુમનને જણાવું છું કે, આજ સવા મહીનો થયો હું તો જેબી પારસી મંડળોમાં જાતું હતું તથા બાઈ મોટલાંબાઈની એક બાનુ તરીકેની ભલી ભલાઈની તારીફ તથા આ યાદગારીનાં કામ તરફ દીલસોજી સાંભળું છું. પછી તો કોઈ છુટાછવાયા વીરૂધ બોલતા હોય તો શું થયું ? વ આ સભામાં લાવવું જોઈતું ન હતું.

મી૦ કાખાજી—મી૦ બહમનજીના જણાવવા મુજબ હું બોલયો નથી ( ઘણાક અવાજો—બોલેલા, તમે એમજ બોલેલા. હવે તમે વચમાં ના બોલો ).

મી૦ બહમનજી પટેલે આગળ ચલાવતાં જણાવયું કે, મારા મીત્ર મી૦ નવરોજજી ગામડયાએ હમણા કહી સંભળાવ્યું તેના સંબંધમાં એકજ દાખલો હું આપું છું, કે જે સાંભળયા પછી તમો કદાચ દલગીર થાવો યા હસી પડો. તે એ કે બેહેસતી ખરશેદજી ફરદુનજી પારખની યાદગારી રાખવા માટે આજ ૧૦ મહીના થયા એક કમીટી નેમાઈ છે, અને જે કમીટીના મેમબર હોવાનું મને પણ માન છે, તે કમીટીની આજસુધી એકબી સભા મળી નથી, અને કમીટીએ કાંઈ કામ કરયુંજ નથી ! ( સભાની નાપસંદગીની લાગણી ) માટે આશા છે કે, આજદીને નેમેલી કમીટી આ બાબદ ધયાનમાં રાખી વધારે ઉમંગથી કામ ચલાવશે ( તાલીઓ ).

બાદ સભાના સરનશીન તરફે મેહેરબાની કરીને બીરાજવા માટે સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટનો ઉપકાર માનવાનો ઠરાવ પસાર કરી સભા બરખાસત થઈ હતી.

— ——

## TELEGRAMS AND LETTERS OF CONDOLENCE.

The following paragraph appears in the *Times of India* of Saturday, July 3rd, 1897:—"Mr. Nowrojee Maneckjee Wadia, C.I.E., begs to thank, through these columns, his numerous friends and acquaintances, who have sent him messages of condolence from all parts of India on the death of his late lamented mother, Bai Motlibai Wadia."

The following are selected from an enormous number of telegrams and letters of sympathy and condolence above referred to:—

*Karwar, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—Please accept my cordial sympathy. Parsee community have lost a benefactor.

C. C. JAMSETJEE.

---

*Surat, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I am deeply aggrieved, and will perform *Uthamna* ceremony on Wednesday.

KHARSHEDBAI PESTONJEE ENTI.

---

*Deolali, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—The Parsee residents of Deolali are deeply grieved at your beloved mother's death—an irreparable loss to the community. Please accept our sincere sympathy.

SORABJEE BOSSABOY FRAMROZE.

*Matheran, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I just heard the sad news, and therefore deeply sympathise in your bereavement.

NOWROJEE N. WADIA.

---

*Khandalla, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I greatly regret your mother Motlibai's death. Please accept my sincere sympathy.

DOSABHAI FRAMJI KARAKA.

---

*Matheran, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I E.,—Please accept my sincerest condolences. May God befriend you.

HORMASJEE M. CHICHGAR.

---

*Surat, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I am very sorry to hear Motlibai dead. Please be patient.

DOSSIBAI JEHANGIRSHA.

---

*Mahableshwar, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—Please accept my heartfelt condolence and sincere sympathies at your respected mother's demise.

BYRAMJEE JEEJEEBHOY.

---

*Gulburga, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—Please accept my heartfelt condolence for Bai Motlibai's death.

N. P. WADIA.

21587

*Udwada, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I received your telegram at 2 o'clock (P.M.). Extremely sorry I can't join funeral. I will perform the ceremonies according to your orders.

BYRAMJEE PESTONJEE BHARDA.

---

*Matheran, May* 25, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I deeply sympathise with you in your bereavement on the death of your venerable mother, Bai Motlibai.

BYRAMJEE DADABHOY REGISTRAR.

---

*Matheran, May* 26, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—Please accept my sincere sympathies at the death of your esteemed mother.

PHIROZE C. SETHNA.

---

*Esplanade, Bombay, May* 26, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I am deeply grieved at your sad loss. My heartfelt sympathy is with you.

H. PACK.

---

*Esplanade, Bombay, May* 26, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—My heartfelt sympathy is with you in your sad loss.

BERUSTEIN.

---

*Mahableshwar, May* 26, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—My best sympathy is towards you for your mother's death.

SORABJEE DADABHOY DUBASH.

*Sholapur, May* 27, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—Parsee community deeply grieves Bai Motlibai's demise, and, therefore, offers sympathy.

PRESIDENT, PARSEE ANJUMAN.

---

*Daman Road, May* 26, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—We are sorry to hear of your good mother's death. We received your telegram this morning. Please accept our sympathy.

SORABJI MANECKJI.

---

*Palanpur, May* 27, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I am very sorry for my aunt's death. Please accept my deep condolence.

JEHANGIR P. PESTONJI WADIA.

---

*Broach, May* 27, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—Parsee Punchayet Trustees, on behalf of our community, tender their heartfelt sympathy for your venerable mother's death. *Uthamna* ceremonies were performed here yesterday.

ADARJEE MANECKJEE DALAL.

---

*Belgaum, May* 27, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—Our Anjuman deplores the death of lady Motlibai. Please accept our hearty condolence.

SECRETARY, PARSEE ANJUMAN.

---

*Una, May* 27, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I received your telegram yesterday noon. Parsee Anjuman is hearti-

ly sorry for gracious Motlibai's death. Ceremonies were performed according to your orders.

DORABJEE COWASJEE.

---

*Ankleshwar, May* 27, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—Parsee Anjuman here are extremely sorry for the lamented death of your worthy mother, and have performed *Uthamna* ceremonies.

SECRETARY, PARSEE ANJUMAN.

---

*Rajkote, May* 28, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—Rajkote Zarthosti Anjuman has learnt, with deep regret, the lamentable news of the death of the revered lady Motlibai, and sincerely sympathises in the sad bereavement.

SECRETARY, PARSEE ANJUMAN.

---

*Karachi, May* 31, 1897.

N. M. WADIA, ESQ., C.I.E.,—I extremely regret for your mother's death. Please accept my sincere sympathies and condolence on your sad bereavement.

N. N. POCHAJEE.

---

6, GREAT STANHOPE STREET, *W.*

*May* 28, 1897.

DEAR MR. WADIA,—I have just heard that your respected mother has passed away. Lady Reay and myself wish to offer you our most sincere sympathy, fully understanding how much you will miss your dear mother. She will be much regrettd among her

own Parsee community and among all sections of the Bombay population. I was glad to see that you had paid the tribute to her memory of making a large donation to charities. You have been peculiarly fortunate in having her so long with you. I am exceedingly glad to see that the plague is going down, and I have been very sorry that you have been in such distressing circumstances during the winter. With Lady Reay's kind regards,—I am, yours sincerely,

REAY.

---

*Rajusthan, Matheran, May* 25, 1897.

MY DEAR NOWROJEE,—At 10-30 this morning I was very, very sorry to receive your telegram conveying the news of the death of Bai Motlibai, your good mother. It is a very sad blow so soon after the death of your brother. I can well imagine your grief. Believe me I sincerely sympathise with you. I wish you had telegraphed me earlier or got some one to do so. I could then have left this morning with Jeejeebhoy and been able to pay my last respects. You must now, alone the head of the family, bear up with resignation your sorrow, and endeavour by your acts to perpetuate the memory of these esteemed members of your family. Do not think I write to you as others would, but as a sincere, well-wishing member of the family, and I do hope you will not mind my doing

so. Again with my heartfelt sorrow,—Believe me, my dear Nowrojee, to be yours sincerely,

NOWROJEE N. WADIA.

I hope you got my urgent telegram.

---

*Tamarind Lane, Fort, Bombay, May* 25, 1897.

MY DEAR SIR,—I regret again this month to learn of another great loss you have suffered, and beg you will allow me to offer my condolence. Trusting you are keeping in good health and spirits in your troubles,—I am, yours sincerely,

L. H. BLOMENSTOK.

---

*The Byke, Matheran, May* 25, 1897.

MY DEAR NOWROJEE,—Your poor mother's death is, no doubt, a severe blow to you, coming as it does so close upon poor "Lord's" death. But it must be some satisfaction to you, though a melancholy one, that the good old lady has died full of honours as well as years, and that she has not had to bemoan poor "Lord's" death for long. And on one point I consider her, after all, lucky, for she has had her greatest wish gratified, namely, that she has predeceased you—her darling, her much beloved son. I knew what her feelings were. The first lady in Bombay, by common consent the first, has died. I sympathise with you in your bereavement. May God help you in upholding your good mother's name. I shall see you on Monday next when I return to Bombay for good.—Ever yours sincerely,

HORMASJEE M. CHICHGAR.

*Victoria Buildings, Fort,*
*Bombay, May* 26, 1897.

DEAR MR. NOWROJEE WADIA,—Just a few lines to tender our united sympathy. We do, indeed, feel deeply for you in your heavy bereavement, for, within these short three weeks, you have lost your dear brother and your dear good loving mother. One can scarcely realise it. But oh! it is a blessed thing to know and feel, though lost to sight, yet present with the Lord where there is no more pain and suffering: only "peace—perfect peace." God has blessed her with a long life, with plenty of usefulness, goodness and great kindness, and all her works and charities will follow her, especially if they have been done in a true Godly spirit. Many prayers of the poor will follow her as well as the rich too. My sincere prayers and all good wishes are for you, dear Mr. Nowrojee. May God bless you with wisdom and strength from above to trust and bear. "Blessed are they that mourn, for they shall be comforted" are our dear Redeemer Christ's own words, and very true they are. I perceive you are a prayerful, meditative, God-fearing man, and, therefore, I take the liberty in quoting our dear Saviour's (own) words and leave you in His mighty keeping. Accept our united good wishes and regards.—Believe me, sincerely yours,

J. P. WARNER.

---

*Doomas, May* 26, 1897.

MY DEAR SETT NOWROJEE,—I was grieved to hear of the death of your amiable and ever-respected

benevolent and philanthropic mother, Bai Motlibai. She was always willing to assist the needy, and her place will not be filled for many years to come in the cause of charity, &c. Allow me to sympathise in your sad bereavement.—Yours very truly,

DAMODERDAS TAPIDAS.

---

*Bombay, May* 26, 1897.

DEAR SIR,—I send you the deepest sympathy in your grief at the death of your dear and venerable mother. She has died full of years and of honours, the noblest of her sex in Bombay.—Believe me, yours sincerely,

JAMES DOUGLAS.

---

*Bellasis Road, Byculla,*

*Bombay, May 27th,* 1897.

DEAR SIR,—I have read with extreme regret of the sudden bereavements, noticed in the Bombay papers, which have lately befallen you and, though unknown to you, beg to share in that sympathy which, I am sure, all Europeans feel for you in the loss of your venerable mother and brother, who have done so much for India and left behind them a name for deeds of charity almost unrivalled. The "Motlibai Hospital" alone is a noble testimony to the world of the charitable disposition actuating your family, and every time I go there to visit the sick I cannot help feeling what a blessing it is to many. Yet it is only one of numerous good deeds which will live on after this

generation has long passed away. I should much like to call on you, and shall be glad if you will kindly tell me what day and hour will be convenient. Meantime I trust the God and Father of us all will comfort and sustain you in the overwhelming grief which you must feel, and am with much respect,—Sincerely yours,

J. TAYLOR (REVEREND).

---

*Broach, May* 26, 1897.

MY DEAR SIR,—Allow me to tender to you my heartfelt sympathy on the demise of your truly worthy and dear mother, Bai Saheb Motlibai. Although she was in weak health, I have no doubt it was immediately hastened by the shock from the lamentable death of your good brother. It is a real pity that two such nice and noble members of your family should be so suddenly removed. Your charitable old mother did not deserve to die, as also your good brother. Everybody feels so much pained, and let me tell you, from my brief acquaintance, that my pain is not less. But God's decrees must be submitted to. May you in your loss have the strength and courage to bear your loss. I need not say more.—Yours sincerely,

KAIKHOSROO EDALJEE MODI.

---

60, *Tamarind Lane, Fort,*

*Bombay, May* 27, 1897.

MY DEAR MR. NOWROJEE,—I beg to offer you my sympathy and sincere condolence in your grief at

the loss of the good lady, your respected mother. I have read with interest the account of her many charities and the great respect in which she was held by all classes in this city. I take this opportunity to ask if it will be convenient for you to see me. I am leaving for Europe on Tuesday next.—Yours sincerely,

JOHN A. KIRKBRIDE.

---

*Prospect Lodge,*
*Altamont Road, May* 27, 1897.

DEAR MR. NOWROJEE,—Owing to indisposition I had been prevented from paying my condolence call on your mother and the rest of you, and, strange to say, just on the day I intended to call, I was shocked to learn that within twenty days your loving mother had followed your beloved brother, and you are thus left grievously to mourn two souls dear to you as your own. These bereavements will leave voids in your heart unapproachable to consolations. All I can do is sincerely to condole with your poor widowed sister-in-law as well as yourself and all the rest. The ways of Providence are beyond human knowledge. Be resigned, that is easy to preach, but hard to practise. Still the required firmness for it comes first from faith in Him Whose wisdom is as unerring as His omniscience, and next in the occupation to perpetuate the memory of the dear departed ones with benevolent institutions which will outlive generations. Of these the one, in filial love, I would like most so to outlive, is the Alexandra Institution.

With your present filial feelings you will readily sympathise with my request kindly to let your mother's and brother's memories be connected with this institution as well as with others. You personally knew my father well, and will gladly acknowledge his far-seeing wisdom with which, for years, he undauntedly contested the claims of Female Education, at a time when very few saw its need. With renewed earnest sympathy,—I am, yours sincerely,

SERENE M. CURSETJEE

---

*Yacht Club, Bombay, May* 31, 1897.

MY DEAR MR. WADIA,—I have delayed writing or calling upon you, as I felt sure you would be overwhelmed with grief, and also with work upon the decease of your good mother. But now I will no longer delay writing to express my sincere sympathy with you in the great loss you have sustained. I know with what affection you always regarded your mother, and how great a reliance you had on her sound judgment, and the loss you have suffered will, I know, be deeply felt. You must let me know when you feel equal to receiving visitors, and I will call and have a chat. With kind regards, sincerely yours,

R. A. WILLIS.

---

*Bandora, May* 30, 1897.

The Sisters of St. Joseph's Convent, Bandora, unitedly offer Mr. N. M. Wadia, C.I.E., their most sincere and heartfelt sympathies for the loss of his

mother Bai Motlibai, and will pray that God Almighty may comfort him in his bereavement.

---

કારવાર તા॰ ૨૫-૫-૯૭.

## મેહરબાન વાડીઆજી શાહેબ નવરોજજી માણેકજી

## સી. આઈ. ઈ.

જત ભાઈજી આજ દીને તમારી તરફનો તાર હમુને શવારે ૯)વાગે મલીઓ છે ને તે ઉપરથી જાણી બેહદ દલગીર થયા જે તમારા નેક નામ માતાજી શાહેબ બેહશતનશીન થયાછે. એ બનાવથી તમોને પોતાને તો બેહદ દલગીરી ઉતપણ થાઈ હશે એમાં તો કશો શક છેજ નહી, પણ તમારી શાથે શઘલી પારશી કોમને પણ દલગીર થવાને કારણ મલીઉં છે. બેહશતન બાઈએ પોતાના ઘરમના કામોથી તથા પોતાના મઆલુ દીલને લીધે શરવે કોઈને પોતાના આભાર તલે આનેઆ હતા, ને એવા એક આશામીના ગુજરવાથી એક ગ્રહસ્થને અથવા કુટુંબને નહી પણ શરવે કોમને પણ દલગીરી હાશલ થાવી જોઈએ. ખોદા તમુને એવે વખતે પુરતી ધીરજ તેના હોકમને શરણ થવાને બખશે અને તેમજ તમારા શરવે કુટુંબને પણ બખશે.

આએ ઠાંકણે હમોએ મુમબાઈ આવીને તમુને મલવાનો ઘણો વીચાર તથા ખાએશ રાખી છે કે ૨) દાહડા આવી તમો ભાઈને મલા જઇએ ને જોકે ઈશટીમર બંધ થવાને લીધે પગ રસતે નજીક ૭૫) માઈલ આવવાનું હોવાને લીધે શેજદો થાએ તેમ તો આવવાને બનતું નથી તોબી તે પછી ૨) દાહડા આવી જવાને લીધે હમોએ તજવીજ કરી છે ને જો ધારીઆ પરમાણે arrangement થઈ શકશે તો જરૂર ૨) દાહડા આવી તમુને મલી જઈશું. લા. શેવક,

કાવશજી ખ. જમશેદજીનો સલામ.

---

તીથલ તા. ૨૬ મેહે ૧૮૯૭.

## મેહેરબાન શેઠ નવરોજજી મા. વાડીઆ.

તમારા માતાજીનાં મરણનાં માઠા સમાચાર અતરે જાણી હું ઘણો દીલગીર થયો છેઉં. એક માસની ટુકી મુદતમાં આપનાં કુતંબ ઉપર

જે બેવડું દુખ પડયું છે તેમાં તમારી દલગીરીમાં ભાગ લેઉંછું, ખોદા-તાલા મરનારના રૂહને શાંતી બખશે, અને એ દુખનો કદકો ખમવાને તમોને હીમત આપી સબુરી બખશે. લા. સેવક,

જીવનજી જમશેદજી મોદી.

---

માઉનત મોલકમ, માહાબલેશવર, તા. ૨૬ મી મેહે ૧૮૯૭.

**નેકનામ શેઠજીશાહેબ શેઠ નવરોજજી માણેકજી વાદીઆ.**

જત તમારા માતાજીશાહેબ બેહેશતનશીન થવાનો તમારો તાર ગઈ કાલે આવ્યો તે વાંચી ઘનાજ દલગીર થયા છઇએ અને તે વીશેનો તાર હમોએ તમોને મોકલીઓ તે પોતો હશે.

એ બનાવ ઘનોજ માઠો અને દુખદાએક બનીઓછે.

બચારાને બુધાપાના વખતમો બેહેશતનસીનશેક નશરવાનજી વીશે-નો કારી જખમ લાગવાનો, જેવા શરજીત હશે તે, જોઇને તેવોની પ-છવાડે પોદા દીવશમાં ચાલી ગયાં. એ બનાવ ઘનોજ આકશોસ ભરેલો અને દુખ ભરેલો બનીઓ છે, વાશતે જેમ તે કીરતારના કરવા ઉપર સબુરી રાખવા સીવાએ આપન ઈનશાન જાતનો કશો ઈલાજ નથી, તમો સમજુ છેગો એટલે વધારે લખવાની જરૂર નથી હમો હ-મારા ખરા અંતઃકરણથી તમારી દલગીરીમાં ભાગ લઇએચ, હમારી દલગીરી તમારા કુટુંબમાં કેહેવાની તસદી લેજોજી. ખોદા તમોને તન-દરોસતી ભરેલા સલામત રાખે.

લા. શેવક,

**બેરામજી જીજીભાઈનો સલામ.**

---

બોદ વીલા ખનદાલા તા૦ ૨૭ મેહે ૧૮૯૭.

**મેહેરબાન શેઠજી સાહેબ નવરોજજી માણેકજી વાદીઆજી સી. એસ. આઈ. જોગ.**

તમો શાહેબના વાહલાં માતાજી બાઈ મોતલીબાઈના નીપજેલા શંતાપકારક મરણથી, તમો શાહેબના કુતંબને ભારે દુખ અને ગમગીની ઉપજી છે તેમાં હમો ભાગ લઈએ છીએ, તેમજ હમારી પુરતી દીલસોજી છે. તમો સાહેબને જે દુખ ઉપજીયું છે તે બને, નહી

વરણવી શકાએ, પન બેાદાતાલાના હુકમ આગળ આપણ માનશ જાતનેા ચાલે નથીજી, હમેા દુવા ગુજારીએ છીએજી કે, એ ભારે દુખ શહન કરવાને બેાદાતાલા તમેા શાહેબ, અને કુતંબને હીમત અને શબુરા બખશે એજ અરજ દીલાશા ભરેલી દુવા શાયે.

લા. શેવક હેારમજજી ખમનજી જીજીભાઇનેા શલામ વાંચજોજી.

---

માઠેરાંન તા. ૨૬ મી મેહે ૧૮૯૭.

મેહેરબાન પેચ્યારા શેઠજી સાહેબ શેઠ નવરેાજજી જોગ.

જત ગઈ શાંહાજે અસુરેઠી શાંભલી ઘનેા દલગીર ઠાયેાછું, જે નેક-નામ માતાજી શાહેબ બાઈ મેાટલાબાઈ બેહેશતનશીન ઠાયાંછે. શેઠ નશરવાંનજીનાં મરણ પછી આતલા ટુંક વખતમાં આ માઠેા બનાંવ બનવાથી તમેા શેઠને ઘનુ લાગતું હશે. પન શાહેબનાં હેાકમ આગળ આપરૂ ચલન નહી, પરવરદેગાર તમેાને મીરજ અને શબુરી આપે, અને હવે તમેા પેાતાને, શાહેબ તનદરેાશતી અને લાંબી હઈઆતી બક્ષે.

મારી નાદરશત તબીએતને લીધે હું અતરે આવે એાછું, ને દલગીર જેઉઠમનાંમેા આવવાને બનતું નઠીજી.

આજ શવારે કીધેલેા મારેા તાર તમેાને પેહેાતેા હશેજી.

લા. શેવક ફરીરોઝ ખ. રૂ. શેઠનાનેા શલામ વાંચજોજી.

---

અંડાલા તારીખ ૨૮ મે ૧૮૯૭.

મેહેરબાન પ્યારા ભાઈશાહેબ શેઠ નવરેાજી.

જત છાપામેા વાંચી અતીસે દીલગીર થાયા છેઇએ, મુરબ્બીજી માયજી મેાટલાબાઇનેા સ્વર્ગવાસ થયેા છે. એવેા મરહુમનાં આએ દુનીયામેાથી જવાથી, એમની જગ્યેા હવે મુંબઇમેા ઔરત જાતમેા હમેસ ખાલી રેહેવાની એમ કહીએતેા ચાલે. તેનાવેા જુના જમાનાંનાં, પાકાં અનુભવી આદમી હતાં, તેમજ પેાતાની જીંદગીમેા, ઘણાં સારાં નેક કામેા કરી, આપ જેવા નેક સાહેબજાદાને પેાતાપછ-વાડે રાખી પેાતાનું નામ અમર કરી ગીયાં છે. બેસક; હેવા મુરબ્બી

માતાજી દુનીઆમેા સરવે કેાઈને મલતાં નથી. એવેાનાં જવાથી મુંબઈ નગરીને મેાેહેાટું નુકસાન લાગું છે. અને તે નહી પુરાય હેવાં નુકસાન માટે આખું સેહેર દીલગીર છે, જે સાથે મહારા ખરા જીગરની દીલગીરી તમેા ભાઈપાસે જાહેર કરવા શેવકને રજા આપસેાજી. હાલમેા હું ખંડાલે રહ્યું છું જેથી માહારેથી આપ પાસે આવે દીલગીરી જાહેર કરવા આ માઠા બનાવ પર હાજર થાવા બનતું નથી, જે માટે માફી આપશેાજી, પરવરદેગાર આવે માહેતમ, સબુરી શાયે સહન કરવા તમેા ભાઈને સબુરી આપે એ ચાહું છું જી. તસ્દી માફ કરશેાજી.

લા. સેવક તમારેા,

હરકીશનદાસ નરેાતમદાસનેા દુવાશલામ વાંચજેાજી.

---

શી. કેમ્પ દેવલાલી તા. ૮ મી જુન ૧૮૯૭.

ઉમર દરાજ નેકનામ મેરવાન શેઠજી સાહેબ શેઠજી નવરેાજી માણેકજી વાડીઆજી જોગ.

જત શેઠજીને લખવા કારન એ જે, શેઠજી નસરવાનજી વાડીઆનાં કવખતના નીપજેલાં મરણ વીસે સાંભલી. અત્યંત દલગીર છું પન તેતલામાં તમારા માતાજી બાઈજી મેાતલાંબાઈના મરણની કવખતની ખબર સાંભરીને અત્યંત દલગીર છું, કારનકે તમેા શેઠજી તમારાં દુખમાં ગીરફતાર થાએલાં હસેા. બેાદા તમેા શેઠજીને, તમેા શેઠ પર જે દુખ પરીઉે, તે સહન કરવાની સકતી બક્ષે અને તમેા શેઠજીને લાંબી જીંદગી બક્ષી તમારૂં કલીયાન કરે એવી તે બારે હુકતાલાની મેરબાની તમેા શેઠજી પર ઊતરે. આએ કાગલ લખતાં અસુરૂ થયું ચ માતે માફ કરજેાજી.

લા. દુવાગીર માનેકજી દેાસાભાઈ ફરામરેાજની સલામ વાંચજેાજી.

---

ખંદાલા તા. ૨૫-૧-૯૭.

મેહરબાન ભાઈજી શાહેબ ભાઈ નવરેાજી.

જત હમનાંજ તમારાં નેક માતાજીનાં મરણની ખબર શાંભલી દલગીર થયાં. જે મતે શાહેબનેા હેાકમ, બીચારાને થેાડા દાહાડાને ખાતર

નહી ખમાંએ તેવો ઘાહા લાગેા, પણ આપરેા ઈનશાંણ જાતનેા એમાં કશેા ઈલાજ નથી, તેનાં કીધા પર શબર કરવા શીવાએ કશેા ચારેા નથી, ફરી એકવાર તમારા ગમમાં ભાગ લેઈ ખતમ કરૂંચ, જે ખોદા તમેાને એવા વખતમાં ધીરજ અને હીમત બખશેા એજ.

લા. દુવાગીર એન,
ચાંદનબાઈ હોરમારજી.

---

શુરત તા. ૨૫ મેએ ૧૮૯૭.

## ઉમર દરાજ નેકનામદાર મેહેરબાન મુરબ્બીજી સાહેબ શેઠજી નવરોજજી માણેકજી વાડીયાજી સાહેબ.

લખતાં બેહદ દુખ ને સંતાપ થાએછે કે, આજ સહવારના ળા કલાકે મુરબ્બી સાહેબ માતાજી બેહસતનસીન થવાનેા તાર પુગેા, પરવરદેગારની જનાબમાં સહુ કેાઇને મોરે વેહલે જઆ સીવા છુટકેા નથી, પણ દુખમાં વધારે દુખ એ લાગેછે જે ફરેસતાઇ ખસલતના મારાં નેક મુરબ્બીને, આ માસમાં માહા કાહરી જખમ અંતકરણ ઉપર પડીએ, અને તેજ દુખથી વીસમે દીવસે પેાતાના વાહલા કલેજા આગલ જઇ વાસેા કીધેા, પંણ એકમાસ આગલથી પેાતાની બે વાહલી આખેાને મુકી આગલ થએલા હતેતેા, હાલ જે વીસ દીવસ, તેવીસ ભવ, જેટલાં એવેાનું અંતકરનની દુખી હાલત થએલી તેથી એટલું દુખ લાગતે નહી.

વાહલા મુરબ્બી સાહેબ, તમેા સાહેબ જેહવા એવનનાં નેક બખત કરજંદ, કે જે મેાહેાટી ઉમરે સઘલી રીતે બુજરોગ મુરબ્બીના માન મુજબ આજ સુધી આપે જે તાબેદારી કીધીછે, તે મારી આખેાથી જોએલું કદી ભુલાએતેવું નથી, એવા સખસેા ચાલુ જમાનામાં કવચીતજ જનાતા હેાસે, આપના નેક બખત ભાઈ તથા મુરબ્બી વીસ દીવસમાં બેાઈ બેથાચ, એ આપના અંતકરનને કેટલું ને કેહેવું દુખ લાગતું હેાશે, તેની બીજાને સમજન ન હેાએ, મારા માબાપ ગુમાવેલા, પણ તમનેા બદલેા મારા મુરબ્બી માતાજી તરફથી સઘલી રીતે મલતેા, તેથી માહરા માબાપ તેા આજેજ ગુમાવી બેથેાછું. આ ઠેકાને બેાદાસીવા કેાઇનેા હેાકમ ચાલતેા નથી, માટે તેહેના હેાકમને તાબે રહેવાસીવા હવે કેાઈ એલાજ નથી, હવેતેા બેાદા સાહેબ તમારા બેસ કુટુંબીઓની

નેક દોવા તમોને આમીન કરે, ને પુર તનદરોશથી સાથે લાંમખી જીંદગી બખશે એટલુંજ તે સાહેબ પાસે માગીએછે. તે ખોદા આમીન કરો.

સાહેબનો બીજો તાર મલેઓ છે. આવતી કાલે ઊથમના વીગ-રેની કીરાઆ ધારા પરમાણે કરશું.

લા. સદાનો દોવાગીર તાબેદાર ગરીબ સેવક
પેસતનજી બેહરામજી એટીનો દોવા બંદગી કબુલ કરજો.

---

ભરૂચ તા. ૨૭ મી મે ૧૮૯૭.

નેકનામ સદા મેરબાન શેઠજી સાહેબ શેઠ નવરોજી માણેકજી વાડીયાજી જોગ.

જત જાણી, વલી અતીયંત દલગીર છું કે, મેરબાંન મુરબીજી મા-તાજી સાહેબ બાઈ મોતલાંબાઈ બેહેશતનશીન થાયાં છે. ખોદા એ-વણના રૂહને સારી જગા આપે.

એ બનાવ ઘણો ખોટો થાયો છે, અને આપ સાહેબને એકેક પછીના એ બનાવથી ઘણું દુખ ઉત્તપન થયું હોશે, જેમાં મુજ ગરીબ સેવક-ની ખરી દોલસાજી છે. પણ આપતો દાનાવ છો, ને સમજોછો કે તે કીરતારના બનાવ આગલ આપણો ચારો નથી. ખોદા તમો મુરબી સેઠજીને તથા સર્વેસાથને તંદરોસ્તી ભરેલાં રાખે એ મુજ ગરીબ કા-મતરીતની દુવા ખોદા આમીન કરે.

લા. તમારો નમનતાઈ ભરેલો તાબેદાર ગરીબ સેવક
જાંગીર અરદેસર ગુસ્તાદજી કોહીયાર
ની ઘણી ઘણી માન પુરવક સલામ વાચજોજી.

---

પુના તા. ૨૮ મી મેહ ૧૮૯૭.

સરકારજ નેકનામદાર શેઠજી સાહેબ શેઠ નવરોજી માણેકજી.

જત નેકનામવર માતાજી સાહેબ મોતલીબાઈજીના બેહેશતનશીન થાવાની ખબર "દખન હેરલદમો" વાચી અતીસે દલગીર થએાછું,

કે બચારા નેકનામદાર ભાઈ નસરવાનજીના દુખદાયક મરનનો ઘા, સાફી સફીઆ નહી, એ મોહોતું અફસોસ ભરઉ થઉંછે તમો સેઠજીને ખોદા સલામત રાખે ને લાભભી ઉમર શુધી જીવતા રેખો, એ હમારી સરવેની દુઆ તમોને આમીન થાએ, જાદા શું લખું, તમો પોતે સારી સમજનાં માલેક છેઓજી.

લા. દુવાગીર ભાઈ,

**એદલજી જીવાજી અંકલેસરીઆની દુવા આમીન થાઓ.**

---

ઊદવાડા તા૦ ૨૫ મી મે ૧૮૯૭.

**મેહેરબાન શેઠજી-રાહેબ-નવરોજી માણેકજી વાહાડઆ શી.આઈ.ઈ.**

તમો શાહેબનો તારનો શંધેશો, માતાજી શાહેબ મોટલાંબાઈ ગેઇ કાલે રોજ ૧૨ બાહા ૯ દીને રાત્રે બેહેશતી થવાનો આજે બપોર પછે શવ્વા બે કલાકે મળેઓ, તે વાંચી ઘણોજ દલગીર થયો છું, આખરે ૨૦ દીવશ પાછળ બોદાનો હોકમ થએઓ, હવે તે માલેકના કરવા ઉપર શબર પકડવી. તમો શાહેબ આખી જીંદગી સુધી શઘળાં શાથે વશી, હવે એકદમ એકલા પડી ગયાછો, તેથી ઘણો દલગીર છેઉં, પણ તેને માટે અફશોશ કરવો નહીં. તમારાં માતાજી એક દીકરો બેહિવાથી કમનશીબ ગણાતાં હતાં, પણ તમો શરખા લાએક દીકરાને મુકી બેહેશત પામવાથી, ખરાં ભાયગશાલી હવે કેહેવા એઆંછે. માટે તમો શાહેબે બોદાતાલાના, એ કામો તરફ, શબુરી અખતેઆર કરવી હેવા માહારી અરજ છે.

માતાજી શાહેબનો છેલો શેજદો કરવાથી હું બેનશીબ રહેઓછું, તેથી ભારે દલગીર છેઉં; પણ મારા નશીબમાં નહીં હશે એટલે લાચાર.

માતાજી શાહેબની નઈઅતે ચહારમ શુધીનું સરવે કીરીઆ કામ કરાવીને હું તુરત તમારી શેવામાં હાજર થઈશજી, એજ વીનંતી.

લા. હમેશનો દુવાગીર શેવક,

**મેહેરામજી પેશતનજી ભરડા**
**ની દુવા સલામ વાંચજોજી.**

નોશારી રોજ ૧૩ મા. ૯ તા. ૨૫ મેએ ૧૮૯૭.

નેક નામ મુરબી શેઠજી શાહેબ નવરોજી માનેકજી વાહાડીઆજી, જત લખવા બેહદ દલગીર છું કે, મુરબી માતાજી શાહેબનો દલગીરી ભરેલો તેલીગ્રાફ પોહોતો છેજી, હોકમ મુજબ ઉઠમનાં વીગરેની ફીરીઆ કરશુંજી, પોતાની બુજરગીનાં વખતમાં મોહોટું દુખ જોઈને ગયાંજી, પોરા દીવશને માતે, પન જેમ તે ફીરતારની મરજી' હેમાં આપણો કશો ઇલાજ નથીજી, હાલ એજ અરજ લા. દોઆગો

દારાબજી દશતુર માહીઆરજીની દોઆ કબુલ કરવી.

---

માંડવી તા. ૨૫ મેએ ૧૮૯૭.

માહારા મેહેરેબાન મુરબીજી સાહેબ શેઠ નવરોજજી માણેકજી વાહડીયાજી.

જત-મુરબીજીનો ટેલીગરામ, આજ રાતના માંડવી મુકામે શેવકને પોહોતો, ને મુરબી બાઈ શાહેબ મોટલાંબાઈ બેહેશતનશીન થઆંનાં શમાચાર જાણી ગણાજ દલગીર થઆ છેઈએ, મુરબીજી ગણુજ નરશ થઉ છે, ને તમો શાહેબ ઊપર આએ નહી ખમી શકાએ તેવું દુખ આવી પડીયું છે, પણ ખોદાતાલાંના બનાવ આગળ લાચાર છેઈએ, માટે મુરબીજી હીમત રાખજોજી, ને તમો મુરબીને ખોદાતાલા, આએ નહી ખમી શકાએ તેવી આફત આવી પડીછે, તે ખમવાને શકતી આપે, હેવી દુવા ચાહીયેજી, મુરબીજી, માંડવી શુરતથી પ૦ માઈલ છે ને ૩ દીવશનો પગરશતો છે ને આજે રાતે ટેલીગરામ પોહોતો ને નજદીકમાં રેલવેબી નથી તેથી આવા અગતના વખતે શેવકથી આવી શકાયું નહી, તેવીશેની દલગીરી ગણી લાગેછે, શું કરીએ સરકારી નોકરીને, જંગલે જંગલ રજળવું પડેચ, તેથી લાચાર થઇ બેઠા છેઇએ, મુરબીજી બાઇ શાહેબના બેહેશતી થવાથી તમો મુરબીજીના ઉપર આએ નહી ખમી શકાએ તેવું દુખ આવી પડીયુંછેજી, પણ મુરબીજી હીમત રાખજોજી તથા તમોએત શંભાળજોજી હાલ એજ અરજ.

લા. શેવક નાહાનાભાઈ કાવશજીની શલામ વાંચજોજી.

દમણ, તારીખ ૫ મી મે ૧૮૯૭.

મેહેરબાન નેકનામ વાહાડીઆજી શાહેબ, શેઠજી નવરોજી માણેકજી સી. આઈ. ઈ. શાહેબ, મુકામ શ્રી મુંબઈ.

તમો શાહેબનાં ફીરતીવંત અને મહા પરમાતુ બુજોરગ માતાજીનાં ગુજરી જવાની દલગીરી ભરેલી જાણ મળતાં હમે સરવે, તેમજ દમણની આખી જરતોસ્તી અનજુમન અતીશે દલગીર થયા છે. અને એ માઠાં બનાવથી આપે મેહેરબાન માતુશ્રીનો છાયો ખોઢી દેવાથી જે દુખ થયુંછે, તે આપની દલગીરીમાં સગળાંની દીલશોજી છે, બાઇ સાહેબ મોટલાંબાઈ જેવા પરોપકારી, પરમાતમા માતા, ખોવાથી સગળી આલમને મોટી ખોટ ગઈછે, અને ગરીબોએ પોતાનાં એક ખરાં સખી દાતાર, પરદુખ ભંજન કરનારને ખોયાંછે, માતપીતાનો છાયો ખોઢી દેવો, એનાં જેવું સંતાપ ભરેલું કાંઇ નથી, તેમાં ખસુસકરી આપનાં માતુશ્રીનાં ભલા ગુંણો, સખી દીલગુરદો, તેમની બાહોસી અને સાદાઈ, આજના જમાનામાં પડો લેવા લાએક છે, તેવાં બખતાવર માતાજીનો છાયો ખોવાથી આપને ભારે અફસોસ થાએ એ સ્વભાવીક છે, મગર ખોદાનાં હોકમ આગળ માણસ જાતનું કાંઇ ચાલતું નથી એટલે તે ફીરતારનાં બનાંવને આધીન થઇ, તે ઉપર સબુરી રાખવા સીવાએ બીજો કસો ઈલાજ નથી, તમો સાહેબ દાનાઓ, અને સગલી વાતે સમજદાર છો, એટલે બનતી ધીરજ રાખી મનનું સમાધાન કરસો.

પરવરદેગાર તમો શાહેબને અને સરવે કુટુંબને, ઘણી તંદરોસ્તી અને લાંબી જીંદગી સાથે હમેશ ખુશી ભરેલા આબાદ રાખે, અને આપનાં મહા પરમાતુ માતુશ્રીનાં સદગુણો અને સખાવતને ઘગલે ચાલી, આપનાં ખાનદાનનો ફીરતી અને સખાવતનો જરો ચાલુ અને અમર રાખવાને ખોદાતાલા તમો શાહેબને નેકી અને બુધી બખશી, તમાંરૂં ખાતું હમેશાં આબાદ રાખે, એમ હમો સરવેનું ચાહાવું, આમીન આમીન એજ વાનેતી.

લા. રોવક રોહરાબજી માણેકજી કાવસજીની દુવા સલામ વાંચજોજી.

સુરત, તા૦ ૨૭ મી મે ૧૮૯૭.

## મહેરબાન મોદાદરજાનાં મુરબ્બીજી સાહેબ શેઠ નવરોજી માણેકજી વાડીયાજી.

આપનાંમદારનાં દયાલુ હાતમ દીલનાં ભાઈ શેઠ નોશેરવાનજી ગુજરવાને મહીનો નહી પુરો થયો. એટલાં તમારા માથાનું છતર, યનિ તમારા હાતમ દીલનાં માનવંતા ગુજરગ માતાજી હક થયાં છે. આ બે માંઠા બનાવે આખા હિંદુસ્તાન, તેમજ પરદેશોમાં, કયાંકે જ્યાં જ્યાં એ હાતમ દીલનાં મા બેઠાની સખાવતો લંબઈ છે, ત્યાં સઘલે ઠેકાણે એકે અવાજે સઘલાં લોક દલગીર છે.

આ મા દીકરાનો ગુજરવાનો આ વખત નહી હતો, કારણ સૌનાં પાલનાર હતા. હજુ ભલે સો મરતે તો પરવડતે, પણ આવા ઉમરાવોનાં ગુજરવાથી આલમ દલગીર છે, પણ ફાની દુન્યાં કોઈને છોડતી નથી; જેમ પાક પરવરદેગારની મરજી, હવેતો હમો હમદર્દોનાની એજ દુવા છે કે બોદાતાલા એ બંધે મા દીકરાને બેહેશતમાં શારી જગા આપે અને બોદાતાલા તમને ઘણી લાંબી જીંદગી તથા તનદરોસ્તી બખશે અને એ હાતમ દીલનાં મા બેઠા જેવું પોતાનું હૈયાતીમાં અમરનામ મુકી ગયા છે તે પગલે આપ ચાલશો ને હજારો ગરીબોનાં નેક આશીરવાદ લેશો એવી દુવા બોદા આમીન કરે.

આશા છે કે એ હાતમ દીલનાં મા બેઠા જેવી પોતાની હૈયાતીમાં હાતમ સખાવતો કરી ગયાં છે તેવી સખાવતો પોતાની પાછલ કરવાને પણ ફરમાવી ગયાં હશે હાલ એજ અરજ.-હું છું તમારો હમેશનો તાબેદાર દુરનો બેશી

**શુરતવાસીનો નમનતાઈ પુરવક સલામ વાંચજોજી.**

---

સીગણપોર કુલવાડી તા૦ ૨૮ મેઈ સન ૧૮૯૭.

શદાના મેરબાન નેકનામ, શેઠ નવરોજજી ગુ. માણેકજી વાડીઆજી, લા. શદાના તાબેદાર શેવક મેરવાનજી ખરશેદજી હાથીખાનાવાલાની અરૂજ બંદગી કબુલ કરવીજી, લખવાને અતીશે દલગીર છું કે નેકનામ માતાજી મોતલાબાઈ આએ ફાની જેહાંન છોદી ગઆછે, યનુજ નરશ થઈ છે, તેથીબી વધારે નરશ બનાવ મેરબાન ભાઈ નશરવાનજીનો કારી ઘાહા દુખદાએક મરનનો હતો તે

દુખ ભરેલા ધાહાથી બીચારાં માતાજીની જઇદીમેા સહન કરી શકીઆ નહી, નેક બખતેાઃ અમ્રીા માતાજીને તથા ભાઈ નશરવાંનજીને, તેા હેવું મેાેહેાટું બેહેશત ઓદાતાલાએ બખશીજ હશે તેમાંતેા કશેા શક નહી. હમેા તેમજ હમારૂં શધલું કુતુંબ દલગીર છેઈએ, તમેા નામવર મુરબ્બાને પાક પરવરદેગાર એ દુખ સહન કરવાની શક્તી બખશે. મુરબ્બીજી તમેાતેા દાનવ છેાઃ હમારે જાદાં લખવાનાં કશી જરૂર નથી, શેવક શરખું કામ કાજ ફરમાવજોજી, મુરબ્બી માતાજી જેવી શેવક ઊપર મેરબાંની રાખતા આવીઆ છે તેવી કાએમ રાખવીજી હાલ એજ અરજ.

---

## નેકનામ મેહેરબાન કદરદાન ગરીબ પરવર સલામત મુરબ્બીજી સાહેબ શેઠજી નવરેાજી માલેકજી વાડીઆ. શી. આઈ. ઈ.

અતી ખુબીવંતા નામદાર શાહેબ. જત લખવાને ભારી દલગીરી અને સંતાપ ઉપજે છે, કે આપનામદાર શાહેબનાં ખુબીવંતાં ધરમી માતેાશ્રી શાહેબ બાઈ મેાટલાંબાઈ આએ દુનીઆં ત્યાગ કરી મીનેાઈ જેહાનમાં કુચ કરી ગયાં છે. એ માંઠા બનાવની સંતાપ ભરેલી ખબર, મારાં જાણવામાં આવતાં, મને અને મારાં આખાં કુટુંબને મેાટી દલગીરી ઉપજી છેજી, અને આપ નામદાર શાહેબને થાડા ઘેાડા દીવશનાં અંતરમાં જે સામટાં દુઃખેા અને દલગીરી ઉપજ્યાં છે, તેમાં મેં અમે મારાં આખાં કુટુંબે ખરી દીલશેાજી સાથે ભાગ લીધેાછેજી, નામદાર હાતમદીલનાં ધરમી માતેાશ્રી શાહેબનાં મુબારક હાથથી જે જે ધરમેા થયા છે, તેવીશે આએ તેમે મારા તરફથી એટલુંજ જણાવવાની રજા લઉછું કે આખાં હીંદુસ્તાનની પારશી કેામની સ્ત્રી જાતીમાં એ મરહુમ માતેાશ્રી શાહેબ એકલાંજ હતાં, કે જે નામદારને હાથથી લાખેા રૂપીઆનેા ધરમ થયલેા છે. કે એટલેા મેાટેા ધરમ બીજી કેાઈપણ પારશી સ્ત્રીને હાથથી થયેા નથી, એટલુંજ નહી, પણ આગલ વધીને હીંમતથી કહું છું, કે આખા હીંદુસ્તાનની તમામ કેામની સ્ત્રીજાતીમાં એકભી સ્ત્રીએ કીધેા નહી હશે, આવાં પરદુઃખભંજન ધરમી માતેાશ્રી શાહેબનાં મરણથી, અચીત મેાટેા અફશેાશ છુટેછે. નામદાર સાહેબ મને માફ કરશેાકે આપનામ-

ઘરેજ ધરમી દોલનાં માતાજીને ખોયાં નથી, પણ આખી પારશી કોમે પોતાનાં માતાજીને તોલનાં એ માતાજીને શદાનાં ખોયાં છે, કે જેના મોટી ખોટ કેટલાંક વરશ સુધી રહેશે. તેમાં બીચારાં હજારો નાવારશ કુટુંબો કે જેઓ નામદાર ધરમી માતેશ્રી શાહેબની છુપી સખાવતથી પલાતાં હતાં, તેઓ બીચારાંને માથેથી પાલનહાર છતર શદાનું ઉડી જવાથી, તે બીચારાંઓ તદન લાચાર થઇ આ એ દુનીઆંનું તમામ શુખ ખોઇ બેઠાં છે જેને માટે તાંબદાર શેવકને બેવડી દલગીરી ઉપજેછેજી, અરે ખોદા! પેલી કહેવત છે તેમ સો મરજો, પણ સોનો પાલનાર રખે મરતો. તે પરવરદેગાર પાસે બે હાથ જોડી માંગું છું. કે નામદાર બેહેરતનગીન માતોશ્રીજી શાહેબનાં અશો રૂહને બુલંદ બેહેસ્તની જગયા બખશીને શદાની સાંતીમાં રાખજે અને આપનામદારને જે દલગીરાઇપજી છે તે સહન કરવાને હોમત ધીરજ તથા સબુરી બખશજે. નામદાર શાહેબ ખોદાની મરજીનાં હોકમને મ ત્ર તાબે થવા શીવાય બીજો કશો ચારો નથી માટે તે માલેકનાં હોકમને તાબે થઈ જરા વધારે હીમત તથા ધીરજ રાખી સબુરી અખત્યાર કરશોજી, અને સંમલાં સામટાં કામનો બોજો એકલા હાથમાં આવી પડયો છે, તે સેહેલાઈથી ઉપડવાને ખોદાજી તમો નામદાર શાહેબને પુરતી તંદરોસ્તી બખશે, અને ગરીબોને માથે ઘણા વરશ સુધી જીવતા રાખે. તે રહેમી પરવરદેગાર આપ નામદાર ખુબીવંતા શાહેબનો શદા મદદગાર થાય, હમારી દમણની અનજુમન અને મુખ્ય કરી તેના સુકાણીઓની વફાદારી માટે બોડાક સબદો બીજી વખતે આપ નામદાર શાહેબને જણાવવાની રજા લઈશજી એજ અરજ.—શેવક લાયક કામકાજ ફરમાવશોજી. મારા મેહેરબાન ખુબીવંતા વાહાડીઆજી શાહેબ હું છું શદાનો ભલું ઈચ્છનાર તાબદાર

શેવક બ્યરદેશર શોરાબજી બોશતવાલા.

શ્રી દમણ તા૦ ૨૭ મી મે સને ૧૮૯૭.

---

ઈંડોનીતી કલબ, ગ્રાંતરોડ, મુંબઈ તા. ૭ મી જુન, ૧૮૯૭.

શેઠજી સાહેબ,-શેઠ નવરોજી માનેકજી વાડીઆ, સી.બ્યાઈ.ઈ.

ગેઇ કાલ રોજે ઈંડોનીતી કલબનાં મેમબરોની વારશીક શભા મલી

હતી, તે તાંકણે નીચે ઊતારેલો ઠેરાવ એકમતે પશાર થાએો, તેની નોંધ માન સાથે તમો આગલ અતરે રજુ કરીએચ "કે આપનાં માનવંતા સરનશીન શેઠ નશરવાનજી જહાંગીરજી વાડીઆનાં અકાલ મરણથી. આએ કલબના મેમબરો ઘણા દલગીર થાએચ, એવો કલબનાં એક આગેવાન તેમજ ઘણા એરખાહા મેમબર હતા અને પોતાની હઈઆતી શુધી કલબને ઘણો શારો આશરો આપાએો હતો તેથી એવોનાં મરણથી નઈ પુરાએ હેવી કલબને ખુત થાઈચ, એ ઠેરાવનાં નોંધની નકલ હેવોની વાંધવા બાઇ સાહેબ બાઈ પારોજબાઈ તા. હેવોના ભાઈ સેઠ નવરોજજી માનેકજી વાડીઆ ઊપર મોકલી આપવી." એ માહાભારત દુખ સહન કરવાને પરવરદેગાર તમોને શકતી આપે અને તનદરોશતી બખસે એવી હમારી દુવા તમોને આમીન થાએ.

લાં. તમારો નમનતાઈ ભરેલો શેવક,
ખરશેદજી રોરાબજી વાડીઆ,
હોનરરી શેકરેતરી.

---

*Panjrapol Office, Poona, 6th June*, 1897.

TO SHET SAHEB NOWROJEE MANEKJEE WADIA, C.I.E., BOMBAY.

SIR,—It was with great feelings of sorrow and regret that the Managing Committee of the Poona Panjrapol learnt the death of your esteemed and beloved mother, the late lamented Bai Motalabai Jehangeer Wadia, at Bombay, which sad event took place soon after the loss the lady sustained in the death of her beloved son and your noble brother, Nusserwanjee Jehangeerjee Wadia. The Managing Committee beg permission to offer to you their condolences for the sad and sudden bereavement of two of your near and dear relatives within a very short

interval. The Committee hope that Almighty will give you strength and courage necessary to meet the calamity which was not in the hands of man to avert. It would not be too much to say that your late beloved mother was well-known for kindness and generosity, which was ever shown by her, whenever and wherever it was most needed. You are aware that her ladyship assisted the Poona Panjrapol when it received animals in numbers from famine-stricken places.—I beg to remain, Sir, your most obedient servant,

PESTONJEE LIMJEE,

Honorary Secretary, Poona Panjrapol.

---

ઉદવાડાની અનજુમનનું દીલાશાપતર.

શ્રી ઉદવાડા તારીખ ૨૮ મી મેએ, ૧૮૯૭.

**મોટા દરજ્જાનાં મેહરબાન વાડીઆજી શાહેબ શેઠ નવરોજી માણેકજી વાહાડીઆ, શી. આઈ. ઈ.**

લા. શ્રી ઉદવાડાની જરથોસ્તી કોમની અંજુમનની તરફથી ધરમનું કામ ચલાવનારા નીચે શહી કરનારા મુખીઓની દુવાશલામ વાંચજો. જત લખવાને ઘણાં દલગીર અને શોકાતુર છઈએ, કે તમો શાહેબનાં નેકનામ માતાજી શાહેબ શખીબજુદ બાઈશાહેબ મોટલાંબાઈ ગયા રોજ ૧૨ માહા ૯ શને ૧૨૬૬ ને દીને બેહેસ્તનશીન થવાનો દુઃખ ભરેલો બનાવ બન્યોછે. આ બનાવથી તમો સાહેબ ઉપર, એક પછી બીજી દલગીરીનો ઉપરાસાપરી જે ભારે બોજો આવી પડેઓ છે, તેવીસે હમો હમારી આખી અંજુમનની દલગીરી જાહેર કરી તમોસાહેબની દલગીરી અને દુઃખમાં અંતઃકરણથી ભાગ લઈએ છૈયે. તમારાં નેકબખત ધરમાતુ માતાજી સાહેબનાં મરણથી આખાં જરતોસ્તી ટોલાને મોટા

ખોટ ગએલી હમો સમજીએ છીએ. અને ખુશકરી હમારા ગામનાં સરખા. ગરાબ જરતોસ્તીઓને એ માયાલુ માતાજીની ખોટ નહી પુરાએ એવી છે, જે ની બહદ દલગીરી અને અફશોશ ઉપજે છે. તમો શાહેબનાં મરહુમ માતાજી શાહેબને આ ફાની જેહાનથી કુચ કરવાને આ વખત ખરો લાએક ગણાતો જોઈએ, પણ ગરીબોની કમનશીબ ઓતાનાં વાહાલા બેટા અને તમો સાહેબનાં કીરતીવંત ભાઈસાહેબ, મરહુમ શેઠ નસરવાનજીનાં બેહસ્તનશીન થવાનો ગમખાર બનાવ બનવાથી ૨૧ દીવસને માટે એ માયાલુ દીલનાં બાઈસાહેબ, જે ગમનો બોજો પોતાની છાતીઉપર લઈ ગયાં છે તેને માટે સરખે નાનાં કે મોહટાં બહદ અફશોશ કરે છે, અને હમેશાં ગરીબોનાં પાલણ કરનારાં તથા તંગદસ્તોને છુપી મદદ આપનારાં પોરમાતુ બાઈજીની અતાં મુલ્લેરગ વચ્ચેમાં ટુક વખતને સારૂ પડેલાં દુઃખનેમાટે સરખે અંતઃકરણથી દલગીર થાએ છે. પણ એ કુદરતનાં નહી સમજીએ હેવા ભેદ ભરેલાં કામને માટે આપણ ખાકીબંદા તદન લાએલાજ છીએ, એટલે સબુરી પકડવી જોઈએ. તમો મેહરબાન શેઠજીની પોતાનાં માતાજી તરફની તાબેદારી અને માયાલુપણું એટલુંબધું જાણીતું છે, કે આ બનાવથી તમો સાહેબને સઉથી વધારે ગમગીની ઉપજી હશે, અને ૨૦ દીવસની ટુક મુદતમાં તમો સાહેબ ઉપર માયાલુ ભાઈજી અને વાહાલાં માતાજીને સદાનાં બોહોવાનાં આવીપડેલાં બેવડાં દુઃખને માટે સરખે કોઈ તમો સાહેબ તરફ દેલશોજી ધરાવે છે. તમો સાહેબ દાનાવ અને આ ફાની દુનીઆનાં બેઢંગા કામોની પુરતી વાકેફગારી ધરાવોછો, તેથી એ દુઃખ ભરેલા બનાવો વીશે વધુ લખી તમો સાહેબનાં દલગીર મનને વધારે દલગીર કરવા ચાહાતા નથી, અને ટુકમાં અરજ કરીએ છીએ કે તમો સાહેબે સબુરો અખત્યાર કરી સરખે કુટંબને દેલાશો આપવો, ત્યા તમો સાહેબનાં કીરતીવંત માતાજી સાહેબ રોપેલાં શાખાવતનાં બીજાંને વધુ શાખાવતનાં જરાયા હમેશ આબાદ રાખી તે મરહુમનાં કીરતીવંત અને ધરમચુસ્ત કામોને સદા નીભાવી રાખવાનો જશ મેળવવો. છેવટે પાક પેદાનાં કરનારનો જનાબમાં હમો હમારા તરફથી તથા આખી અંજુમન તરફથી દુવા ગુજારીએ છીએ કે તે કરીમે કારસાજ, તમારાં એ બહસ્તનશીન માતાજી સાહેબને તે મીનોષ્ઠ જેહાનમાં પશુમ અખાન બહસ્તની જગ્યા બખશીશ કરે, અને તમો તેમનાં

નામદાર બેટાને લાંબી જીંદગી ઘણી તંદરોસ્તી સાથેની બક્ષશી તમારે હાથે ધરમ અને સખાવતનાં વધુ કામો કરાવી તમારાં નામવર કુટંબની કીરતીમાં મોટો વધારો કરાવે, એ હમારૂં ચાહાવું બોદા તમો મેહરબાંન શેઠજીને આધીન કરે. તમારાં મરહુમ માતાજી સાહેબ ત્યા તમો સાહેબની મેહરબાની-ઓ અને ડેશાન હમારા તરફ તેમજ હમારી આખી અંજુમન તરફ એટલું બધું છે. કે આ દુઃખદાએક પ્રશંગે, હમારો જાતે હાજર થઈ તમો સાહેબની દલગીરીમાં ભાગ લેવા ત્યા દોલાશો આપવાની હમારી ખરી ફરજ છે અને તે બજાવવા હમો અંતઃકરણથી આતુર છીએ. પણ મુંબઈથી પાછા વલતાં " કુઆરેનટાઇનનાં " જપતામાં રહેવાની દુઃખભરેલી અગવડથી હમો હમારી ફરજ બજાવી શકતા નથી, તેથી ઘણા દલગીર છૈએ અને હમારા આ દલગીરી પત્રને હમો પોતે હજર થએલા સમજવાની આપ સાહેબ મેહરબાની કરશો હેવી ઉમેદ રાખીએ છૈએ એજ વીનંતી.

લા. દુઃખાગો ખરશેદજી દશતુર મીનોચેરજી.
લા. દોખાગો પેશુતનજી દશતુર ખરજોરજી મોરજાં.
લા. દુવાગીર શેવક બેહેરામજી પેશતનજી ઈજદીયારજી ભરડા.
લા. દુવાગો મનચેરજી બેહેરામજી.
લા. દોખાગો મોબેદ દારાબજી ખશપંદીયારજી ભાદા.

---

શ્રી દમણ, તા. ૨૬ મી મે, ૧૮૯૭.

મોટાં ધરમાતુના સખીપુત્ર નામવર શેઠજી શાહેબ નવ-રોજી માણેકજી વાહાડીઆજી. શી. આઈ. ઈ.—જત લખવાને અતીશે દલગીરી અને ભારી ગમખારી ઉપજે છે જે, તમો શાહેબનાં નામવર અને મોટાં ધરમાતું સખીવજુદ માતાજી શાહેબ, બાઈ શાહેબ મોટલાંબાઈ આ ફાની દુનીઆનો તેઆગ કરી મીનોઇ જેહાંનમે જઈ ગરોશમાંન બેહેસ્તમે અશો ફરેા સાથે પોતાનો મુકામ કરેઆ છે. એ દુઃખદાયક ખબરથી હમો બેહદ દલગીર છે-જીએ. એ સખીવજુદ બાઈ પોતાનાં છેલ્લા દીવશો ઉપર, પોતાનાં

વાહાલા ફરજંદ નામવર વાહાડીઆજી શાહેબ નશરવાનજી જાંહાંગીરજીનાં અકાલ અને દુઃખદાયક મરણનો કારી જખમ અમી બેહસ્ત પાંમીઆં. એ દીલ દુખવનારો અફશોશ તમો શાહેબને વધારે લાગશે. એ સખી વજુદ બાઈ શાહેબે, પોતાનાં મરહુમને નાંમાકીત પોતા ત્યા વાહાલા ખાવંદનાં બેહેસ્તી થવા પછી લાંબી જીંદગી શુધી આ દુનિઆમે કંઈબી દુઃખ નહી જોયલું તે પોતાની છેલ્લી ઘડી સુધી હતું. પણ જીંદગીનાં થોડાજ દીવશ બાકી રહયા, તેમાં છેલ્લું માહાભારત દુઃખ જોઈ આએ દુઃખી દુનીઆં છોડીછે. એ નામવર વાહાલાં માતાજીનાં બેહેસ્તી થવાથી તંમો શાહેબને જે ભારી અફશોશ સાથે દલગીરી ભરેલી ચોટ ગઈ છે, તે નહી પુરી સકાય તેવી છે. એ બેહેસ્તનશીન માતાજીનાં બેહેસ્તનશીન થવાથી જેમ તંમો શાહેબે એક માનવંતાં માતાજી ખોહવ્યાં છે તેમ હમો સરખા મીશફીનોએ, તેમજ આખી જરથોસ્તી આલમે, એક ધરમનો સથંભ ખોહવ્યો છે, કે જે નાંમાકીત સખી વજુદ બાઈએ પોતાનાં પોતાજીનાં બેહસ્તનશીન થવા પછી લાંબી મુદતથી આજ શુધી ઉગમણથી તે આથમણશુધી, અને દખણથી તે ઓતર શુધી, પોતાનો ધરમ હાથ દરેક ધરમ ખાતાંમાં રાખેલો છે. એવા ગરીબપરવર માતાજીનાં બેહેસ્તનશીન થવાથી હજારો ગરાબો અફશોશ કરતા થયા છે. પણ શાહેબ, જાંહાં રોજે અવલથી જે કુદરતે નીરમાંન કીયેલું છે તે આપણ ખારી બંદાઓથી ફરતું નથી. માટે એવી ગમખારીને વખતે કુદરતના કરવાને તાબે રહી. શબર રાખી એ મરહુમ માતાજીનાં નામને જેબ મલે, તેવી રીતે તમો શાહેબ એ બેહેસ્તબેરે માતાજીનાં પગલાંએ ચાલી તમારાં આખાં કુટુંબનું નામ અને માન જાલવવાને તે કીરતાર તંમોને લાંબા આયુશ અને બીશોઆર તંદરોસ્તી બખશેશ કરે. તમો શાહેબનાં માતાજી તથા વાહાલા ભાઈનાં ઉપરાસાપરી બેહેસ્તી થવાથી. તંમો શાહેબ ઉપર તેમજ તંમારાં કુટુંબ ઊપર જે બેહદ દલગીરી આવી પડી છે, તે દલગીરીમાં તમારો દોઆગો પુરતો ભાગ લઈ સામેલ થાઉં છેઉં. અને એ દલગીરીમાં મારી લરફનો અદના દીલાશો આપનામદાર કુબુલ રાખી સરસે કુટુંબને જાહેર કરવાની તસદી લેશોજી. હવે તે પાક દાદારે જેહાંદારની જનાબમાં બંદગી કરી અરજ ગુજારૂં છું કે તમો શાહેબનાં માતાજીને તે કીરતાર મીનોઇ જેહાંનમાં પુર આશાંનીવાલું ગરોશમાન બેહેસ્ત, જે અશો લોકોનું મકાન છે તે

બખશેશ કરે, અને તે હેરેમજદાંમ તમેા શાહેબને લાંબા આયુશ અને પુરતી તંદરેાસ્તી બખશેશ કરે, અને અચબુચ આવી પડેલું દુઃખ ધીરજથી શહન કરવાને તમેા શાહેબને પુરતી કઉઅત.ને ધીરજ બખશેશ કરે એમ ચાહી હાલ એજ વીનંતી.—લા. હમેશનેા દેાવાગીર,

જમશેદજી નવરેાજજી ઉનવાલાની દુવા વાંચજેજી.

ગનદીવીની અનજુમનનું દીલાશાપતર.

ગણદેવી તા. ૨૭ મી મે શને ૧૮૯૭.

મેહેરબાન શેઠજી સાહેબ શેઠ નવરેાજજી માણેકજી વાડીઆ.

સાહેબ.—જલ્દ સાંભલીને અતીયંત દલગીર થઆ છીએ કે તમારાં વાહાલાં માતાજી બાઇ મેાટલાંબાઈ આ ફાની દુનીઆ છેાડી બેહસ્તમાં હમેશગીનેા વાસેા લીધેા છે. અને તમારાં વાહાલા માતાજીને, જમે પેાતાના જબરજસ્ત હાથે.તેનેા ભેાગ લીધેા.વાહલા ભાઇજી આ દુનીઆમાં જેબી કેાઈ આદમ જાત પેદા થઉ,અને હવે પછી થશે.તે સરવે મેાડે વેહેલે તે કીરતારની હજુરમાં જવાનાં, પણ આપણે આકી બંદા કીરતારનું જે કંઇ નામેલું તેની આડે આવી શકતા નથી તમેા સાહેબને પેાતાનાં વાહાલા ભાઇ નશરવાંનજીને બેાહયાને ગણેા લાંબા વખત થયેા નથી તેટલામાં આ ગજબનાક આફત તમારાં વાહાલાં માતાજીને બેાહયાથી ઉપજીઉ હશે, તેથી એ બવડેા ગમ તમેાને તથા તમારા આખા કુટંબને ઉપજીએા હશે તેમાં હમેા અતરેની આખી જરથેાસ્તી અનજુમન ભાગ લેજીએ છીએ. પણ આપણેા જરથેાસ્તી ધરમ એવા સંતાપ લાયક દુઃખ વખતે સબુરી અખત્યાર કરવા ફરમાવે છે. માટે મેહેરબાન શેઠજી સાહેબ હમેા કમતરીનેાનાં બે બેાલ માન્ય કરશેા તે એકે વધારે વીલાપ ન કરતાં આખા કુટંબને દીલાશેા આપવેા એવી હમેા કમતરીનેાની અરજ છે. બેહસ્તનશીન બાઈ મેાટલાંબાઈની ઉઠાંમણાની કીરીઆ આજદીને અતરેની દરેમેહેરમાં હમેા સરવે અનજુમન મલી કીધી છે.

અંકલેશવરનેા અનજુમનનું દીલાશાપતર.

મેહરબાન ઓહદા દરજાના નામદાર શેઠ નવરેાજી માણેકજી વાહાડયા, કી. મ્યાઈ ઈ.

હમેા અંકલેશવર પારસી અંજુમનના સરવે જરથેાસતીઓ આ

પના નેક નામદાર મોહટા દરજાના તથા હાતમદીલનાં માતાજી બાઈ મોહોટલાબાઈ તા. ૨૫ માહે મેહ સને ૧૮૯૭ રોજ તીરઈઝદ માહ અરદી બેહસ્ત શને ૧૨૬૬ યઝદે ઝરદીને દીને બેહસ્તનશીન થયાં તેની ખબર મુંબઈ સમાચારમાંથી સાંભલી અત્રેની અંજુમન ઘણી દલગીર થઈ છે. આ ગામને પણ બાઈ સાહેબ મોહટલાં બાઇએ પોતાના સખી દીલ ગુરદાથી યાદ કરી. સખાવત કરી છે જેનો ઉપકાર અત્રેની અંજુમન ખરાં હેશાનથી માને છે, અને તમો નામદાર સાહેબના ભાઈ બેહસ્ત-નશીન શેઠ નશરવાનજીનાં અકાળ મૃત્યથી પારસી અંજુમનને ભારે ખોટ ગઈ છે તે પુરાવાની નથી. અને બેહસ્તનશીન બાઇ સાહેબ મોહટલાં બાઇને નહી ખમી શકાય એવા કવખતના ભાઈ નશરવાન-જીના અકાળ મરણના ગમના અંદર આ જેહાનથી નારાજ થઈ હમેશાની જત્રેદાનની જેહાનમાં જઈ વાસો કરવાથી અત્રેની અંજુમન અતીશય દલગીર છે, અને પરવરદેગાર આગલ દુવા ગુજરે છે કે બે-હસ્તનશીન શેઠ નશરવાનજીને તથા બાઈ સાહેબ માતાજી મોટલા બાઇને તે મીનોઈ જેહાનમાં પરવરદેગાર હમેશાં બેહસ્તમાં ઉંચે દર-જાની જગા આપે એવી અમારી સમસ્ત અંજુમનની દુવા દાદાર હોરમઝદ પાસે અત્રેની અંજુમન તરફથી બાઈસાહેબ માતાજી મો-હટલાં બાઈના ઊઠમણાંની ક્રીયા વખતે કરેલી તે પાક પરવરદેગાર કબુલ રાખે, છેવટે અમો પાક પરવરદેગાર આગલ એ ચાહીયે છીયે કે આપના:મદાર સાહેબને તથા કુટુંબ પરીવારને જે ભારે દુઃખ આવી પડયું છે તે સહન કરવાને વાસતે પરવરદેગાર સબુરી તથા હીમત આપે એવી દુવા છે.

---

ઈલાવનાં જરતોશતીઓનું દીલાશા પતર.

ઈલાવ ૨૭ મે, ૧૮૯૭.

**મેહેરબાન માનવંતા શેઠજી સાહેબ શેઠ નવરોજજી માણેકજી વાડીઆજી, સી. આઈ. ઈ.,**
**મુંબઈ.**

**મેહેરબાન સાહેબ,** આપ શાહેબનાં માનવંતા મેહરબાન મા-તાજી બાઈ શાહેબ મોટલાંબાઈનાં બેહસતનશીન થવાની ખબર સાં-ભલી હમો (ઈલાવ ગામની તમામ જરથોસ્તી અનજુમન) ઘણાજ દલગીર છઇએ. બેહસતનશીન બાઈ સાહેબ જાહેર તેમજ માનગી

શખાવતથી મસહુર હતાં અને એઓ હમેસાં હાજતમંદોની હાજત વખતસર ટાળતાં હતાં. એઓ બાઈ સાહેબનાં નેક ગુણોના જેટલીબી તારીફ કરીએ, એટલી થોડી છે. પરવરદેગારે એ દયાલુ બાઈ સાહેબનાં રૂહને બુલંદ બહેસ્ત બખશે એ હમો સરવેની દુવા છે. હમો સરવે પરવરદેગાર પાસે ચાહીયે છીયે કે તમો મેહરબાન શેઠ સાહેબ તંદરોસ્તી સાથે લાંબી જીંદગી ગુજરો અને એ બેહેસ્તનસીન બાઈ સાહેબને પગલે ચાલવાને અને વધારે બોહલી સખાવત કરવાને જરથોસ્તી કોમનાં એક સીતારાની માફક પ્રકાશીત થાઓ. એ બેહસતનસીન બાઈ સાહેબનાં ઊઠીઆણાંની ક્રીયા પાછલી રાતના અનજુમન તરફથી, તેમજ સાહેબનાં ભાઈ હીરજીભાઈ પાલણજી તરફથી, કરાવવામાં આવી છે, અને તેમાં સરવે અનજુમન શામેલ થઈ હતી તે આપ સાહેબને સેહજ રોશન થવા અરજ કરીએ છઈએ. મેહેરબાન સાહેબ, હમો છૈયે, આપના તાબેદાર સેવકો,

દોનશાહ જીવણજી પટેલ,
જીવણજી લીમજીભાઈ,
કેરબાદજી નવરોજી,
હોરમજી સોરાબજી મીરાતરી તા-
ધામતના,
દોરાબજી મંચેરજી,
શાપુરજી નશરવાનજી.

---

કરંજનાં જરતોશતીઓનું દીલાશા પતર.

ગામ કરંજ તા. ૨૭ મી મેહે, સને ૧૮૯૭.

**નેક નામદાર મોટા દરબાજના ધરમાતુ શેઠજી સાહેબ શેઠ નવરોજજી માણેકજી વાહાડીઆજી, જોગ.**

જત હમો કરંજ ગામનાં જરથોસ્તી અનજુમન તમારાં નેકનામ માતાજી ધરમાતુ બાઈ સાહેબ મોટલીબાઈનાં ગુજરવાનાં માઠા સમાચાર સમજી ખરાં અંતકરણથી દલગીર છઇએ. એવણ બાઈ સાહેબ તથા તમારાં સખી કુટુંબ તરફથી હમારાં ગરીબ ગામને ઘણા લાભો થયા હતા. તેમજ હવે પછી થવાની હમોને ઉમેદ હતી. જેનાં ઊપકારમાં હમો તથા હમારી હવે પછીની ઓલાદ સદા

તમારા આભારમાં રહેશે. તમો શેઠજીને એક માસની અંદર વાહાલા ભાઈનાં તેમજ ઘરમાતુ માતાજીનાં ગુજરવાથી જે ખોટ ગઈ છે તથા જે દુઃખ આવી પડીયું છે તેમાં હમો સરવે અનજુમન ખરાં જીગરથી ભાગ લઈએ છીએ, તથા ખરાં અંતકરણથી દુવા માંગીએચ કે એ દુઃખો સહન કરવાને તે કીરતાર તમોને ધીરજ તથા હીંમત બક્ષે. એ બંને અશો રહને તે બારે હકતાલા ગરોથમાન બેહેસ્ત બક્ષે એવી હમારી દુવા છે.

---

## છુપી શખાવત—કપોડપતીનો શાદો ચીતાર.

શાસ્ત ગોફતારમાં " ૨. મા. ૨." નામનો શખશ એ બાઈની બાબદમાં લખે છે.:—"સાહેબ, બાઈ મોટલાંબાઈ વાડીયાનાં શોકાતુર મરત્યુકનો તમારી તેજી કલમથી લખાયલો હેવાલ વાંચીને દરેક જરથોસ્તીને સંતોશ ઉપજયો હશે. તમારાં લખાણે આએ સદાનાં સાદાં ઘરમાતુ અને સખીવજુદ માતુઓને ખરેખરો ઇનસાફ આપ્યોછે. એ ઘર સાથેનો હમારો ત્રીસ વરસનો સંબનધ હોવાથી આ ઘરની માતાજીની છુપી સખાવતનો અને સાદી ગુજરેલી જીંદગીનો હમોને ઠીક અનુભવ મલ્યોછે. બાઈ મોટલાંબાઈની સાદાઇ માટે તો આટલું જ લખવું બસ છે કે કોઈની અજાણે શખસ એઓને પેહલાં જોતાંજ વિચારમાં પડી જતો હતો કે આએ તે કરોડપતન બાઈ કે ? ગરીબથી મધ્યમ શકિતના કુટુંબમાં નીપજેલાં મરણની લાચારી જે એઓની જાણમાં લાવવામાં આવતી હતી તો રૂ. ૫૦ થી ૫૦૦ વેર આ ઘરની માતાજી તરત મદદ કરવાને પેહલવેહલું પુન સમજતાં હતાં. પણ તેની ખરી ખુબી એ હતી કે રૂપિયા આપવા આગમચ પેહલાં પેહલી સરત એ હતી કે 'કોઇને કેહશો ના.' પોતે જે કંઈ બખશીશ તરીકે આપે તે બાહાર નડી જણાય તેમાંજ એઓ પોતાની ખરી મોહોબત સમજતાં હતાં. એક સખીદાતાર જ બીજા સખીદાતારની કદરને બુજે છે. અને હમોને સર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટના કહેલા સખુનો સારી પેઠે યાદ છે કે ' બાઈ મોટલાંબાઈની છુપી સખાવત ઘણી છે તે હું જાણું છું, અને એઓની ખરી કદરતો એઓની હઈયાતી પછીજ બુજવામાં આવશે. એઓની જગા પુરાવી મુશ્કેલ પડશે.' અને તે હવડાં બોલેબોલ ખરૂં પડયું છે. આજ વેર કોણ જાણતું હતું કે રૂ. ૨૬ લાખની આ માતાજીની સખાવત હતી. અને જયાંવેર પોતાના હીસાબની ચાવી પોતા પાસે હતી ત્યાંવેર એઓના છોકરાઓ પણ આ

રકમથી જાણીતા ન હતા. એ તે ખરી સખાવત-એ તે ખરો ધરમ.

શેઠ નશરવાનજી જાંહાંગીર વાડીઆજી જેઓ દીલે ખરેખર "લોરડ" હતાં, તેઓનાં અકાળ મરણથી પારસી કોમને તેમજ મુંબઈ પબલીકને ત્રીજે સખ્ત ફટકો લાગેલો હું સમજું છુ. શેઠ જમશેદજી નશરવાનજી પીટીટ, શેઠ ફરામજી દીનશાજી પીટીટ અને શેઠ નશરવાનજી જહાંગીર વાડીયાનાં અકાળ મરણથી પારસી કોમને પહેલવેહલી અને જાહેર પ્રજાને નહી પુરાય એવી ખોટ ગઈછે. અધીપતી સાહેબ, તમો શેઠ નવરોજજી માણેકજી વાડીયા, સી. આઈ. ઈ., માટે જેટલા નાશીપાશી થયલા લાગો છેવો. તેટલો નાહીંમત હું થતો નથી. હું કબુલ કરૂંચકે શેઠ નવરોજજીએ પોતાની એકઠી કરેલી દોલતમાંથી મોટી સખાવતો કરી નથી. પણ આજવેર ધરમી માતુશ્રી બાઈ મોટલાંબાઈએ જે સખાવતો કીધીછે તેમાં એ શેઠનો મોટો ભાગ છે અને જ્યારેથી બાઈ એ બેઉ શેઠીયાઓને નામે રકમ ભરી આપવા માગતાં હતાં ત્યારે એઓ પોતાની માતાજીને નામેજ આપવામાં મોટું માન સમજતા હતા. પારસી કોમે શેઠ નવરોજી વાડયાજી માટે મોટી ઊમેદ રાખવી, અને હું માનુંચ કે મોટા પાયા ઉપર ધર્મખાતું સ્થાપવાની એ શેઠની મકસદ છે. ધર્મખાતાં વિષે વાત કરતાં એ શેઠના નીચલા સબ્દોનો એઓનાજ બોલમાં હું આપું છું. 'દાદાર હોરમજદ જો મને એક વરશ સલામત રાખે તો હું, સબળો હીસાબ ચોખ્ખો કીધા પછી. એક મોટું ધર્મખાતું સ્થાપવાની ઉમેદ રાખું છું. જેનો વહીવટ મારી હયાતીવેર હું કરીશ અને પછી મારા ત્રસ્ટીઓ કરશે.' આપણે તે કીરતાર પાસે એટલીજ દુવા ગુજારશું કે દાદાર હોરમજદ એક વરશ નહી પણ એઓની જીંદગાની એઓના માતાજીના જેટલી વરૂધ કરે, અને તે અરશામાં જેમ એઓના માતાજી આજે કુલ વેરી ગયાંછે તેમજ, એઓ પણ માનપાન અને જશ ખાટે, ઈત્યાદિ. અધીપતી સાહેબ, જે ધરમી માતુશ્રીએ લખો રૂપયાની સખાવત કીધી છે તેઓનું નામ જાળવી રાખવાને એક મેમોરીઅલ જલદીથી ઉભું થવું જોઈયેછે."

"રતી વીલા," જાંકબોરડી, તા૦ ૨ જી જુન.

લા૦ શેવક ૨. મા. ૨.

## પારસી ટોલાનાં મોટાં માય "કુલની વાડી" સીધાર્યાં.

"ધનાં પટેલનાં ધીમકટીલા" નામનો એક રમુજી લખનાર સતીએ મીતરમાં લખે છેઃ-"હા, પારસી ટોલાનાં મોટાં માંય 'કુલની વાડી' સીધાર્યા ખરાં; પણ, તમે જાણો છો, એ મોટાં માય કોણ? એ મોટાં માય તે બુઝોરગ બાઇ મોટલાંબાઈ. એટલે મોટાંબાઈ-મોટલાં એટલે મોટાં બાઇજી સાહેબ મોટલાંબાઈને જેણે એ નામ આપ્યું હોય તેની ઉપર આફરીન હોજો! કેમ કે તેનું આપેલું નામ ખરેખર ખરૂં પડયું છે. મોટલાં-બાઈ નામે તો મોટલાં હતાંજ, પણ તેઓ દીલેભી મોટલાં હતાં, તેઓ દોલતે મોટલાં હતાં, ને સખાવતેભી મોટલાં હતાં. તેઓ સદ્‌ગુણમાં મોટલાં હતાં, ને ખાનદાને પણ મોટલાં હતાં. પારસી ટોલો તેમને મોટલાં-બાઈ કહેતો એટલુંજ નહી, પણ મોટલાં માય (મોટાંમાએ) પણ ગણતો. અને આ મોટલાંમાય ખરેખર મોટાં માયને લાએકના સર્વ ઉંચા ગુણો ધરાવતાં હતાં. મોટલાં અને માતબર છતાં તેવણ સાદાં, શાંત, સખી, સાલેસ, નમ્ર, અને ધરમચુસ્ત હતાં. પોતાના ટોલાને તેઓ બચ્ચાં સમાન ચાહી તેની અઘડી સઘડીએ તેની મદદે થતાં, અને તેની હાજતો પુરી પાડવા માટે સદા પોતાની દોલતની કોથલી ઉઘાડી રાખતાં. ટોલાનાં સેંકડો બચાં તેમની દયાથી પલાયાં છે, ને ધરમી થયાં છે. તેજ મોટલાંમાય હાલ 'કુલની વાડી' ગયાં છે. કુલની વાડી એટલે બાગે બેહરત! આપણાં મોટાંમાંયો તથા મોટા બાવાઓ હંમેશ બેહરતને કુલની વાડીને નામે ઓલખતાં આવ્યાં છે. આપણાં મોટલાંમાએ જીવતાં જીવત સઘલે કુલ વેર્યાં હતાં. તેથી તેમને માટે પેલી દુન્યામાં કુલની વાડી બની છે. મોટલાંમાય પોતે ને કુલની વાડી સીધાર્યાં છે; અને વલી આ દુન્યામાં આપણે તેમના પાછલ કુલ કુટાડીએ છીએ! કેવાં નેકબખ્ત મોટલાં માય! તેમનાં રહ ઉપર દુઆ હોજો! હવે આપણે કોને નવાં મોટાં માય કહીશું?

આએજ બાબતના સંબંધમાં હમણાં એક નવો સવાલ, અબળા જાતીનું નામ જાહેર કીયા ભણતરોમાં લેવાનો ઉભો થયો છે. મરહુમ સખી વજુદ બાઇજી સાહેબ મોટલાંબાઈ વહાડયાનાં ઉઠમણામાં દસ્તુરજી સાહેબ પેશુતનજી બેહરામજી સંજાણાએ તેમનું નામ જાહેર કીયા ભણતરોમાં લેવાની સુચના કર્યાથી ઘણાઓમાં અળાયખી

ઉપજી છે; અને તે અજાયબી સ્વભાવીક છે; કેમકે પારસીઓમાં જાહેર કોયા ભણતરોમાં નારી જાતીનાં નામો લેવાનો રેવાજ લગભગ નહી સરીખો છે. પણ તે સદંતર નથીજ, એમ નથી. પાદશાહ પહેલવાનોનાં નામગ્રહણની ટીપમાં અધોક ડજન નારી જાતીનાં નામો લેવાતાં આવ્યાં છે; તેમ આજથી ત્રણેક સદીની વાત પર નવસારી મધે થઇ ગયલાં મરહુમ બાઇ મહાલન બાઇ નામનાં એક અતી ધર્મી બેહદીન બાનુનું નામ પણ. તેઓએ ત્યાંની વડી દરેમેહરમાં પોતાની જગા આપીને કીધેલી મદદના બદલામાં, ત્યાંની અનજુમને દાખલ કરયું હતું, જે અત્યાર સુધી 'બેહદીન મહાલન બેહદીન બેહરામ' એ રીતે લેવાતું આવ્યું છે. હીંદુસ્તાન મધે આ નામ પહેલ વહેલુંજ દાખલ થયલું અમે સમજીએ છીએ; અને જો બાઇ મોટલાંબાઇનું નામ આજે દાખલ થવા પામ્યું નહોત, તો તે કદાચ છેલ્લું પણ ગણાત. બાઇ મોટલાંબાઇનું નામ દાખલ થવા માટે અમે ખુશી છીએ: કેમકે એ મરહુમ બાઇએ પોતાના ટોલા પર લખ્ખો રૂપયાની સખાવતના જેમ મોટા ઉપકારો કર્યા છે, તેમ પોતાના અંતકાલ સુધી પોતાનાં દીન ઇમાન, પાકી પરહેજગારી, ફીયા ભણતર તથા અસલીઅતપર ઉસ્તવાર રહી તે ચીજોનો બચાવ કરવામાં હીસ્સો આપ્યો, પારસી ઉધ્ધરતી ઓલાદને બહુ કીમતી ધડો પણ તેવણ આપી ગયાં છે. તેમનું નામ તેટલા માટે એ નામોની ટીપની એક નવી શોભા સમાન થઇ પડશે."

---

## પેહલવેહલી પારસણ કરોડપતિ.

સ્ત્રીબોધ, પોતાનાં સપ્ટેમ્બર, ૧૮૯૬ નાં અંકમાં લખે છે:-પોતપોતાની જુદી જુદી લાઇનમાં પ્રકાશ પામેલી પેહલવેહલી નામાંકિત પારસી બાનુઓની તસ્વીરોની જે હારમાલા અમે વાંચનારી બાનુઓને ભેટ આપવી શરૂ કરીછે, તેમાં આજે અમે એક એવી તસ્વીર ઉમેરૂંયે છીયે કે જે આજસુધી ચિતારેલી ચુનંદી અબળાઓથી જુદાજ પ્રકારની એક બાનુ છે. અત્યારસુધી જે બાનુઓના દાખલા અમે પ્રગટ કીધાછે, તે એક સિવાએ સઘળા ઉંચી ઈંગ્રેજી કેળવણી પામેલી બાઇઓના દાખલા છે. જે એકજ દાખલો અમારી આ ચિત્રમાળાથી જુદો પડેછે તે સખી વજુદ બાઇસાહેબ દીનબાઇ નસરવાં-

નજી પાંટિઢનો દાખલો છે, કે જેવણની તસ્વીર સાથનો હેવાલ કોઈ મોટી કેળવાયલી બાઈ લેખે અમે આપ્યો નથી, પણ તેવણનાં ધર્મી પરોપકારપણાંને માટે તથા તેવણની મોટી સખાવતોને માટે અમે તે દાખલો પસંદ કીધોછે. તેજ પ્રમાણે આજે અમે જે બાઈસાહેબનો ચિત્ર સહિત હેવાલ વાંચનારી બાનુઓને અર્પણ કરીયે છીયે, તે પણ ઉંચી કેળવણી વગર વિખ્યાતીમાં પેહલું નામ કાહાડનાર એક ભલાં પારસી બાનુનો દાખલો છે. બાઈસાહેબ દીનબાઈ પાંટિઢની મોટી રકમની સખાવતો, ખરેખર "પૈસાના ખેલ" કેહવાઈ શકાય. માતબર પાંટિઢ ખાનદાનના વારસ વકીલાતણ અને એક લક્ષાપતિ ભર્તારની લક્ષાપત્નિ લેખે તેવણનો દાખલો વાંચનારી બાનુઓનાં જ્ઞાન તથા ધડાને માટે અગર આપણે પસંદ કીધોછે, તો બાઈસાહેબ મોટલાંબાઈ વાડિયા જેવાં કરોડપતિ ભર્તારના કરોડપત્નીનો દાખલો એવીજ દોલતમંદીના પ્રતાપે વધારે પસંદ કરવા જોગ છે. અને તે મુજબ પારસીઓમાં પેહલવેહલીજ કરોડપત્નિ લેખે બાઈસાહેબ મોટલાંબાઈનું ચિત્ર અને વર્ણન અમે આજ રોજે રજુ કરીયે છીયે. પારસીઓમાં કરોડપતિ લેખે બીજાં નામો તુરત આપણાં ધ્યાન ઉપર આવેછે. મરહુમ શેઠ માણકજી શેઠનાની ભીલકતના વારસ આજે કરોડપતિ લેખે ઓળખાયછે, તેમજ આપણા પિટિઢ સાહેબો પણ લગભગ કરોડપતિના દરજ્જા ઉપર આવ્યાછે. તેઓ સર્વમાં બાઈસાહેબ મોટલાંબાઈનો દાખલો વધારે પસંદ કરવા જોગ એટલા માટે છે કે તેવણ આપણા પારસણ કરોડપત્નિઓમાં સર્વથી પેહલાં ગણી શકાશે. તેવણની ૮૬ વર્ષની બુજર્ગ ઉમર અને આજ અરધા સદી ઉપર વખત થયાં તેવણે ભોગવેલી કરોડપત્નિની પદવી, તથા પોતાની બોહલી અને કરોડોની ભીલકતના વહિવટ અને જાળવણીમાં તેવણે મેળવેલી ફતેહ એ સઘળા તે સબબો છે, કે જેને માટે પેહલવેહલી નામાંકિત પારસી બાનુ લેખેની અમારી કટારોમાં જગ્યા રોકવાનો તેવણનો વાજબી હક ઠરેછે.

પારસીઓમાં જેમ પાંટિઢ તેમજ વાડિયાનું એક મોટું અને માતબર ખાનદાન ગણાતું આવ્યુંછે. એ ખાનદાને પારસી કોમને પ્રકાશ પાડનારા નામીચા અને ઝલકતા સેતારાઓ પુરા પાડયાછે, કે જેઓ જાહેર અને પરમાર્થનાં કામોથી પોતાનીજ નહી પણ પારકી કોમોની ઘણીક સેવા બજાવી ગયાછે, તથા જેઓએ ઉદ્યોગ, હુન્નરો

અને સખાવતનાં કામોથી સરકાર દરબારે અને દુન્યામાં મોટું નામ કાઢાડયુંછે. વાડિયા ખાનદાનના એવા સુગંધોમય તુરરાઓમાં બાઈસાહેબ મોટલાંબાઈનું નામ દાખલ થઈ શકેછે. તેવણની છેલામાં છેલી સખાવત શ્રી ઉદવાડા ખાતેનાં વડાં પુરાતન આતશબેહરામને ૩ ૧૫ લાખને ખર્ચે નવેસરથી બંધાવી આપવા તથા ઉદવાડાનાં રેલવે સ્ટેશનથી ગામ સુધીની ૪ માઈલની સડક ૩. ૬૦૦૦, ને ખર્ચે પાકી બંધાવી આપવા વિષેની જણાયલીછે. ઉદવાડાનાં પવિત્ર અને પુરાતન ધર્મસ્થળના સંબંધમાં એ બાઈનું નામ આજ કાલ પારસી કોમને મોહડે ઘણું રમી રહ્યું છે. પણ અંડી વિશેષ જાણવા જોગ એ છેકે આવી રીતે પુરાતન પારસી કેબલાઓને સહાય થવાની બાઈસાહેબ મોટલાંબાઈને કશી નવાઈ નથી, અથવા એ જાતની એવણની આ સખાવત કાંઈ પેહલવેહલી નથી. એનીજ મુકાબેલ એવણની બરાબર એવીજ બીજી સખાવતો આ વખતે યાદ આવ્યા વગર રેહતી નથી. દીવ ગામ જે પારસીઓનું એક પેહલવેહલું સંસ્થાન હતું, ત્યાં વાડિયા ખાનદાનની અગ્યારી, દોખમું અને સગડી સર્વેનો નિભાવ—ખર્ચ બાઈસાહેબ મોટલાંબાઈથી ચાલ્યો જાયછે. એવણે ઉદવાંડાનીજ પાસે શ્રી દમણ શેહરમાં જરથોસ્તીઓનાં ક્રિયાકામોમાં મદદ આપવા માટે એક મોબેદ રાખવાનો ખર્ચ પોતાની ગીરોથી આપતા કીધો તે વાતને આજે ૫૪ વર્ષ થયાંછે. છેક ઈસવી સને ૧૮૪૪ નાં સાલમાં એ બાઈસાહેબે પોતાને ખર્ચે દમણમાં મોબેદ મોકલ્યો હતો. તેમજ જેવો ધર્મ એવણે ઉદવાડાનાં પાક આતશબેહરામ ઉપર આજે કીધોછે તેવોજ એક ધર્મ એવણે નોશારીની વડી દરેમેહર પછવાડે આજે પચાસ વર્ષ ઉપર કરેલો અમોને યાદ છે. નોસારીનું તે પુરાતન આતશકદેહ બિસ્માર હાલતમાં આવી પડવાથી, બાઈસાહેબ મોટલાંબાઈએ ૩. ૨૦૦૦૦ ની રકમ ખર્ચીને બંધાવી આપ્યું હતું જે મકાનને ખુલ્લું મેલવાનાં જશનની ક્રિયા નોસારીમાં તા૦ ૨૭ મી મે ૧૮૫૧ ને દિને થઈ હતી. તે વેળા બાઈ મોટલાંબાઈ તરફથી વંચાયલા અનજુમન પત્રમાં આ પાક મકાનની મરામતના ૩. ૨૦ હજાર ઉપરાંત, તેના નિભાવના ખર્ચને માટે એક જાગીર પણ ભેટ આપવાની કબૂલાત આપી હતી. આ જાતની સખાવતથી ખુશી થઈ જેમ ઉદવાડાનાં પારસી અનજુમને આજે એ બાઈસાહેબના દીકરાઓને ઘણુંક માન આપ્યું છે, તેમજ તે આગળા વખત ઉપર

નોસારીનાં અનજુમને એ બાઈના દીકરાઓ શેઠ નવરોજજી તથા શેઠ નસરવાનજીને માટે શાલો ભેટ મોકલી હતી. પાટણનાં પાંજરા-પોળમાં બાઇસાહેબ મોટલાંબાઈએ નાણાની રકમ પેહલવેહલી છેક ૧૮૪૫ ના અકટોબરમાં મોકલી આપી હતી. અને તેમ જોતાં આખાં ગુજરાતમાં પારસીઓનાજ નહી પણ હિંદુઓનાં મથકો ખાતે બીજા પારસીઓની પેઠે બાઈસાહેબ મોટલાંબાઈનો સખીદસ્ત લંબાવેલો હતો. સુરતથી મુંબઈ આવવાના પગરસ્તા ઉપર વાડિયાં ખાનદા-નની સખાવતની ઘણી નિશાનો આખે રસ્તે તેમની યાદગારી જળવે છે, અને તે મુજબ છેક પાટણથી. નોસારી, ઉદવાડા અને દમણ સુધી બાઈસાહેબ મોટલાંબાઈનું નામ તેવણની ઉદારતાને માટે યાદગાર રહી ગયું છે.

બાઈ મોટલાંબાઈની આ સખાવતો અરધી સદીની અગાઉની છે, તેનો એક બીજો દાખલો છેક ઈસવી સને ૧૮૪૨ નો મળેછે. તે વખત ઉપર મુંબઈ આવતા ભગર સાથના મોબેદોને રેહવા તથા ઉતારો લેવા માટે એક ઘર નહી હતું, તે ઘર પુરૂં પાડવાને એક ફંડ થયું હતું. તે ફંડમાં બાઈસાહેબ મોટલાંબાઈએ રૂ. ૩૦૦૦ આપ્યા તે વાતને આજે ૫૬ વર્ષ થયાંછે. એ રીતે તેવણની સખાવતની પેહલ છેક તે આગળા જમાનાથી થઈછે, કે જ્યારે મુંબઈની જાહોજલાલી એક નાના ગામડાં કરતાં વધારે નહોતી હતી અને જ્યારે આજની નવી પ્રજાનો તો જન્મ પણ થયલો નહી હતો.

તા૦ ૨ જી એપ્રેલ, ૧૮૪૪ ને દિને મુંબઈના કોટમાં બજારગેટના રસ્તા ઉપર એક જબરદસ્ત મોટી આગ લાગી હતી કે જે. આગથી લગભગ આખો મોહલો બળી ગયો હતો. તે આગ ઓલવવાને લ-શકરી સોલજરો તથા દરિયા ખાતાંનાં સેલરોની મોટી ટુકડીઓ મદદે આવી હતી. તેઓને ઈનામ આપવા માટે મુંબઈના શેહરીઓએ એક ફંડ કીધું હતું. તે ફંડમાં બાઈસાહેબ મોટલાંબાઈની એક સુંદર રકમ જોવામાં આવેછે, તે ઉપરથી જાહેર ઉધરાણાઓમાં ભાગ લેવાની એ બાઈની ઉલટનો જુનો—છેક પરૂ, વર્ષનો જુનો—દાખલો મળેછે. એ-વીજ જાહેર ઉલટ એવણે ઘણાં વર્ષો સુધી જારી રાખેલી જોવામાં આવેછે, જેમકે ૧૮૫૧માં મરહુમ શેઠ ફરામજી કાવસજીની યાદગારી રાખવા તેવણને નામની એક ઈનસ્ટીટયુટ બાંધવાને ફંડ થયું તેમાં, તથા ૧૮૫૨ ના આગસ્ટ મહીનામાં પેહલવેહલી રાજદારી સભા "થી

બાંબે આસોસીએશન" ઉભી કરવામાં આવી તેનાં ફંડમાં બાઈસાહેબ મોટલાંબાઈએ સારી સારી રકમો ભરી હતી. વળી શ્રી ઈરાન દેશના ગરીબ જરથોશતીઓની હાલત સુધારવાનું ધર્મખાતું ઈસવી સને ૧૮૫૫ માં ઉભું થયું તેમાં એ બાઈ સાહેબે રૂ. ૧૦૦૧ ભરયા હતા; તથા ૧૮૫૭ માં શ્રી ભરૂચ શેહરમાં મુસલમાનોએ મોટું હુલડ કરીને ત્યાંના પારસીઓ વચે મોટી લુટ અને ખુહારી ચલાવી હતી, તે પોતાના ગરીબ જનભાઈઓની મદદને માટે મુંબઈના પારસીઓએ એક ફંડ ઉઘરાવ્યું હતું, તેમાં બાઈસાહેબ મોટલાંબાઈએ રૂ. ૫૦૦૦ની મોટી રકમ ભરી હતી.

બાઈસાહેબ મોટલાંબાઈનાં લાખો રૂપીયાના ધર્મ અને પરોપકારના દાખલાઓની કશી ખુટ નથી. એવણે પણ બાઈસાહેબ દીનબાઈ પાંટિટની પેઠે લાખ લાખની રકમે સખાવતો કરેલીછે. એવણે ઉદવાડાનું આતશબેહરામ રૂ. ૧૫ લાખ ખર્ચીને બંધાવા આપવા ઉપરાંત તેના નિભાવને માટે રૂ. ૬૧ હજાર જુદા કાહાડયાછે. એટલુંજ નહી પણ ગયે વર્ષ એ પાક મકાનના પોતાની મુલાકાતથી પાછાં ફરતી વખતે ઉદવાડાનાં ગરીબોમાં વેહચવા માટે એવણ રૂ. ૧ લાખ ૮૨ હજાર આપી આવ્યાં હતાં, તે તો જુદા. એડાની મોટી રેલ વેળા રૂ. ૧૫,૦૦૦ તથા સુરતની રેલ વેળા રૂ. ૧૫,૦૦૦ એવણે આપ્યા હતા; તેમજ રજપુતાણાના દુકાળમાં એવણની મોટી રકમની સખાવત ઘણી વખણાઇ હતી. દેશાવરો ખાતે એટલું ધ્યાન આપતાં મુંબઈ શેહર એવણની સખાવતોથી બકાત રહી ગયું નથી. મુંબઈની સ્ત્રીઓ તથા બાળકોને માટે સ્થાપેલી હાસ્પીટલ, જેને બાઈસાહેબ મોટલાંબાઈનું નામ આપેલું છે, તે મોટી અને સુંદર હાસ્પીટલ પાછળ એવણે રૂ. પાંચ લાખ ખરચ્યાછે. મેહમનું ધર્મનું દવાખાનું એવણનાજ સખી દસ્તથી ચાલેછે. જેનાં મકાનને માટે પોતાનો મેહમનો બંગલો ભેટ આપ્યા ઉપરાંત એવણે રૂ. ૧૦,૦૦૦ ની બક્ષેશ જુદી કરાંછે. પારસી રવાનોનાં અવલમંજલ ફંડમાં એવણે રૂ. ૨૫,૦૦૦ ભરયાછે તથા કોટમાં પાંઠાંવાળા મોહલામાં રૂ. ૬૦ હજારને ખર્ચે એવણે દરેમેહર બંધાવી આપીછે.

આવી રીતે સર્વથી પેહલા કાલના અને એક જુના કરોડપતિ લેખે બાઈસાહેબ મોટલાંબાઇ વાડિયા આજના પારસીઓનું ઘણું વાજબી માન અને ધ્યાન ખેંચી શકેછે. એ સખીદસ્ત શેઠાણીની સખાવ-

તેનો સરવાળો કાઢાડવો મુશ્કેલ છે. તોપણ એક ઉપરછપેનો અડસટો કરતાં, છેક ૧૮૩૭ થી એવણ વિધવા થયાં ત્યારથી આજ સુધીમાં એવણની કુલે સખાવત રૂ. ૨૬ લાખની માલમ પડેછે. એવી મોટી સખાવતનો સર્વથી ઉમદો દાખલો હમણા થોડાજ મહીના ઉપર એવણે એ આપ્યોછે કે પોતાના દીકરા શેઠ નવરોજજી છેલ્લી સખત માંદગીમાંથી સાજા થયા તેનો ખુશાલીમાં બાઈ સાહેબ મોટલાંબાઈએ ૧૫ લાખ રૂપીયા જુદા જુદાં લાયક ગરીબોમાં વેંહચ્યા હતા. બાઇસાહેબ મોટલાંબાઈ ગરીબોના કેવાં સખીદાતાર છે, તે આ રકમ દેખાડી આપેછે. તેવણથી સેંકડો ગરીબ સગાંવ્હાલાંઓ અને નોકર નફરોનું ગુજરાન ચાલેછે. ફકત તેવણના ઘરખટલામાંજ આજે ૨૨૭ માણસો પળાયાં જાયછે એવી ગણત્રી કરવામાં આવીછે.

એજ પ્રમાણે એવણની રૂ ૮૫ લાખની બોહલી દોલત ચર્ચાની મોટી બાબત થઈ પડેછે. વધારે વખાણવાજોગ તો એ છે કે પોતે એક વિધવા બાઈ માણસ છતાં તથા પોતાના બુઢાપાની સઘળી નાતવાની છતાં એવણે પોતાનો બોહલી દોલત અને મીલકત તથા અસકયામતનો વહીવટ સઘળો પોતાને હસ્તક રાખ્યોછે અને પોતાને હસ્તક ચલાવ્યોછે. તેવણે પોતાનીજ દેખરેખ તળે પોતાની દોલતને વ્યાજે વધેવા દોધીછે તથા તે સવેનો હિસાબ કેતાબ સાચવીને રાખવામાં પોતેજ સઘળી જાતની સંભાળ લીધીછે. એવણ આજના જમાનાની ઉંચી કેળવણી પામેલાં નથી,—કેમકે એવણના જમાનામાં તેવી કેળવણી નહી હતી—તે વિશે ઉપર કહ્યું છે; અને ઘેરનો તથા મીલકતનો વહીવટ તો ઉંચી કેળવણી પામેલી સ્ત્રીઓથીજ બની શકે એમ આજના લોકો સાધારણપણે માનેછે. પણ બાઈસાહેબ મોટલાંબાઈનો દાખલો એ સિધાંતને ખોટું પાડેછે. એક બોહલો ઘરકારબાર અને હજારો તથા લાખોના હિસાબ કેતાબ, એક કેળવણી લીધા વગરની અબળા પણ રાખી શકેછે તે એવણનો દાખલો દેખાડેછે. આજનો ઈંગ્રેજી વિધા હુન્નરોનો કેળવણી તેજ સઘળી કેળવણી નથી. ખરી કેળવણીની ખરી નિશાળ તો દુન્યાં છે. દુન્યાદારીની કેળવણી પામેલી એક સ્ત્રી દુન્યાદારીથી પોતાનું ઘર ચલાવી શકેછે, તે પણ એકલેએ કેળવણી પામેલીજ કેહવાય. બલકે એવી દુન્યાદારીની કેળવણી પામેલી સ્ત્રીઓ વિધા હુન્નરોનો ભણેલી સ્ત્રીઓના કરતાં દુન્યા સંસાર વધારે સારી રીતે ચલાવી શકેછે.

# FRENCH VIEWS ON BAI MOTLIBAI'S LIFE.

The following account has been taken from a French Magazine entitled *Revue Encyclopedique Larousse*, November 28, 1896:—

BAI MOTLIBAI MANAKJI WADIA.

La vie de Bai Motlibai Manakji Wadia nous fait connaître la position exceptionnelle de la veuve parsie. Bien que la religion zorastrienne ne défende pas en principe les seconds mariages, il est rare que les femmes âgées ou ayant des enfants profitent de cette permission, qui constitue pourtant de réels avantages au point de vue de la législation hindoue; mais les intérêts des dames parsies ont toujours été si loyalement sauvegardés par leurs parents ou leurs tuteurs, les partages dans les successions si équitables, que leur personne civile était parfaitement définie et leur situation aussi indépendante qu'honorable, même avant la promulgation du *Parsi Succession Act* (No. XXI, 1865).

Bai Motlibai, par son long veuvage, sa vie austère et retirée, offre le meilleur exemple que nous puissions donner ici en opposition au douloureux abaissement de la veuve hindoue de haute caste. Le portrait, que nous devons à sa bienveillance, nous la montre à l'âge de quatre-vingt-quatre ans, pareille à une religieuse catholique, le sari noir rabattu sur son blanc *mathabana* ramené sur le front. Sa devise: "Bonnes pensées, bonnes paroles, bonnes actions,"

pivot de la morale zoroastrienne, a été la règle de sa longue vie. Elle naquit à Bombay le 30 octobre 1811; elle appartient à l'une des familles les plus distinguées de la communauté parsie et à laquelle depuis plus d'un demi-siècle la ville de Bombay doit une partie de sa grandeur et de sa prospérité. Un de ses ancêtres, Lavji Nasarvanji, né à Surate en 1710, était employé en qualité de constructeur dans les chantiers de l'East India Company; il fut appelé à Bombay en 1735 pour prendre la direction des docks nouvellement créés, et ses descendants conservèrent jusqu'à nos jours les fonctions de masters builders. Pendant plus de cent cinquante ans, trois cent cinquante vaisseaux de guerre ou de commerce sortirent de leurs chantiers, sans compter le radoubage de bon nombre de navires de faible tonnage.

Les Wadia (1) ne suivirent pas tous la carrière des constructions navales; certains s'adonnèrent au commerce. C'est ainsi que le père de Bai Motlibai, Jehangir N. Wadia, se fit un nom dans le monde des affaires comme courtier de plusieurs grandes maisons européennes et agent de notre marine française. Bai Motlibai continua à l'égard de la France ces bons et loyaux services. A l'époque où il n'y avait pas de banque française à Bombay, elle avançait de

(1). Le nom de Wadia signifie *constructeur de navire*. Le dernier représentant de cette estimable famille, Khan Bahadur Jamshedji Dhanjibhai, se retira du service en 1885 et mourut le 20 août 1893, à l'âge de soixante-cinq ans.

l'argent à nos nationaux et à nos capitaines de la marine militaire et marchande.(2)

Bai Motlibai perdit son mari, Manakji Naorozji Wadia, en 1837; elle avait vingt-six ans. La mort de son père, en 1843, la laissa avec sa mère, Bai Manakbai, libre d'administrer une immense fortune au profit de ses deux fils, M. M. Naorozji M. Wadia et Nasarvanji J. Wadia. A partir de cette époque, elle s'adonna entièrement à la direction des affaires de sa maison; stricte orthodoxe et fervente Zoroastrienne, elle vécut dans la retraite et se consacra à des pratiques pieuses et à des œuvres de charité.(3)

---

(2). La France se montra reconnaissante, et sous tous les régimes elle a su faire parvenir à la famille Wadia l'expression de sa gratitude et des gages de sa sympathie; ainsi le duc de Dalmatie fut chargé par Louis-Philippe d'envoyer à Jehangir N. Wadia une médaille d'or frappée à l'effigie du Roi et ce souvenir fut confié à notre consul aux îles Philippines, pour être remis entre les mains même du digne Parsi (1839). Le fils aîné de Bai Motlibai, M. Naorozji Manakji Wadia, reçut de Napoléon III une autre médaille en témoignage des services rendus à notre marine.

(3). C'est ainsi qu'elle dotait, en 1851, le Temple du feu, à Nauçari, de plus de 20,000 roupies; en 1857, elle envoyait 5,000 roupies aux Parsis qui avaient souffert lors des émeutes de Baroutch, et en 1862, 1,500 roupies aux "Funds" crées en aveur des Parsis indigents pour subvenir aux frais des funérailles. En 1863, elle bâtit un temple (*agyári*) à Bombay, et en 1864, elle fournit des subsides aux victimes d'un cyclone à Calcutta; en 1872, elle participait pour 25,000 roupies aux "Funds" qui servent à défrayer les dépenses des *Gáhánbárs*, fêtes qui réunissent tous les ans la communauté entière. En 1873, elle fonda un dispensaire; en 1883, elle consacrait 25,000 roupies aux inondés de Surate, lors du débordement de la

En 1894, elle couronnait sa longue carrière de bienfaisance par l'érection, à Udwada, d'un Temple, qui lui a coûté plus de 1,50,000 roupies, et par l'affectation d'une somme de 54,000 roupies pour le tracé et l'achèvement d'une route entre la ville et la station. Voici la reproduction d'une photographie qui nous montre l'aspect extérieur du Temple le jour de sa consécration (31 octobre 1894). (4)

La façade est de style persépolitain. De massives colonnes, terminées par des chapiteaux aux taureaux adossés, soutiennent l'entablement. L'artiste s'est inspiré des belles restitutions de M. M. Coste et Flandin.

Des escaliers conduisent à un vaste hall pavé de

Tapti. En 1888, la ville de Bombay recevait de ses mains généreuses un don princier : 1,50,000 roupies et 20,000 yards de terre estimés à plus de 2,00,000 roupies pour la construction d'un hôpital affecté aux femmes et aux enfants.

(4). Udwada est une petite ville située au nord de Daman. C'est dans cette localité que se trouve le plus antique sanctuaire zoroastrien de l'Inde. Quand les Parsis fugitifs abordèrent aux rivages du Guzerate, leur premier soin fut d'élever, grâce à la généreuse hospitalité du Rana de Sanjan, un temple au feu sacré. Après la destruction de la ville de Sanjan par les Musulmans, le feu sacré fut successivement porté dans diverses localités. A Udwada, le premier temple fut construit, en 1742, par un Parsi de Nargol, Mancherji Bomonji ; peu d'années après, l'édifice fut restauré par Bhikaji Edalji, de Surate ; un troisième fut construit en 1830 par Dadabhai et Mancherji Pestonji Wadia et fut en usage jusqu'à ce que Bai Motlibai eut la pieuse pensée de bâtir un sanctuaire de proportions grandioses, dont elle confia l'exécution à un architecte Parsi de grand mérite, M. Dinsha Dorabji Mistry.

mosaïques. A droite, on entre dans *l'Edhora,* où sont disposés des sièges bas et des tables en pierre bleue pour les cérémonies religieuses. A gauche, on pénètre dans la salle des prières; au fond, se trouve *l'Atesh gâh,* où le feu sacré brûle nuit et jour.(5) Ce sanctuaire est entouré de grilles de cuivre; une seule porte y donne accès, et il n'y a que le prêtre officiant qui ait le droit d'y pénétrer.(6) Au premier étage, dans une belle salle de 100 pieds de long et de 50 de large, les prêtres célébrèrent les cérémonies de l'action de grâce et de la dédicace, le mercredi 31 octobre, à neuf heures du matin, au milieu d'un immense concours de Parsis venus de Surate, de Daman, de Pardi, de Bulsar, de Nauçari et de diverses localités du Guzerate. Bai Motlibai, à cause de son grand âge,

(5). Les Parsis sont appelés à tort *Adorateurs du Feu.* Citons à ce sujet les belles paroles de Mgr. Meurin, évêque catholique de Bombay, mort récemment évêque de Port-Louis (île Maurice). "Quiconque accuse les Parsis de ce crime odieux entre tous (idolâtrie du feu) et ne peut prouver qu'ils croient que le feu ou le soleil est Dieu lui-même, est certainement coupable du plus détestable péché de calomnie qui se puisse commettre." (Zoroaster and Christ, p. 565.)

(6). Aucun infidèle n'est admis dans les temples Parsis de l'Inde. Le seul qui ait pu y pénétrer est un Français, Anquetil Duperron, accompagné de son fidèle ami Darab, lors de sa mémorable visite au *Derimchr* de Surate 20 Juin 1760). En perse, où les sanctuaires sont exposés aux violations des Musulmans, les voyageurs Européens, toujours sympathiques aux Guèbres, ont vu le feu sacre. Le dernier qui a séjourné à Yezd, M. Edward S. Browne, l'hôte sympathique de M. Ardashir Mihraban, le chef laïque de la communauté a pu l'apercevoir; "I was allowed a glimpse of the sacred Fire, etc., etc." (A year amongst the Persians, etc., p 374.)

était restée à Bombay ; elle fut représentée par ses deux fils, et son portrait, placé dans la grande salle, fut respectueusement dévoilé par sir Dinsha Petit.

## THE BAI MOTLIBAI HOSPITAL.

H. E. the Governor, Lord Reay, laid the foundation-stone, on Saturday evening ( March 9, 1889 ), of the Bai Motlibai Hospital on the site known as the " Parsonage," to the east of the Sir Jamsetjee Jeejeebhoy Hospital. There was present, on the occasion, a large gathering of European and native ladies and gentlemen, who were accommodated in a magnificent semi-circular *marquee*, which was adorned with a profusion of flags and bunting. There was also a platform erected in front of the *marquee* covered with an elegant canopy, upon which gilt chairs were placed for the use of Lord and Lady Reay. Among those present were:—Brigade Surgeon Hojel, Sir Jamsetjee Jeejeebhoy, Bart., C. S. I., Mr. F. L. Charles, C. S., Doctors Gray, Lyon, Arnott, Parukh, Hatch, Temperley Gray, Professor Peterson, Messrs. J. R. Duxbury, Adams, Phipson, Little, S. S. Bengallee, C. I. E., F. N. Patell, Dustoor Peshotan Byramjee Sunjana, Khan Bahadoor M. C. Murzban, Messrs. Nowrojee Monockjee Wadia, Nusserwanjee Jehangir Wadia, Muncherjee Hormusjee Cama, Y. N. Kelkur, M. H. Hakim, J. E. Kohiar, Framjee Dinshaw Petit, Bomanjee Dinshaw Petit, Nanabhoy B. Jeejeebhoy, Ardeshir B. Kapadia, K. N. Kabrajee, D. R. Chichgar, Cursetjee Furdoonjee, Byramjee Dadabhoy Registrar, R. N. Byramjee

Jeejeebhoy, Ruttonjee M. Ratnagar, Eduljee N. Banatwalla, J. C. Cama, J. E. Davar, Vundrawandas Purshotumdas, Cowasjee Jamasetjee Jeejeebhoy, N. B. Suntook, Madhowdas Ragnathdas, Currimbhoy Ebrahim, Doctors Cowasjee Hormusjee, J. A. DaGama, Eduljee Nusserwanjee, R. N. Khory, Pestonjee Muncherjee Nicholson, and Earchshaw Sheriarjee Bharucha. H. E. the Governor and Lady Reay arrived at 5 o'clock, and were received by Mr. Nowrojee Manockjee Wadia, eldest son of Bai Motlibai, and Khan Bahadoor M. C. Murzban at the entrance of the *marquee*, the Volunteer Band, which was present on the occasion, playing "God Save the Queen." Lord and Lady Reay having taken their seats on the dais, H. E. the Governor invited Dr. Gray, Principal of the Grant Medical College, to take his seat on a chair to his left. Mr. Nowrojee Manockjee Wadia then read the following address:—

"Your Excellency, Ladies and Gentlemen,—On behalf of my mother, Bai Motlibai, and also on behalf of my brother and myself, I beg cordially to express our thanks for the honour your Excellency has done us in kindly consenting to lay

THE FOUNDATION-STONE OF THE MOTLIBAI

OBSTETRIC HOSPITAL,

and to you, ladies and gentlemen, for being present here on this occasion. Through the liberality of certain benevolent and philanthropic gentlemen this great and rising city was not left entirely unprovided with institutions like the one whose inauguration we

are assembled here to-day to witness; but the demand on them was so great that the want of another one has been felt for some time past. It has, therefore, been my mother's desire for a long time to do something in this direction by the establishment of another institution, which would, in a great measure, supply the want that had been experienced. She was desirous that the benefit to be derived from an hospital of the kind should not be solely confined to a particular class or sect, but that, irrespective of caste and creed, all should have the advantage, at a critical period, of the highest medical skill and experience available in the Presidency, advantages which, we feel confident, will be made available by Government at this hospital. The only condition with regard to internal management that the donor has thought it proper to make is that a certain proportion of the beds should be reserved for members of the Parsee community seeking admission into this institution: and I am glad to be in a position to say that Government have been good enough to accede to this proposal, and that the building has been planned so as to give effect to the stipulation. It is due to the kind co-operation of the Government, over which your Lordship presides, and to the encouragement, valuable advice, and assistance of your Excellency, that my mother has been able to carry out her desire It is her express wish that I should, on this occasion,

PUBLICLY ACKNOWLEDGE OUR GRATITUDE FOR

ALL THAT HAS BEEN DONE,

and for what still remains to be done, in furtherance of the object with which this institution has been established. Ladies and gentlemen, it is scarcely necessary for me to tell you that Lord Reay, ever since he has come to rule over this Presidency, has encouraged many very important and useful undertakings of various sorts, but the sick and the poor European and native have always found special friends in his Excellency as well as Lady Reay. For them their Excellencies have done much, and many instances of their solicitude for the relief of the sick you see around you in this city and in other parts of the Presidency. Notwithstanding the many calls on their time neither that nor trouble has been spared, and scarcely a week passes in which their Excellencies have not, by thieir kindly presence or valuable assistance, been helping to put on a sound footing some very deserving institution struggling against hard times, or in encouraging and furthering some project started for the welfare of those who, from circumstances beyond their own control, are unable to do much for themselves. I shall not detain you, ladies and gentlemen, with any further remarks of my own, but allow me to thank you again for your presence here to-day, and to request your Lordship to lay the foundation-stone of the Motlibai Obstetric Hospital."

Mr. Wadia then presented to his Excellency, in the name of his mother, a silver trowel, bearing a suitable inscription, for the purpose of being used

for laying the foundation-stone of the hospital. H. E. the Governor, who was cordially received, said:—"Dr. Gray, Ladies and Gentlemen,—I am sure I am speaking in the name of everybody present, and more especially of the distinguished professors and students of the Grant Medical College, when I beg to offer

OUR BEST THANKS TO BAI MOTLIBAI FOR HER VERY MUNIFICENT GIFT TO THIS COLLEGE.

(Cheers.) Mr. Wadia, your name is connected honourably with the history of this Presidency. The merits of the Wadia family do not require any monument in stone. But another most valuable illustration is added by you to many other instances of that public spirit wich distinguishes the Parsee community in this city—(cheers) —and which I, speaking not in my own name, and not only in the name of the present Government of Bombay, but of past Governments of Bombay, am, very happy to recognise again. Never on any occasion has it received such a complete illustration. Many donations have been given to Government of splendid buildings, but there always was a condition att :ched that Government should give a site. But you, Mr. Wadia, as representing your mother, not only erect a building, but you transfer to Government your own land—(cheers)—and Government hope that your example will be followed. It leaves us only one step for a further advance, and then we have got all we want. If future donors should not only give the site and the building, but also give an endowment to the institution which

they may wish to found, their descendants would have every reason to feel proud of such generous ancestors. (Laughter and cheers.) And, gentlemen, I am not speaking without my book, because though I thought that I had come to the end of Parsee munificence when I had received Bai Motlibai's offer last April, within the last day my own wishes have been almost accomplished, as an offer was submitted by a distinguished Parsee, not only to give a hospital building but to endow it, though he asks for a Government site. Well, I am quite sure that this good example will lead up to the ultimate fulfilment of the *three* desiderata: building, establishment, and site,—(cheers)—and that as mills are rising in Bombay, and millowners are amassing well-earned fortunes, that some part of them will be devoted to charitable or scientific institutions. Now I must trouble you for a moment with the history of this institution. I shall make it as short as possible. This is a century which is rather impatient of history, even of modern and quite recent history. But still it is desirable on this occasion to leave on record the history of this gift. In April, 1888, you,

MR. WADIA, APPROACHED GOVERNMENT WITH A PROPOSAL TO GIVE THIS HOSPITAL.

You told me that your worthy mother was quite prepared to give us all we wanted, and I am bound to say that every request I made to you, you acceded to with a promptness which illustrated the maxim of *bis dat qui cito dat.* (Applause.) In June 1888

the rough plans were asked for, and in September the detailed plans, and in December Mr. Adams gave us his project, and on this occasion I congratulate him on having produced a very ornamental design—(cheers) ;—and not only the interior of this hospital but its outward appearance will teach a esson in art, which in this neighbourhood, I hope, will not be lost and will be a constant source of pleasure. (Renewed cheers.) The hospital will consist of an entrance hall, a principal staircase room, four wards for ten beds, an operating room, a microscopic room, quarters for nurses, consisting of sitting room, bed-room, and bath-rooms, rooms for dispensary, drug store, office and linen. On the first floor again there are an ante-room, four wards containing in all ten beds, an operating room, surgeon's private room, and rooms for two nurses, the walls being surrounded by corridors. On the third floor are quarters for resident medical officer, consisting of a sitting-room, dining-room, bed-room and bath-room. The out-buildings comprise a separate sceptic ward, quarters for three sisters, servants' quarters and cook-rooms. The whole of this hospital with outhouses and the septic ward is estimated to cost Rs. 1,60,000, which by your mother's munificence have been already handed over to Government. Now the spot on which we are standing was until lately used as a "Parsonage," and with regard to that "Parsonage" there are some interesting details. In 1738 the vestry of the Parishioners of Bombay purchased a building, a "Parsonage," in

Church Lane near the Cathedral. In 1745, what is not unusual with vestries, this vestry, it appears, was in financial difficulties. At least I find that in the minutes of Council of the 11th of June of that year these words:—"The ordinary charges and necessary repairs that the Fabrick may require being what will admit of no delay, agreed that for the present the same lie on the Honorable Company's account giving strict orders that all possible frugality be used, and only liable to our own management, and not that of any succeeding vestrys when we doubt not to bring the whole within the compass of 50 Rupees per month, though it has hitherto exceeded double that sum, exclusive of the purchase and the work above mentioned, the Board esteeming this method better than again appropriating the half per cent. duty which may again (by a future vestry) be mismanaged and be under the same dilemma, and it is hoped and an expense of this levied will not be disapproved of by the Honorable Company." On this occasion it is only fair when a new comer is congratulated that we should not forget past benefactors, and I am extremely glad to see Sir Jamsetjee Jejeebhoy—(loud cheers)—here, as a proof that he also is willing to give the new comer a hearty reception, because it was due to his esteemed grandfather—(loud cheers)—that

WE HAD OUR FIRST OBSTETRIC HOSPITAL.

(Renewed cheers.) In days when such gifts were not likely to be appreciated as hospitals are now, in days when your community, at all events, were not

ready to flock to the hospitals as they are ready to flock to them now, and when, therefore, the benefaction was mostly intended for members of other communities, it was in the highest degree a mark of disinterested and noble generosity. (Loud cheers.) In proof of what I say, I find that in the first years of the Sir Jamsetjee Hospital, hardly any Hindoos, Mahomedans, or Parsees made use of the hospital, but it was chiefly used by Europeans, Eurasians, and Goanese. Now, of course, we are in a totally different situation. The numbers of patients from 1850 to 1854 were only 68, and last year the number of patients rose to 222—a fact on which I beg to congratulate Dr. Arnott—(cheers)—whose name is so closely associated with the institution, and who has hitherto done very good work under very difficult circumstances of cramped space. (Renewed cheers.) I am sure that both he and his students are very much to be congratulated that henceforth the clinical part of their work will be performed under circumstances which are in consonance with the demands of science and of sanitation in this latter half of the 19th century. I must now be allowed to say a few words to my student friends, because though this hospital is for the relief of suffering, it has another important duty to fulfil, as a scientific laboratory. In it most of you will be in future educated, in it will be laid the seeds of your future usefulness in your profession. One of the results of these various benefactions to increase the number of hospitals in Bombay has been to call

the attention of Government more especially to the condition of medical education. You are aware that I personally am taking the deepest interest in all that is connected with that important branch of University education. (Loud cheers.) You are aware that in recent appointments we have shown what value we put on the scientific study and research of physiology without which you cannot hope to be good doctors. And, gentlemen, it is gratifying to-day to see that you fully appreciate what Government has done, and I hope that Dr. Meyer will be able to give us frequent reports of satisfactory progress. Quite lately a chair became temporarily vacant for Pahtology, and Government have again followed the scientific order of the day, as I may call it. We have secured a pathologist, a gentleman who has just returned from England as a specialist in bacteriology. Your science is one that cannot stand still; it is every day increasing in importance, and the literature of your science is growing as all literature is growing in volume, almost beyond the capacity of man, but, I hope, not beyond the capacity of the students of the

GRANT MEDICAL COLLEGE.

At all events you have made a very good beginning. You have lately started a library, and besides starting a new hospital, I do not think you could have done better than to start a new library. (Cheers.) I am very glad that my friend Dr. Lyon—(loud and prolonged cheers)—who evidently is also your friend—(renewed cheers) and gave you his guidance deserves

the applause which you give him, because during the short time that he was at the head of this institution, he put an amount of energy in his work, which nobody has appreciated more than myself. (Cheers.) I had the benefit of frequent consultations with him. These consultations were not of a chemical nature—(laughter and cheers)—but these consultations were for the benefit of the College, and they have been of the greatest use to me in what has been settled since. (Cheers.) Now, gentlemen, it is your desire—and it is a most reasonable desire—that your studies should not end when you leave this College. Like the English, French, and Austrian students, you wish the door of the hospitals and of the lecture-rooms to be kept open, and we suppose, after you have left the College, to re-admit you—(cheers)—so that by further studies you may enhance your professional status and may be able to give that assistance which nobody will receive with greater pleasure than your former teachers. In this hospital which is due to Parsee liberality, Dr. Arnott will be only too happy, after it has been opened, which I unfortunately shall not see, to introduce into it some member of the Parsee community, a graduate of our University, to aid him in his work here. (Cheers.) Gentlemen, the heavy responsibilities which you share with your teachers to make the most of present opportunities will hereafter be laid on your own shoulders. Do not look only at the commercial side of your profession, but try and emulate the great men who have

ઉપર જણાવ્યા મુજબ જરથોસ્તી ટોળો સનજાંણમાં ઊતરવા પછી તે વખતના સનજાંણના રજપુત રાજા જેનું નામ 'જાદી રાણા' હતું, તેના તરફથી જરથોસ્તીઓને, પરદેશી ગણીને તથા હીંદુસ્થાનના લોકોના પોશાગ, જુબાન અને રીતભાતોથી તદન જુદી રીતના જોઈને, સનજાંણને કીનારે ઊતરવાની જલદી રજા મલી શકી નહીં. તે ઉપરથી, તે ટોળા માંહેલા ઓલમાઓ જે સંશકૃત ભાષાથી સંપુર્ણ માહેતગાર હતા, તે લોકોએ, દાનાઈ વાપરીને, પોતાનો ધર્મ તથા રીવાજ રાજાને તથા તેના વજીરોને સમજાવવા સાઈ સંશકૃતમાં, ૧૬ સ્લોકો બનાવી, ટુંકમાં સર્વ બ્યાંન કીધું. આથી રાજાએ ખુશી થઈને, કેટલીક શરતો, જેવીકે હથ્યાર નહીં બાંધવાની, ઓરતોએ પેહરેા બુરખા વગર ખુલ્લો રાખવાની, લગનની સુભ કોયા રાત્રે કરવાની, એવી કેટલીક નરમ શરતોથી,

કીનારે ઊતરવાની રજા આપી: તેથી સર્વે કીનારે ઉતરી પોતાનાં ઘરબારો બાંધી રહ્યા.

એવી રીતે લાંબા હંદેસામાંથી બાંહર આવી, પોતાનું રેહવાનું ઠેકાણું કરીને, તે કીરતારની જનાબમાં આકૃત વેલાએ આપેલી કબુલાત જલદીથી પાલી આતશબેહરામ સાહેબને તખ્તનશીન કરવાની ઇંતેજરીમાં તેઓ રહ્યા. કીનારે ઊતરયા પછી, બરાબર પાંચ વરશ રહીને, એટલે સંવત ૭૭૭ યઝદેઝરદી ૯૦ના શાલમાં, ઉપલા ધર્મ રક્ષક હીંદુ 'રાજા જાદી રાણા' ને સર્વે જરથોસ્તીઓએ અરજ કરી આતશબેહરામ સાહેબની ક્રીયા માટે એલાહેદી જગ્યા તથા બીજી મદદો માંગી. તે સર્વે રાજાએ ખુશીથી આપ્યાથી, ઈરાનથી સાથે લાવેલા પવીત્ર આલાટોથી સર્વ ક્રીયા સંપુર્ણ કરી, ઉપલા શનેના રોજ હુમો, આદરઈઝદ, માહ ૯ ના મુબારક દીને, આતશબેહરામ સાહેબને શ્રી સનજાણમાં પરઠેઆ. એની સઘળી ક્રીયા મોબેદ નેરીઓશંઘ ધવલે કરી હતી. જરથોસ્તી શેહનશાહતની તો આખેરી થઈ ચુકેલી હોવાથી, પોતાના શેહનશાહ આતશબેહરામ સાહેબનેજ ગણી, સર્વે જરથોસ્તીઓએ એ પવીત્ર કેબલાને 'ઈરાનશાહ' નું નામ આપ્યું, જે મુબારક નામથી, આજ સુધી, એ પવીત્ર કેબલો 'ઊદવાડા' માં બીરાજે છે.

ઉપલા હેવાલ ઉપરથી જણાશેકે હીંદુસ્થાનમાં જરથોસ્તી ટોળાને પેહલ વેહલો પગ મુકવાની તવારીખ, આજ સુધીમાં જે મલી છે તે, ઘણીજ થોડી અને કેરફાર ભરેલી છે. પણ તેમ થવાની સઉથી મોતેબર અને

સાચ્ચી ગવાહી 'ઈરાનશાહ' આતશબેહરામ સાહેબનો કબલો છે, જે હીંદુસ્થાનમાં જરથોસ્તીઓની શરૂઆતથી સ્થાપન થયલો કેબલો છે; અને આજ સુધી આખ્યાં હીંદુસ્થાનના તમામ જરથોસ્તીઓ, શું શાહનશાહી કે કદમી, શું સનજાણા કે ભગરીચા, સર્વે એકસરખી રીતે, એ પુરાતન કેબલાને માન આપે છે. પાછલથી ઊભા થયલા ધર્મ સંબંધી મતભેદાની જરાબી અસર એ કેબલા તરફના જરથોસ્તી ટોળાના એકીન ઉપર થઈ શકી નથી. તે એ પવીત્ર કેબલાની મોહટાઈ તથા મર્તબામાં વધારો કરનારી બીના છે.

સંનજાણમાં આતશબેહરામ સાહેબ 'ઈરાનશાહ'ને તખ્તનશીન કીધા પછી જરથોસ્તી ટોળાની હાલતમાં મોટો સુધારો થતો ગયો. સંખ્યાબંધ દુઃખો અને હદેસા ભોગવી ચુકેલો એ ધર્મસુસ્ત ટોળો સનજાણમાં મોટાં સુખ અને આબાદી સાથે રેહવા લાગો. એ વખતે ઈરાનમાંના તેમના લાખો ભાઈબંધો ઉપર દરકલાકે લડાઈ, કાપાકાપી અને ખુનનો ત્રાશદ્યયક વરશાદ વરશી રહ્યો હતો.

સનજાણમાં જરથોસ્તી ટોળો ઉપર મુજબ હીંદુરાજાની મેહરબાનીથી પુરતો આબાદ થવા પછી, ત્યાંથી જરથોસ્તીઓ હીંદુસ્થાનના જુદા જુદા મુલકોમાં વેપારને માટે જઈ વસવા લાગા. ખંભાત, સુરત, ભરૂચ, નવશારી, વીગેરે વેપારી મથકોમાં બેહદીન સાહેબો વસતી કરી રહ્યા પછી, તેઓને પોતાનાં ઘરનું ધર્મ સંબંધી કીયા કામ કરાવવાની જરૂર પડતી ગઈ તેમ, સનજાણથી

મોબેદોને મંગાવતા ગયા. સનજાણની વડી અનજુમને તે મુજબ મોકલ્યા. એ મોબેદો પાછળથી ભગરીઆ, સુરતીઆ, ગોદાવરા, વીગેરે, અટકોથી પોતાને ઓલખાવા લાગ્યા; જ્યારે, સનજાંણમાં આતશબેહરામ સાહેબના કેબલાની ખીદમતને માટે જે મોબેદો રહ્યા તે, સનજાંણાની અટકથી ઓલખાવા લાગ્યા.

એ રીતે સનજાંણમાં આતશબેહરામ સાહેબ 'ઈરાન શાહ' સાથે રહેલા જરથોસ્તીઓ (કદમેસ્તની ગણત્રી મુજબ) લગભગ ૬૨૪ વરસ સુધી, એટલે શુંમારે યઝદઝરદી ૭૪૫ સુધી, આબાદીમાં રહ્યા. પણ એ વરશથી એ ટોળાની પાછી હાડમારીઓ અને દુઃખ સરૂ થયાં. ગુજરાત ઉપર મેહમુદ બેગડાના સરદારોએ હૂમલો કરી જીત મેલવી, અને છેક સનજાંણ નજીક આવી પોંહચ્યા પછી ત્યાંના હીંદુ રાજા ઉપર લડાઈનું નાસું મોકલ્યું. આ વખતે રાજાની સ્થીતી, આવાં મોટાં લશ્કર સાથે, લડી શકાએ તેવી નહીં હોવાથી તેણે જરથોસ્તીઓની મદદ માગી. જો કે આ વખતે જરથોસ્તી ટોળો, પોતાની શાહનશાહતના વખત જેવું સુરાતન ધરાવતો નહીં હતો—કારણ કે હજ્યાર છોડી બેસવાને લગભગ ૬૦૦ વરશની લાંબી મુદત ગુજરી ગઈ હતી—તોપણ રાજાની અને રાજની ખરાબીમાં પોતાના ધર્મની ખરાબી સમજીને, તેમજ રાજાના વડીલોએ જરથોસ્તી ટોળા ઉપર કરેલા બેહદ ઉપકારનો બદલો વાલી પોતાની વફાદારી બતાવવાની તક હાથ આવેલી જોઈ, જરથોસ્તીઓમાં પોતાનું આગણું લડાયક લોહી દોડી આવ્યું, અને તેથી પોતામાંથી સુનંદા ૧,૪૦૦ જરથોસ્તીઓની

એક જુદી ફોજ ઊભી કરી, એક બાહદુર જરથોસ્તી નામે આરદેશીરને પોતાનો સરદાર ઠરાવી, રાજાની મદદે, મુસલમાન હાંકેમના લશ્કર સામે, લડાઈમાં ઊતરચાઃ અને એકવાર ફરીથી, જરથોસ્તીઓએ પોતાનું આગળું સુરાતન બતાવી, મુસલમાન ફોજને પરાગંદેહ કીધી. બીજી મરતબે, વધુ લશ્કર અને ભારે ઝનુન સાથે, મુસલમાન લશ્કર ચઢી આવ્યું. તેની સામે બીજીવાર પણ જરથોસ્તીઓ મુકાબેલ થયા; પણ આ વખતે નશીબે યારી આપી નહીં. મુસલમાનની મોટી ફોજ સામે જરથોસ્તીઓ, જીવપર આવી લડવા છતાં, મોટી ખરાબી સાથે, હાર પામ્યાથી, અને મોટો ભાગ માર્યો ગયાથી, બાકી રેહલા થોડા જરથોસ્તીઓ, આતશબેહરામ સાહેબના કેબલાને લઈ, સનજાંણથી દુર, બાહરોટ નામના બીકટ પાહડ ઉપર, જઈ રહ્યા. એ પ્રમાણે પોતાનું વાહલું વતન તમામ માલ મીલકત સાથે બીજીવાર સદાનું છોડી દઈ, ફકત ધર્મના બચાવને માટે, પવીત્ર કેબલાને લઈ, જરથોસ્તીઓ બાહારોટ ગયા. બાહરોટ પાહડ આજે પણ ઘણો બીકટ ગણાએ છે. ત્યાં ફાડી ખાનારાં જનવરો સંખ્યાબંધ રેહ છે, અને ત્યાં પથ્થરમાં કોતરેલો એક ચુકો છે, જેને માટે કેહછે કે તેમાં 'ઈરાંનશાહ' ૧૨ વરશ સુધી તખ્તનશીન રહ્યા હતા. હાંયી, વાંસદાનાં હીંદુ રાજમાં પોતાની સલામતી જોઈને, તેઓ વાંસદે જઈ, ૧૪ વરશ સુધી આતશબેહરામ સાહેબ સાથે રહ્યા હતા. વાંસદામાં આજે પણ કેટલીક જગ્યા આતશબેહરામ સાહેબના રેહવાની બતાવવામાં આવે છે.

આ બધો વખત, આતશબેહરામ સાહેબની ખીદમત,

સનજાંણા ટોળાના અથોરનાનો, ભારે દુઃખ ખમીને પણ, એકીનદારીથી કરતા હતા. પોતાના પવીત્ર કેબલાને સંબાલતા, દેશે દેશ રખડવાની કમનશીબભરી સરજતને ખુશીથી તાબે થઈ, ભયંકાર જંગલોમાં, અને દુશમનોની દર પલની ધાસતી છતાં પણ, આતશબેહરામ સાહેબની 'બોએ' દેવાનો વખત જેખી જગ્યાએ થતો, તે જગ્યાએ ખોટી થઈ, પવીત્રાઈ શાથે 'બોએ' દેવાની કીયા કરી, પછી આગળ ચાલતા હતા.

ઊપલી લડાઈની પેહલાં સનજાંણમાં આતશબેહરામ સાહેબ તખ્તનશીન હતા ત્યારે, હીંદુસ્થાનમાં જુદાં જુદાં મથકોમાં વસેલા. જરથોસ્તીઓ, કેબલાનો સેજદ્દો કરવા, ઘણા દૂરથી મુસાફરી કરી, આવતા હતા. તે વખતે આજના જમાના જેવી મુસાફરીની કશી સગવડો નહીં છતાં, ફકત એકીનને માટે ઘણી રેજે ખેંચીને, જરથોસ્તીઓ; પોતાના શેહનશાહને સેજદો કરવાની ખાએશ રાખતા. જ્યારથી સનજાંણ તારાજ થયું. અને કેબલાને બાહરોટના પાહડ જેવી મુશકેલ જગ્યાએ રાખવા પડ્યા,—અને ત્યાં એકીનદાર જરથોસ્તીઓથી પોંહચી શકાયું નહીં, તેથી સર્વ ઘણા ગમગીન રેહતા હતા; અને જ્યારે સનજાંણા ટોળાએ ૧૨ વરશ સુધી જંગલમાં એકલા રેહવાની, બારે આકત ભોગવવા પછી, પુરતી જુસતેજોથી, વાંસદાનાં હીંદુ રાજમાં પોતાની સલામતી જોઈ આવી વસ્યા,—ત્યારથી આજુબાજુના જરથોસ્તીઓ, ઘણે વરશે, પોતાના પુરાતન કેબલાને સેજદો કરવા વાંસદે આવવા લાગ્યા. એવી રીતે વાંસદામાં ૧૨ વરશ સુધી સ-

નજીણા અથોરનાનો, આતશબેહરામ સાહેબ સાથે, મથક કરીને રહ્યા હતા.

એ વખતમાં નવશારી, જે વાંસદાથી ૧ દીવસની મુસાકરી જેટલું નજીક છે ત્યાં, જરથોસ્તીઓ ઘણી આબાદીમાં રેહલા હતા. તેઓમાં એક બેહદીન, 'ચાંગા-બીન-આશા' નામનો, ઘણો નામદાર અને ધર્મચુસ્ત રેહતો હતો, જે નવશારીના તમામ જરથોસ્તીઓ ઉપર સરદારી ધરાવતો હતો. તે દરવરશે, આદર મહીનો ને આદર રોજે, 'ઈરાન શાહ' ની શાલગરેહના જસનમાં સામેલ થવા વાંસદે આવતો. તેણે સનજાણા ટોળાના, તે વખતના ત્રણ નામીચા દશતુરો, ખુરશેદ કામદીન, નાગણ રામ અને આંઈઆ સંહીઆર, (જેઓથી હાલનો ઊદવાડાનો અથોરનાન ટોળો ઉતરેલો છે) ને ફરમાશ કીધી કે 'આપણો એ શાહનશાહ જંગલ વચ્ચે હોવાથી, ઘણા દીનદાર જરથોસ્તી ભાઈઓ તથા બાઈઓ, બુઢપણ અને નાતવાનીના સબબથી, મુસાકરીની રંજ ખમી શકતાં નથી, તેથી એ પવીત્ર કેબલાના સેનજદાથી બેનશીબ રહી ઘણા ગમગીન રેહછે; માટે તમો, દુરઅંદેશી વાપરીને, એ પવીત્ર કેબલાને શ્રી નવશારીમાં લાવો તો સર્વ ઘણાં ખુશી થાએ, અને તમારા મરતબામાં પણ વધારો થાએ,' વીગેરે, ઘણીએક સમજુતી કીધી. આ ઉપરથી ઉપલા ત્રણે દશતુરો, જેઓએ પોતાના ટોળાની રાહબરી કરીને ટોળાની સાથે સનજાંણ છોડી ઘણી સખ્ત હાડમારીઓ તથા હંદેશા ખમેલાં હતાં, તેવોએ ચાંગા આશાની લાયકી તથા કેબલા તરફની તેમજ કેબલાના બાદેમો સનજાણા ટોળા તરફની

અંજકેસાંની જોઈને, નવસારી જવાને કબુલ કીધું. યઝદઝરદી ૭૮૫ ના રોજ રહમો, માહ દ્ને દીને, બેહદીન ચાંગા આશાની મદદથી, આતશબેહરામ સાહેબ સાથે નવસારીમાં સનજાંણા ટોળો આવી વશ્યો.

નવસારીમાં આતશબેહરામ સાહેબને લાવવાના ઊપલા શનેમાં તવારીખના અભ્યાશીઓ કેટલોક શક બતાવી જુદી જુદી અટકલો કરેછે; પણ સનજાંણા ટોળાની, ઊપર જણાવેલી, 'કહરેસ્ત', જે ઘણું કરી વાંસદેથી નવસારી આવવાના વખતની દરમ્યાંન લખાયલી લાગેછે, તેમાં એ દાહડો-વાર ખુલ્લી રીતે લખેલો છેઃ—'સંવત ૧૪૭૨ના માગશર શુદ ૩, શને યઝદેઝરદી હકતશદ હસ્તાદ પંજ યઝદઝરદ શેહરીઆર ૭૮૫.'

ઊપલી નોંધ ઊપરથી એ શને ખરો માંનવાને પુરતું કારણ છે. વળી, બેહદીન ચાંગા આશાની ફરમાશ ઊપરથી, આતશબેહરામ સાહેબને નવસારી લાવેલા, તે ચાંગા આશાની હઈઆતીનો શને કેટલોકો ઘણો પાછળનો બતાવી તેથી બી ઊપલો શને શકમંદ બતાવેછેઃ પણ ચાંગા બેહદીન આશાનું નામ સનજાંણા ટોળો પોતાની તમામ કીયાઓ પછી, શું જાહેર કે ખાનગી, સર્વેમાં પેહલવાંનો તથા પાદશાહોના નામ જેટલાજ દરજાથી આજ સુધી લેતા આવ્યા છે, તેથી પણ સાબેત થાયછે કે એ નામવર બેહદીનનીજ મદદથી તેઓ નવસારી આવેલા, તેમાં શક રેહતો નથી.

નવસારીમાં એ વખતે સનજાંણથી વડી અંજુમને મોકલેલા મોબેદોની ઓલાદ મોટી સંખ્યામાં વસતી હતી.

તે લોકો બેહદીનોનું ક્રીયા કામ સર્વે કરતા હતા. તે કામને સનજાંણા ટોળો, નવસારી આવી રેહવા છતાં, મોટાં દીલથી કંઈપણ દખલગીરી નહીં કરતાં, પોતાની સાથે આવેલા બેહદીનોનું તથા પોતાના ટોળાનું સર્વે ક્રીયા કામ પોતે કરવા ઊપરાંત, આતશબેહરામ સાહેબની ખીદમત કરવાનું પોતાનું કામ ગણંતા—અને તેવી સરતથીજ બેહદીન ચાંગા આશા એ સનજાંણા ટોળાને નવસારીમાં લાવેલા. એ મુજબ ઘણી સદીઓ સુધી ઊતરતી ઓલાદોએ, એકમેકના કામમાં દખલગીરી નહીં કરતાં, પોતાના વડીલોના રીવાજને માન આપી ચાલ્યા; પણ પાછળથી, તે રીવાજ તોડવા જેવી ભગરીઆઓએ વર્તનુક ચલાવવાથી, સંવત ૧૭૪૧થી ભગરીઆ તથા સનજાંણાઓ વચ્ચે મીનાકેશો ઊભો થયો. એ નાણુશ ખટપટને અત્રે વધારે નહીં વીસતારતાં, ટુંકામાં કહીએતો, સનજાંણા ટોળાની તથા તેમના 'ઈરાન શાહ' આતશબેહરામ સાહેબની દેશેદેશ મુસાફરી કરવાની સરન્જત પાછી ઊભી થઈ. સંવત ૧૭૯૦માં સનજાંણા ટોળાના અથોરનાનો આતશબેહરામ સાહેબને લઈ સુરત ગયા, ન્યાં તે વખતના સુરતના બેહદીનોએ, ઘણી મદદ કરીહતી. પાછળથી, વળી કંઈ સમજુતી થવાથી, અને સનજાંણાવોને પોતાનો ખુદામત હક નવસારીમાં ભોગવવાની ખાત્રી મળવાથી, સંવત ૧૭૯૨માં સનજાંણા અથોરનાનો, આતશબેહરામ સાહેબ સાથે, નવસારી આવી રહ્યા. ત્યાં આવવા પછી, આગળો મીનાકેશો વધારે મજબુતીથી ઊભો થવાથી, કંટાળીને લધભગ ૩૨૫ વરશનું પોતાંનું વતન,

ઘરબાર અને વાડી વજીફા સર્વે છોડી દઈને, સંવત ૧૭૯૭માં વલસાડ આવ્યા. ત્યાંથી નજીકમાં ઊદવાડા, જે વલસાડની માફક સનજાણા પંથકનેજ તાબે હતું, અને થોડા બેહદીનોની વસતી ઊપરાંત એક મોબેદ પંથકીનું ઘર હતું, ત્યાંની સારી આબો હવા તથા હીંદુ રાજાની મેહરબાની બરેલી મદદની ઊમેદથી, વલસાડથી સંવત ૧૭૯૮ના રોજ ૬, માહ ૧ દીને ઊદવાડે આવ્યા. ત્યાં, આજ સુધી, એ પુરાતન કેબલો તથા તેની ખીદમત કરનારા સનજાણા ટોળાના અથોરનાનો રેહલા છે.

ઊદવાડા ગામ, એ વખતે, માંડવીના રજપુત રાજાને તાબે હતું. પવીત્ર કેબલાની મોહટાઈ માટે આગમચથી તેના સાંભળવામાં ઘણું આવેલું હોવાથી, તે ધરમી રાજાએ સનજાણા ટોળાને ઘણી મદદ તથા દીલાસો આપ્યો. વળી પેશવાઈ રાજમાં, સનજાણા ટોળાનો ઘણો વશીલો હોવાથી, પેશવા સરકારે પણ ઘણી મદદ કરી રાજાને બલામણ કરી. તે બલામણના દરેક હોકમોમાં એ ધર્મી રાજાઓ 'ઈરાનશાહ'ના કેબલાને 'પવીતર આતશ' ની ઊપમા લખતા હતા, જે ના ઘણા લેખો આજે પણ મોજુદ છે.

ઊદવાડામાં, એ વખત ઊપર, થોડાં બેહદીનોનાં ઘરો ઊપરાંત, એક મોબેદનું ઘર હતું. જે મોબેદો બેહદીનોને ઘરોનું પંથકપણું ચલાવતા હતા તે મોબેદોના ઘરોમાં આતશબેહરામ સાહેબને લાવી રાખ્યા; અને તે બાબતની ખબર આસપાસનાં ગમોના જરથોસ્તીઓમાં ફેલાતાં, તમામ જરથોસ્તીઓ—મુખ્ય કરી સનજાણ જીલ્લાને લગતા—ઊદવાડે દોડી આવ્યા. એમ પોતાનો પુરાતન

કેબલો ૩૫૦ વરશ પછી ફરીથી સનજાંણ નજદીકમાં આવેલો જાણી સર્વે ખુશી થયા. તેઓમાંના, નારગોલના એક બેહદીન, મીનોચેહર બહમને, પોતાના ખરચથી, આતશબેહરામ સાહેબને, તખ્તનશીન કરવાને માટે, એક નાનું મકાંન, હાલનીજ જગ્યાએ, બાંધી આપ્યું. તે મકાંન ઊદવાડામાં પેહલ વેહલું હતું; અને સુમારે ૧૧૧૨ કે '૧૩ ઈ૦ સ૦ માં બંધાયલું હતું. ત્યારબાદ, થોડાં વરશ રહીને, ઈ૦ સ૦ ૧૧૨૧ માં, સુરતના એક ધર્મચુસ્ત બેહદીન, ભીખા એદલ શ્રીજી, સેજદા કરવા, ઊદવાડે આવ્યા. એવેાએ, એ મકાંન ઘણુંજ નાનું અને અડચણ ભરેલું જોઈને, પોતાની તરફનું એક કુશાદે મકાન બાંધી આપવાની આજ્ઞેશ જણાવી; અને તે બાંધતાં પોતાની તમામ પુંજી પુરી થવાથી, તેની નેક બખ્ત ઓરતે પોતાનાં ઘરેણાં પણ, એ કામમાં ખુશીથી વાપરવા, આપ્યાં. આથી પણ મકાંન પુરું નહીં થવાથી, તે બેહદીને, છેવટે, પોતાનું સુરતનું ઘરબાર વેચી, એ મકાંન પુરું કરયું; અને, પોતે તંગ દસ્તીમાં આવી પડવાથી, પોતાનું વતન છોડી, દુર દેશ ગયાઃ ઔરંગાબાદ મધે, ઈ૦ સ૦ ૧૧૪૯ના રોજ ૨૬, માહ ઉને દીને, તેઓ બેહસ્તનશીન થયા હતા. એ નેક બખ્ત બેહદીન ઘણા ધર્મચુસ્ત હતા; અને ધર્મને લગતી કેટલીક અસલ કેતાબોના તરજુમા, તે વખત ઊપર, પોતાના ખરચથી, કરાવ્યા હતા. એ મરહુમનું કીર્તી ભરયું નાંમ, સનજાંણા અથોરનાન ટોળાએ, પોતાનાં વાહલાં ગુજરેલાંવેાનાં નામની સાથે, આજ સુધી જળવી રાખ્યું છે. શું અહેર

કેખાનગી તમામ ક્રીયાઓમાં બેહદીન-ભીખા-બેહદીન-એદલનું નામ હંમેશ લેવામાં આવેછે.

તેઆર બાદ ઈ૦ સ૦ ૧૧૯૯ માં મરહુમ વાહાડીઆજી શાહેબો દાદાભાઈ તથા મંચેરજી પેશતનજીએ તે મકાન નાનું લાગવાથી એક મોટું કોશાદે મકાન તથા બરશનુમ લેનારાવોના ઉપઓગ શારૂ એક બીજું મકાન એ રીતે બે મકાનો બંધાવી આપેઆં. જે આજે પાછાં નાના પડવાથી તેમજ પુરાણા થવાથી પાછાં ભાંજવાની શરજતને તાબે થઈ ઊભાં છે. અને નવાં કોશાદે અને હાલના જમાનાને અનુશરતાં મકાનો બાંધી તેમાં પુરાતન કેબલાને તખ્તનશીન કરવાનું માન એજ વાહાડીઆ ખાનદાનનાં ભાયગમાં શરજેલું હોએ એમ જોઈ સેંજણા અથોરનાનો ટોલો ઘણો ખુશી થઈ એ ભાયગશાલી ખાનદાનને સદા આબાદ રેહેવાની દોવા કરેછે. આમીન.

ઉપલી તવારીખ વંચાઈ રહ્યા બાદ નવા મકાનના પાયાના પથરા બેસાડવાની અરજ બાઈ મોટલાંબાઈના દીકરાઓને કરતાં, મી. શોરાબજી કાવસજી માણેકજી દમણ વાલા નીચે પ્રમાણે બોલ્યાઃ—

નામદાર શર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટ, શેઠ શાહેબો નવરોજી તથા નશરવાનજી વાહાડીઆજી, શેઠ કાવશજી ખરશેદજી જમશેદજી જીજીભાઈ તથા મીજલશના શરવે શાહેબો.

હુમણાં જે મેં આતશ બેહેરામ શાહેબ "ઈરાનશાહ" ની ઘણીજ ટુંકમાં તવારીખ વાંચી સંભલાવી, તે ઊપરથી

મીજલશના માનવંત શાહેબોની ખાત્રી થઈ હશે કે માત્ર તે કીરતારની જેબી મદદથીજ આજસુધી ઝલકાટ સાથે રેહેવા પામેલા આ નુરી કેબલાને તેના દરજાને છાજતું મકાન બાંધી આપનારાં રાખી વજુદ બાઈજી શાહેબ મોટલાંબાઈ કેટલાં બધાં ભાયગશાલી છે. એટલુંજ નહીં પણ એ કેબલો ઊદવાડે આવેઆને બરાબર ૧૫૦ વરશ થયાં છે. એટલી લાંબી મુદત દરમેઆન શરૂઆતમાં બે દીનચુસ્ત બેહેદીનોએ નાના મકાનો બાંધી આપવાનું પુન લેવા પછે હાલની ઊભેલી જુની ઈમારતો જે જમાનાના કરતાં ચકરમાં આવી જમીનદોસ્ત થવાની સરજતને માટે રાહ જોતી ઊભીછે., તે સુંદર ઈમારતો આજ ૬૩ વરશ ઊપર વાહાડીઆ ખાનદાનના નામીચા પુરૂશોએ બંધાવી આપી તેનો ઘટતો ખરચ પણ આજસુધી આપેઆ જવાનું નહીં ભુલાએ હેવું હેશાન ઊદવાડા અંજુમન તરફ કરેલું છે. અને ગોયાં કુદરતે જેબી બશારત કરીને એ મકાનોને પાછાં નવેશરથી બાંધવાનું પુન પણ વાહાડીઆ ખાનદાનનેજ લેવાની શરજત બખશી હોએ. તેમ એ મકાનો વાહાડીઆ ખાનદાનની મગરૂરીમાં વધારો કરનારાં માનવંત બાઈસાહેબ મોટલાંબાઈને હાથે થવાથી એ નામીચાં ખાનદાનને જેટલી ખુશી ઊપજી હશે, તેથી વધારે ખુશી ઊદવાડાની હેશાનમંદ અંજુમનને ઊપજી છે.

ઊદવાડાની આખી અંજુમનને માટે આજનો દીવશ ખરેખરો ખુશાલી ભરેલો છે. તેમાં વધારે ખુશાલીનું કારણ મલીએ છે કે ઊદવાડાની અંજુમન ઊપર હમેંશા મેહેરબાની રાખનારા નામચીન જરથોશતી અકાબર અને આપણાં હીંદી ઊમરાઓ નામદાર શર જમશેદજી

જીજીભાઈ બીજા બારોનેટ સાહેબના લાએકીવાલા સાહેબ જદા શેઠ કાવસજી ખરશેદજી જમશેદજી જેઓએ આ શુભ કામની શરૂઆતથી ઘણી દીલભરી ભરી તશદી લીધેલી છે. તેઓને આ મેલાવડામાં બીરાજેલા જોઈ ઊદવાડાની અંજુમન અતી ઘણી ખુશી થઈ એવો શાહેબનો ઊપકાર માનેછે. તેજ મુજબ નામદાર શર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટ શાહેબ જેઓએ ઊદવાડા ગામ ઊપર અનેક જાતના ઊપકારો કરેલા છે. વલી ઊદવાડા અંજુમનની માંગણી ઊપરથી એવો શાહેબે આતશ બેહેરામ શાહેબના મકાનો નજદીકમાં મોટી કીંમતે જમીન ખરીદ કરી તેના ઊપર અંજુમનની ખાહેશ મુજબ દીન કરમાનની શધલી શવલતાઓ શાથે તથા અંજુમનની ખાશ કરમાશથી શર અવશરે આતશ બેહેરામ શાહેબના કેબલાને બીરાજમાન કરવાનેમાટે એક ગુંબજ શાથનું કોશાદે મકાન બાંધી આપી અંજુમનને શપુરદ કરેલું છે. જેને માટે અંજુમન એ નામદારને હેશાનમંદ છે. અને પોતાના એ મકાનમાં આતશ બેહેરામ શાહેબના કેબલાને તખતનશીન કરવાનો અવસર આવેલો જોવાને પોતે ઘણી ખાહેશ રાખતા હતા. તે ખાહેશ આજના મુબારક દીવશે પાયતખતના નવાં મકાનનો પાયો નાંખવામાં આવવાથી રાખેલી વકી મુજબ આતશ બેહેરામ શાહેબને ઊપલાં મકાનમાં બીરાજમાન કરેલા. એઓ નામદારે નજરે જોવાથી ખચીત ઘણો શંતોશમાની લીધો છે. અને એ મકાન તઈઆર થઈ તેમાં આતશ બેહેરામ શાહેબ પાછા તખતનશીન થાએ તેઆં શુધી એઓ નામદારનું મકાન એજકામને માટે વપરાતું રેહેવાથી એઓ શાહેબને ઘણીજ

ખુશી હાંસેલ થશે. એટલુંજ નહીં પણ અંજુમને એઓ શાહેબને શરઅવસરે કેબલાને તખ્તનશીન કરવાની શગવડ કરી આપવાની કરેલી માંગણી કેટલી વાજબી હતી, તેની એ નામદારને પુરતી ખાત્રી કરવાની તક મલવાથી તેમજ આ શુભ મેલાવડામાં તેઓ શાહેબની મુબારક હાજરી જોઈને ઊદવાડાની આખી અંજુમન ઘણી ખુશી થઈછે. એમ જણાવતાં મને શંતોશ થાએછે.

આ તકે વાહાડીઆ ખાનદાનના શેઠ મેરવાનજી દાદાભાઈ વાહાડીઆનો હું મારી અંજુમન તરફથી ઊપકાર માનુંછું કે આ મોટાં પુનનું કામ જલદીથી થવાની તેવો શાહેબે પુરની કાળજી ધરાવી હમારી અંજુમનને ઘણી શગવડો કરી આપી. હમારી અંજુમન સાથેનો અડધી શદી ઊપરાંતનો ઘાડો સંબંધ ઘણા સરસ આકારમાં બતાવી આપ્યોછે. તેવાત પણ વાહાડીઆ ખાનદાનનો એ કેબલા તરફનો શાચો એતેકાદ બતાવનારી છે.

આજનો મુબારક પરશંગ જે માનવત અને ધરમાતુ બાઈશાહેબની દીલબરી ભરી શખાવતને આભારીછે. તેઓની આ કાંઈ પેહેલ વેહેલીજ શખાવત ઊદવાડાને માટે નથી પણ પ૦ વરશ ઊપરાંતથી ઉદવાડાની અંજુમનને તેઓના વાહલાં ફઆનોની છેલી આશાએશની જગ્યાની જલવણી તથા ચેરાગ રાંખવાની મદદમાં એક શારો હીશો મલતો આવેઓ છે. તે ઊપરાંત ઊદવાડાના શંજાણા વડાં પંથકને તાબેના દમણ, દીવ વગેરે શેહેરોમાં પણ એઓ શમીવજુદ બાઈજીની ધરમાતુ મદદ વરશો ગણત્રીથી થતી આવીછે. જને માટે પણ ઘણે દરજજે ઊદવાડાનીજ અંજુમન તેઓને આભારી છે.

એ શીવાએ હીંદુસ્થાનના જરથોશતીઓની ધણીખરી ધરમની જગ્યાઓને એ ધરમાતુ બાઇસાહેબની ધણીજ છુપી રીતે વરશો ગણત્રીથી મદદ થતી આવીછે. અને એ સઘલાં પોતાનાં ઊત્તમ શખાવતના કામોને ચંદરોકાલ જલવી રાખવા શારૂ એ શખી વજુદ બાઈજીએ એક મોટું ટરસ્ટ પોતાની પુંજીમાંથી કરી રાખેલું છે, એમ જણાવતાં મને ઘણો હરખ ઊપજે છે. અને મને ઊમેદ છે કે મા-હારાં એ સાચા દીલના હરખમાં ભેગી મલેલી માનવંત મીજલશ ખુશીથી ભાગ લેશે.

મુંબઈ શેહેરમાં ન્યાતજાતના કરકવીના તમામ ઓરત જાતના તથા બચ્ચાંઓના દુખોનું નીવારણ કરવા થોડાજ વખત ઊપર એ ધરમાતુ બાઈશાહેબે લગભગ ૪ લાખ રૂપીઆની મોટી શખાવત કરીછે, તે આલમમાં મશહુર વાત છે. અને એ શખાવતથી પોતાની દુખી બેહેનપણીઓનું નીઆત જાતના કશાપણ તકલીફ વીના દુખ દુર કરવાનું મોટાં પુનનું કામ કરી બાઈશાહેબે પોતાની એક રીતની કરજ બજાવીછે. તેઆરે આજે જે મોટાં ધરમના કામની શરૂઆત થઈછે, અને જે પાછલથી એ શખાવત પણ કદાચજ લાખોની નીચે જશે. તે કામથી એઓ બાઈશાહેબે પોતાનાં પવીતર ધરમ તરફની એક મોટામાં મોટી કરજ બજાવવાનો શંતોશ લીધોછે. એમ કેહેવામાં હું જરાભી હદની બાહેર જતો નથી. એમ મીજલશના માનવંતા શાહેબો માની લેશે.

હવે મારે એક ખુશી ભરેલી બીના કેહેવાની રહી છે કે આ મોટાં પુનનું કામ કોઈની પણ ભલામણ વીના બાઈ શાહેબે પોતાના ધરમપુરસ્ત અંતઃકરણથી કરવા ધારીઊં

તેટલાંજ એ પવીતર કેમલાએ પોતાની જેબી શક્તી બતા-વીને બાઈશાહેબના લાએકી વાલા શાહેબજાદા શેઠ નવ-રોજીને માનવંત એતાબની નહીં ધારેલી નવાજેશ કરીછે. અને આજની માનવંત મીજલશમાં તેવો. શાહેબ પોતાના લાએકીવાલા બીરાદર સાથે તે મલેલાં માન શુધાં હાજર થયાછે. અને તે જોઈ આખી મીજલશને બારે ખુશાલી ઊપજી છે. અને એ ખુશીભરેલાં માનને માટે ઊદવાડાની આખી અંજુમન તરફથી હું શેઠ નવરોજી વાહાડીઆને તથા શેઠ નશરવાનજી વાહાડીઆને અંતકરણથી મુબા-રકબાદી આપી ચાહુંછું કે એ બંધે ભાઈઓની જોડી શલામત રહી તંદરોસ્તી શાથે લાંબી જીંદગી ભોગવે. પો-તાનાં કીરતીવંત માતાજીનો શાહેબો લાંબો વખત સુધી ભોગવવાને ભાગ્યશાલી થાઓ. અને કરજંદોની વૃધી શાથે એથીબી વધારે કીરતી અને માન મેલવો.

હવે છેલી એક વધુ ખુશાલી ભરેલી ખબર આ ખુશી ભરેલા મેલાવડામાં સતા ભરેલી રીતે જહેર કરવાની હું તક લેઊંછું કે આ બંધાતાં મકાનની પડોશમાંનું દશતુર ખાનદાન વાલાઓનું પુરાનું મકાન આતશ બેહેરામ શાહે-બના મકાનોના ખરા ઊપેઓગને માટે બાઈ સાહેબમોટલાં બાઈએ હુમારી અંજુમનની એલતેમાસ કબુલ રાખીને આઠ હજાર રૂપીઆની સુંદર રકમ આપી વેચાતું લીધું છે. અને મકાનનો સરવે કાટ તેના માલેકોને આપી દેવા-નો મોટો દીલગુરદો વાપરેઓછે. જે બીના જહેર થવાથી મારી આખી અંજુમન તો ખચીત સંતોશ પામીજ હશે. પણ દેશાવરના જે જે દીનચુસ્ત સાહેબો આજ વરશોથી એ પવીત્ર મકાનનો દરજ્જો જલવવા તેને કરતો કમ્પા-

ઊંડ બાંધવાની ખરી અગત બતાવતા હતા. તેઓને ઘણીજ ખુશી હાંસેલ થઈ હશે. અને તેઓ સાહેબો તથા સરચે દીનદાર સાહેબો હમેશ ખુશ રહો, એ મારી દ્વેવા છે. આમીન, આમીન, આમીન.

મી૦ સોરાબજી માણેકજી દમણવાળાનું ભાષણ પુરૂં થયા પછી તેવણે બાઈ મોટલાંબાઈનાં બંને બેટાઓ, મી૦ નવરોજજી તથા મી૦ નસરવાનજીને, પાયાના પથ્થરો બેસાડવાની એલતેમાસ કરી હતી. પણ પાયાના પથ્થરો બે જણાને હાથે ગોઠવવામાં આવે, પાયો નાખવાની ક્રીયા બે ગૃહસથો કરે, એ નવાઈ જેવો બનાવ તો આ પહેલીજવાર જોવામાં આવ્યો અને તેથી ઉદવાડા ખાતે જોવામાં આવ્યો. આ નવાઈ જેવા "સુધારા"ની જરૂરીયાત શી હતી, તે કહેવાઈ શકાતું નથી.

પ્રથમ મી૦ દીનશાહ દોરાબજી મીસ્ત્રી અને શીલપશાસ્ત્રીએ પાયાની અંદર મુકવામાં આવેલાં નવુસપેપરો તથા રૂપાની દાબડીની અંદર સીકાઓ, મોતી, માણેક, વગેરે, મેલેલાની હકીગત કહી સંભળાવી, પાયામાં મુકવાનો ત્રાંબા લેખ નીચે મુજબ વાંચી સંભલાવ્યો હતો:—

---

IN THE NAME OF HORMAZD,

THE FOUNDATION STONE

OF THIS FOURTH TEMPLE BUILDING.

The former being dilapidated

Vaulting the first sacred Atush Behram

*"Fire Iranshah" consecrated at Sanjan*

In the 90 year of the Yezdezerdi era

By the early Shanshai Zoroastrian emigrants into India,

AND AFTERWARDS REMOVED TO UDVADA

By their descendants in the first building,

And ever from the beginning attended by the Sanjan Mobeds who served the Boe,

Built at the expense and cost of

BAI MOTLABAI, WIDOW OF MANECKJEE NOWROJEE WADIA,

*Was laid at Udvada by her desire,*

By her Sons NOWROJEE MANECKJEE WADIA, Esq., Companion of the Exalted Order of the Indian Empire,

And by NUSSERWANJEE JEHANGIR WADIA, Esq., Justice of the Peace, Bombay,

*On the 9th day Adar of the 9th month Adar,* Shanshai

And of the 10th month Deh Kadmi of the year 1262 of the Yezdezerdi era,

Corresponding with the 22nd day of May, 1893, A. C.

MR. DINSHAW DORABJI MISTRY, M.S. A., Architect.

---

ઉપલા લેખનો ગુજરાતી તરજુમો નીચે મુજબ છે:—

શેહેનશાહી જરથોસ્તી અંજુમનનાં આતશબેહેરામ ઈરાનશાહ શ્રી હાંદુસ્થાન મધે પેહેલવેહેલા ઈરાનથી આવેલા જરથોસ્તી ટોલાએ શ્રી સંજાણમાં સને ૬૦ યજદે-

જરદીનાં સાલમાં પરઠેઆ હતા જેની બેદમત આજ તુલીક શ્રી ઊદવાડાનાં સંજાણા ટોલાનાં અથોરનાનો કરેછે તેનું પેહેલવેહેલું મકાંન નારગોલનાં રેહેવાસી બેહેદીન મીનોચેરજી બહમનજીએ ઊદવાડામાં સને ૧૧૧૨ યજદેજરદીમાં બંધાવીયું હતું. તે પછી એ મકાન સુરતવાસી બેહેદીન ભીખાજી બેદલજીએ સને૧૧૨૧યજદેજરદીમાં બંધાવીયું હતું.

તે પછી એ મકાંન મોટું કરી શ્રી મુંબઈવાસી શેઠ દાદાભાઈ તથા મનચેરજી પેસ્તનજી વાહાડીયાઓએ સંન ૧૧૯૯ યજદેજરદીનાં સાલમાં, બંધાવી આપીયું હતું.

એ મકાન જુનું થયાથી મુંબઈવાસી બાઈ મોટલાબાઈ માંણેકજી વાહાડીયા તે મરહુમ શેઠ જહાંગીરજી નશરવાનજી વાહાડીયાની ઋટીએ, પોતાનાં મરહુમ ખાવંદ શેઠ માણેકજી નવરોજજી વાહાડીયાનાં પુનને સારૂ, પોતાનાં ખરચે બંધાવી આપયુંછે. આએ મકાનના પાયાની સ્થાપનાં બાઈ મોટલાંબાઈનાં બેટા શેઠો મી. નવરોજી માણેકજી વાહાડીઆ, કમપાનીઆન ઑફ ધી અગશીયલતેદ. ઑરદર આફ ધી ઈન્દીઅન એમપાયર, અને મી. નસરવાનજી જહાંગીરજી વાહાડીયા, જે. પી., એવોએ રોજ ૯ મો આદર ઈઅજદ માહા ૯ મો આદર ઈઅજદ શેહેનશાહી, તથા માહા ૧૦ મો દેએ કદમી સને ૧૨૬૨ યજદેજરદી, તારીખ ૨૨ મી મે. સને ૧૮૯૩, ઈસવી સંવત ૧૯૪૯નાં જેઠ સુદ ૭ ને વાર સોમને દીને કીધીછે.

શેઠ દીનશાહ દોરાબજી મીસતરી, એમ. એસ. એ.,
સીવપશાસ્ત્રી.

ઉપલો લેખ વનચાયા પછી ઈન્જશનની ક્રીયા કરનારા મોબેદો પાસે તઈયાર રખાવેલું હોમનું પવીત્ર પાંણી તેન્જ મોબેદો તે જગા ઉપર લઈ આવ્યા અને ચુનો તે પાણીથી મેળવીને મી૦ નવરોન્જજી વહાડયાએ રૂપાની એક થાપી વડે પાયાના પથર ઉપર ચુનો પાંથરી પેહેલો પથ્થર બેસાડયો. બાદ એ મુન્જબનીન્જ સઘળી ક્રીયા સાથે બીજી એક રૂપાની થાપી વડે તેવણના ભાઈ મી૦ નશરવાનજી વાહડયાએ ચુનો પાંથરી બીજો પથ્થર ચુશાલી વચ્ચે બેસાડયો. એ પછી મી૦ નવરોન્જજી વાહડયાએ પોતાનાં માતાજી તરફથી ઉપકાર માનનારૂં નીચલું ભાશણ વાંચી સંભળાવ્યું હતું:—

શર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટ, શેઠ શોરાબજી માણેકજી દમણવાલા, શેઠ કાવસજી ખરશેદજી જમશેદજી તથા ઊદવાડાની જરથોસ્તી અંજુમનના કારોબારીઓ તથા શરવે શાહેબો, આજની પવીતર ક્રીયાની મીજલશમાં તમો શરવે શાહેબોએ હાજર થવાની તસ્દી લઈ મીજલશની મોહોટાઈમાં વધારો કર્યોછે. તેને માટે હમો હમારા માતાજી શાહેબ તરફથી તેમજ હમારી તથા હમારા માનવંત ભાઈ, નશરવાનજી, તરફથી તમો શરવે શાહેબોનો દીલોજાનીથી ઊપકાર માનીએ છીએ. શેઠ શોરાબજીએ આતશ બેહેરામ શાહેબ "ઈરાનશાહ" ની જે ટુંકી પણ જાણવાલાયક તવારીખ વાંચી શંભલાવી, તેથી હમારીજ માફક ભેગી મલેલી મીજલશને ખચીત પોતાના પાક ધરમને માટે મગરૂરી પેદા થઈ હશે. તેમજ એવો શાહેબે હમારા માતાજી ભાઈ મોટલાંભાઈના આ કરવાં ધારેલાં કામને માટે ઘણા દીલશોજી ભરેલા સણુનો

કહીને હમારાં માતાજીએ કરેલી સખાવતોને માટે જે સ્તુતી કરીછે, તેને માટે હમો શેઠ શોરાબજીનો તથા તેનેાની શરદારીનીચે શોભતી અંજુમનનેા ઊપકાર માની જણાવીએ છે કે હમારાં માતાજીએ આદમજાત તરફ તથા જરથોસ્તી ધરમ તરફની પોતાની ફરજ બજાવી છે એમ ખાતરીથી આએતફ લઈ જાહેર કરીએ છે કે જ્યારે એ પુરાતન કેબલાની સુંદર તવારીખ તથા શેઠ શોરાબજીના કીમતી સબુતો હમારાં જુજેરગ માતાજીના જાણવામાં આવશે, તેઆરે તેનેાને ખરેખરો સંતોશ હાંસલ થાશે.

હમો હમારાં માતાજી સાહેબ તરફથી બેગી મલેલી મીજલસના સાહેબોને અને તેમાં મુખ્ય કરી ઊદવાડાની જરથોસ્તી અંજુમનને અને તેમના લાએકીવાલા આગેવાન શેઠ શોરાબજી માણેકજીને ખાત્રી આપવા માંગીએ છઈએ કે આ પવીત્ર કેબલાનું મકાન હમારાં માતાજી આસપાસના સરવે શંજોગેા ધેાનમાં લઈને તમારી અંજુમનને પુરતી સગવડ આપનારૂં અને "ઈરાનશાહ" ના મોહટા દરજ્જાને છાજતી રીતનું બાંધી આપવાને ઘણાં ખુશી છે. અને હમુને હંઈઆ વધારે જાહેર કરવાને ખુશાલી ઊપજે છે કે એ મકાનને હમારાં માતાજી સાહેબે અસલ ઈરાનના પુરાતન આતશકદેહના મકાનની ઢપનું બાંધવાને હમારા શીલપશાસ્ત્રી ભાઈ દીનશા દોરાબજી મીસતરીને હોકમ કરેલેા છે. અને તેથી અસલ ઈરાની ઢપના મકાનમાં એ પુરાતન કેબલેા બીરાજવાથી આપણા હજારેા વરસના જરથોસ્તી બાપદાદાઓની એક જુની નીશાણી આપણી નજર આગલ નવેસરથી ઊભી થશે. અન "ઇરાન શાહ" આતરા બેહેરામ સાહેબ

ઈરાની ઢબના મકાનમાં બીરાજવાનો ખુશી ભરેલો સંજોગ હાંસેલ થશે. અને તે ઈરાદો મનગમતી જરીતે બરલાવવાને હમારા શીલપશાસ્ત્રી ભાઈ દીનશા દોરાબજી ઉપર હમારા માતાજી સાહેબનો તથા હમારો સંપુરણ ભરૂશો છે. અને હમારો ભરોસો જેટલે દરજ્જે લાએક ઠેકાણે મુકવામાં આવીઓ છે તે ઓદાની બખશેશથી એ મકાન તૈયાર થવા બાદ તેમાં કેબલાને તખતનશીન કરવાની મીજલશમાં તમો શાહેબો બીરાજશો, તેઆરે તમારી ખાતરી થશે, એવી હમારી ઉમેદ છે. વલી ઉદવાડાની અંજુમન પોતે-પણ હમારા શીલપશાસ્ત્રી તરફ ભરૂસાથી જુવેછે, હેવું હમારા જણવામાં આવીયાથી હમોને મોટો સંતોશ ઉપજ્યો છે.

શેઠ શોરાબજીએ આજની મીજલશની મોટાઈમાં વધારો કરનારા હમારા માનવંતા મીત્રો નામદાર દીનશાજી માણેકજી પીટીટ, બારોનેટ, સાહેબ તથા શેઠ કાવસજી ખરશેદજી જમશેદજી જેવો જરથોસ્તી આલમનને દુનીયામાં શોભાવનારા મરહુમ પહેલા બારોનેટ સાહેબ સર જમશેદજીના નબીરા છે તેવોની હાજરીને માટે ઘણા લાએકી ભરેલા શબદોમાં ખુશાલી બતાવી છે. તેને હમો દીલોજાનીથી મલતા થઈએ. સાહેબોનો હમારાં માતાજી તરફથી તથા હમારી તરફથી ખાશ રીતે ઉપકાર માનીએ છીએ. વલી નામદાર સર દીનશાજીએ તો ઉદવાડાની અંજુમન ઉપર આ આગમચનો ઉપકાર કરી એક શુંદર મકાન કેબલાના મકાનની નજદીકમાં બાંધી આપેલું છે. અને તેને માટે ઉદવાડાની અંજુમન એવો સાહેબને કેટલીબધી હેશાનમંદ રેહેછે, તે હમોએ નામ-

દારની સાથે આગળ જ્યારે ઊદવાડે આવ્યા હતા, ત્યારે અને હાલને ફેરે પણ જોઈને ઘણાં ખુશી છઈએ. અને તે બીના ખચીત ઊદવાડાની અંજુમનને ઘણી માન ભરેલી સમજીએ છઈએ.

હવે આએ મોટાં પુનનું કામ શરંજામ પોહોંચાડવાને માટે જે જે સાહેબોએ, દીલોજાનીથી મેહેનત લીધીછે, તે બધા સાહેબોનો, હમારાં માતાજી સાહેબ તરફથી, ઉપકાર માનતાં હમારા માનવંત મીત્ર શેઠો શોરાબજી દમણવાલા તથા તેઓની તરફથી ઊદવાડામાં ધરમના કામોની મેનેજ કરનારા ભાઈ બેરામજી પેસ્તનજી બરડા તેમજ હમારા વીશવાસુ શીલપશાસ્ત્રી ભાઈ દીનશા દોરાબજી મીશતરી, એ ત્રણ સાહેબોનો ખાસ રીતે ઊપકાર માનવાનો તક લેતાં હમોને ઘણી ખુશાલી ઊપજે છે.

ફરીથી હમો જણવાને ખુશી છઈએ કે આ શુભ પરશંગનો હેવાલ જ્યારે હમો હમારાં બુજોરગ માતાજીની જણમાં લાવીશું, ત્યારે તેઓ સાહેબને પુર સનતોશ ઉપજશે અને બુજોરગીના વખતમાં પોતે કરવા ધારેલાં આ મોટાં પુનનાં કામ લોકપ્રીય છે એમ જાણી તેઓ બહુ રાજી થશે.

શેઠ શોરાબજીએ પોતાના ભાશાણની છેવટે આતશ બેહેરામ સાહેબના મકાનોની પડોશમાંનું મોબેદોનું જુનું ઘર હમારાં માતાજી સાહેબે ઊદવાડા અંજુમનની એલતેમાશ ઊપરથી ખરીદ કરી એ ધરમના કામમાં વાપરવા આપીછે છે, તેને માટે ખુશાલી બતાવીછે. તેથી એ મકાનની અગત ખરી હતી, એમ હમારી ખાત્રી થઈ છે. અને તેમજ હમારાં માતાજી સાહેબને પણ થાઆવીના રહેશે નહીં. હમો હવે વધારે વખત તમો શાહેબોને રોકવા ચાહતા

નથી માટે ફરીથી શરૂવે ભેગા થએલા સાહેબો જેઓએ આએ મીજલેશમાં બીરાજવાની તશદી લીધીછે તેઓનો હમારી તા. હમારા માતાજી તથા ભાઈ શાહેબ તરફથી ઉપકાર માનીએ છઇએ, અને તે પાક પરવરદેગાર પાશે એવી દુવા ચાહીએ છઈએ જે આએ ધારેલું કામ ખરેખર રીતે શરનજામ ઉતરે. આમીન. શાહેબો, દાદાર હોરમજદની મદદથી હમોએ આએ મકાનના પાયાના પથરા દરોબસત બેસાડીઆ છે.

ઉપલું ભાષણ વાંચી રહેવા બાદ દસતુર પેશોતનજી બરજોરજી મીરઝાંએ પાયાના પથર આગળ ઉભા રહી, એ પ્રસંગ માટે રચેલી ખાસ બંદગી તેના તરજુમા સુધા નીચે પ્રમાણે વાંચી સંભળાવી. પાયાના પથરો બેસાડવાનું કામ પુરૂં થયલું જાહેર કરયું.–

શ્રી.

મીજલસનાં સાહેબો, આજનાં મુબારક રોજે આપણ પાક ઈરાનશાહ આતશ બહેરામ સાહેબનાં નવાં બંધાતા મકાનનો પાયો નાખવાની કીરીઆ, આપણે સંમપુરણ કરીછે, તેવીશે આપણા નીઆગાનોનાં કદીમ રીવાજ મુજબ, મારા તરફથી રચવામાં આવેલી એ કીરીઆને અનુસરતી બંદગીનો ફકરો, તમો મીજલસનાં સાહેબોની આગલ હું વાંચી જાહેર કરવાને ઈછું છું તેવીશે આશા છે કે બધા સાહેબો એકદીલીથી સવીકારશોજી.

---

## અવસતા.

[illegible]

---

ઉપલી બંદગીના તરજુમો નીચે મુજબ છેઃ—

ઓ અશો અહુરમજદ, આ મકાનનાં પાયાનો પથ્થર જે હમોએ ગોઠવેઓ છે, તેને તું હમેશાં બરકરાર રાખજે. હમો મજદી અશનાંનાએ, અશોઈની ખાહેશથી આ મકાંનની સ્થાપનાં કીધી છે, તેમાં હરદંમ તું પેદા કરનારા સાહેબની શુકર ગુજારી કરતા રહીએ, અને નમતા રહીએ, આ મકાંનમાં અશોઈનાં વધારાથી જુઠ્ઠાઓને અને પાપીઓને હમો દકે કરતા રહીએ, અને ઉત્તમ અશોઈની મારફતે, હમો તુંને જોઈએ, હમો તુંને બધી રીતે પીછાંણીએ અને હમો તારી દોશતીમાં પોહોંચીએ, એવી તું હમોને હેદાએત બખશ, આ મકાંનનો ઉપયોગ કરનારાં સરવે મજદીઅશનાંન કુટુંબને માટે સારૂં, શુખશાનતી ભરેલું અને લાંબાવખતનું રહેઠાંન, હમો ઈછીએ છીએ, તેમજ વાહાડીઆ ખાનદાંન, કે જે પોતાની દોલત ખરચીને આ મકાંન બંધાવેછે, તે ખાનદાંનને માટે, ઓ પેદા કરનાર અહુરમજદ, સારૂં શુખ, શાનતી ભરેલું અને લાંબા વખતનું રહેઠાંણ, તેમજ સઘલી જાતનું શુખ અને નામાંકીત કરજંદા હમો ઈછીએ છીએ કે જે કરજંદા દુનીઆમાં

નકનામી મેલવે, એવી જે હમારી દુઆ છે તે તેઓને આમીન થાઓ, આમીન.

ઉપલી ક્રિયા પુરી થઆ બાદ મીજબસને કુલ તોરા આપવામાં આવ્યા હતા, તથા મોબેદોને તેમજ ઉદવાડાના તમામ બેહેદીનોને સરવેને રૂ ૨J લેખેનું વહેચાણ બાઈ મોટલાંબાઈ તરફથી મી૦ બેહેરામજી પેસતનજી ભરડાએ કરયું હતું. ગરીબગુરબાંઓમાં ખેરાત પણ કરવામાં આવી હતી.

મુંબઈથી આવેલા ઉપલા શેઠો આ ખુશીભરેલું કામ સરંજામ ઉતારી, ગયા બુધવારે મુંબઈ પાછા સીધારયા છે. તેઓને ગામનાં નાકાં સુધી વળાવવા માટે અંહીયાંના ઘણા જરથોસતીઓ ગયા હતા. અંજુમન તરફથી સટેસન સુધી એ સાહેબોને મી૦ બેહેરામજી પેસતનજી ભરડા તથા બીજા ગ્રહસથો મુકવા ગયા હતા.

---

## CONSECRATION OF THE PARSEE FIRE-TEMPLE AT UDWADA.

---

### Bai Motlibai's Another Great Charity.

---

It is an historical fact, says the special correspondent of the *Times of India*, writing from Udwada on Wednesday, the 31st of October 1894, that after the battle of Nahavand, in the reign of the Persian King Yezdezard, the Parsees preferred to leave the land of their birth and subject themselves to endless miseries attending their flight,

from one country to another, rather than give up their ancient faith and adopt the religion of their Mahomedan conquerors, who drove them out of Persia. All along their flight through Central Asia and on the sea to the hospitable shores of India, they preserved and cherished the sacred ashes which they had brought from Persia, and which were said to be utilized in the formation of the *Iranshah* (sacred fire) which was first produced in Sunjan, a town on the borders of Guzerat, about a hundred miles north of Bombay. The formation, or rather the production, of the sacred fire, as enjoined by the Zoroastrian religion, is one of the most difficult things imaginable, because *Iranshah* cannot be said to be completed until it is made up of about a hundred and one different kinds of fires, such as the fire produced by lightning, by the friction of trees in the forest, the fire from a burning human body, and the fires belonging to all kinds of artisans and labourers and men following different pursuits in life. The process of collection and the purification by certain ceremonies, of all these fires, takes years before the *Iranshah*, in the real sense of the term, can be produced, and such a task was undertaken, by the ancient Parsees, under peculiar and very romantic circumstances.

The ancient Persians, when they were turned out of their homes, crossed the country and took to the ocean, leaving the water and the wind to carry them where they might. As if the cup of their bitterness was not quite filled by the series of

persecutions they had been subjected to, in their own country, the elements of nature even waged war with them, and the primitive vessels in which they travelled were so relentlessly treated by the water and the wind that the fugitives despaired of their life, and while they were saying, what they believed to be were their last prayers, they took a solemn vow that if it were their fate to escape the dangers of the ocean, they would establish *Iranshah* in the first place at which they might land. Eventually the storm abated, though not without destroying some of the craft with their valuable freight, and a small portion of the fugitives first landed, according to some historians, at Diu, at present in possession of the Portuguese, and, according to some, at Sunjan. The Parsees undertook to fulfil their sacred vow, and, after years of further difficulties and dangers, succeeded in producing *Iranshah*, which was "enthroned" in some secret corner of a hill or mountain near Sunjan to keep it safe from the depredations of their hereditary foes, and also that those who did not profess the Zoroastrian religion might not cast their "evil" eye on it. The Parsees considered the sacred fire a light that lit their hearts, and afforded them comfort and consolation in their hours of trouble and disaster.

According to Parsee history their Mahomedan conquerors in Persia even did not allow them to rest in peace in India, where they sent their emissaries to the Mahomedan rulers of the country, who waged war with them, but who were, with the aid

of their Hindoo friends, repulsed with great loss to themselves. When the Mahomedans failed to subdue their adversaries in open battle, they resolved to take them by storm on the *Jamshedi Naoroz*, or their new year's day, when they generally gave themselves up to bacchanalian pursuits and rendered themselves unfit to meet their enemies in the field. The Mahomedans, strictly following the line of their plan of campaign, surprised the Parsees on the new year's day, and would have overpowered their opponents, and accomplished the great desire of their heart, namely, the extinguishment of the sacred fire, which had been kept alive in some secret place, but for the Parsee women of the period, who were warlike and known for their doughty deeds, and who, dressed as males, fought the Mahomedans and repulsed them with great slaughter.

It is recorded, in history, that the Mahomedans would have retired in shame and confusion but for the fact that while the women were fighting with their male antagonists, the head-dress of one of the women, being accidentally touched by the sword of one of their own number, gave way and fell down, and her long tresses, which had been concealed under it, fell in profusion over her shoulders, and thus their identity was revealed to their opponents. The Mahomedans accordingly took courage and led a furious assault, subdued and massacred the women in the end, though not without another considerable loss to themselves. History does not tell us how it was that the ene-

mies did not follow up their success and extinguish the sacred fire, on the destruction of which, it is said, they had set their heart, but it might be that they were unable to discover the place where it was concealed.

After the overthrow of the Hindoo Government, the Parsees had to leave Sunjan, and the sacred fire had, accordingly, to be removed to Nowsaree, and after the lapse of a few years to Surat and then to Bulsar, and latterly, as far back as in the October of the year 1742, to Udwada, where it was consecrated in a building, erected for the purpose by Muncherjee Bomanjee, a Parsee of Nargole. The fire-temple of Udwada is, therefore, the oldest temple of the Zoroastrians in India, and it is held in the highest veneration by the community. A few years afterwards it was renovated by Bhicajee Eduljee, a Parsee of Surat, but the one constructed at the joint expense of Messrs. Dadabhoy and Muncherjee Pestonjee Wadia, in the year 1830, was in use until about a year ago, and as the structure was not deemed large enough, to meet the increasing requirements of the community, it was proposed to build another, which would not only afford greater accommodation, but would also be attractive in its appearance and in keeping with the traditions of the ancient institution, which is so highly prized by the orthodox portion of the community, and wherein is treasured the fire which has been fed and kept alive, with sandalwood, frankincense, and other fragrant articles, for the last twelve centuries. Bai Motlibai Wadia, the

wealthy and munificent Parsee lady, who is a staunch Zoroastrian, undertook the re-construction of the temple, and set apart, for that purpose, no less than Rs. 1, 50, 000, and has also given to Government Rs. 54,000 for the purpose of constructing a macadamised road from the railway station, at Udwada, to the town, and for the maintenance of that road.

The new fire-temple at Udwada, which is the most commodious and ornamental structure of its kind, was designed and built by Mr. Dinshaw Dorabjee Mistry, M. S. A., a well-known Parsee architect, who has constructed about half a dozen public buildings in Bombay. It is built in Persepolitan style, the frontage presenting a very grand appearance, the facing being wrought in Coorla, Porebunder, and Drangdra stones. The massive stone columns in the front are real works of art, the base and the capital being superbly engraved. The building has two flights of steps, leading to the central hall, which is about 50 feet long and 25 feet wide, the pavement being made of Minton tiles. In the hall an excellent portrait of Zoroaster is hung, in a conspicuous position, the portrait of Bai Motlibai, which was unveiled in the morning, also occupying a prominent place. A valuable English clock, specially ordered out by Bai Motlibai, is put up at the north end of the hall. To the right of the hall, as one enters, is the *edhora* room, which is perhaps a little larger than the hall, where a large number of low wooden chairs and tables, made of blue stone, are arranged, in a line, for different

ceremonial purposes. To the left of the central room is the prayer hall, which is about 40 feet long and 21 feet wide, and it is in front of this hall that the *sanctum sanctorum* is situated, and in which the sacred fire was deposited, on the night previous, in a silver tray surmounting a huge silver censer weighing about seven thousand tolahs and costing about Rs. 8,000, and which bears an engraving in Guzerati to the effect that it was presented to the *Anjuman*, that is, the Parsee community of Udwada, by Bai Motlibai.

The *Iranshah*, or the sacred fire, had been transferred to the adjoining smaller temple recently built by Sir D. M. Petit during the construction of the new building, and it was brought to the new fire-temple on Tuesday night (Oct. 30), after certain rituals and ceremonies, which none, not even the Parsees, were allowed to witness. The ceremonies were performed by the officiating priests, a little after midnight, with closed doors, the passage between the two temples being also guarded by canvas and other temporary partitions, so that none could enter, much less see, the fire, while it was being transferred to the new building. There was not a single light kept in the two temples at the time of the removal of the fire, the officiating priests having to guide their steps only by the light of the sacred fire. In the *sanctum sanctorum* were hung four bells, which tolled the different ceremonial periods of the day, which is divided into five parts, and one of which was presented by Bai Heerabai, the wife of Mr. N. M. Wadia, C. I. E., and there were also

kept hanging, on the walls of the room, two swords with scabbards and a dagger and a *goorooj* surmounted with the head of a cow, wrought in silver, and a silver fan, which were all presented by Mr. Nusserwanjee Jehangir Wadia. These weapons are usually kept in the *sanctum sanctorum* of all the principal fire-temples to enable the officiating priest to keep back any intruders who do not belong to the Zoroastrian faith, from casting their "evil" eyes, or who go there with the intention of extinguishing or in any way interfering with the sacred fire. The *sanctum sanctorum* is fenced round with thick brass bars, which look like burnished gold, and is paved with marble, and there is only one door to it, which nobody, except the officiating priest, is allowed to pass. Mr. Nusserwanjee Wadia, who is popularly known among the Parsees as "Lord" Wadia, has also presented the temple with a very costly clock, which is placed in the prayer hall, and he has further presented half a dozen chandeliers which adorn the central hall. The windows in different parts of the building have architraves and cornices in the Persepolitan style and in keeping with the rest of the building. On the first floor is a magnificent hall, about a hundred feet long, and fifty feet wide, where the *jussan* or thanksgiving and the opening ceremonies were performed.

Bai Motlibai, being now in her eighty-third year, is too weak and feeble to take any active part in the ceremonies, and she accordingly deputed her two sons, Messrs. Nowrojee and Nusserwanjee Wadia, to do the needful in the matter. Sir Dinshaw

Manockjee Petit, Bart., who was invited by the Wadia brothers, arrived here on Tuesday, accompanied by a large number of friends, and he was received with honours befitting his position. The invited guests had put up in the group of Sir Dinshaw's half a dozen bungalows situated near the sea-shore, and among whom were observed Mr. Byramjee Jeejeebhoy, Mr. Cowasjee C. Jamsetjee Jeejeebhoy, Dr. Dhunjeeshaw H. Patel, Messrs. Nanabhai Ratanjee Chichgar, Bomanjee Byramjee Patel, Ardeshir Dustoor Sorabjee Kamdin, Cursetjee Cowasjee Dinshaw Petit, Sorabjee D. Framroze, Manekjee R. Vajifdar, Dinshaw Hormusjee Dalal, Ruttonjee M. Ratnagar, Hormusjee Pestonjee Mama, Jamsetjee N. Mody, Framjee Dorabjee Panday, Nusserwanjee R. Mody, Dinshaw Dorabjee Mistry, Rustomjee Cowasjee Parukh, Rustomjee N. Billimoria, Pallonjee Framjee Mehta, Muncherjee Hosungee Jagose, Sorabjee Byramjee Kola, Cowasjee B. Katrak, Maneckjee Pestonjee Nanavati, Kaikhosroo S. Mody, Ardeshir Hormusjee Chinoy, Sorabjee Framjee Madraswalla, Nusserwanjee Dinshaw Mistry, Jamsetjee Dinshaw Mistry, and several others.

This (Wednesday, Oct. 31) morning, at about 90'. clock, in the presence of a large number of Parsee ladies and gentlemen, many of whom came from Surat, Damaun, Pardee, Bulsar, Nowsaree, and other distant parts of Guzerat, the two high priests, Dustoors Cursetjee Muncherjee and Peshotanjee Burjorjee, assisted by a large number of other priests, performed the thanksgiving ceremony,

which took up more than an hour. At the conclusion of the ceremony Mr. Nowrojee Maneckjee Wadia, C.I.E., who had put on the badge of the Companion of the Indian Empire and also the gold medal, presented to his family by Napoleon III., rose, and, in addressing the assembly, expressed his great satisfaction at the completion of the building, and thanked them all for their presence at the consecration ceremony. He said that his mother was much pleased to dedicate the building, which had been erected to commemorate the memory of her late husband, Mr. Maneckjee Wadia, to public use, with the furniture requisite for such purpose, and pointed out that Bai Motlibai, in addition to about a lakh of rupees, which she had already spent upon the building, intended to set apart a fund for the maintenance of the institution. (Cheers.) He also trusted that the management of the institution, which had been carried on, in such a satisfactory manner, by the trustees appointed by the Anjuman of Udwada, would be conducted with the same zeal and assiduity in the future. (Cheers.) In conclusion, he hoped that the Parsees would, for ever, remain staunch to their faith and continue to perform those acts of charity which distinguished them from all other communities. (Loud cheers.)

Mr. Byramjee Pestonjee Bharda, managing trustee of the Udwada Anjuman, then read a long address in Guzerati, in the course of which it was stated that the fire-temple at Udwada was one of

the relics of the historical period when they first landed in India, and that Bai Motlibai and her two sons had laid the community under deep obligations by preserving that relic and rendering it a permanent institution for all time to come. The address then dwelt on the various charities done by the Parsee community, which, small as it was, boasted of two Baronets, and the old and revered Bai Motlibai, who, true to the faith she professed, had further distinguished the community by her useful and catholic charities. (Cheers.) The Anjuman of Udwada thanked Bai Motlibai and her sons for providing an excellent building, for the preservation and continuation of the sacred fire, and the furniture requisite for such purposes. The Anjuman were further obliged to Bai Motlibai for the princely sum of money (Rs. 54,000), given to Government, for the construction of a *pucca* road, from the railway station to the town, which would afford facilities to those who visited the temple. Thanks were given, in the address, to Sir Dinshaw M. Petit, Bart., for his numerous munificent charities in Udwada, to Mr. Dinshaw D. Mistry, the architect, for the time and trouble he had devoted to the execution of the work, and to Mr. Cowasjee C. Jamsetjee Jejeebhoy for the assistance and advice which he gave to the trustees, from time to time, in connection with the construction of the building. In conclusion, the trustees, who signed the address, wished long life and prosperity to Bai Motlibai and her sons. (Loud cheers.)

The address, which was printed and illuminated on vellum, was then encased in a silver casket and presented to the two brothers, who were also presented, in the name of the entire Parsee community of Udwada, with two valuable shawls. Sir D. M. Petit, Mr. Byramjee Jeejeebhoy, and Mr. Entee of Surat, also presented the Wadia brothers with rich embroidered shawls. Mr. Dinshaw Dorabjee Mistry, the architect, was also presented, by the Anjuman and the two Wadia brothers, with shawls. The two high priests of Udwada invoked blessings on the two Wadia brothers for their acts of charity.

The whole assembly then went downstairs and met in the central hall of the fire-temple, where the new life-size oil painting, of Bai Motlibai, was to be unveiled. The portrait is an excellent likeness of Bai Motlibai in her younger days, and it has been executed by Mr. Edaljee Ardeshir Tachukra, a well-known artist of Bombay. On the wooden framework is Bai Motlibai's monogram, and below it are written words in gold—*Maneshni, Gowashni,* and *Kunashni, i.e.,* good thoughts, good words, and good actions. Mr. Cowasjee C. Jamsetjee Jejeebhoy, on behalf of the numerous subscribers to the Bai Motlibai Memorial Fund, then requested Sir D. M. Petit to unveil the picture, which was but a slight token of the respect and esteem in which Bai Motlibai was held by the community. It was but fitting and appropriate that Sir Dinshaw should perform the ceremony, inasmuch as he also, like Bai Mot-

libai, had taken a great deal of interest in the welfare and well-being of the poor Parsee inhabitants of Udvada, upon whom he had conferred many obligations. (Cheers.) Were it not for the other temple built, in close proximity, by Sir Dinshaw, there would have been no end of trouble in the removal of the sacred fire during the progress of the new building. (Cheers.) Sir D. M. Petit then unveiled the portrait, amidst loud cheers from the assembly, and in the few remarks he made he said that he was a great admirer of Bai Motlibai—(cheers)—who had placed the community under great obligations by building the new fire-temple and providing them, within a short period, a *pucca* road from the station to the town. (Renewed cheers.) He thanked Mr. Cowasjee for the flattering terms in which he had made a reference to his charities. It was his duty, he said, to render assistance to the poor and distressed, and he hoped to continue it till the end of his days. (Loud cheers.) In conclusion, he wished long life and prosperity to Bai Motlibai and her sons. (Cheers.)

The assembly then repaired to the spacious verandah of the building, where a photograph was taken of the whole group by Mr. Purvezjee of the "Eos" Company of Bombay. Photographs, of the different parts of the building, were also taken by the same artist.

The Parsee inhabitants of the town and the visitors were then treated to a feast, which was

held in two large *marquees*, and where about fifteen hundred ladies and gentlemen dined. Two native bands paraded the streets during the day and played music, in front of the building, before and after the opening ceremony. Bai Motlibai will visit Udwada to-morrow in company with her eldest son.

---

## ઈરાનશાહને તખતનશીન.

### બાઈ મોટલાંબાઈની મોટી સખાવત.

તા. ૩૧ મી અકતોબર ૧૮૯૪ ના દિવશ પારસીઓની તવારીખ મધે નોધી રાખવા જેવો છે. આગળા શકાઓ ઉપર જેમ આપણે વાચેઉ છે, તેમ ઉદવારાનું નવાં આતશબેહરામનું મકાન હવે બનધાઈને તઈઆર થઉં તેની કીરીઆ પારસી રેવાજ પરમાંને નવેશરથી કરી ઉપલા શુભ દીવશે ઈરાનશાહાને નવેશરથી તખતનશીન કીધા છે. બાઈ મોટલાબાઈ વાડીઆની તવારીખમાં નોધી લેવા જેગ તેવણની મોટી ઉમદા સખાવતનો તે એક શુભ દીવશ હતો. ઉદવારાગામે તે દીવશે એક તેહેવાર પાળેઓ હતો. દરએક જરતોશતીઓને ઘર રંગ રાગ તથા ખુશ ખુશાલીનો તે દીવશ હતો. દરએક ગામ તથા દરએક શેહેર તરફથી જરતોશતીઓનાં ટોલાં, શું મરદ, કે શું ઓરત, અને તેમજ બચાંઓ, પોતાના અતી રંગીન લેબાશમાં ઈરાંનશાહને રોજ્દા બજવા આવેઆ હતા. મુમબઈ, સુરત, ભરૂચ, અમદાવાદ, દમન, વલસાડ, બીલીમોરા, નવશારી, ગનદીવી,

ચીખલી, નારગોર, તારાપોર, દવીઅર, શનજન, એ વતરેગે ગુજરાતની આશપાશનાં ગાંમડાવેામાં વશતા ઘણાં ખરા જરતોશતીઓ, તેમજ દુર દેશમાં વશતા, દખણ, અને કરાંચી, તા. પનજબમાં વશતા જરતોસતીઓ ઉડવાડા મધે શારી સંખેઆમાં ઉપલે દીવશે બીરાજેઆ હતા.

નવા આતશબેહરામનું મકાન બનધાતું હતું તેટલેા વખત ઈરાનશાહને સર દીનશાજી માણેકજી પીટીટવાલા આદરીઆન મધે તખતનશીન કીધા હતા. તે ઈરાનશાહને તા. ૩૦ મી અકતોબર ૧૮૯૪ ની રાતનાં પાછા નવા બનધાએલાં મકાનમાં લાવવાની કીરીઆ શરૂ કરવામાં આવી હતી. રાતનાં બાર વાગતા પછી, પારશીઓનાં ઘરમની કીરીઆં પરમાને મેાબેદોએ બંધ બારણે કીરીઆનું કામ શરૂ કીધું કે જે કીરીઆ મધે કામ કરતા મેાબેદોશીવાએ કેાઈ પણ જરતોશતીને જવાનેા હોકમ નઈ હતેા. કીરીઆ પુરી થવા બાદ ઈરાનશાહને દશતુર અને મેાબેદોનાં પહેરાશાથ નવા મકાનમાં લઈ આવ્યા તે વખતે આતશબેહરામ સાહેબનાં બેઉ મકાનેા મધે એક પન બતી રાખી નહી હતી. પન ઈરાનશાહના ચલકાટથીજ દશતુર મેાબેદો પેાતાનેા રશતેા લેતાં હતાં. અને જેમ દરએક ઘેહે બદલાતી ગઈ તેમ ઘંટેાના અવાજ શાઠ નવી ઘેહમાં મેાબેદેા કામ કરતા રહ્યા.

ઈરાનશાહનાં તખતવાળા મકાન મધે અશલી રીવાજ પરમાને બે જેબદાર તલવાર તેના મેઆંન શાઠે તથા બરછી તથા ગુરજ ગાવીઆની આકારનેા અને રૂપેરી પંખેા જોવામાં આવતું હતું એ શરવેને

મુકવાનો ખરચ નેકનામ વાડીઆજી શેઠ નશરવાનજી જહાંગીરજીએ કરેઓ હતો અને જે પાંહાંચે બેહેનાં ઘંટો જે ગોઠવેઆ હતા તે મધેનો એક બાઈ હીરાબાઈ નવરોજી માણેકજી વાડીઆએ પોતાને ખરચે મુકાવેઓ હતો. આતશબેહરામ શાહેબનાં ઓરડાવોમાં હથીઆરો મુકવાનો ચાલ આગળા વખતથીજ ચાલુ છે. ઈરાંનશાહનાં મકાંનનાં બાંરનાં તા. મારીઓને મજબુત પીતળનાં શલીઆ જરી લીધા હતા. તેમજ શેજદો કરવાની જગેઆ તમામ શંગેમરમરના પથરથી બાંધી લીધી હતી. બંદગી કરવાનાં મકાંન મધે એક શુંદર અને કીમતી ઘડીઆલ શેઠ નસરવાંનજી જાંગીરજી વાડીઆએ પોતાને ખરચે મુકાવેલું હતું તેમજ રોશનીને વાશતે બતીઓનાં જુમરો પન ઉપલાજ નામદાર શેઠને ખરચે જલકાટ આપતાં હતાં.

આ ઈરાંનશાહ વાળું નવું મકાંન મુમબઈ વાળા ચંચલ શીલપ શાશતરી મી. દીનશાજી દોરાબજી મીશતરીએ પોતાની દેખરેખ નીચે બાંધેલું હતું. એ મકાંન આગળા જમાંનાનાં પરશીપોલીશ શેહેરની ઈમારતોને મળતી ઈમારત મુવાફેક બાંધેલું હતું અને પથરકામ બધું પોરબંદરી, કુરલા, અને દરાંગદરાનાં, પથરોનું હતું. ઈમારતનો આગલો ભાગ ખરેખર ઘનો રળીઆંમનો અને મજબુત, અશલી ઈરાંની ધબ ઉપર બાંધેઓ હતો. બંદગી તા. બીજા ધરમોનાં કામો શારૂ એ મકાંન મધે મોટા હાલ બનાંવવામાં આવેઆં છે. અશો શપેતમાંન જરથોશત શાહેબ પેગંમબરની છબી એ હાલ મધે બીરાજે છે. તેમજ એક શુનદર કારીગરીનું કીમતી ઘ-

ડીઆલ બાઈ મોટલાબાઈને પોતાને ખરચે એ હાલ મધે મુકવામાં આવેલું છે. તેવતરોગે ઈરાંનશાહાનું રૂપાનું તખત જે વજનમાં શાત હજાર તોલાને શુમારે છે અને જેની કીમત રૂ. ૮,૦૦૦ને શુમારે થાએ છે તે બાઈશાહેબ મોટલાંબાઈએ ઉદવાડાની અનજુમનને ભેટ આપેલું છે, એવું તે તખતની ઉપર લખેલા ગુજરાતી લેખ ઉપરથી માલમ પડે છે.

તા. ૩૧ મી. અકતોબરને દીવશે જશનની કીરીઆ શરૂ કરવામાં આવી હતી. તે કીરીઆ આતશબેહરામનાં પેલ્લા મજલા ઉપર એક કુશાદે દીવાનખાંનાંમો કરવામાં આવી હતી જે દીવાનખાંનાંનો વીશતાર ૧૦૦ કીટ લાંબો અને ૫૦ કીટ પોહલો છે. આ મકાંનને શણગાર કરવાની મોટી બખશીશ નેકનામ બાઈ મોટલાંબાઈની છે. પન પોતાની ૮૩ વરશની જઈફ ઉમરને લીધે આવી મહાભારત કીરીઆમાં ભાગ લેવાને તે નેકનામથી નહી બનવાના શબબથી પોતાનાં બાએગશાલી બેઉ પુતરોને તે કામ શોકેલું હતું તેથી આ શુભ જશનની કીરીઆમાં શામેલ થવાને કેટલાએક નામાંકીત શેઠીઆવોને ઈજન કીધાં હતાં, જે લોકોનાં નાંમ નીચે મુજબ છેઃ—

સર દીનશા માનેકજી પીટીટ,શેઠ બેરામજી જીજીભાઈ, શેઠ કાવસજી ખરસેદજી જમસેદજી જીજીભાઈ, ડાકટર ધનજીશા પટેલ, શેઠ નાનાભાઈ રતનજી ચીચગર, શેઠ બમનજી બેરામજી પટેલ, શેઠ અરદેશર દસ્તુર સોરાબજી કામદીન, શેઠ ખરસેદજી કાવસજી દીનશા પીટીટ, શેઠ સોરાબજી ડોસાભાઈ કરાંમરોજ, શેઠ માનેકજી વજીકદાર, શેઠ દીનશા હોરમજી દલાલ, શેઠ રતનજી માનેકજી

રતનાગર, શેઠ હોરમજી પેસ્તનજી મામા, શેઠ જમશેદજી મોદી, શેઠ ફરામજી દોરાબજી પાંડે, શેઠ નસરવાંનજી મોદી, શેઠ દીનશા વેરાબજી મીસ્ત્રી, શેઠ રૂસ્તમજી કાવસજી પારખ, રૂસ્તમજી નવરોજી બીલીમોરીઆ, શેઠ પાલનજી ફરામજી મહેતા, શેઠ મંચેરજી હોસંગજી જગોસ, શેઠ સોરાબજી બહેરામજી કોલાહ, શેઠ કાવસજી કાતરક, શેઠ માનેકજી પેસ્તનજી નાનાવટી, શેઠ કેખુશરો મોદી, શેઠ અરદેસર હોરમજી ચીનઈ, શેઠ સોરાબજી ફરામજી મદરાસવાલા, શેઠ નશરવાંનજી દીનશા મીસ્ત્રી, શેઠ જમશેદજી દીનશા મીસ્ત્રી અને એ વતરોગે ઉપર લખ્યા મુજબ ઘણાએક નામીચા ખાનદાનના ગરહસ્થો શહેરે શહેર અને ગામેગામથી બીરાજ્યા હતા.

બરોબર સવારના નવને મુમારે જસનની ક્રીયા શરૂ થઈ હતી તે મધે ઉપલા ગૃહસ્થો સીવાએ કેટલીએક જરથોસ્તી બાનુઓ પણ પોતાના ખુશનોમા અને રંગીન લેબાસમાં બીરાજી હતી. દસ્તુર ખરસેદજી મનચેરજી તા. દસ્તુર પેશતનજી મંચેરજી તા. ઉદવાડા ગામના મુખ્ય મોબેદો મલી જસનની ક્રીયા શરૂ કીધી હતી. તે જશનની ક્રીયા ઘણી ગંભીર હતી અને ઓછામાં ઓછો તે ક્રીયા પુરી થતાં એક કલાક લાગો હતો.

શરૂઆતમાં દસતુર ખરશેદજી મનચેરજી બોલેઆઃ અંજુમનના શાહેબો, આપણાં ઉદવાડા શેહેરની તવારીખમાં આજનો મુબારક રોજ યાદગાર રહી જશે. ઈરાણથી આપણાં વડીલો હીંદુસ્થાનમાં આવીઆ પછી જે આતશબેહરામ પેહેલવેહેલા ગુજરાત જીલ્લાના શનજાણ ગામમાં ઈસઝદઝદી શને ૯૦ માં અથવા આજથી

શાડી અગીઆરશો વરસની વાત ઉપર બનાવેલા હતા. તે આતશબેહરામ ઈરાનશાહ પાક આતશને ગુજરાતનાં જુદાંજુદાં ગામમાં રાખેઆ પછી આપણાં ગરીબ ગામમાં ઈઅઝદઝરદી સને ૧૨૨૧ અથવા ઈશવી સને ૧૭૬૨ થી અળવી રાખવાને આપણે ભાગ્યશાલી થયા છઈએ. એ પાક આતશ બેહેરામ શાહેબનું મકાન આગળ જુદી જુદી તરણ મરતબે જુદા જુદા શાહેબોગે બંધાવી આપેયા પછી છેલું મકાન પુરાણું થવાથી તેને નવેશરથી મુંબઈવાશી શખીવજુદ બાઈજી સાહેબ મોટલાંબાઈ જહાંગીરજી નશરવાનજી વાહાડીઆજીએ રોનકદાર અને કુશાદે બંધાવી આજે આપણી અંજુમનને શવાધીન કીધું છે અને કુશાદે શગવડ કરી આપી છે. એ મોટાં દીલની અને ઉમદા શખાવતને માટે આએ મકાનનાં મારી પોતાની તરફથી અને અંજુમન તરફથી એ શખી બાઈજી શાહેબની કરેલી શખાવતને ખરાં જીગરથી ઉપકાર માનું છું. આએ મકાન થવાની આગમજ ઈઅઝદઝરદી સને ૧૨૬૦ ના સાલમાં આપણી ગરીબ એંજુમનના ખેરખાં અને સદાના મેરબાન મુંબાઈવાશી સખીવજુદ મોટા નામદાર અકબાર ઉમરાવ સર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટ સાહેબે આપણી ઉદવાડાની અંજુમનના માંગવાથી આપણી અરજ કબુલ રાખી અને આપણી અંજુમન ઉપર મેહેરબાની બતાવી એક કુશાદે અને રોનકદાર દરેમેહેરનું એક મોટું મકાન આતશબેહરામ સાહેબના કારણથી તેને લગતું આતશબેહરામની પડોશમાંજ બંધાવી આપવાથી આપણી અંજુમનને ભારે શગવડ કરી આપી છે ને એવો નામદાર

સર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટ સાહેબની દરે-મેહેરના પાક મકાનમાં એ પાક આતશબેહરામ ઈરાનશાહ સાહેબને આજ વરશ ડોડ થયું જેઆરથી આ નવાં મકાનનો પાયો નાંખ્યો. રોજ ૯ મો આદર ઈઅઝદ માહા. ૯ મો આદર ઈઅઝદ સને ૧૨૬૨ થી એ નવું મકાન તૈઆર થયું તાંયેર આજ સુધી લઈ જઈ તખત-નશીન રાખેલા હતા. તેથી એનો શાખી વજુદ નામદાર શેઠજી સાહેબની આ જોગવાઈએ આપણે ખરાં જીગરથી ઉપકાર માની જાહેર કરવાની હું રજા લઉં છઉં કે એનો શાખી વજુદ નામદાર સર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટ સાહેબના ઉદવાડા ગામમાં પેહેલ વેહેલા મુબારક પગલાંની પધરામણી થવાથીજ આપણા ગરીબ ગામમાં મોટો જલકાટ થયો છે જેબી કંઈ ઉદવાડા ગામમાં ધરમનાં કામો થયાં તે એનો નામદારને પગલે થયાં છે. એવીશે જેટલીબી તારીફ કરીએ એટલી થોડી છે. સાહેબો આજે પાક આતશબેહરામ સાહેબ ઈરાનશાહ સાહેબને નામદાર સર દીનશાજીની દરેમેહેરના પાક મકાનમાંથી લાવી આ નવા મકાનમાં તખતનશીન કીધા છે, તેની હું દુવા ગુજરૂં છું. તાજ અહમીન માનેગ નામનો આફરેગાંનનો કરદો ભણી અમો મોબેદોએ જે દુવા હવડાં ગુજરી તેવા પરકારની આ નવા મકાનમાંહે કરીથી હું ગુજરૂં છું કે અએ અશો અહુરમજદ આએ પવીતર મકાન ઉપર તારા ભલા આશીરવાદ વરશાવ. આએ મકાનમાં ઘણાં જરથોશતી ભાઈઓનું આવવું થાવો અને તેઓની ભલી ભલાઈમાં અને પવીત્ર અશો-ઈમાં વધારો થએ. આએ મકાનમાં તું અહુરમજદની

ખુશનુદી ચાહે અને તારી એહેશાંન. શનાશીમાં હમારા જરથોશતી ભાઈઓ હમેશાં નમતા રેહેજે. આએ પવીત્ર મકાનમાં તું કીરતારને નમી તારા અશો પયગંમબર જરથોશતીના ફરમાનો કબુલ રાખી આ પવીત્ર આતશની શેતાએશ કરી તેઓ સંતોષ રાશતી તાબેદારી શુતેહુ શંપજ શખાવત અને સભીઅતાનાં સદ્‌ગુણો અખતીઆર કરજે અને લોભ, જુઠું, નાફરમાની, કજીઓ, કંકાશી, બખીલી અને મગરૂરીના દુરગુણોથી દુર રેહેજે. હેવી ભલી વરતનુકથી તું કરીમેકારશાજની મેહેરબાની મેળવી તેઓ આબાદ, તંદરસ્તી અને સુખી થાજે. સાહેબો આતશની નેઆએશમાં કહેછે કે, પવીત્ર આતશ તેની શેતાએશ કરનારને ઘણાં ઘણી દુવા દેછે. તે દુવા, આએ આતશકદેહનાં એક વડા અથોરનાન તરીકે, ઉદવાડાની કુલ અંજુમન તરફથી, આએ મકાન બંધાવનાર વાડીઆ ખાનદાનનાં બાઈજી સાહેબ મોટલાબાઈ, અને તેવણના પુત્રોને, તેવણનાં કુટંબને ઈછી, માઈ બોલવું હું ખતમ કરૂં છું. તમારાં કુંટંબમાં દોલતની અને કરજંદોની વરધી થાજો. તમારૂં મન અને દીલ ચાલાક થજો. તમો ઘણાં ખુશીભરેઆં દીલ અને જીવ સાથે જીંદગી ગુજારજો. આમીન.

ઉપલું ભાશાંન પુરૂ થવા બાદ, દશતુર પેશતનજી બરજોરજી મીરઅં બોલેઆઃ-મીજલશના મુબારક સાહેબો, આજના મુબારક રોજે, આપણ બશતે કુશતીઆંન જરથોશતીઓ, જે મકાનનું વાશતુ કરવાને ભેગા મલેઆ છીએ. તે મકાન બોદાના ઘેર જેવું ગણાએ છે. અને તે પવીતર મકાનમાં આપણી દુવા ગુજારવાને શારૂ પવીતર કદીમ કેબલેા કે જે ઈરાનશાહને નામે

ઓલખાએઽ તે પવીતર કેબલાની મારફતે, દાદાર હોરમજ્દની હજુરમાં પોહોચવાનો એક ખાશ શેલલો રસતો છે. તેવા પવીતર કેબલાનું જુનું અશલ મકાન વખણાએલાં વાહાડીઆ ખાનદાનના મરહુમ શેઠજી સાહેબ., શેઠ દાદાભાઈ પેશતનજી વાહાડીઆજીએ પોતાની ગીરવથી બંધાવી આપીઉં હતું. અને તે મકાન બંધાવા પછે, આપણ જરથોશતીઓની હાજત શરતી હતી, તે મકાન પણ આપણી શગવડ પરમાણે બંધાવી આપવામાં આપીઉં હતું. કે જેથી, તે મરહુમ શેઠજી સાહેબ દાદાભાઈનો આપણી અનજુમન ઉપર મોહોટો ઉપકાર થયલો હતો અને તેહનો ચાલુ ખરચ પણ તે મરહુમના તરફથી, તેમજ તેવણની પછી તે મરહુમના નેકનામ વારેશ શેઠ મેરવાનજી વાહાડીઆજી તરફથી આજસુધી મલેઓ જાયછે. તેથી તે મરહુમ શેઠ દાદાભાઈના હકમાં હજારો હજાર દુવા ગુજરતા હતા, અને હજુપણ તે મરહુમના રૂહ ઉપર આફરીન ગુજરીએ છીએ. અને તે મરહુમના વારેશ શેથ સાહેબ મેરવાનજી વાહાડીઆજીની ખુબી ગાઈએ છીએ. હમણાના વખતમાં એ પવીતર કેબલાની હજુરમાં પોતાની હાજત ચાહવાને શારૂ દુર દેશાવરો વેરથી શેકડો જરથોશતીઓનો આવજાવ થવા માંડયો છે, તેમાં અરદીબેશત અને આદર મહીનામાં વધુ મેળાવડો થાએ છે. તેમજ એ પવીતર કેબલાના મકાનની અંદર ઈસ્ટોજ દાથરેગરી કરવાની જગા હોવાથી, દેશાવરોથી પુશકળ ધરમનાં કામો. કરાવવાને શારૂ, લોકો ખરી ઉલટથી જેહમત ખેચીને અતરે પધારે છે. તેવે

વખતે તે જુનું મકાન, પુરૂ શગવડ ભરેલું જણાતું ન હતું. તેમજ તે મકાન જુનું થવાથી અને તે મકાનમાં કેટલોક ફેરફાર કરવાની અગત હોવાથી, આપણી અંજુમન ફીકરમંદ હતી. અને તે વીશેની જોશ તેઓમાં હતી. પણ શુકર છે, તે બારેહકતાલાના, કે તેં આપણી ફીકર ટાળવાને શારૂ, તે સાહેબે શખીતબે દીનદાર દએઆળુ બાઈજી સાહેબ મોટલાંબાઈ, તે મરહુમ શેઠજી સાહેબ જંગીરજી નશરવાનજી વાહાડીઆજીના બેટીના દએઆળુ દીલની અંદર બશારત કીધી. અને તે બાઈજી સાહેબે એ પવીતર કેબલાનું મકાન કુશાદે અને રોનકદાર બંધાવી આપવાને સારૂ, પોતાના દીલની અંદર નેક નઈયત ધારી. અને તે ધારેલી નઈયેત, તે કરીમેકારશાનજની મદદથી પાર પડી. તેથી આપણી અંજુમનના દીલ, હરખથી ઉભાઈ ગયા છે.

આજનો મુબારક દીવશ, આપણી ઉદવાડાની અંજુમનની તવારીખમાં, હમેશ શુધી નોંધાઈ રેહેશે એટલુંજ નહીં પણ તે આખા હીંદુસ્થાનનાં, બશતે કુશતીઆન જરતોશથીઓમાં આજના પવીતર દીવશનો મહીમાં ઈઆદગાર રહી જશે. કેમકે એ મકાન આપણ શરવે જરથોશતીઓના પવીતર કદીમ કેબલાને સારૂ બંધાવામાં આવીઉં છે. નેકનામ બાઈજી સાહેબ મોટલાંબાઈએ, એ મકાન બાંધવાનું કામ માથે ઉઠાવીને આપણી ગરીબ અંજુમન ઉપર મોટો ઉપકાર કીધોછે. અને પોતાનો લાએક ખજાનો ખરચીને, મોટું પુન હાંસલ કીધું છે.તેવા એક ધરમી, દયાળુ અને દીનચુસ્ત માતોશ્રીની વખાણ ગાવાને, કમતરીન દુઆગોપારો પુરતા શબદો નથી. એ બાઈજી સાહેબની વખાણ

જેટલીબી કરીએ તેટલી થોડી છે. પણ તે થોડી વખા-
ણના શબ્દો આપણી અંજુમન તરફથી કેવામાં આવે-
આછે. પણ હેવાં લાએક ધરમાતુ, બાઈજી સાહેબનો
ઉપકાર એક ધરમગુરૂ તરીકે માનવાની હમો હમારી
આઈન ફરજ સમજીએ છીએ. બાઈજી સાહેબ મોટલાં-
બાઈ એવાં ઠાવકાં અને મકમ વીચારના છે. કે જેબી
કામ એવણ સાહેબ માથે ઉઠાવેછે, તે કામમાં પઈશો
ખરચેલો ગવાએછે. એટલુંજ નહીં, પણ તેવાં કામોથી
શેંકડો જરથોશતીઓની હાજત શરેછે. એવા પાકા
વીચારના, બાઈજી સાહેબે ઘણાં લોક ઉપેઓગી કામો
બજાવેલાંછે તેવીશે બોલવાની આ જગા નથી. પણ
આજના કામ વીશે બોલવાની હમારી મતલબ છે કે જે
મહાભારત કામ, હજારો રૂપીઆ ખરચીને, બાઈસાહેબ
મોટલાંબાઈની કુનેહથી પાર ઉતરીઉ છે, તેમાં તેવણના
શપુતો, નેકનામ શેઠજી સાહેબ નવરોજી માણેકજી વાહા-
ડીઆજી તથા શેઠજી સાહેબ નસરવાનજી જહાંગીરજી
વાહાડીઆજીની, ખરી અને ધરમી સલાહનો વધુ ભાગ
છે. અને તેવી સલાહથી એ ત્રણે માએદીકરાએ જે આ
મહાભારત કામ શરંજામ ઉતારીઉ છે, તેવા પનોતા
માતાજી, તથા વાહલા બેટાઓનો, આપણી અંજુમન
ઉપર અપરંપાર ઉપકાર થયો છે. બાઇજી સાહેબ મોટલાં-
બાઈ પોતાની જઈદ્દીને લીધે, અતરે એ પવીતર મકાનને
શરૂથી તે શેવટ શુધી પાર ઉતારવાને વધુ વખત પધારી
શકેઆ નથી, પણ એવણ સાહેબના અશરાફ અને ધર-
માતુ શપુતોએ એ કામ સરંજામ ઉતારવાને દુર દરાન્દથી,
તશદી લઈને વારે ઘડીએ અતરે પધારેઆછે. તેથી

તે સાહેબોએ આપણી ઉપર વધુ ઉપકાર કીધોછે. તે ધરમાતુ લાગણીના દયાલુ શેઠોને ખોદાતાલા નેક હેદાએત બખશે અને હેવાં ધરમી કામો સદાકાલ કરતા રીહે હેવી હમારી દુવા છે. તે સાહેબોના હુકમાં સફલ થાએ, એવાં ધરમાતુ અને પરોપકારી ઈરાંની બાનુઓની આપણાં પવીતર ધરમમાં વખાણ ગાવામાં આવેલી છે. અને તેવી બાનુઓને માન શાથ ઈઆદ કરવામાં આવીછે. તેમજ હીંદુસ્થાનમાં થઈ ગએલી ધરમાતુ બાનુઓ—મરહુમ લેડી આવાંબાઇ, મરહુમ લેડીશાકર બાઈ, તેમજ બાઈજી સાહેબ મોટલાંબાઈ, વગેરેના ધરમાતુ કામોની ઈઆદ તાજી રાખવાની આપણી આઈન કરજ છે. બાઈજી સાહેબ મોટલાંબાઈ, હાજતમંદોનાં કામ ઉપર ધેખાન આપીને, અને ગરજઉ માણશોની ઉપર રેહેમ દીલ રાખીને, શખાવતનાં કામોમાં પોતાનો જર ખરચેઆ જએછે, હેવી રીતની શખાવત અને ધરમી કામો, શઉ શઉથી બનતાં નથી. પણ જે બાએગશાલી નર અથવા નારી, પોતાના જતભાઈઓની કદર જુજનેતેઓને દુખમાંથી ટાલેછે, તેની ઉપરજ તે પાક પરવરદેગારની કુદરતી બખશેશ ઉતરે છે, આ મકાન રોનકદાર, શગવડ ભરેલું, હવા તથા ઊજશવાલું. બંધાવીંછે. કે તે આપણાં ધરમનાં એક મકાન તરીકે, આ ઊદવાડા ગામમાં વધુ જોમ આપશે. અને હેવાં કુશાદે અને માહાભારત ધરમના મકાનો, કે જે ખોદા તાલાની એબાદત ગાહની જગા છે, તેવા મકાનમાં શરચે જરથોશતીઓને વધુ ઉલટથી પોતાના અશો રૂઆનોનાં તથા બીજાં ધરમના કામો કરવા, કરાવવાને શારૂ વધુ આહેશ

થશે. અને દેશાવરો ખાતેથી હાલમાં આપણી દરેમેહેરને શારૂ જે કામો આવેછે, તેમાં બેવડો વધારો થશે.

એ પવીતર કામ શરૂઆમ પોહોચ્યું તેહેની આગમચ, આપણાં ગામની અંજુમન ઉપર એક શખ્સી અને ધરમાતુ લાગણીના શખ્સોએ, મોટો ઉપકાર કરેઓછે તે ધણી આપણા પરખેઆત માનવંત સખી તબે દીનચાસીદાર સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટ સાહેબ છે, કે જેવણ સાહેબનો, આપણી અંજુમન ઉપર કાંઈ થોડો આભાર થયો નથી. એવણ સાહેબે દુરઅંદેશી વાપરીને એવુંજ એક કુશાદે અને મોટું મકાન આગમજથી પોતાની શકમાઈના ખજાનામાંથી બંધાવી આપીઉં છે. અને તે મકાનની મરામત સારૂ એક મોટી રકમ પણ આપીછે, કે જે મકાન પણ, અગવડ સગવડે આપણાં એ પવીતર કેળવણીને સારૂજ વાપરવામાં આવેછે. તેમજ ઈએાજદાથરેગરીના શત્રાબના કામો, દરારેજ તે મકાનની અંદર કરવામાં આવેછે, એવું લાએક મકાન શેઠજી દીનશાજીએ બંધાવેલું તઈઆર આઈતું હતું. તેથી તો આ નવું મકાન બાંધતી વખતે આપણા પવીતર કેળવણીને તે મકાનમાં સગવડથી, અને મોનથી લઈ જઈને મુકવામાં આવ્યા હતા. અને આપણી અંજુમનને શત્રાબના કામો કરવાને તથા પોતાના મનની મોરાદ ચાહવાને, કાંઈબી રીતની અગવડ ખમવી પડી નથી. હેવા દયાલુ અને ધરમાતુ શેઠે જે પોતાનો ખજાનો ખરચેઓછે, તે ગવાઈ નીકલેઓછે.

આપણા પરખેઆત માનવંત સખી તબે, આગલા બારોનેટ સાહેબ સર જમશેદજી જીજીભાઈ, કે જેવણનાં

રહ ઉપર હજારો હજાર દરદ હોજે, કે જેવણના સખી કામોથી, પારશી તરીકે આપણે દુનીઆની અંદર મશહુર થયા છીએ, અને જેઓથી આપણે આજે ઉજરા વાજરા થયા છીએ, તે સખી ખાનદાનના નબીરા શેઠ કાવસજી જમશેદજી જીજીભાઈએબી અતરે વાહાડીઆજી શેઠોની સાથે પધારી, એ કામમાં આગેવાની ભરેલો ભાગ લીધોછે, તેથી તે શેઠનો પણ આપણી અંજુમન ઉપર ઉપકાર થયોછે. માટે અંજુમન તરફથી, તે શેઠનો હમો આભાર માનીએ છીએ. બાઈજી સાહેબ મોટલાંબાઈએ એ ધરમી કામ પાર ઉતારીઉં છે, તેમાં હજારો રૂપીઆનો ખરચ થયો છે. તે ખરચ કરીનેજ બેશી રહેવાં નથી, પણ એ પવીતર કેબલાની જતવણી કરવાને, તથા એ મકાનને સારી હાલતમાં રાખવાને, નાણાંની મોટી રકમ કાહાડી આપીછે, એ ઘણી સંતોષની વાત છે. કેમકે આપણ હમણાં જોઈએ છીએ કે, આપણી કોમના કેટલાક સખી શેઠોએ હેવાં ધરમનાં મકાનો દેશાવરો ખાતે બંધાવેલાં છે. તેના નીભાવનો જથુક ખરચ જુદો ન કાહડવાથી તે ખાતાંઓ હાલ માઠી હાલતમાં આવી પડેઆંછે. પણ બાઈજી સાહેબે, ઘણી દુર અંદેશી વાપરીને, જે કામ હાથ ધરીઉં તેને છેવટ સુધી નીભાવી રાખવાને અને તેનો સારો વહીવટ ચાલેલો જોવાને કાલજી બતાવીછે. વલી આપણાં ઉદવાડા ગામમાં સ્ટેશન ઉપરથી આવવાની પકી સડકનો રસતો, પણ બંધાવી આપવાને એ સખી બાઈસાહેબે માથે લીધું છે. તે કામમાંબી એવણ સાહેબને, વધુ જશમલેલો જોવાને આપણે ખાહેશમંદ છીએ. એ રશતો બંધાવાની

કેટલીક મુસકેલીઓ તથા આપણી માયાલુ સરકારના જુદા જુદા મુસકેલ ઠેકાણે પણ કબુલ રાખીને એ કામ કરવાની હામ ભીડીછે, અને તેને સારૂ અરધા લાખ રૂપીઆ ઉપરની રકમ ખરચવાને, પોતાની ખુશી બતાવી છે. એ કામમાં પણ મોટું માહાભારત પુનનું કામ માથે લઈ ઉદવાડા ગામમાં, આજલગણ, રોગાનોને અવલ મંજલ પોચાડવાની જે મોહોટી મુશકેલી અને દુખ ખમવું પડતું હતું, અને સડકની ઘણી અગત હતી, તે ગરજપણ, એ મોટાં દીલના સખી બાઈસાહેબે પુરી પાડીને, એ પણ મોટો ધરમ હાંસલ કીધોછે, અને એ કામમાં પણ હમારા મેહેરબાન શેઠજી સાહેબ કાવસજી જમશેદજી જીજીભાઈ-એ ખરાં દેલથી મોટી મેહેનત કરીને, એ કામમાં મદદ કરીછે, તેથી તેઓ સાહેબનો મોટો ઉપકાર માનુંછેઉં.

આપણાં ગરીબ ગાંમડાંની અંદર થોડા વખતમાં આવાં માહાભારત કામો બરપા થઈ ચુકેઆંછે, તે જોવાને આપણી અંજુમનના વડા, અને એરખાંહુ અકાબર સાહેબ, શેઠ માણેકજી કાવસજીને તેવણની જીંદગીએ ઈઆરી આપી નથી, તેથી વધુ દલગીરી ઉતપન થાય છે. તેવણ સાહેબે આપણાં ગામના ઘણાંક લોક ઉપયોગી કામોનો આરંભ કરેલોછે, અને એ પવીતર કેસલાના મકાન વીશેભી પોતાથી બનતું કીધું છે, તેથી આજના આ કામથી તેવણ સાહેબના પવીતર રૂહને શાદમાની મલેઆ વગર રેહેશે નહીં. આપણી અંજુમનના એ અકાબર સાહેબ, કે જેઓ પોતાની અંજુમનને પોતાના બચાં સમાન ગણીને ઘણો ચાહ બતાવતા હતા. અને કોઈબી મુશકેલ કામમાં, આગેવાની ભરેલો ભાગ લેતા હતા.

તેવા એક માનવંત અકાબરના મરણથી આપણી અંજુમનને વધુ ખોટ ગઈછે. કે જે પુરાવી ઘણી મુશકેલ છે. તોપણ શુકર છે તે પાક પરવરદેગારના, કે તેવણના લાએકીવાલા અને શપુત, શેઠ શોરાબજી પણ પોતાના મુરબીજીને પગલે ચાલીને, તેવણ સાહેબના જેવીજ બલકે તેથીબી વધારે ખેરખાઈ આપણી અંજુમન ઉપર બતાવેછે. અને વડા અકાબર તરીકે, કોઈબી એવાં માહાભારત કામની અંદર આગેવાની ભરેલો ભાગ લીએ છે, તેથી આપણી અંજુમન, એઓ સાહેબના મેહોટા હેશાનમંદ છેઈએ. તેમજ આજનું આ શુભ કામ જે પાર ઉતરીઉં છે, તેબી એ આપણાં અકાબર સાહેબની ખરાં જગરની મેહેનતનું પરીણામ છે. માટે હેવા એક દયાલુ અને પરગરજુ શેઠનો, આભાર માનવાને આપણી અંજુમન અશકત છે. તોપણ હમો તે પાક પરવરદેગારનીપાશે દુઆ ગુજારીએ છીએ, તે સાહેબ એઓ સાહેબની, ઉમરની દરાજ કરે, અને માન મરતબામાં અને શુખમાં વધારો કરે. અને જેમ શાદી રામશનીના કામ કરતા આવેઆછે, તેમ જુગજુગ શુધી જીવીને એવાં કામ કરતા રહે.

હવે હમારે ધરમના કરમાંનોથી શાબેત કરવું જોઈએ, કુ એ પવીતર કેબલાની શું ખુબી છે, અને તે કેબલાને પરથનાર, તથા તેના મકાનને આરાશતા કરનારને, શું બદલો મલેછે. પણ તે આગમચ એક લાએક શખશનો ઉપકાર માનવાનું હમારેથી બાકી રહી ગયું છે. અને તે જો હમારા તરકથી બજાવવામાં ન આવે તો, હમો હમારી ફરજમાં પછાત પડેલા ગણાઈએ.

તે ઘણી ઘણા શાદા, ચંચલ અને પરોપકારી છે, તેમજ આપણી અંજુમનના એક મેમ્બર તરીકે દરેક કામમાં આગેવાની ભરેલો ભાગ લેછે. તે ઘણી આપણાં લાએ-કીવાલા, શેઠ સાહેબ બેરામજી પેસતનજી બરડા છે. કે જેવણે આ મકાનની ગોઠવણ કરવામાં, તેમજ દર વખતે મકાનની દેખરેખ રાખીને, એ મકાન બાંધનાર ઈન્જનેર સાહેબ શેઠ દીનશાજી દોરાબજી ભતુશાનીસાથે મસલત કરીને, એ મકાન સગવડ ભરેલું થવાને બનતી કોશેશ કીધીછે. તેમજ એ જુના મકાનની આશપાશની જગા લેવામાં પણ બનતી કોશેશ અને મેહેનત લીધીછે. તેથી એઓ સાહેબનો પણ મોટો ઉપકાર થયોછે. તેમજ શેઠ દીનશાજી ઈન્જનેરે, પણ શારી કારીગરી વાપરીને, એ મકાન વધુ શોભા ભરેલું કીધું છે. અને ધરમની દાજ હઈડે ધરીને એ કામ પાછલ વધુ મેહેનત લીધીછે, કે જેઓનો ઉપકાર પણ ભુલવો જોઈતો નથી.

હવે હમારી બાબત લંબાણ થવાથી, ધરમના કરમાવેલા હોકમના અવશતાના કકરાઓ વાંચવાને બદલે, તેનો શાર માતર. તમો સાહેબોની હજુરમાં જણાવવાની રજા લેઈએ છીએ. વંદીદાદની તરીજી પરગરદમાં લખેછે કે, "જે જગા ઉપર દરેમેહેર બાંધી હોય, અને જહાં રાતદીવસ ભણવા ગણવાનું થતું હોય, તથા ઈન્જશને વંદીદાદની કીરીઆ થતી હોએ, તે જગા ઘણી ખુશી ભરેલીછે. અને તે જરીનની ઉપરનો મત્કલ કુરેશતો જે અશપંદાદમદ અમશાશપંદ તે ખુશી છાએછે." વલી વંદીદાદની ૮ મી પરગરદમાં જણાવેછે, કે જે કોઈ આ-તશના પવીતર કેબલાને શારૂ ખુશ્બ લોબાન તથા ખુશ

બોઈ લઈ જએ છે. તે ખુશબોઈ આતશ ઉપર બલવાથી, પવનથી ફરીને તે ખુશબોઈ આસપાસની હવાની અંદર પથરાઈ જએ છે. તથા હઝર ઘણાં નાશકારક ખરાબ જીવજંતુઓનો તેમજ ગલીચીનો નાસ થએ છે." ઈજ થનેના ૩૬ મા હાની અંદર આતશના કેબલાની ખુબીવીશે જે જણાવેલું છે, તે શામઠું તમો સાહેબોની આગળ હમો જણાવીએ છીએ. "ઓ અતીશે વરધી કરનાર હોરમજદ હમો આએ આતશની મારફતે શઉથી પેહેલાં તુને પોહોંચીએ છીએ. જે કોઈ આ આતશને માટે ખરાબી કરેછે. (એટલે તેને ગલીચ કરેછે) તેને તું વરધી કરનાર હોરમજદ, નુકસાન કર. ઓ હોરમજદના આતશ, હું પુશકળ ભકતીવાલો છું, જેથી મારી આગળ તું કઉવત સાથે આવેછે. પુશકળ ભકતીથી, અને લાએક વખાણથી હું તારી નજદીક આઉં છેઉં. તે શરવેથી મોટાં કામને માટે (એટલે દીનદારીના કામોનો ફેલાવો કરવાને માટે) તું હમારી મદદે પોચ. ઓ આતશ, તું હોરમજદનો એક વશીલો છે. (એટલે તારી મારફતથી. હમો હોરમજદને પોંહોચીએ છીએ.), ઓ આતશ, તું અતીશે વરધી કરનાર, હોરમજદની એક નીશાની, એટલે કબલો છે. ઓ હોરમજદના આતશ, તારૂં એક નામ વાજીસ્ત છે. તે નામની મારફતે ઓ હોરમજદ, હમો તુને પોંહોચીએ. ઓ હોરમજદ તુને ભલામણે કરીને, ભલી અશોઈએ કરીને, ભલાં ડાહપણના કામોએ કરીને, તથા શાચા શખુનોએ કરીને, હમો તુને પોહોંચીએ."

આતશના કેબલાને દાદધાહમાં પરઠવાથી, તે પરઠનાર ધણીને શું બદલો હાંશલ થાએછે, તેવીશે વંદીદાદની

આઠમી પરગરદમાં આ મુજલ લખાણ મલે છે. "ઓ હાડમંદ દુનીઆના પેદા કરનાર હોરમજદ, જે કોઈ નશો બાલવામાં આવતા આતશને, તથા બીજા આતશોને, કીરીઆ કરીને દરેમેહેરમાં સ્થાપે, તે ધણીને તેના મરણ, પછી શું બદલો મળેછે. તારે હોરમંજદે જવાબ દીધો કે આએ હાડમંદ દુનીઆમાં દશ હજાર બલતા આતશો જે દાદગાહમાં પરઠવા જેટલો શવાબ હાંસલ થાએ." ઈજશનેના ૪૦ મા હામાં લખેછે કે. હમો બંદેગીનાં કલામ ભણનારાઓને, ઓ હોરમજદ, દાનાઈ અને શખાવતનું કરવું બખશ, ઓ અકલના સાહેબ, એ ઉપરાંત જેબી કાંઈ લાએક હોએ. તે હમુને બખશ, ઓ હોરમજદ, ધરમી કામો કરનારાઓને જે બદલો તું એ આપવા ઠેરાવેલોછે, તે બદલો તું પોતે હમોનેબી, આ તેમજ આવતી દુનીઆને માટે આપ, કે જેથી કરીને જવેદાંન શુધી, હમો તારી અને અરદીબેશતની શરદારીમાં પોહોચીએ. તેમજ હમારા ખેશાવંદોને, ધરમી કામ કરનારાઓને, અને દોશત આશનાવોને ઉપર પરમાણેનો બદલો આપ. કે જેથી હમો શધળાવો, ધરમી કામોને માટે સખાવતના કામો કરવાને વધુ ખાહેશ રાખીએ." ઉપર આવેલી મતલબને લગતા પુશકળ દાખલાઓ આપણાં પવીતર ધરમમાંથી મલી આવેછે. પણ આ ઉપલા દાખલાઓ ઉપરથીજ તમો સાહેબોની ખાત્રી થઈ હશે કે દરેમેહેર જેવાં મકાનો, તથા આતશના કેબલા સ્થાપન કરવાથી, અનેક રીતના ફાએદાઓ હાંસલ થાએછે, તેમજ તેવાં કામ કરનારને આ તથા મીનોઈ જેહાંનમાં શવાબનો બદલો હાંસલ કરવાને બની આવેછે.

વખત ઘણો ટુંકો છે, તેથી વધુ લંબાણ ન કરતાં બાઈજી સાહેબ મોટલાંબાઈ તથા તેવણના નેક પુતરોને જે દુઆ આતશનો કેબલો દેછે, તેજ દુઆ દઈને હમો પણ હમારી બાબત ખતમ કરીએ છીએ. તમારે તાંહાં દોલત અને કરજંદોનો વધારો થાએ, અને તમારૂં મન અને દીલ ચાલાક અને અસરકારક રહે. જહાં શુધી તમો જીવો તાંહાં શુધી, ખુશી ભરેલા દીલથી અને શુખ શાંતીની જીંદગીથી જીવજો હેવી હમારી દુઆ છે, તે આસન થાઓ. આમીન.

ઉપલું ભાશાનપુરૂં થવાબાદ નેક શેતારેનાં નેકનામ વાડીઆજી શેઠ નવરોજી માણેકજી સી. આઈ. ઈ. પોતાને મળેલો, બરીતીશરાજ તરફથી હીરામાં મઢેલો ઉપર લખેલો ખેતાબ, તથા તેની સાથે ફરાંનસનાં શેહેનશાહ નેપોલીઅન તરફથી મળેલો સોનાંનો ચાંદ, પેહેરી પોતાનું ભાશાન શરૂ કરવા ઉઠેઆ. જે વખતે એ ભાએગશાલી નરને મીજલશનાં શરવે ઘરશોએ, તથા બાનુઓએ, ખુશાલીનાં પોકારોથી વધાવી લીધા. શેઠ વાડીઆજી તાલીઓનાં આવાજ નરમ પડેઆ પછી નીચે મુજબ બોલેઆઃ—મીજલશનાં હમદીન ભાઈઓ—લા૦ મુંબઈવાશી બાઈ મોટલાંબાઈ તે જહાંગીરજી નશરવાનજી વાડીઆજીના બેટીની દુવા બંદગી કબુલ કરજોજી. જત ઉદવાડા ગામની જરથોસ્તી અંજુમનની તરફથી, તેઓના મુખીઓની માગણી કબુલ રાખીને, પાક આતશબેહરામ સાહેબ, ઈરાનશાહને તખ્તનશીન કરવાનું જુનું મકાન જે અમારા કુટુંબી મરહુમ વાહાડીઆજી દાદાભાઈ તથા મંચેરજી પેસતનજીએ બંધાવી આપેલું તે પુરાણું થવાથી તેને ઉખેડી

નામી, નવેસરથી અમારા ખર્ચે આ નવું મકાન તેને લગતા સઘળા સરંજામો સુધાં બંધાવી આપ્યું છે, અને તેને આપણા દીનનાં ફરમાન મુજબ, સઘળી ક્રીયાઓથી પવીત્ર કરીને, આજ રોજે પાક ઈરાનશાહાને, તખ્તનશીન કરી, કુલ જરતોશતીઓને સારૂં વાપરતુ કર્યું છે, જેથી અમોને ઘણી ખુશી અને સંતોશ ઉપજ્યોછે. મારી જુજરોગ વયના સબબથી, આ શુભ મીજલશમાં મારાથી જાતે હાજર થઈ શકાયું નથી, પણ મારા વહાલા બેટાઓ ભાઈ નવરોજજી તથા ભાઈ નશરવાનજી હાજર થયાછે, તેઓની હાજરીને, તમો બેગી મીજલસના સાહેબો મારી પોતાની હાજરી જેવી ગણશો, એવી ઉમેદ રાખુંછું. આ પાક મકાન, તથા તેને લગતું બરશનુમખાનાનું મકાન, આજુબાજુની જમીનો, મોટી કીમતે ખરીદ કરીને બંધાવ્યાંછે, તથા પાક ઈરાનશાહને તખ્તનશીન કરવાનું, રૂપાનું મોટું આફરગાનીઉ, અને બીજો સર્વે સામાન અમે અમારા ખર્ચથી કરાવ્યોછે, અને એ સઘળું આપણા જરથોસ્તી ટોલાના, સૌથી પુરાતન કેબલા ઈરાનશાહની ખેદમત બજાવી શકયાં છીયે, જેથી અમોને અમારી જુજરોગ વયમાં અતિ મોટો સંતોષ મળ્યોછે. એ મકાન તથા તેને લગતા સર્વે સરંજામનો આંકડો, હજુ થઇ શકયો નથી કારણકે કેટલુંક કામ હજુ અધુરૂં રહ્યુંછે, તે હવે પછી થવાનુંછે, તેમજ પાક કેબલાને સદા રોશન રહેવા સારૂ, જોઈતી ચાલુ ક્રીયાઓ, હમેશાં થતી રહેવાને, તથા એ મકાનોની મરામત વીગરે સારૂં, એક સારી રકમ એલાયદી કાઢી ત્રસ્ટમાં આપવાનો અમારો ઈરાદો છે, તે પાક પેદા કરનાર હોરમજદની મદદથી પાર પડશે

એવી ઉમેદ છે. પાક ઈરાનશાહના પાયતખ્તનું આ મકાન, અમોએ અમારા મરહુમ ખાવીંદ વાહાડીઆજી માણેકજી નવરોજજીની, વાહાલી યાદમાં તેઓનાં પુનને સારૂં બંધાવી આપ્યુંછે તેમજ બરશનુમખાનાની દરે-મેહેરનું મકાન, મારા મરહુમ સસરા નવરોજજી નશરવા-નજી વાહાડીઆનાં પુનને સારૂં બંધાવી આપ્યુંછે., જે બેઉ મકાનોને હમેશાં, સંભાળવા તથા અમારી ખાહેશ મુજબ વપરાતાં રેહવાને માટે, પેકા બંદોબસ્ત તથા તેને લગતી બીજી ગોઠવણો હવે પછી કરવામાં આવશે, અને ઉમેદ રાખુંછું કે જે રીતે અમારા મરહુમ કુટુંબીઓ, વાહાડીઆજી દાદાભાઈ તથા મનચેરજી પેસતનજીના મકાનોનો વહીવટ, શ્રી ઉદવાડાના ત્રસ્ટીઓએ માન ભરેલી રીતે ચલાવ્યોછે, તેમજ આ કામને માટે ચલા-વવામાં પોતાની પૂર્ણ મદદ આપશે. આ ધર્મનાં કામને સરંજામ ઉતારવામાં, મદદ કરનારા સઘળાઓનો આ જગાએ અમો ઉપકાર માન્ય છીયે. તેમજ જે હમદીન ભાઈઓએ લાંબેચેરથી તસદી લઈને આ ફીયાની મીજ-લસમાં સામેલ થઈ સવાબનો હંબેરો હાંસેલ કર્યોછે, તે સઘળાઓનો ઉપકાર માન્યે છીયે. સેવટે તે કીર્તારની જનાબમાં અમો દુવા ગુજારીયે છીયે, કે આપણો જર-થોસ્તી ટોલો હંમેસા પોતાના પાક મહજબ તરફ વફાદાર રહી એવા ધર્મના અને સખાવતનાં કામો કરતો રહે. તેમજ ઉદવાડાની અંજુમનના સાહેબો, એકદીલીથી ચા-લીને આ પુરાતન કેબલાની, સાચા એકીનથી પરસ્તેસ કરી, દેશાવરના હમદીન ભાઈઓને પોતાની તરફ આવતા રહેવાને વધુ ઉલટમેદ બનાવે. આમીન–ઉદવાડા, તા૭

૩૧ મી ઓકટોબર, સને ૧૮૯૪, રોજ ૧૬ મો મેહેર-યઝદ, માહા ૨ જો અરદીબેહેશત અમશાસ્પંદ શેહેનશાહી. સને ૧૨૬૪ યઝદેઝરદી.

ઉપલું ભાષણ પુરૂં થયા પછી શેઠ બેરામજી પેશતનજી ભરડા, જેવણ ઉદવાડાની અનજુમનનાં મેનેજીંગ તરશતી છે, તેવણે નીચલું માનપતર બાઈ મોટલાંબાઈની શતુતીમાં, બુલંદ આવાજે વાંચી સંભળાવેલું હતું:— મોટા દરજ્જાનાં નામદાર ધરમાતુ, શેઠાણીજી સાહેબ, બાઈ મોટલાંબાઈ માણેકજી વાહાડીયા, તે મરહુમ વાહડીયાજી સાહેબ શેઠ જાંહાંગીરજી નશરવાનજીની બેટીના લાયકીવાળા સાહેબજાદાઓ, શેઠજી સાહેબ નવરોજજી માણેકજી વાહડીયા, સી: આઈ. ઈ. તથા શેઠજી સાહેબ નશરવાનજી જાંહાંગીરજી વાહડીયા, જે. પી. સાહેબોની ઊમર વ દોલતજાદા. હાલ મુકામ શ્રી ઉદવાડા. એઓની શેવામાં નીચે સહી કરનાર શ્રી ઉદવાડાની જરથોસ્તી અંજુમનના મુખીઓ ઘણી નમનતાઈ સાથે અરજ ગુજરેછે કે:—તમારાં નામવર માતાજી સાહેબ, બાઈ મોટલાંબાઈએ, હમારાં ગરીબ ગામની જરથોસ્તી વસ્તીને માટે કરેલી બાદશાહી સખાવતનાં, ખુશીભરેલાં અનજામનો આજે મુબારક દીવસ છે, અને એ ખુશીભરેલા દીવસને, દેશાવરના જરથોસ્તી સાહેબોએ, પોતાના પુરાતન કબલા, પાક આતશબેહેરામ સાહેબ ઈરાનશાહ તરકનાં માનને માટે, મુસાફરીની અને બીજી રંજે ખેંચીને હાજરી આપી, વધુ દીપાવ્યોછે, તેવી દબદબાભરેલી જરથોસ્તી મીજલસ જે પવીત્ર મકાનમાં ભેગી મળીછે ત્યાં હમારી જરથોસ્તી વસ્તી તરફનું હેસાન જાહેર કરવા, હમો હાજર

થયા છીયે. આ શુભ મેળાવડામાં સખાવતનાં માતા, બાઈજીસાહેબ મોટલાંબાઈ, પોતાની તબીયત નાદુરસ્તનાં સબબથી હેરહાજર છે, તેટલી ઓછી ખુશી હમોને દેખાયછે. તોપણ તમો સાહેબો, તેમના વાહલા બેટાઓની, માનભરેલી હાજરીથી તેઓ સાહેબ પોતે હાજર છે, એવો સંતોષ હમો માની લઈને આ મુબારકબાદનામું તમારી સનમુખ રજુ કરીએ છીયે. તમારાં નામવર માતાજી સાહેબે, ઠંડાવભરેલી બુધી અને આપણા પાક મહજબ તરફની સુસ્ત એકીનદારી વાપરીને અરધી સદી ઉપરાંતથી આવાં ધરમનાં કામોમાં ઘણી સાદાઈ ભરેલી, અને કાંઈ પણ ધોંધાટ કરયા વગરની મદદો, આપવી જરી રાખીછે, તેમજ બીજાં અનેક ધરમનાં મોટાં કામો કરયાંછે, જે સઘળાંનું બ્યાન કરવાને અમો અશકત છીયે, એટલે આ જગ્યાએ માત્ર હમારાં ગામની ગરીબ વસ્તી ઉપર ભારે હેશાન કરનારાં જે કામો થયાંછે, અને થવાનાં છે, તેટલાંની જ યાદ અને શુકરગુજરી કરવાની હમારી ફરજ બજાવીયે છીયે. જે પવીત્ર કેબલા ઈરાનશાહને માટે, પોતાની અતી બુજોરગ વયે છતાં, તમારાં માતાજી સાહેબે તારીકલાયક ઉલટ બતાવીને, સુંદર સખાવત કીધીછે તે કેબલો પોતાને માટે મોટી તવારીખ ધરાવેછે, જેનું સવીસતર બ્યાન આગળ થઈ ચુકેલુંછે. એટલે હાલ એટલુંજ જણાવવાની રજા લઈયે છીયે કે, આ દેશ માંહેલા આપણા જરથોસ્તી ટોળાને બારસો વરસની પેહલા, આ દેશમાં યાને હીંદુસ્થાનમાં પેહલવેહેલો પગ મુકવાની જે કોઈબી સારી અને બળવાન ઈધાણી હોય તો તે આ પવીત્ર કેબલો પોતે છે, એટલુંજ નહી,

પણ આપણા ટોળાની નાની સંખ્યામાં હાલ જે તડાં, અને વીભાગો હસ્તી ધરાવેછે, તે સઘલાં પેદા થવાની આગમજ, યાને જે વખત ઉપર આપણો ટોળો વાહલી શાહાનશાહત ખોઈ બેસીને, આફત અને ગીરફતારીમાં પડેલો હતો, અને માત્ર પોતાના પાક મજહબનું દુખ હઈડે ધરીને, સઘળા એકદીલીથી પોતાનું પ્યારૂં વતન છોડી આવી હીંદુસ્તાનમાં વસ્યા, તે એકદીલીનું પરીણામ આ પુરાતન કેબલો છે, અને તેથી એ પવીત્ર કેબલો, આખા જરથોસ્તી ટોળાને, પોતાના પાક મજહબને માટે મગરૂર કરનારો છે, એવું જણાવતાં તમારા દોવાગોએાને ઘણી ખુશી ઉપજેછે. આ દેખાવમાં દબદબાભરેલા, અને પવીતરાઈમાં ઉતમ મકાન, જેમાં આપણે ઉભા છઈએ તે મકાનના પાયાની ક્રીયા અઢાર મહીના ઉપર થઈ હતી, તે વખતે એવું ભવીશ ધારવામાં આવ્યું હતું કે, તમારાં માતાજી સાહેબની મખાવતથી આપણા એ નામીચા કેબલા ઈરાનશાહને માટે એવું મકાન તઈયાર કરવામાં આવશે, કે આપણા ટોળાંએ સદીઓની વાત ઉપર પોતાની ખોઈ દીધેલી વાહલી શાહાનશાહત, ઈરાનવેજમાં હાલના જમાનામાં આપણા પાક મહજબની જે થોડી નીશાનીઓ હસ્તી ધરાવેછે, તેનો કંઈક ખ્યાલ આપણા ટોળાંને, પોતાના આ માનીતા કેબલાને, શેજદો કરવા આવતાં મળી શકે, તે ભવીશ કેટલે દરજજે ખરૂં પડયુંછે, તે આ મકાનની બાંધણી, અને તેના દેખાવ ઉપરથી, સઘળા મજદીઅશનાનોની નજરમાં આવ્યું હશે, અને હીંદુસ્તાનના સરવે કેબલાઓમાં ઈરાનશાહ કેબલો જે પેહલો દરજજો ધરાવેછે, તેજ મુજબ તેને

તખ્તનશીન કરવાને, તમારા માતાજીસાહેબે બંધાવેલું આ મકાન, હીંદુસ્તાનમાં પેહેલો ધરજ્જો ધરાવનારૂં છે, એમ જણાવતાં હમુને ઘણીજ ખુશી ઉપજેછે. એ સઘળાં તમારાં નામવર માતાજીસાહેબની મોટી સખાવતનાં પરતાપ છે, જે સખાવતે, હમારાં ગામની જરતોસ્તી વસ્તીને હેશાનમંદ બનાવીછે.—જે સખાવતે હીંદુસ્તાનના જરથોશતી ટોળાને, હાલની આપણા ધરમ તરફ મંદી પડતી જતી લાગણીના વખતમાં, ગોયા આપણા પાક મહજબ તરફ મજબુત રહેવાને નવી ઉસટ બક્ષી છે, અને જે સખાવત, તમારાં માતાજીસાહેબનો પોતાનો ધરમી અને સખીવજુદ ખમીર, જે આરથી સદી ઉપરાંતથી પોતાનાં સાદા ખવાસથી છુપું રથું હતું, તે હવે કદી નડી છુપે એવા બેતડા પ્રકાશથી જાહેરમાં મુકયુંછે, જેથી એ સખાવત સઘળાંને ફાયદો કરનારી અને કીમતી થઈ પડીછે. આપણો જરથોશતી ટોળો, પોતાનાં સખી દીલને માટે, દુનીયાના મોટા ભાગમાં જાણીતો છે, અને હીંદુસ્તાનની પચીસ કરોડ ઉપરાંતની પંચરંગી વસ્તીમાં એખલો આપણોજ ટોળો બે માનવંત બેરોનેટો ધરાવવાને ભાએગશાલી નીવડયોછે, તેજ ટોળાંના એક નામવર બાનુની આ મોટી સખાવત છે, અને તે પણ પોતાની સાચવેલી અને વધારેલી પુંજીમાંથી કરેલી સખાવત છે, એટલે તે એખલી અને પેહલવેહલીજ છે, અને વળી તે એવી જગાએ થઈ છે, કે જે જમાનાઓ સુધી આખા ટોળાંની યાદમાંથી ભુલાઈ જવાની નથી, અને જે ટોળો મરદ સખીવજુદોને માટે દુનીઆમાં માન પામ્યોછે, તે ટોળાંનાં એક નામવર બુઝોરગ બાનુ આવું

મખી અને ધરમી દીલ ધરાવેછે, એ વાતથી આપણા ટોળાના માન મરતબામાં મોટો વધારો થયેાછે, એમ તમારા દાવાગોએ ઘણા હરખ સાથે જહેર કરેછે. તમારાં માતાજી સાહેબે આ દબદબભરેલાં મકાનને, પાક આતશબેહરામ સાહેબ ઈરાનશાહને તખ્તનશીન કરવા,તથા ઈઓન્દાથરેગરીનાં પવીતર કામો, અને બીજી ક્રીયાઓ થવાને માટે, તથા બંદગી કરનારાઓને સગવડથી પોતાની ખાએશ બર લાવવાને માટે કોશાદે, અને હવા તથા ઉજાશની પુરતી સગવડભરેલું બંધાવયુછે. એટલુંજ નહી, પણ પાક ઇરાનશાહને તખ્તનશીન કરવાને માટે મોટો જર ખરચીને. રૂપાનું એક આકરગાનીકું પોતાની જાતી દેખરેખ નીચે બનાવી આપ્યુંછે, તેમજ બિજે જોઈતો સઘળો સામાન મોટી કીમત ખરચીને બખશીશ આપ્યોછે, અને એ સઘળું પોતાના બેહુસ્તનશીન ખાવંદ, અને તમારા પીતાજી મરહુમ વાહાડીઆજી સાહેબ શેઠ માણેકજી નવરોજીનાં, અશો ફ્રહનાં પુનને માટે અરપણ કરયુંછે. જ્યારે બરશનુમ લેનારાઓને માટે, એક બીજું મોટું મકાન પોતાના મરહુમ સસરાનાં પુનને માટે બંધાવી આપ્યુંછે, જે સઘળાંના સામટો સરવાળો લાખો ઉપર ગયાછે, તે ઉપરાંત તમારાં માતાજીએ દુરઅંદેશી ભરેલી અકલ વાપડીને, એ પવીત્ર મકાનો જે હમેશ આબાદીમાં રાખવા, અને કુલ્લે મજદીનશનાનાંને ફાયદો કરનારી પવીત્ર ક્રીયાઓ કાયમ થતી રેહવાને એક મોટી બાદશાહી રકમ એલાહેદી કાઢી ટરસ્ટમાં આપવાની ધારણા બતાવીછે, તેને માટે દીલોજાનીથી એ સખીવજુદ બાઈજીનો ઉપકાર માનીએ છીએ. આ જગાએ તમારાં

માતાજીની એક બીજી મોટી સખાવત, જેનો લાભ હમારી ગરીબ વસ્તીને મળવાનોછે, તેનો ઈસારો કરવા હમુને વાજબીને રાહે હરખ પેદા થાયછે, તે એ કે ઉદવાડા સ્ટેશનથી ઉદવાડા ગામ સુધી પાંકો રસ્તો, પોતાના તમામ ખરચથી બાંધવાને, મોટી રકમ આપવા ઉપરાંત એ રસ્તાની દર વરસની મરામત પણ પોતાનાજ પઈસાથી સદાકાળ થતી રેહે, તેને માટે બીજી એક વધારે મોટી રકમ, સરકારનાં સવાધીનમાં તમારાં માતાજી સાહેબે આપીછે, જેથી પવીત્ર કેબલાને સેજદો કરવા આવનારા, હજારો દીલદાર જરથોસ્તીઓને, મોટી સવગડ અને સુખ મળવાની ઉમેદ નકી થઈછે. તે ઉપરાંત હમારાં ગામનાં જરથોસ્તીઓને પોતાનાં વાહાલાંરોવાનોને, છેલ્લી આસાએસની જગાએ લઈ જતાં, રસ્તાના પડતાં મહાભારત દુઃખ અને સંકટોનો અંત, તમારાં માતાજીની સખાવતનાં આ નવા રસ્તાથી, આવવાની પાકી ઉમેદ રહીછે, જેથી એ બેવડો ફાયદો કરનારો રસ્તો જે લાંબી મુદતથી ઘણી હાડમારીમાં પડેલો હતો, તે બંધાવી આપી બેવડું પુન હાંસલ કરવાનું માન, તમારાં માતાજી મેળવવાને ભાયગશાલી થયાંછે. અને વળી એ બેવડું પુન, પોતાનાં વાહાલા પીતાજી વાહાડીઆજી સાહેબ જંહાંગીરજી નશરવાનજીનાં અશો રહને, અરપણ કરી પોતાનાં ગુજરેલાં વાહલાંઓ તરફની સઘળી ફરજો અદા કીધીછે, એમ જણાવતાં હમુને ઘણી ખુશી ઉપજેછે. તમારાં માતાજીની આ સુંદર સખાવત, જેથી દેશનાં અને પરદેશનાં મરહુમ સખીવજુદ વાહાડીઆજી સાહેબો શેઠો દાદા-

ભાઈ તથા મનચેરજી પેસતનજી (જેઓનું હેશાંન હમારા ઉપર અરધી સદી ઉપરાંતથી ચાલુ છે ) તેમના વારેસ વાહાડીયાજી સાહેબ શેઠ મેહરવાનજી દાદાભાઈએ અંતકરણથી મદદ આપીછે, તેને માટે હમારી આખી અંજુમન તેમની બારે હેશાનમંદ થઈછે. તેમજ આ સુંદર કારીગરીનું મકાન તઈઆર થતાં, જે લાંબી ઢીલ થઈછે તેટલી મુદત સુધી પાક ઈરાનશાહને તેનાં લાયકનાં મકાનની જોગવાઈ નહી હતે તો કદાચજ એ મકાન આવી કારીગરી પામી શકતે, એટલે એવી મોટી જોગવાઇ સાથે પવીત્ર કીયાકામો ચાલુ રહી શકયાં, એવું લાયક અને કુશાદે દરેમેહેરનું મકાન થોડીજ મુદત ઉપર અમારી અંજુમનને, મોટી સખાવતથી બંધાવી આપનારા નામદાર શેઠજી સાહેબ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટ સાહેબ ( જેમનું મુબારક નામ હમારી વસતીને અતી વાહલું થઈ પડયું છે ) તેમનો આ જગ્યાએ અમો બારે ઉપકાર માનીયે છઈયે, તેમજ એઓ નામદારની આજની ખુશીભરેલી હાજરીને માટે અમો અમારો બારે હરખ જાહેર કરીયે છીયે, જે હરખમાં તમો સાહેબો તથા આખી મીજલસ સામેલ થશો. આ સુંદર મકાન બાંધવાની સરૂઆતથી છેવટ સુધી જે હુનરમંદ હાથ સામેલ રહયોછે, અને જેણે આ મકાનને વાહાલાં વતન ઈરાન મધેના પરશીપોલીસની ઢબ ઉપર બાંધવાને બારે મેહેનત અને કાળજી બતાવીછે, તેવો હુનરમંદ હાથ શોધી કાઢી તેનાં ઉપર ભરોશો મુકવાની, તમારાં માતાજી સાહેબની ઉંચી મનશકતીના અમો વખાણ કરીયે છીયે, અને તેવા ભરોસાને તદન સાચા નીવડેલા હુનરમંદ ઈજનેર

શેઠ દીનશાજી દોરાબજી મીસતરીની આ જગ્યાએ હમો સ્તુતી કરીયે છીયે, અને એ લાયકીવાળા ઈજનેરને ઇનસાફ આપવાને માટે આટલું જણાવીયે છીયે કે તેઓની હુનરમંદીજ નહીં, પણ એ કામ તરફ એક સાચા જરથોસ્તી તરીકેની લાગણી ઘણી વખાણવા લાયક હમોએ જોઈછે, અને તેને માટે તેમનો ઉપકાર માનીયે છીયે. તમો સાહેબોનાં લાયકીવાળા મીત્ર શેઠજીસાહેબ શેઠ કાવસજી ખરશેદજી જમશેદજી જીજીભાઈ, જેઓએ આ પુનનાં કામમાં ઘણી કીમતી સલાહો આપીછે, તેમનું આ જગ્યાએ મોટું હેશાન માનીએ છીએ. તેમજ બીજા જે જે સાહેબોએ આ શુભ કામમાં અમારી ગરીબ વસ્તીને ફાયદો કરનારી સલાહ તથા અરજો કરીછે, તેમનો તથા આ મેળાવડામાં ભેગા મળેલા તમામ હમદીન ભાઈઓનો હમારી ગરીબ વસ્તી તરફથી ભારે ઉપકાર માનીએ છીએ. હવે પાક દાદારહોરમદની જનાબમાં હમો સાચાં મનથી દોવા ગુજારીએ છીયે કે, જે નેકબખ્ત ભલી મનશાનીનાં માતાજીએ પોતાના પાક મહજબ, અને તે મહજબના પુરાતન કેબલાને માટે, પોતાના એકીનથી દોલત ખરચીછે, તેને તે અશો અહુરમજદ પોતાની જેબી શકતીથી બંધે જેહાનનું સુખ બખશેશ કરે. જેમનાં તમો વાહલા બેટાઓ, જેઓનો પોતાનાં નામવર માતાજીનાં દીનચુશત કામમાં મોટો ટેકો છે. તેઓને તે કાદરતાર ઘણી તંદરોસ્તી અને ઝાહોજલાલી બખશો. કુટંબને કરજંદોનું સુખ બખશેશ કરો, તથા તમારાં કીરતીવંત માતાજીનાં કરેલાં સખાવતનાં અને ધરમનાં કામો, સદા કાયમ રહેલાં જોવાને અને નીભાવવાને, તથા તેને વધુ

મદદો આપવાને, તમો બંધે સાહેબો લાંબા આયુશ ભોગવી જીવતા રહો, આમીન, આમીન, આમીન. તેમજ જે અશો ફહોનાં પુનને માટે તમારાં માતાજી સાહેબે આ દીલભરીભરી સખાવતો કરીછે, તે અશો ફહોને મીનોઈ જેહાનમાં ચઢતાંમાં ચઢતું બેહસ્ત, અને ઘણી આશાની મળો. એટલું ચાહીને આ મુબારકબાદનામું, કીંવા હેશાનપત્ર, તેની સાદી એબારતને માટે થોડું રસીલું છતાં ખરા અંતઃકરણથી હેશાન બતાવનારૂં ગણીને તમો સાહેબોએ ખુશીથી કબુલ રાખવું, અને અમારી તરફનાં મોટા હેશાન તથા હજારો હજાર દોવા સાથે તમારાં નામવર માતાજી સાહેબની પવીત્ર જનાબમાં રજુ કરી, તમારા નમનતાઈભરેલા દોવાગોએાને ઉપકારી કરશોજી, એજ વિનંતી—શ્રી ઊદવાડા, રોજ મુબારક ૧૬ મો મેહેર યજ્દ, માહ મુબારક ૨ જો, અરદીબેહેસ્ત, સને ૧૨૬૪ યજ્દેજરદી.

ઉપલું માનપતર મી. ભરડાએં જે વાંચેલું, તે માનપતર એક કીમતી રૂપેરી નકશીનાં રોનકદાર દાબરામાં મુકી, વાડીઆજી ભાઈએાને શવાધીન કીધું, ત્યારબાદ, ઉદવારાની અનજુમન તરફથી બેઉ વાડીઆજી ભાઈએાને, કીમતી શેઆલો ઓઢાડવામાં આવી હતી. શર દીનશાજી માણેકજી પીટીટ, શેઠ બેરામજી જીજીભાઈ તથા સુરતવાલા એદલશેઠોએ પન, બેઉ ભાઇએાને કીમતી શેઆલો ઓઢાડી હતી. શીલપશાસતરી શેઠ દીનશા દોરાબજી મીસતરીને ઉદવારાની અનજુમન, તેમજ વાડીઆ ભાઇએાએ શેઆલો આપી હતી. તાહારબાદ ઉડવાડાનાં બેઉ વડા દસતુરજીઓએ બેઉ વાડીઆ ભાઈએાને તે લોકોની સખાવતને વાસતે આશીરવાદનાં દોવા આપ્યા હતા.

ઉપલી કીરીઆ પુરી થવાબાદ મીજલશનાં દરએક સાહેબો નીચેના દીવાનખાનામાં બીરાજેઆ, કે જ્હાં નેકનામ સખી બાઈ મોટલાંબાઈની મોટાં કદની છબી ખુલ્લી મુકવાની હતી. શેઠ કાવસજી ખરશેદજી જમશેદજી જીજીભાઈએ, સર દીનશાજી માણેકજી પીટીટને, તે શબી પોતાને હાથે ખોલ્લી મુકવાની કીરીઆ કરવાની ભલામન નીચે પરમાંને કરી હતીઃ—

સખી વજુદ નામદાર સરદીનશાજી માણેકજી પીટીત બારોનેટ, અને મીજલશના સાહેબો, બાઈ મોટલીબાઈ અંગીરજી વાડીઆ, જેવનની સખાવતના લાભ, શ્રી ઉદવાડા ગામને ઘણી રીતે મલેલો છે, જે વનને આએ બાદશાહી મકાનને શારૂં, આપણેજ નહી પણ શરવે જરથોશતી અનજુમન આભારી છે, અને જેવને આએ ગામમાં આવતા જરથોશતીઓની, રશતા સંબંધી એક ઘણી મોટી અગવડ ટાલવાને શારૂં, એક કુશાદે પંડા રસતો બાંધવાનું કામ ઉઠાવીઉં છે, અને જે રસતો બાદાનું ચાહવું છે તો હવે ચંદ મુદતમાં તઈઆર થાશે, તેવનની સખાવતની એક અદના પીછાનમાં તેવનનું એક ઓઈલ પેંટીંગ તઈયાર કરાવી, આએ હોલમાં મુકવાનો ઠરાવ કેટલાએક એ બાઈ શાહેબનાં કાંમને વખાનનારા શાહેબોએ કરીઓછે. એ શબી ખુલલી મુકવાની કીરીઆ શર દીનશાજીને હાથે કરાવવાની ખાહેશ બતાવીઆથી, હમુને કરમાશ કરવામાં આવીછે, જે તેમ કરવાને શારૂં તેવનને એલતેમાસ કરવી, જેમ કરવાથી હમોને મોટો શંતોશ હાસલ થાએછે. આએ એક મોટી શંતોશકારક બીના છે કે બાઈ સાહેબ, જેવનની ઉદવાડામાં કરે-

લી શરતે સખાવતોની અદના પીછાનમાં જે શમી મુકવામાં આવી છે, તેને ખુલલી મુકવાની કીરાઆ, શર દીનશાજી માણેકજી પીટીત, બારોનેટને હાથે, થવામાં આવી, કારણ એવો સાહેબે જેમ જુદે જુદે ઠેકાણે મોટી રકમોનો ધરમ કરી સારાં સારાં લોકઉપયોગી કામો કરીયાં છે તેજ મીસાલે આએ ગામને પણ પોતાના સદાના આભાર તળે મેલીઉંછે. જે બાદશાહી મકાનમાં આપણે બેગા મલીઆ છઈએ તેની બોરદુમાં આદરીન સાહેબને માટે એક મોટું અને રોનકદાર મકાન સર દીનશાજીની સખાવતથી બનીઉં છે. એ મકાનથી નવા મકાનને બનાવવામાં કેટલી બધી સગવડ હાશેલ થાઈ છે તે તમો સરવે સાહેબો જણો છો, માટે તે વીશે વધારે હમારે કહેવાની જરૂર નથી. માતર એટલુંજ કહેવું બસ છે જે એ મકાન વગર પાક આતશબહેરામ સાહેબનું નવું મકાન તઈઆર થાએ તાં શુધી "ઈરાન શાહને" રાખવાને ઘણી એક અડચણો ઉડતે, જેથી કરીને કદાચ જે આલાશાન મકાનને નીરાતે રોનકદાર કરવામાં આવીઉં છે તેમ કરવાને બનતે નહી.

વધારે લંબાન કરી તમો સાહેબોનો વધુ વખત રોકવાને હમો ચાહતા નથી માટે સર દીનશાજી, તમુને જે સાહેબો તરફથી સખી તઈઆર કરાવવામાં આવીછે તેઓ તરફથી એલતેમાંશ કરીએ છઈએ જે એ સખી ખુલ્લી કરવાની તશદી લેવી. સખી તઈઆર કરાવનારાની ખાએશ મુજબ તમોએ એ ખુલ્લી મુકવાને કબુલ કરીઉં તેથી એ સરવે સાહેબો તરફથી તમારો ઉપકાર માનીએ છઈએ" મીજલસની તાલીઓ અને ખુશાલીનાં પો-

કારેા વચે સર દીનશાજીએ બાઈ મેાટલાંબાઈની સભી ખેાલ્લી કીધી અને નીચે પરમાંને બેાલેઆાઃ—"દશતુરજી શાહેબેા, વાહડીઆજી સાહેબેા, નેકનામ શેઠ કાવશજી ખરશેદજી જમશેદજી તથા મીજલશના ગૃહસ્થેા,—જત તમારી એલતેમાશ , મુજબ, આજના શુભરેાજે, નેકનામ સભીવજુદ બાઇજી સાહેબ મેાટલાંબાઈની આ સભી ખેાલી મુકવાને મને પેાતાને મેાટી ખુશી ઉપજેછે; પણ તે આગલ બે બેાલ બેાલવાની રજા લઉંછું. બાઈ મેાટલાંબાઈને વખાણનારાઓમાં હું પણ એક પેહેલેા છું. એવણની જાહેર તથા છુપી સખાવત મુંબઈમાં તથા દેશાવરેામાં કેટલી બધી લેાકેાની જાણમાં છે. તે વીશે તમેા સાહેબેા પણ સારી રીતે માહીતગાર હેાવા જોઈએ, માટે તે વીશે હમેા વખાણ કરવાની જરૂર જોતા નથી. આજ રેાજે આપણા સરવેથી પુરાતનં કેબલાનું આ આલીશાન મકાન લગભગ રૂ. ૭૫,૦૦૦ ને ખરચે બંધાવી, તેવણ બાઈએ જરથેાશતીકેામ ઉપર એક સદાનેા ઉપકાર કરીઓ છે. તેમજ ઉદવાડાના ઈસ્ટેશનથી આતશબેહેરામ સાહેબના મકાન સુધી આવવાનેા પાકેા રસ્તેા રૂ. ૫૪,૦૦૦ ની મેાટી રકમ ખરચીને બંધાવવાને નકી કરીઉછે, જેથી પવીત્ર કેબલાને સેજદેા કરવા આવનારાંને સારી સગવડ કરી આપી વધુ ઉપકાર કીધેાછે. દરેક જરથેાશતી, જે આ પુરાતન પાએતખ્તને સેજદેા કરવા આવશે, તે સદા આ બાઈ સાહેબને યાદ કરીઆ વગર રેહેશ નહી. નેકનામ શેઠ કાવશજીએ હમારા માટે જે નેક શખુનેાનાં ઈશારા કરીઆછે તેથી હમેા એ ભાઈનેા મેાટેા ઉપકાર માનીએ છીએ; અને, તે પરવરદેગારના ફરમાન

પરમાણે, હમારી મકદુર મુજબ, હમોએ આપણી કોમને વાસ્તે તથા બીજી રીતે કાંઈબી કીધું હોય, તે એક હમારી અદના ફરજ તરીકે કીધેલું હમો સમજીએ છીએ, અને ખોદાતાલાનો હોકમ હોશે તો હજુર પણ હમો બીજું કરવાની કોશેશ જરી રાખીશું, એટલું બોલી આ તશવીર તમો સાહેબો સાંભે ખોલી મુકીએ છીએ અને તેજ વેળા પરવરદેગાર પાસે હમો દોવા ગુજરીએ છીએ જે એ બાઈને તથા તેમના નેક બખત બેટાઓની, તન તથા મનની દરૂસ્તીઓ સાથે, ઊમરની દરાજી થાય, અને એવણને હાથે બીજાં એવાં ધરમનાં કામો થાય. આમીન, આમીન, આમીન."

ઉપલી કીરીઆ પુરી થવા બાદ ત્યાં મેલેલા ગૃહસ્થો અને બાનુઓ આગલા પરદાઓમાં એકઠાં મલ્યાં, જ્યાં મી. પરવેનજી ફોટોગ્રાફરે, એક ઘણોજ સરસ ફોટોગ્રાફ લીધો. તેની સાથે આ સુંદર મકાનનો, કટકે કટકે, ફોટોગ્રાફ પણ લીધો અને તે દીવસ એક તહેવારના સરખો લાગતો હતો. આખા ઉદવાડા ગામના લોકોને, બહારગામથી આવેલા સરવે જરથોશતી મરદો તથા ઓરતોને, નેકનામ બાઈ સાહેબ મોટલાંબાઈના ખરચે, ખાણું આપવામાં આવ્યું હતું, અને તે ખાણાં મધે આશરે પંદરસોથી તે સોલસો બાનુંઓ તથા ગૃહસ્થોએ ભાગ લીધો હતો. આ દીવસ ખુશાલીનો હોવાથી બે ત્રણ બેન્ડ હાજર હતાં. ખાનું લીધા બાદ સૌ પોતપોતાને ઘેર સધાર્યા હતાં, અને મીજલશ બરખાસ્ત થઈ હતી.

## મરનાર શેઠ નશરવાંનજી જહાંગીરજી વાડીઆજીનું દલગીરી ભરેલું મરણ.

આગલા સફાઓમાં આપણે મરનાર નેકબખ્ત સખીવજુદ બાઈ મોટલાંબાઈ વાડીઆ વીશે ઘણું વાંચેઉંછે, જેમાં એમ પણ વાંચેઉંછે જે એ સખીવજુદ બાઈના નાંહાંના બેટા (નશરવાંનજી) નાં અકાલ મરણથી બાઈ મોટલાંબાઈની જીંદેગાનીના અંત જલદી આઓ. તે મરનાર નેકનામ શેઠ નશરવાંનજી જાંહાંગીર વાડીઆનાં અકાલ મોહોતની ઠોડી એક નોધ જરૂરની જાણી ઘાં ઉતારી લીધીછે. મરનાર સખી; સાદાં દીલના, ધરમાતુ, ગરીબનું ભલું ઈછનાર અને ખાનદાનથી ઉતરતી આવેલી છુપી સખાવતનાં કરનાર હતા એમ નીચલા હેવાલેા ઉપરથી માલમ પડેછેઃ—

THE *Times of India*, of May 6, 1897, says :— We much regret to announce the death of Mr. Nusserwanjee Jehangir Wadia, the second son of Bai Motlibai, the wealthy and philanthropic Parsee lady of this City. Mr. Wadia, who was about 60 years of age, was hale and hearty in the morning, but he suddenly became ill early in the afternoon and died, from failure of the heart's action, in about half an hour's time from the commencement of the attack. As the late Mr. Jehangir Wadia, father of Bai Motlibai, had no male issue, he adopted Mr. Nusserwanjee, as his son, who, accordingly, bore the name of his adoptive, instead of his natural father, the late Mr. Maneckjee Wadia. It

is a well-known fact that Bai Motlibai belongs to a family which has long since identified itself with the advent sunrise of the British power in Western India and the concomitant growth of the City of Bombay. The founder of this distinguished family was one Lowjee Nusserwanjee, who was born at Surat, in the year 1710, and who, as ship-wright, was employed in the East India Company's dockyard at that place. Lowjee's descendants became so proficient in naval architecture, in the Bombay Dockyard, that the Government of Bombay and the Court of Directors at Home passed, from time to time, commendatory resolutions and made suitable presents to the Parsee master-builders for their meritorious services. Sir Edward Hughes, the Vice-Admiral, presented the Wadia master-builders with a gold medal bearing a suitable inscription on one side and a model of the "Superb" on the reverse, as a mark of his appreciation of the services rendered by them to the vessels of King William's Navy. The Bombay Government, also, gave them a substantial reward, in the shape of a "jagir," in perpetuity, in Salsette. Lowjee's sons had built twenty-nine ships, during their tenure of office, besides repairing many ships of his Majesty's squadron visiting Bombay. Lowjee's grandsons, who had acquired greater proficiency in the art of ship-building, were entrusted, by the Lords of the Admiralty, with the building of men-of-war in India, Sir Thomas Trowbridge, who was then a member of the Board of Admiralty, and was intimately acquaint-

ed with the character and merits of Lowjee's grandsons, having pledged his word that they would build not only frigates but ships of the line to their perfect satisfaction without any European aid. The then Superintendent of Marine at Bombay, in reporting to the Government the execution of the orders of the Admiralty, said that "the masterly execution of these orders has nobly redeemed the pledge which that distinguished Admiral gave in England." During a period, extending over a century and a half, the descendants of Lowjee built 335 vessels, including many men-of-war, besides repairing innumerable ships. But the fame of Lowjee's descendants was not confined only to the ship-building line. Several of them, who did not follow the profession, distinguished themselves by their commercial enterprise, and the judicious and benevolent use to which they turned their wealth. Mr. Nusserwanjee, the father of the late Mr. Jehangirjee, was presented with the Order of the Legion d'Honneur, by Napoleon Bounaparte, for services rendered to the French Government. The late Mr. Jehangir Wadia, the father of Bai Motlibai, greatly extended his father's trade, and became broker to several European mercantile firms of the day, and was also agent to French vessels of trade and men-of-war which visited Bombay. His services in the latter capacity were highly appreciated by the French Government, who presented him with a gold medal bearing the effigy of his Majesty, King Louis Philippe, which is now in possession of Bai

Motlibai's family. When Mr. Jehangir Wad died, he left his large fortune in the hands of Bai Motlibai, who was appointed trustee for her two sons, Mr. Nowrojee Maneckjee Wadia, C.I.E., and Mr. Nusserwanjee Jehanghir Wadia. Bai Motlibai, as the trustee for her two sons, has given away, with their consent, large sums of money for various charitable purposes. The lady, or rather her two sons, gave money and land, of the aggregate value of about Rs. 4,00,000, for the construction of an Obstetric Hospital with which Bai Motlibai's name has been connected, and they also presented Rs. 33,000 in cash and a piece of land, of the value of about Rs. 50,000, belonging to them at Parel, to the Jamsetjee Petit Parsee Orphanage. They devoted about a lakh and a quarter towards the renewal of the Parsee fire-temple at Udwada, and another large sum was spent for the reconstruction of the fire-temple at Surat. About Rs. 30,000 were recently given by the two brothers, to Government, for the construction of a new road, about four miles, between the railway station at Udwada and the town, and an equal amount was given by them to the Parsee Punchayet of Bombay to meet certain deficiencies in their Trust funds. Bai Motlibai and her two sons have given away lakhs of rupees in private charities, which were generally confined to their own co-religionists. They have been supporting a number of Parsee families during the famine and plague. As soon as it was brought to the notice of Mr. Nusserwanjee Wadia that a large

number of people who had left Bombay, and gone to reside at Andheri on account of the plague, were in need of water, which had become scarce at that place, he immediately put himself in communication with the Government and the Municipality of Bombay, and offered Rs. 28,000 for the purpose of laying down pipes to convey the Vehar supply to the village, and his munificent and timely offer was accepted with thanks. The pipes were laid down last month, and water was brought into the village of Andheri, to the great relief of the old and new residents of the place. Mr. Nusserwanjee also offered Rs. 50,000 to Government for the construction of a dispensary at Andheri, and his offer has been accepted, and the work is expected to commence at an early date. The deceased gentleman had recently expressed his desire to build and endow a hospital for the Parsees, and was discussing the project with some of his confidential friends. He was a patron of the Parsee Lying-in Hospital, and paid altogether about Rs. 20,000 towards the funds of the institution. Mr. Nusserwanjee was popularly known among the Parsees as "Lord" Wadia, and was held in high respect and esteem by them. He was a Justice of the Peace. His death has been a sad loss to the community, which always acknowledged the deep debt of gratitude they owed to him and to members of Bai Motlibai's family. Great sympathy is felt for Bai Motlibai, who is now about 85 years of age and a confirmed invalid. At about 1 p.m. the Money market was closed as

a mark of respect to his memory, and in sympathy with his aged mother, Bai Motlibai, the owner of the previous Stock Exchange buildings, in her bereavement. The Share market was also closed for the same reason. The deceased gentleman leaves behind him his widow and brother, there being no issue to him. The funeral takes place this (Thursday) morning at 7 o'clock from his family residence in Parsee Bazaar Street.

THE *Times of India*, of May 8, 1897, says:—At the *Uthumna*, or the third day obsequies, performed yesterday, in connection with the death of Mr. Nusserwanjee Jehangir Wadia, a large sum was subscribed by the members of his family for charitable purposes. Bai Motlibai, the mother of the deceased gentleman, set apart from the family fund, of which she is the trustee, a sum of Rs. 1,00,000 for charity, the disposition of which will be determined hereafter. The lady further subscribed a sum of Rs. 5,000 to the Indian Famine Fund; Rs. 5,000 to the Udwada Fire-temple Trust Fund; Rs. 1,000 to the Plague Relief Fund; Rs. 1,000 to the Khetwadi Charitable Dispensary; and Rs. 1,000 to the Parsee Lying-in Hospital. Bai Peerojbai, the widow of Mr. Nusserwanjee, subscribed Rs. 15,000 for charity by way of perpetuating the memory of her husband, and Bai Heerabai, the wife of Mr. Nowrojee Maneckjee Wadia, C.I.E., the elder brother of the deceased gentleman, subscribed Rs. 500 for similar purposes. Dr. Temuljee Bhikajee Nariman, the family doctor and constant companion of Mr.

Nusserwanjee, subscribed Rs. 100 towards the funds of the Parsee Lying-in Hospital, Mrs. Nariman, who takes a keen personal interest in the Hospital, contributing Rs. 50, and Dr. Ruttonjee Nariman, the son of Dr. Temulji, subscribing an equal amount. Other friends and relations, of Mr. Nusserwanjee, also subscribed small sums, the total amounting to Rs. 1,32,300.

The *Bombay Gazette*, of May 6, 1897, says:—We regret to announce the death of Mr. Nusserwanjee Jehangir Wadia, second son of Bai Motlibai, the wealthy Parsee lady of Bombay, which took place at noon yesterday, at his family residence in Parsee Bazaar Street. He had nearly completed the fifty-ninth year of his age. The deceased gentleman traded for a number of years with his elder brother, Mr. Nowrojee Maneckjee Wadia, C. I. E., under the name and style of Jehangir Nusserwanjee Wadia and Sons, but, owing to Mr. Nusserwanjee's failing health, the partnership was dissolved some years ago. The deceased had been afflicted with a cataract in the eye, and an operation was performed, by Dr. Boyd, some four years ago, and, his eye-sight being weak, he had retired from all business. In his private life Mr. Nusserwanjee was of a charitable disposition, and, among his personal friends, was known euphemiously as "Lord Nusserwanjee" in order to mark the liberality of his gifts. His name lately came, prominently, before the public, in connection with supplying Andheri with Tulsi water, for which he handed, to the Collector of Thana, a sum

of Rs. 26,000. He also contributed a sum of Rs. 55,000 for the establishment of a charitable dispensary at Andheri, with ten beds for the sick. The scheme for the dispensary has been approved of by the Surgeon-General; but the work has not yet been commenced. Mr. Nusserwanjee was, for some years, the honorary treasurer of the Parsi Maternity Hospital, to the funds of which he made several gifts. He also paid Rs. 13,000, a portion of the price of the land on which the hospital has been built. He was in his usual health on Tuesday evening, when he dined at his club-house; and the suddenness of his death yesterday is attributed to a stoppage of the action of the heart.

The *Gujarat Mitra*, of May 9, 1897, says :—We regret much to have to announce the sad death of Mr. Nusserwanjee Jehangir Wadia, second son of the well-known Parsee Lady millionaire Bai Motlibai, which sad event took place on Wednesday last, at the age of fifty-nine, owing to a sudden failure of the heart's action: The Wadias, like the families of two Parsee Baronets, are sufficiently well-known for their many useful unsectarian charities; and, it is no exaggeration to say, that the deceased gentleman has given no mean share, of his enormous wealth, for the benefits of his co-religionists in particular and for other communities in general. The water-works and the dispensary, for the people of Andheri, at a cost of about sixty thousand rupees, among others, bespeak the generous nature of the deceased

gentleman. He had long conducted business along with his elder brother Mr. Naorojee Manekjee Wadia, C. I. E., and had but lately severed his business connections owing to impaired vision and weak health. His death is a distinct loss to the Parsee community, and we offer our best sym pathy, to the old lady and his sorrowing widow, in this their regrettable loss.

---

**રાસ્ત ગોફતાર તથા સત્યપ્રકાશ,૯ મી મેહે, ૧૮૯૭**– અજલના એકજ ફટકામાં વાડિયા ખાનદાનનું નુર ઉડી ગયુંછે, નાકની નોક ઘટી ગઈ છે, તથા મોતના જમે, એ મોટાં અને માતબર ખાનદાનના, ચલકતા ચેરાગને બુઝવી નાખી ખીલતા દેમાગને બાળી નાખ્યુંછે. બુજર્ગ ખાઈ-સાહેબ મોટલાંબાઈ વાડિયા સરખી પારસી કોમની એક કરોડપતિ ખાનુ ઉપર તેવણના દીકરા શેઠ નસરવાનજી જહાંગીર વાડિયાનાં માતમભરેલાં મરણથી જે ગમખનાક ગમ આવી પડયેાછે, તેના અચબુચ બનાવે આખી કોમનાં જીગરોને એ માનવંત ખાનુ તરફ દિલસોજીથી વેહલાં કીધાંછે. ૮૬ વર્ષની જૈફ એક માતાથી ૬૦ વ-ર્ષના એક પુખ્ત વયના સપુતને ખોહવાનેા જખમ નહી ખમાય એવેા છે, તે જખમ ખમવાની આ સખ્તમાં સખ્ત તપાસ ને શરણ થવાનું ખાઈ સાહેબ મોટલાંબાઈને તે બુદરતના ખાવિંદે સૂજેલું છે, તેા એ કઠણ કસોટીની ગમખારીમાં દરએક વિચારવંત પારસીનું દિલ એક વખત તે માનીતેા એક વખત તે દીકરાની તરફની દયામાં દોડેછે, કેમકે જોકે એ મા દીકરાં બંનેએ પેાતાની

શાંત જીંદગીમાં એકાંત અને એકમાર્ગી કારકીર્દી ભોગવીછે, તોપણ પોતાના જાહેર લાભ અને પુણ્યપરમાર્થને કાજ કોમના લોકો પોતાના બારીક વખતમાં જે માતબર મુરબીઓ તરફ જોવાને શિખ્યાછે, તેવા મુરબીઓના વર્ગમાં આ મા અને દીકરા બંને ભેળાયાથી એ બુજર્ગ બાઈનો જે શોક તે કોમના લોકોનો શોક થઈ પડે અને એવણના જખમમાં લોકલાગણી પુરતો ભાગ લેય એ સુદરતી અને સમયાનુસાર છે.

મરહુમનાં માતાજી તરફ પેહલાં જોઈયે તો એઓની સઘળી કીર્તિ એક કરોડપતિ હોવાનાં અકસ્માતિક સુભાગ્યમાં છે ખરી, પણ તેની સાથે એમના કરોડોના સદઉપયાગના સબબથીજ કોમના લોકોનું માન એવણનાં નામ સાથ જોડાયલુંછે. અને તે સદઉપયોગબી કેવો ? ખરૂં છે કે જે સાહેબો સો પચાસ કે હજાર બે હજારની સખાવતોના ચોમેર ભેંપુરા ફુકાવીને પોતાનાં નામને જાણીતું કરી મેળેછે તેવી ડોળ દમામવાળી સખાવતો ખાઈ મોઠલાંબાઈની નથી, તેમજ વંળી એકજ સખાવતમાં છાતીને દંગ કરી મેળે એવી પાંચ દસ લાખની એકેક સખાવત એ બાનુની આપણે જાણતા નથી. પણ આ વખતે આપણે જે યાદ કરવાનું છે, અને જે યાદ એ બાનુ તરફની કોમની દિલસોજીને ઉસ્કેરનારૂં કારણ આપેછે, તે તેવણની સખાવતનો એકેકો સરવાળો છે. એવણની એકેકદર સખાવતોનો એક સા મટો હિસાબ કાહાડવાનું અમોને થોડાજ મહીના ઉપ કારણ મળ્યું હતું, અને તે વખતે, ફકત એક ઉપર ટપેનો અડસટો લેતાં, બાઈ મોઠલાંબાઈની કુલે સખાવ-

તેનો ૨૬,૦૦,૦૦૦ રૂપીયાનો મોટો આંકડો અમોને મળી આવ્યો હતો. એક માણસ અને તેબી એક વિધવા બાઈ માણસની જીંદગીમાં ૨૬ લાખ રૂપીયાની સખાવત કાંઈ નાની નહી ગણાશે, અને તેપણ વળી એકબી મોટી ગંજાવર સખાવત વગર નાની નાની પરચુટણ રકમોનો આવડો મોટો સરવાળો કદીબી નજીવો નહી ગણાશે. એવી નાની નાની રકમે આપેલા એકંદર ૨૬ લાખ રૂપીયા કેટલી નાની નાની સંખ્યાઓમાં વેંહચાઈ ગયા હશે તેટલુંજ વાંચનારે વિચારવાનું છે, અને એટલાં ઉપરથીજ પોતાની એકાંત જીંદગીના આ ગમમાં પડેલી ણુજર્ગ બાનુની ઉદાર દિલની મોટાઈનો પુરતો ખ્યાલ કરવાને બની આવશે.

માતા ઉપરથી દીકરા ઉપર આવતાં દીકરાને વિષે જે કેહવાનું છે તે સખાવતના સુંદર સદ્‌ગુણનો જે ઉમદો વારસો દીકરાએ માતા તરફથી મેળવ્યોછે, તે વિષેજ બે બોલ કેહવાના છે. બાઈ મોટલાંબાઈ વાડિયાની સખાવતો એટલી તો એકાંત અને ગુપચુપ થયલીછે, એટલા તો લાંબા વખતની છે અને એટલી તો દૂર દરાજ પડેલીછે કે તે લોકોમાં થોડીજ જણાયલી છે, અને જણાયલી હોયતો જલદી ભૂલી જવામાં આવીછે, માટે પોતાની ૨૬ લાખ રૂપીયાની નાદર સખાવત છતાં બાઈ મોટલાંબાઈનું નામ આપણા સખાવતના શાહોમાં કદાચજ નોધાયું છે અને ભૂલાવામાં પડેલો સાધારણ વિચાર બાઈ મોટલાંબાઈથી રજુ થતાં વાડિયા ખાનદાનને સખી દાતારથી ઉલટાંજ નામે ઓળખતો હતો. માતા વિષેનો જે લોકવિચાર તે એક દીકરા વિષે પણ કેલાય

તેમાં અયરતીની વાત નથી. પણ મરહુમ શેઠ નસરવાનજીની જીંદગી તે વિચારને ખોટો પાડનારી ગુજરીછે. બાઈ મોટલાંબાઈના બીજા દીકરા મી૦ નવરોંજજી વિષે ગમે એવાં બે મત હોય, પણ મરહુમ શેઠ નસરવાનજીની પરોપકારી દિલસોજી, ગરીબો તરફની દુજતી અને દયાળુ કદરદાની, અને માણસોનું ભલું કરવાની પરગજુ ઉલટ અને આતુરતા વિષે એકથી બીજું મત મળવાનુંજ નથી. એ મરહુમની સખાવતનાં કામોની વિગતો વર્તમાનપત્રોએ પુરતી આપીછે. તો તે વિગતોથી અમો વાંચનારને કંટાળો આપવા માગતા નથી, પણ જે ખરા સખી નરને છાજતા સદ્‌ગુણોમાંથી એવણની સખાવતનો ઝરો વેહતો રહ્યો હતો તે સદ્‌ગુણ ઉપર અમે જેટલો ભાર મુકીને બોલાયે એટલું થોડું છે. બીજા સખીઓ પાસેતો સખાવત માગવા જવું પડેછે, પણ મરહુમ મી૦ વાડિયાની સખાવત પોતાના શોધ કરનારાઓને માટે અટકી રહેલી નહી હતી. તેવણ આગળ કોઈને હાથ ઓળવા જવું પડે એમ નહી હતું. માગ્યા વગરનું દાન કરનારા દાનશિલ દાતાઓ દુન્યામાં થોડાજ મળેછે, તેવા થોડાઓમાંના એક મરહુમ મી૦ નસરવાનજી હતા. એક ગામમાં હાસ્પીટલ અથવા એક ગામમાં ડીસ્પેનસરી બંધાવવા માટે તેવણને કેહવા જવું પડતું નહી હતું. એવાં ખાતાંઓને લાયકની જગ્યા એવણની પોતાની શોધકબુદ્ધિએ ખોળી કાહાડિલી હતી, અને એવી રીતે અમે એમનાં એકથી વધારે ધર્મખાતાંઓ જાણીયે છીયે કે જે એવણે પોતેજ સુચવીને પોતેજ પાર પાડયાં હતાં.

અંદેરીના લોકોને પાણી પોંહચતું કરવા માટે મરહુમે

ભેટ આપેલી રૂ. ૨૬,૦૦૦ ની રકમ એવણીની છેલ્લી સખાવતોમાંની એક હતી. એ સખાવત, મ્યુનિસિપલ જેવાં એક જાહેરખાતાંની મારફતે કરવી પડવાને લીધે, મરહુમને જાહેર કરવી પડી હતી, પણ એવી સખાવતો જાહેર કરવાને મોટે એવણ કદીબી ખાયશમંદ કે ખંતી નહી હતા. પોતાની સખાવતો વિષે તેવણની એક ખંત ઘણી અથાક હતી, અને તે એ હતી કે પોતે ધારેલું એક સખાવતનું કામ પુઠે લાગીને પાર પાડવાની તેવણની ખંત હતી. પોતાના ધારેલાં કામમાં એક દાહડાનીબી ઢીલ તેવણના ચટપટિયા સ્વભાવથી શાંખી શકાતી નહી હતી. રાત દિન તેવણ તે કામ કયારે પુરૂં થાય તેની અધીરાઈની ફિકરમાં રેહતા હતા. કોઈ દુખ્યાંની કાંહણીથી અથવા એક મુકલેશની મુસીબતોથી તેમનું હૈડું તુર્તજ પીગલી જાય એટલું નરમ હતું, અને એક ગરજાઉ માણસ એ મરહુમ પાસેથી ખાલી હાથે પાછો જાય અથવા નાસિપાસ થાય એવું તેવણનું ખમીરજ નહી હતું.

બાઈસાહેબ મોટલાંબાઈની જીંદગીની જે એક વિશેષતા ઘણી વખણાય છે તેજ તેવણના આ દીકરાની જીંદગીમાં એક વિશેષતા હતી, અને તે એજ કે માં-દીકરાં બંનેની વિખ્યાતી લાંબા કાળની હતી. બાઈ મોટલાંબાઈ ૧૮૩૭ માં વિધવા થયાં ત્યારથી તેવણની સખાવતો ચાલતી આવેલીછે—એટલે કે આજના જમાનાના જન્મ અગાઉની તેવણની જીંદગી સખાવતનો પમરાટ પોતાની આસપાસ બિછાવતી આવેલીછે, અને એ પમરાટ તેવણના મરહુમ સપુતને પણ તે આગળા કાળથી મળતો રહેલો હતો તેના

અણધાર્યો દાખલો અમારી પાસે છે. પણ મરહુમનાં મૃત્યુની આ શોકાતુર નોંધ લંબાણ થવાથી તે સઘળું અમોને પછાત રાખવું પડેછે. અમે ધારીયે છીયે કે એ સખીચન્દુદ બાઈસાહેબ ઉપર જે ગમીનો ગર્જબ આવી પડયોછે તે કેવા એક સપુતને ખોહવાનો ગર્જબ છે, તે વિષે વાંચનારનાં મનમાં સેજ ખ્યાલ ઉતારવાને અમે જે ટુંક વિગતો આપીછે તેજ બસ છે. મરહુમ શેઠ નસરવાનજીને એમના દોસ્ત-આશનાવોનું બોહળું મંડળ "લાર્ડ" નાં અમીરી એલકાબથી ઓળખતું હતું. એ એલકાબ એવણના સખી જીવ, દુલ્લાં દિલગુરડા ભોજીલા સ્વભાવ અને ભોલા તથા ખાલેશ મિજાજને અનુકુલ હતો. એવા એક દીકરાને ખોહવાની ૮૮ વર્ષની એક જૈફ માતાને જે ખોટ તે આખી કોમને ખોટ છે, અને વાડિયા ખાનદાનને થયલો જખમ તે આખી પ્રજાનો જખમ છે.

---

**કયસરે હિન્દ, ૯ મી મેહે, ૧૮૯૭**:—આપણાં શેહેરના અગ્રણીતાં કરોડપતી શેઠાણી બાઈ મોટલાંબાઈ વહાડયાના બીજા બેટા મી૦ નસરવાનજી જહાંગીર વહાડયા, ગયા બુધવારે બપોરના, હયદાંના એકદમ બંધ પડી જવાથી, પોતાનાં પારસી બજાર સ્ટ્રીટનાં મકાંનમાં, મરણ પામ્યા હતા, જેથી તેવણના કુટુંબમાં અને ઓળખાણ પીછાણવાળાઓમાં મોટી દલગીરી ફેલાઈ હતી. બાઈ મોટલાંબાઈને ૮૮ વરસની બુઝરગ વયે આ મરણથી જે ઘા લાગ્યો છે તે માટે સઘળે ઠેકાણેથી મોટી દીલસોજી બતાવવામાં આવે છે. મરહુમ મી૦ નસરવાનજી ૧૮૩૮ ના જુન માસમાં જનમ્યા હતા, અને મરણ વખતે

તેમની વય ૫૯ વરસની હતી. બાઈ મોટલાંબાઈના પીતા શેઠ જહાંગીરને ત્યાં મોટલાબાંઈ સીવાય બીજું કરજંદ ન હોવાથી મરનારને પોતાનાં મમાવાના દતક કરી આપવામાં આવ્યા હતા, અને તેથી મરનાર, નસરવાનજી જહાંગીર વહાડયાને નામે ઓળખાતા હતા. મમાવાએ બંને ભાઈઓને સાદી કેળવણી આપી હતી અને ત્યાર પછી ૧૮૬૦ માં બંને ભાઈઓએ એક પેઢી સ્થાપી ઇંગલંડ સાથેનો વેપાર શરૂ કર્યો હતો. ૧૮૬૩ માં મરનાર અને તેમના વડા ભાઈ મી૦ નવરોજી યુરોપ ખંડમાં ફરવા ગયા હતા અને પારસી પોશાકમાં જગેજગ ફરવાથી તેમને ઘણું માન મળ્યું હતું, અને પારીસ જતાં ત્રીજા નેપોલીયન શેહેનશાહ સાથ તેમના મેહેલમાં મુલાકાત થઈ હતી. મરહુમ મી૦ નસરવાનજી બહુ ભોલા અને ઉદાર દીલના હતા. ૧૮૮૫ માં નામદાર સરકારે તેમને સુલેહના અમલદાર બનાવી માન આપ્યું હતું, અને વળતે વરસે સુવાવડખાનું સ્થાપવામાં આગેવાન ભાગ લીધો હતો અને તેમાં રૂ. ૧૬,૦૦૦ જેટલી રકમ આપી હતી. આલુ વરસમાં અંદેરી ખાતે પાણી લાવવા નળો મુકાવવા રૂ. ૨૫,૦૦૦ની સખાવત કરી હતી. વળી અંદેરીમાં ગરીબો માટે એક દવાખાનું કરવાનો મરનારનો વીચાર હતો, પણ તે ખાહેશ તેમની હૈયાતીમાં પાર પડી ન હતી. મરનાર કાંઈ પણ સંતાન વગર પોતા પાછળ વીધવા, વૃદ્ધ માતાજી, અને મોટી દોલત મેળી મરણ પામ્યા છે.

---

**જામે જમશેદ**, મેહે ૬થી, ૧૮૯૭—જણીતાં કરોડપતી શેઠાંણી બાઈ મોટલાંબાઈ જહાંગીર નશરવાનજી વહાડયાના બીજા બેટા, મી. નશરવાનજી જહાંગીર વહાડ-

યા, ગઈ બપોરના, એકદમ હરૂદય કામ કરતું બંધ પડી જવાથી, પોતાનાં પારસી બજાર સ્ટ્રીટમાંનાં મકાનમાં, મરણ પામ્યા હતા, જે મરણે, તેવણનાં કુટુંબમાં તેમજ ઓળખાન પીછાનવાળાઓમાં, બહુ મોટી દલગીરી ઉપજાવી છે. બાઈ મોટલાંબાઈ વહાડયા અતી જવાન વયે, યાને આશરે ૨૩ વરસની વયે, પોતાના પતી મરહુમ માણેકજી નવરોજજી વહાડયાનાં મરણથી રોજ ૨૭ મો, મહા રજો, ૧૨૦૭ યઝદેજરદીને દીને વીધવા થયાં હતાં, જ્યારે આ મરહુમ બીજા બેટા મી. નશરવાનજીનો જનમ પણ થયો ન હતો. પોતાના બે બેટાઓ ઉપર એકલો આધાર રાખીને એ જવાન વીધવા બાઈ મોટલાંબાઈ લખોની દોલત માટે શેહેજ પણ મગરૂરી રાખવા વગર ધીરજ ધરી બેઠાં હતાં, પણ મોતના ઝલમ દેવે આખરે બુઝરગ બાઇ મોટલાંબાઈને નજદીક ૮૨ વરસની એવી નાતવાન વય વખતે આ કારી કટકો લગાડયો છે. જે માટે એ બાઈ તરફ સઘળે ઠેકાણેથી મોટી દીલશોજી બતાવવામાં આવે છે.

મરહુમ મી૦ નશરવાનજી જહાંગીરજી વહાડયાનો જનમ ઇ૦ સ૦ ૧૮૩૮ ના જુન માસની અધવચે થયો હતો, જેથી તેવણ, ત્રણ અઠવાડયાં વીતાં, પહ વરસની વય પુરી કરી ચુકા હતે. બાઈ મોટલાંબાઈના પીતા શેઠ જહાંગીર નશરવાનજી વહાડયાને તયાં પણ બાઈ મોટલાંબાઈ સીવાય બીજાં કાંઈ ફરજંદ ન હોવાથી, મરહુમ મી. નશરવાનજી વહાડયાને મમાવાના દતક કરી આપયા હતા, જેથી મરનાર, નશરવાનજી જહાંગીર વહાડયાને નામે, ઓળખાતા હતા. મમાવાએ બેઉ ભા-

ઈંગ્લેંડને થોડીક સાદી કેળવણી આપી, પોતાના વેપારવ-
ણસનાં કામમાં જવાન વયથીજ પાડયા હતા, અને સને
૧૮૬૦ નાં વરસમાં મરનાર મી૦ નશરવાનજી તથા
તેવણના વડા ભાઈ મી૦ નવરોજી માણેકજી વહાડ-
યાએ "જહાંગીર નશરવાનજી વહાડયાના છોકરાઓ-
ની કંપની" એવે નામની એક પહેડી સ્થાપી ઈંગલંડ-
ના વેપાર શરૂ કરયો હતો, અને બાઈ મોટલાંબાઇએ હી-
મત રાખી, પોતાના એ બેઉ દીકરાઓને, આશરે સને
૧૮૬૩ નાં વરસમાં, પારસી મદદનીશોની સંભાળ સાથ,
યુરોપ ખંડમાં ફરવા મોકલયા હતા, જ્યાં તેવો પારસી
પોશાકમાં ફરવાને લીધે સારૂં માનપાન મેળવતા પામયા
હતા, અને ફ્રાન્સના છેલ્લા શેહેનશાહ, ત્રીજા નેપોલીયન,
સાથ તેવણના મેહેલમાં મુલાકાત થઈ હતી. ઈંગલંડથી
પાછા ફરવા પછી બેઉ ભાઈઓએ પોતાની પેહડીનું કામ
ચાલુ રાખ્યું હતું—કાંઈ ધયાન વગર શાંતપણે ચાલુ
રાખ્યું હતું. બીજી તરફથી બાઈ મોટલાંબાઈ, પોતાના
બે વહાલા દીકરાઓનાં ભલાં માટે પોતાની બાપીકી
સારી દોલતનો અછો વહીવટ ચલાવી, અછી જમીન-
ગીરીઓમાં રોકી, તે દોલત બહુ વધારી દેવાને નસીબ-
વંત નીવડયાં હતાં, જોકે "નસીબવંત" બોલએ બુજ-
રગ બાઈના બાબમાં આજે દુઃખ ઉપર ડામ વધારનારો
પણ થઈ પડે એવી અમને ચોંતા છે.

મરહુમ મી૦ નશરવાનજી જહાંગીર વહાડયા બહુ
ભોલા, ભડભડયા અને ઉદાર ખવાસના હતા. સને ૧૮૮૫
માં નામદાર સરકારે તેવણને સુલેહના અમલદારનું માન
આપયું હતું: બીજે વરસે પારસી સુવાવડખાનું મુંબઈમાં

સ્થાપવામાં આવ્યું હતું, જેની સ્થાપનામાં મરનારે પોતાના માત્ર ડાકટર તેમુલજી નરીમાનની ભલામણથી મોટી ઉલટ લીધી હતી, અને તેનાં ફંડમાં રૂ. ૧૬,૦૦૦ કરતાં વધુનો હીસ્સો આપ્યો હતો. એ સુવાવડખાતાંની શરૂઆતથી તે પોતાનાં મરણ સુધી મરનાર તેના ખજાનચી હતા. અંદેરીમાં મુંબઈનું પાણીનું બાંધકામ દાખલ કરાવવા માટે ચાલુ વરસની શરૂઆતમાં મરનારે રૂ. ૨૫,૫૦૦ ની મોટી રકમ કહાડી આપી હતી, જે બાંધકામ ગયા માસની શરૂઆતમાંજ પુરૂં થયું હતું. કમનસીબે મરનારની સખાવત ગવાઈ નહીં. તેવણ અંદેરીમાં ધરમનું એક દવાખાનું પણ સઘળી કોમોના ગરીબો માટે બંધાવવાની ગોઠવણ કરતા હતા, પણ તે બાબેત તેવણની હયાતીમાં પાર પડી નહીં. મરનારે કાંઈ પણ સંતાન વગર, અતી બુજરગ માતાજી તથા વીધવાને મેલી, લખોની દોલત પોતા પાછળ રાખી જઈ, મરણ પામ્યા છે. પોતાના મરહુમ મમાવા શેઠ જહાંગીર નશરવાનજી વહાડયાજીની ૫૪ મા વરસની વરસીને દીનેજ મરણ પામ્યા છે. મોટી દોલત બેઠા યા બેઠી વારસ વગર મેલી જવાથી, મરનાર તરફ તેવણના લાગતાવળગતાઓની બહુ વધારે દીલસોજી ખેંચાઈ છે, પણ મરનારનાં બુજરગ માતાજી તથા વીધવાને તેઓનાં મહા દુઃખના વખતમાં એવો દીલાસો દઈ શકાય કે, વારસ મેલી જવાથીજ કાંઈ નામ અમર રહેતું નથી. જ્યારે પોતાના એવા વહાલાનું નામ અમર રાખવા માટે પોતાની કામના ગરીબોનાં ભલાં તથા વધારાનાં અથવા તો પોતાના વતનનાં ભલાં તથા વધારાનાં, હાજતમંદ કોમો

આરંભવાથી નામ અત્યેદાન સુધી રાખી શકાય છે, હજારો ગરીબોના " મુરબ્બી " તરીકે નામ રાખી શકાય છે.

---

**મુંબઈ સમાચાર**, તા. ૬ થી મેહ, ૧૮૯૭:-જણાવવાને દલગીરી ઉપજે છે કે મી૦ નશરવાનજી જેહાંગીર વાહાડયા, ગઈ કાલે, પાછલા પેહોરે, ઓગણસાઠ વરસની વયે, હરદય બંધ પડી જવાથી, ગુજરયા છે. બાઈ મોઠલાંબાઈ વહાડયા, જેઓ પારસીઓમાં કરોડપતણ ગણાય છે, તેઓના મરહુમ બીજા દીકરા થતા હતા. મરહુમ ગૃહસ્થ ઉદાર દીલના હતા, અને જાહેર ધરમખાતાંઓને મદદ આપવાની હોંસ ધરાવતા હતા. તેઓના હાથમાં, તેમના પીતાની પુંજીનો થોડોક હીસ્સો, થોડાજ વખત થયો આવ્યો હતો, અને તેવી રીતે સ્વતંત્ર થયા પછી તેઓએ પારસી સુધારવડખાતાંનાં ફંડમાં વીસ હજાર રૂપયાની રકમ આપી હતી, અને સાડા છવીસ હજાર રૂપયાને ખરચે અંદેરીના લોકોને પીવાનું પાણી પોંહોંચાડવા એક કુવોરો બંધાવ્યા હતો. સીગનપુરમાં ધરમનું એક દવાખાનું કાહાડવા માટે તેઓએ ખુશી બતાવી હતી, પણ, તે બાબતમાં તેઓએ માગેલી સરકારની મદદમાં તેઓ નહીં ફાવવાથી, તે યોજના ભાંગી પડી હતી. તે પછી અંદેરીમાં ધરમનું એક દવાખાનું બાંધવા પચાસ હજાર રૂપયા તેઓએ આપવા ઈચ્છા બતાવી તે માટે સરકાર સાથે સંદેશા ચલાવવા માંડયા હતા, પણ તેનું પરીણામ જણાય તે આગમચ કમનસીબે તેમનું મરણ નીપજ્યું હતું. તનદરોસ્તીના બાબતમાં, માઠા ભાગ્યે, તેઓ સુખી નહી હતા. તેમની આંખે મોતીયા બંધાયલા હતા જે થોડા વખત-

ની વાતપર તેઓએ કહડાવયા હતા. પણ તેથી તેઓ પોતાને ઝાઝો ફાયદો કરી શકયા નહીં હતા.

---

**સત્ય મિત્ર તથા હુખ મજદયસ્તનાંમ**, તા૦ ૯મી મે, સને ૧૮૯૭:—મુંબઈના જુના વખતના થોડા બાકી રહેલા પારસી શેઠયાઓમાંના એક જાણીતા શેઠયા મી૦ નશરવાનજી જહાંગીરજી વહાડયા, ગયા બુધવારે બપોરે, એકાએક દીલ ફામ કરતું બંધ પડી જવાની બીમારીથી, ૫૯ વરસની અધોડ વયે, બેહસ્તનશીન થયા છે, તે બનાવની નોંધ લેતાં અમને મોટી દલગીરી ઉપજે છે. એ મરહુમ શેઠ, અત્રેનાં બુઝોર્ગ અને સખી તબે જાણીતાં પારસી બાનું, બાઈ મોટલાંબાઈ જહાંગીર નશરવાનજી વાહાડયાના બે પુત્રોમાંના નાના પુત્ર હતા, અને પોતાની મોટી વય તથા દોલત છતાં, સખાવત વગેરેનાં કામો, પોતાનાં આ વૃધ્ધ માતુશ્રીની સલાહ અને સંમતી સાથે, કરતા હતા. તેમનાં મરણથી સામાન્ય રીતે પારસી ટોળામાં, અને ખાસ રીતે, તેમનાં બોહલાં કુટુંબ તથા મીત્રમંડળમાં, જે ગમગીની ફેલાઈ છે, તેમાં અમે અંતઃકરણથી ભાગ લઈયે છીએ. અકસર કરીને બાઈ મોટલાંબાઈની ગમખ્વારીમાં અમારો મોટો હીસ્સો છે, કે જે બુઝોર્ગ બાઈની જીંદગી તથા કારોબારમાં મરનાર, શેઠ નશરવાનજી, પોતાના ભાઈ, શેઠ નવરોજી માણેકજી વહાડયા, જોડે એક ટેકા સમાન હતા, અને જેમનાં મરણથી, એ બાઈને પોતાની ૮૨ વરસની વૃધ વયે, નહી ખમાય અને નહી રૂજાય એવો કારી જખમ લાગેા છે. બાઈ મોટલાંબાઈ, જેમ પોતાની ભારે દોલત માટે તેમજ પોતાની મોટી અને ધર્મા સ-

ખાવત માટે આપણ વચે, મુખ્યત્વે પારસી ટોળામાં, જાણીતાં અને માન પામેલાં છે; અને મરહુમ શેઠ નશરવાનજી, તેમના પુત્ર તરીકે, જેમ તેઓની આ સખાવતમાં સામેલ હતા, તેમ પોતા તરફથી જુદી સખાવત કરવામાં પણ પછાત ન હતા. એઓની સખાવતની મોટી ખુબી એ હતી કે, તે મુખ્યત્વે પોતાનાં ટોળાના લાભનાં તેમજ ધર્મ ધ્યાનનાં કામમાં થતી હતી, અને તેથી શેઠ નશરવાનજીનાં મરણમાં, અકસર કરી પારસી ટોળાને, એક મોટ ગયલી અમે સમજીએ છીએ. મરહુમ શેઠ નશરવાનજી ઈસ્વી સન ૧૮૩૮ ના જુન માસમાં જનમ્યા હતા. તેમનાં માતાજીના પીતા, મરહુમ માનવંત શેઠ જેહાંગીર નશરવાનજી વહાડયા, ને પેટે ભાઈ મોટલાંબાઈ સીવાય બીજું કરજંદ નહી હોવાથી, તેમને પોતાના આ મમાવાના પાલક કરી આપ્યા હતા; અને તેથીજ, તેઓ મરહુમ શેઠ માણેકજી નવરોજી વહાડયાના પુત્ર હોવા છતાં, તેમનું નામ "નશરવાનજી જેહાંગીર વહાડયા" કરીને લખાતું તથા બોલાતું આવ્યું છે. તેમના પીતા શેઠ માણેકજી, તેમના જનમની પણ અગાઉ, ગુજરી ગયલા હોવાથી, તેમને તેમના ભાઈની જોડે તેમના મમાવાએજ, કેટલીક સાદી રીતની કેળવણી આપી, વેપાર વનસનાં કામમાં નાખ્યા હતા. ૧૮૬૦ માં બંને ભાઈઓએ "જેહાંગીર નશરવાનજી વહાડયાના છોકરાઓની કંપની" ને નામે પેહડી સ્થાપી ઈંગલંડ સાથેનો વેપાર ચાલુ કરયો હતો. ૧૮૬૩ નાં સાલમાં બંને ભાઈઓ યુરોપની મુસાફરીએ નીકલ્યા હતા, જયાં તેઓ, પોતાના ધર્મની જાળવણી જોડે, પોતાની કો-

મનાજ પોશાકમાં ફરયાને લીધે બહુ માન પાંમ્યા હતા; તે અટલે સુધી કે, ફ્રાન્સના મરનાર શેહેનશાહ ત્રીજા નેપોલંયને વટીક તેમની મુલાકાત પોતાના મેહેલમાં લીધી હતી. ૧૮૮૫ માં, નામદાર મુંબઇ સરકારે, તેમને સુલેહના અમલદાર ઠરાવ્યા હતા. ૧૮૮૬ માં અત્રે પારસી સુવાવડખાનું નીકલ્યું, તેની સ્થાપનામાં તેમજ તેના વહીવટ તથા વધારામાં તેવણે છેલી ઘડી સુધી ઉલટ ભરેલો ભાગ લીધો હતો. એ ખાતાંના તેઓ ખજાનચી હતા, અને તેના ફંડમાં રૂ. ૧૬,૦૦૦ કરતાં વધુ રકમનો હીસ્સો આપી ચુકા હતા. ચાલુ સાલમાં, મરકીને લીધે ઘણાએક મુંબઈવાસીઓ અંદેરી જઈ રહયાથી, ત્યાં તેમને માટે પાણીનું બાંધકામ કરવાની જરૂર થઈ હતી, જે જરૂર પુરી પાડવા માટે તેવણે રૂ૦ ૨૫,૫૦૦ ની રકમ કાઢી આપી છે, તે તો આજકાલની તાજી વાત છે, અને તેની ચરચાથી અમારા વાંચનારાને અમે પુરતી રીતે વાકેફ કીધેલા છે. એજ અંદેરી કસ્બામાં વળી એક ધરમનાં દવાખાનાંની જરૂર જણાયાથી, તે સ્થાપવાની ગોઠવણ પણ તેવણ કરતા હતા, પણ, તેમનાં અકાલ મરણથી, હાલ તરત તો તે ગોઠવણ ઢીલમાં પડવી જોઈએ. પોતા પાછળ, મોટી દોલત અને ભલાં નામ સીવાય, કાંઈ પણ સંતાન તેઓ મેલી ગયા નથી. મરનાર તથા તેમનાં માતુશ્રી તરફ પારસી કોમ કેટલાં મોટાં માન અને મોહબતથી જોય છે તે; મરહુમની પાયદસ્ત તથા ઉઠમણામાં મલેલી મજલેસોથી જણાઈ આવતું હતું, કે જે મજલેસો મોટી અને દબદબા ભરેલી હતી.

---

**અખબારે શોદાગાર,** ૬ ઠી મેહે, ૧૮૯૭ઃ—બાઈ મોટલાંબાઈ વહાડીયાના છોકરા મી૦ નસરવાનજી જેહાંગીર વાહડીયાનાં દુખદાયક મરણની નોંધ લેતાં હમને, ખરેખર, દલગીરી ઉપજે છે. મરનાર, છાતીનાં દરદથી, આજ કેટલુંક થયું, હેરાન થતા હતા, અને તેવણ તેનો ભોગ ગઈ કાલે થઈ પડયા છે. મરનાર ધર્મ-ધ્યાન પર હાલમાં ઘણું ધ્યાન આપતા હતા, અને એવણનું છેલ્લું કામ, નાણાંની એક મોટી રકમ કાઢી આપીને, અંદરી ગામમાં, પાણીના નલો મુકાવવાનું હતું. ગરમીની મોસમ બેસી ચુકવા છતાં તે પાણી હજી તે ગામમાં આવી પુગ્યું નથી, જેથી મરનાર એ જોવાને પામ્યા નહી હતા, અને પોતાની ઉમેદ પોતાની સાથે લઈ ગયા છે. મરનારે એ ઉપરાંત, સુરતની છેલ્લી મુલાકાતની વખતે, કેટલોક ધર્મ કરયો હતો. પોતાના બુધાપાના વખતમાં જે દુઃખ બાઈ મોટલાંબાઈ ઉપર આવી પડયું છે, અને જેથી એવણનાં કુટુંબ ઉપર જે ભારે આફત આવી પડી છે, તેમાં હમારી તરફની દીલસોજી સમાયલી છે.

---

**ગુજરાત મીતર તથા ગુજરાત દરપન,** મેહ ૯ મી ૧૮૯૭ઃ—મુંબઈનાં જાણીતાં કરોડપતી, અને આ શેહેર તેમજ બીજે ઠેકાણે સખાવતો કરી નામનાં મેળવનાર, બાઈ મોટલાંબાઈ જહાંગીરજી વાહાડીઆના બીજા પુત્ર શેઠ નસરવાનજી જાંહાંગીરજી વાહાડીઆ, જેઓને ભોળા, ભળા, અને સખી દીલને લીધે 'લોર્ડ' કહેવામાં આવતા હતા, તેઓ ગઈ તા૦ ૫ મીએ બપોરે હૃદય બંધ પડી જવાથી, એકાએક મુંબઈ ખાતે, પોતાનાં મકાનમાં, મરણ પામવાના સમાચારે, પારસી કોમમાંજ નહીં પણ

બીજી કોમોમાં પણ, ઘણી દીલગીરી ફેલાઈ છે. બાઈ મોટલાંબાઈ જેવાં સખીવજુદ અને ૮૨ વર્ષની બુજરગ વયનાં બાંનુને જે આ કારી ઘા લાગ્યો છે તેથી સઘળા તરફથી ઘણી દીલસોજી દેખાડવામાં આવે છે.

બાઈ મોટલાંબાઈના વડા પુત્ર શેઠ નવરોજી માણેકજી વહાડીયા, સી૦ આઈ૦ ઈ૦, કરતાં મરનાર નાની ઉમરના હતા. તેઓનો જન્મ સને ૧૮૩૮ ના જુન માસમાં થયેલો હોવાથી મરનારની ઉમર ૫૯ વર્ષની હતી. મરનાર પોતાના વડા ભાઈ જેડે, સને ૧૮૬૦ ના વર્ષમાં, એક પહેડી ઉઘાડી, વિલાયત સુધી જઈ આવ્યા હતા. મરનારને તેઓના મમાવા શેઠ જહાંગીરજી નસરવાનજી વહાડીયાના દત્તપુત્ર કરી આપવાથી શેઠ નસરવાનજી જહાંગીરજી વહાડીઆને નામે ઓળખાતા હતા. મરહુમ શેઠ નસરેવાનજી સખીદીલના અને પોતાની કોમના ધર્માદા કામોમાં નાણા ખરચવામાં આગળ પડતા ગૃહસ્થ હતા. તેઓએ મુંબઈમાં પારસી સુવાવડખાનાના ફંડમાં રૂ૦ ૧૬ હજાર આપ્યા હતા. અંદેરીનું પાણીનું બાંધકામ ચાલુ કરવા માટે રૂ૦ ૨૫ હજારની રકમ આપી હતી.

મરનાર, પોતાની માતાના પગલે ચાલીને, પારસી કોમના ફાયદાના કામોમાં, સારી સખાવત કરવાને તત્પર થયલા હતા; અને ઉદવાડા ખાતેની મોટી સખાવત-તેમજ ગુજરાત અને બીજા શેહેરોમાં બાઈ મોટલાંબાઈની સખાવત-મરનાર શેઠ નસરવાનજીને આભારી ગણાય છે. મરનારને કાંઈ સંતાન નથી.

---

ગુજરાત મીતરનો ઉદવાડાનો ખબર પતરી, પોતાનાં તા ૭ મી મેહનાં કાગળમાં, લખેછે જે મરનાર વાડીઆ-

જીને બેહેશ મુકામ થવાનો તાર, મરનારના તથા ભાઈ-શાહેબ મોટલાંભાઈનાં ઉદવાડાના એજંટ, મી. ભરડા, ઉપર મુંબઈથી શેઠ નવરોજી માણેકજી વાહાડીઆ. સ્ટી૦ આઈ૦ ઈ૦, તરફથી આવ્યો હતો જેમાં સખીવજુદ ભાઈ શાહેબ મોટલાંભાઈના ઉદાર દીલનાં શાહેબજાદા શેઠ નશરવાનજી જંહાંગીરજી વાહાડીઆ ઊરફે 'લાર્ડ' તેજ દીવશે બપોરે એકાએક મરણ પામવાની દલગીરીભરેલી ખબર મળી હતી. એ જણતાં ભારે દલગીરી ફેલાઈ હતી.

મરહુમ શેઠ નશરવાનજી, ઘણા સખી અને દયાળુ દીલના હોવાથી, ઉદવાડા ગામના ગરીબ જરથોશતીઓને હાલની દુકાળ સરખી મોઘવારીમાં દરમાસે ૩૦ ૬ ના અનાજ, મી૦ ભરડાની મારફતે, આપે છે. શીવાય ઘણા લાચાર અને અશકત જરથોસ્તીઓને માસીક પગાર મળે છે. એવાં એવાં ઘણાં ધરમાદા કામો અને શખાવતોથી ઉદવાડાના ગરીબ જરથોસતીઓ એ મરહુમના આભારી છે જેઓમાં, આ દલગીરી ભરેલી ખબર ફેલાતાં, ભારે અફશોશ ઊપજ્યો છે. વળી વધારે અજાયબી ભરેલું એ છે કે, મરહુમ 'લાર્ડ' શાહેબ પોતાના માનવંતા મમાવા મરહુમ શેઠ જંહાંગીરજી નશરવાનજી વાંહાડીયાના વારેશ થયલા હતા અને તેથી પોતાનાં બાપ મરહુમ વાહાડી-આજી માણેકજીને બદલે મરહુમ જંહાગીરજી વાહાડી-આનું નામ વાપરી પોતે નશરવાનજી જંહાંગીરજી વાહા-ડીઆને નામે ઓળખતા હતા. તેઓની બાજીને દીવશેજ એઓ પણ બેહેસ્તી થયા છે. એજ દીને, ઉદવાડાના આતશબેહરામ શાહેબના મકાંનમાં, મરહુમ શેઠ જહાંગી-રજી વાહાડીઆની નૈયતે, નીરંગદીનની પવીત્ર ક્રીયા,

મોટા ખરચે, બાઇ સાહેબ મોટલાંબાઈ તરફથી, મી૦ બેહેરામજી બરડાની મારફતે, કરાવવામાં આવી હતી, અને મોબેદો તથા બેહેદીનોને રૂપાં નાણાંની બક્ષેશ થઈ હતી. તેજ દીવશે આ દુઃખ ભરેલો બનાવ બનવાથી કુદરતની અજાયબી પારવીનાની દેખાતી હતી.

મરહુમની નૈયતે, રોજ ૨૫, ને માહા ૮ મા ને દીને, આતશબેહેરામ શાહેબના મકાનમાં, ઉઠમણાની ક્રીયા, અત્રેની અંજુમન તરફથી તેમજ બાઈ સાહેબ મોટલાંબાઈ તરફથી, કરાવવામાં આવી હતી. તમામ મોબેદો તથા બેહેદીનોને બાઈ મોટલાંબાઈ તરફથી, એક એક રૂપીઓ તથા દોરા સદરાની આશીરવાદ, વેહેચવામાં આવી હતી, જે ક્રીયાની મોહોટી મીજલસમાં દશતુર ખુરશેદજી મીનોચેરજીએ, આ દુઃખ ભરેલા બનાવથી ઊદવાડાના જરથોશતીઓ ઉપર પારવીનાના ઉપકાર કરનારાં ખુજરગ બાઈ મોટલાંબાઈ ઉપર જે ભારે દુઃખ અને અફશોશ આવી પડયો તેને માટે, આખા ટોળાની દલગીરી જહેર કરી મરહુમ શેઠ પોતાની તરફથી ઉદવાડાનાં નાચાર હમદીનોને કેવી મદદ કરતા હતા તેની સ્તુતી કરી હતી. તથા એ મરહુમનું નામ જહેર ક્રીયાઓમાં લેવાની અથોરનાન ભાઈઓને ફરમાસ કરી હતી જેને દસ્તુર મીરજીએ ટેકો આપ્યો હતો.

## THE LATE BAI MOTLIBAI WADIA'S PRESENT TO H. M. THE QUEEN.

(From the *Times of India*, August 11, 1897.)

Mr. Nowrojee Maneckjee Wadia, C.I.E., the son of the late Bai Motlibai Wadia, who died about two months ago, leaving behind her immense wealth, forwarded, last week, a gold enamelled casket, containing some very old coins, to the Secretary to Government, for the purpose of being presented, through the regular channel, to Her Majesty the Queen-Empress. From the papers left by Bai Motlibai it was discovered that she had collected a large number of very old Persian and Indian coins which, she intended, should be presented to H. M. the Queen, on some suitable occasion. In a memorandum she had made a short time before her death she had stated that the present might well be made on the occasion of the celebration of the sixty years' Jubilee of her Majesty's reign, but before she could carry out her idea she lost her son, the late lamented Mr. Nusserwanjee Jehangir Wadia, and she herself died about twenty days after the sad occurrence. The memorandum was not, however, found in time to enable Mr. Nowrojee Wadia to carry out the wishes of his mother to send the present in time for the Jubilee, but he forwarded it to the Government of Bombay to be despatched through the Secretary of State for India at the earliest possible opportunity. Mr. Wadia, in his letter, says:—"The casket and coins were left, by my lately deceased mother Motlibai, with a

memorandum to the effect that they were for presentation to Her Majesty, Queen Victoria, on the occasion of the auspicious celebration of the Diamond Jubilee. I have, therefore, taken the earliest possible opportunity of carrying out my dear mother's behest, and trust Her Majesty will be graciously pleased to accept the humble offering." There are in all 53 coins, some of them dating as far back as the time when the old Persian dynasties flourished. Some of the Indian coins are also very old; such as are believed to belong to prehistoric ages, and the numismatic collection, which contains gold, silver, and copper coins, is altogether as unique as it is valuable. Bai Motlibai, for reasons which have not transpired, never allowed any member of her family, not even her sons, to know anything about the collection. She secretly spent large sums of money, for the purchase of old coins, and never once told any one why and for whom she was making the collection. The coins are placed in a gold enamelled box, which is a rare work of art, and which was presented to the family some forty years ago by a wealthy French merchant.

The lid of the gold box bears the following inscription :—

VICTORIAE REGINAE
et
Imperatricis Majestati.
Veterum Persarum Suboles.
MOTLIBAI.
1897.

**શેઠ નવરોજી માણેકજી વાડીઆજી, સી. આઈ. ઈ.**

નેક નામ શખ્સી વજુદ પોતાની માતાને પગલે ચાલનાર અને પોતાની માતાજીનો અતી પ્યારા મેળવનાર શેઠ નવરોજી વાડીઆ, જેવન પોતાના માતાજીનાં મરણ પછી છુપો તથા જાહેર ધરમ કરતા જાયછે, તેવનને વાસતે "મુંબઈનો બાહાર" નામનાં પુશતકમાં જે હેવાલ છપાયોછે તે આએ જગોએ ઉતારેલોછેઃ—

હાલ જમાનેનાં જવાંન વાડીઆઓ માંહેલા એક નામીચા નબીરા, શેઠ નવરોજી માણેકજી, જે આપણી વશતીમાં હમણાંજ વખણાતા જાયછે, તેવનનાં સ્વતંત્રપણાંની હાથ આવેલી એક શારી યાદીને શનદ તરીકે હયાં નોધી લેવાનું ઘણું અગતીનું થઈ પડશે. ઓદ્દા એવનને લાંબી જીંદગી બખશે અને, પોતાનાં મરનાર માતાજીને પગલે ચાલી, શખાવતનો હાથ હમેશ લંબાવી કીરતી મેળવે. ઉપલો લખનાર લખેછેઃ—

કોઈબી સાહેબોને અનજાણ નથી કે, પારશીઓના દોખમાવાલી એકાંત જગાપર, વગર જરૂરીઆતે, પોલીસ ખાતાએ પેશીને, જે ગેરઈનસાફી ગુજરી હતી, તે સંબંધી, સરકાર પાશેથી દાદ માંગવા માટે, પાંચ હજાર પારશીઓએ સહી કરીને એક અરજ પંચની પુંજીના રાખનદારો પાંચ અકાબર સાહેબોની શેવામાં જે મોકલી હતી, તેની આગેવાની આપણા મરહુમ બારોનેટના નાથલા દીકરા શેઠ શોરાબજીની સાથે આ શેઠીઆએબી ઊઠાવી લીધી હતી. પણ તે અરજીનો આવેલો જવાબ, અરજદારોની માગણીને અનુસરતો, જ્યારે નહીં મલ્યો, ત્યારે તે બાબેની કેફીયત, અનજુમનને જાહેર કરીને, તેઓનો

વીચાર પુછવાની સુચનાથી તે બેહુ સાહેબોએ યઝદે જરદી ૧૨૪૩ ના નવાં વરસની બાહરવણે જરથોશતીઓની જહેર સભા "આલબલેસ બાગ" માં બોલાવી હતી. એ વખતે શરનશીનની ખુરશીએ બીરાજેલા શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઈની અરજ ઉપરથી, શેઠ મનચેરજી હોરમશજી કામાંજીએ પોતાનો અપક્ષપાત વીચાર જણાવતાં, અકાબર સાહેબોનો જવાબ નાપસંદ પેડવીને, સભા તરફની દલગીરી જે જહેર કીધી, તે દરખાસતને ટેકો આપવા માટે આ શેઠ નવરોજી માણેકજી વાડીઆએ બે હજારથી વધારે મલેલા ગરહસથેાની હજુરમાં બુલંદ અવાજે કહી સંભળાવ્યું કેઃ— "શેઠ મનચેરજી હોરમશજી કામાજીએ જે દરખાસત હમણાં વાંચી સંભળાવી તેને હું ટેકો આપું છું. પાંચ હજાર સહીનું અથવા બરોબર બોલીએ તો આખી પારશી આલમનું જે રીકવીજીસન તરસટી સાહેબો જોગ મોકલવા સારૂ તેની સાથે મારૂં નામ જોડવાનું મને માન હતું, અને હું ખાતરીથી કહું છું કે, જ્યારે તે રીકવીજીસન મોકલવાની ચીઠી ઉપર શેઠ શોરાબજી જમશેદજીની સાથે મેં મારી સહી કીધી, ત્યારે મેં જુદું જ ધારેલું હતું. એ રીકવીજીસન મોકલતી વેળા તેને તરસટી સાહેબો આ પરમાણે "ડોન્ટ કેર" કરશે (યાને તુચ્છકરી નાંખશે) એવું આપણે કોઈ માનતા ન હતા. મારી ખાતરી હતી, અને મારી ખાતરી કરવામાં આવી હતી કે, તરસટી સાહેબો રીકવીજીસન માંહેલી માગણીને જરૂર બાહાલ રાખશે, અને આપણી પવીતર મીલકત ઉપર પોલીસ ખાતાંએ જે આજબ ગુજરયો, તેને માટે તે

સાહેબો સરકારમાં જરૂર અરજ કરશે, તેવા ભરોસા સાથે આ રીકવીજીસન મોકલતી વેળા તરસટી સાહેબો તેને આ પરમાણે તુછકારી કાઢાડશે એમ મને લાગતું નહીં હતું. મેં આસા રાખી ન હતી કે, જે તરસટી સાહેબોને આપણે માન આપી એટલા મોટા કીધા, તેઓ સામુ આપણનેજ એટલું અપમાન આપશે કે આપણી માગણી બજા નહીં લાવશે. એટલુંજ નહીં પણ તેનો ઘટતો જવાબબી તેઓ ઉડાવશે. હું ફરીથી કહું છું કે એવી વકી મને નહીં હતી. આ રીકવીજીસન મોકલવા પછી, આજના. સરખી એક મોટી સભામાં સામેલ થવાની ઉમેદમાં હું હતો ખરો, પણ તે આજની સભાથી તદન જુદીજ સભાની ઉમેદ રાખતો હતો, અને તે એ કે તરસટી સાહેબો તરફથી બોલાવેલી સભામાં આવવાનો આશા મેં રાખેલી હતી; અને તેને બદલે આપણનેજ આ સભા આજે બોલાવવી પડશે એવું મારા ખેઆલમાંબી નહીં હતું.

ડુંગરવાડી આગળની જસ્તીના સંબંધમાં પોલીસે જે દુઃખ ભરેલી રીતે આપણને માઠું લગાડ્યું છે, તેને વીશે સરકારને ફરીઆદ કરવાની સભામાં હાજર થવાની મારી ખાએશ હતી, અને તેને બદલે તરસટી સાહેબોની પોતાનીજ ફરીઆદ કરવા આપણ બેગા મલશું એમ હું વીચારતો ન હતો, પણ અફસોસ કે રીકવીજીસન મોકલતી વખતની આપણી બધી મતલબ અને મરજીથી તદન ઉલટીજ રીતે આપણે મલવું પડયું છે. એવી રીતે શેઠીઆઓના કામની સામે આપણને વીચાર આપવા પડેછે, તે ઘણું દલગીરી ભરેલું છે, પણ જ્યારે એ

દલગીરી ભરેલી ફરજ આપણે માથે આવી પડી, ત્યારે તેમાં આપણને હઠી જવું નહી જોઈએ.

પારસીઓની હાલત હાલમાં ઘણી માઠી ચાલેછે, તેવામાં સત્તાવાલાઓ આપણી સામે વીચાર ધરાવે છે તે દુઃખમાં, વલી તરસટી સાહેબો પણ આપણી માંગણીની સામે થયા, એ સઊથી મોટું દુઃખ છે; અને ટોલાના લોકો જે વેળા સંપમેલ ચાહેછે, તે વેળા એ સાહેબોએ આખા ટોલાને અપમાન.લગાડી મતફેર ઉભો કરેયોછે. તથા કુસંપ પેદા કીધોછે, એ ખરેખર પારસી ટોલાના માઠાં નશીબ સમજું છું.

બીજા હાથ ઉપર આજની સભામાં એક ખુશાલી તથા દીલશોજી, જે હું જોવુંછું તે, એ છે કે, મુખ્ય શેઠીઆઓનું કામ અગર એ નાપસંદ પડે તો તે શેઠીઆઓની ખુશામત કરવાને બદલે પોતાના ખરેખરા તેઓની વીરૂધના વીચારો. જાહેર કરવા સારૂ લોકો, વગર ધાસતીએ, ભેગા મળે એવું પારસીઓની તવારીખમાં પેહલીજ વાર બનયું છે, અને તે ઉપરથી લોકોમાં સ્વતંતરપણાનો ઘણો વધારો થવાની નીશાન મલેછે.

હું પણ સંતોશ પામું છું કે, આપઅખતીઆરીને સરસ નીશાન તરીકે આજની સભા દેખાડી આપશે કે, પાંચ હજાર માણસોનો પોકાર દાબી દેવાને પાંચ શેઠીઆઓ ચાહતા હશે તો તેમાં તેઓ ફાવશે નહીં. શેઠીઆઓએ કદાચ આપણ વીશે ધારયું હશે કે, એ લોકો શું કરવાના છે? પણ આજની સભા દેખાડશે કે, આપણ આ અપમાન ખમીને મુંગા બેશીશું એવી ધારણામાં ટરસટી સાહેબો ભુલ્યા છે.

તેઓના જવાબે દેખાડયું છે કે, આપણા ધરમનાં પવીતર મકાંનની બાબત ઉપર, આ શેઠીઆઓ ઘટતા ઉપાયો લેવાને ડરે છે, તો જે વેળા ટોલા ઉપર કાંઈ વધારે (ખોદા નહીં દેખાડે!) આફત આવી પડે તે વેળા એ સાહેબોથી હીંમત ભરચાં કાંમો થવાની આપણે કે-ટલી થોડી આશા રાખવી જોઈએ. આ વીચારો આપતાં મને ઘણું દુઃખ લાગેછે, પણ કરજને ખાતર એ વીચારો જે આપવા પડેછે, તે જણાવીને શેઠ મનચેરજીની દરખા-સ્તને હું ટેકો આપુંછું.

મરદ બચ્ચો પોતે હોય જે સુરો,
તે લાખો હજારોને પડે પુરો.
એવા નરનેં કહીએ ખરા અપક્ષપાત,
તજવીજથી કરે ભલાઓને માહાત.
ન ધારતું શું કોઈ આ નરની હીંમ્મત,
થઈછે જેની તે સભામાં કીંમ્મત.
અશીલ લોકની ચાલ છે ભલાની નેકીની,
ન થાએ વાતો તેથી કાંઈ સેકીની.
પરીણામ તેવુંજ દીપાવ્યું છે,
ચાલાકીનું પાણીબી શીપાવ્યું છે.
શોકર કરો તે પર વાંચનારા ઈઆર,
ખોદા રાખે તેમને સદા બરકરાર.

ઉપલા ટેકાની બાબદમાં આ શેઠનું બોલવું પુરૂં થયા પછી, સરનસ્ત્રીને શેઠ મનચેરજીની દરખાસ્ત ઉપર સભાનાં જ્યારે મત માંગ્યાં, ત્યારે સર્વ સજ્જનોએ બેહુનાં ભાશાંનો સરખી રીતે બાહાલ રાખ્યાથીબી તેવ-ણનાં સ્વતંતરપણાની સનદને મોટું માન મલ્યું હતું.

# મરનાર મોટલાભાઈના નેઆગાનો.

નીચલા ત્રણ હેવાલો ઉપર લખેલી "મુંબઈનો બાહાર" નામની ચોપડી મધેથી લીધાછે કે જેની અંદર મરનાર નેક મોટલાંભાઈનાં વડાવોનું બ્યાંન આવેલું છેઃ-

## શેઠ નશરવાનજી માણેકજી.

આ નામીચાં ખાનદાંનમાં વેપારને વાવનારા પેહલ વેહલા નબીરાનું નાંમ, જે ઉપર જણાવ્યું, તે શીવાએ બીજે કોઈજ માલુમ પડયો નથી; પણ જેબી પ્રખ્યાત થયાછે, તે ત્યાર પ્રછે તેમના પગલાંપર ચાલનારા કેહવામાં આવેછે.

યઝદેજરદી૦ ૧૧૩૫ માં જન્મ પામ્યા પછી વીસેક વરશની વયપર આવ્યા. તેટલાં કહેછે કે આ શેઠીઆએ વેપાર ઉપર અતીશય ઉલટ દોડાવી, અને, પોતીકા બાપ તથા કાકાના પગનો આધાર પકડીને, વેપારી મંડળમાં સારી આંતથી લેણ-દણનો વેહવાર ચાલુ રાખ્યો. એ વખતપર ફ્રેન્ચ વાવતાનાં વાહાણોનું કામબી તેમને જે મલ્યું તે ખરી બાહોશીથી બજાવી દીધાના બદલામાં, ત્યાંની સરકારી તથા વેપારી ખાતાંની સઘળી આડત, એમને ત્યાંજ આવતી રહી; અને તે દાહાડાથી તેમનો સીતારો પણ રોશન થવા માંડયો.

વેપાર ખાતામાં પોતાની નીતીને ઉસનવાર સાચવી રાખ્યાનો લાભ તેવણ એવોતો મેળવવા લાગા કે, પાંચેક વરશ પસાર થયાં તેટલાં, "બોમબે" નામનું પદ્દ૧ ટન વાળું એક વાહણ બંધાવીને, પોતાના ઉપ્યોગ માટે, ચીન તથા કલકતા તરફ, ફરતું કીધું; અને તે પછી, જેમ અગત

જણાઈ તેમ, એકેકની પુઠે વધારીને, "હારમજી આરૂ, કારનવાલીસ તથા બોમબે મરચંટ" મલી, બીજા ત્રણ બારકસોના બુદ મોલેક થયા હતા.

પારસીઓના પરમાણીકપણાં સાથે પ્રથમના વખતપર ધંધા રોજગારની રૂડી વલાણ એવી તો જોડાઈ રહી હતી કે, તેના પરતાપથી, આ શેઠ નશરવાનજી વાહડીઆ આપણા ટાપુ ખાતે એક માતબર વેપારીમાં અત્યંત વખણાયા હતા. સારી કમાઈના પૈસા, સખાવતના કામોમાં એવણે, ખરચેલા કેહવાયછેઃ પણ તે સઘળાંની શોધમાં ફરતાં જ્યારે એકાદ બે બાબદની યાદી જ હાથ આવી, ત્યારે તેનેજ માત્ર ઉત્તમ વખાણી હયાં નોધી લઈએ છીએ.

સડતાલાના દુકાળનું દુહાર નામ, આપણી તરફના પુરાંણા શખશો, હજી ભુલયા નથી, તેવા વખતમાં ગરગાંમડેના નાનાં મોટાં મળી સેંહેકડો પારસીઓ, ભુખમરાને લીધે પોતાનાં ઘેર–બારો છોડી, હયાંના આસરો પામવા માટે જ્યારે આવી પડયા, ત્યારે તેઓની પરવરેશી ત્રણ સખી દાતારોથી કરવામાં આવી હતીઃ તે વખતે ખરચાયલી રકમનો ત્રીજો હીસ્સો, રૂ. ૫,૬૦૦, આ સકર્મી શેઠીઆએ આપ્યા ઉપરાંત, કહેછે કે, સુરત તથા ભરૂચ ખાતેથી અનાજની હજારો ગુણો વાહણોમાં ભરી મોકલાવી ને પોતીકા આડતીઆને એવી તાકીદ કરમાવી હતી કે, સર્વ કોમના ગરીબોને, તેઓના ખપ પુરતો અનાજ, થેડવી મોકલાવેલા મુદલ ભાવે, પેહલાં આપવોઃ પણ કોઈથી ધંધાદારીને જથાબંધ ગુણો હરગેજ વેચવી નહીં. આવું ધર્મપિણાનું કામ, દુકાળ જેવા સ-

ખત સમે, આ દયાળુ શેઠે જે બજાવ્યું, તેથી ત્યાંની ગરીબ પ્રજાને કશી રીતે મુશીબત ખમવી પડી ન હતી.

દુકાળના દુઃખ ભરચા દાહડાતો વહી ગયા, પણ તેની કેહવત, દુનીઆની યાદમાં, એવી રહી છે કે, તેવી મુશીબતનું દુઃખ હઈડે ધરી પોતીકા ભાઈ-બંધુઓની સવગડ માટે, લાખો રૂપ્યા, તેઆના વેપારના ઉપયોગમાંથી થોડુંક સુધી રોકીને, જે શેઠીઆએ હજારોના નકાની કશી દરકાર કીધીજ નહીં, તેવા દાતારનો દીલચુરદો કેવો દયાળુ હશે; અને તેવા શેઠીઆને પલ્લે પડેલા સેંહ-કડો આસામીઓએ કેટલું સુખ ભોગવ્યું હશે, તે બાબે ઉપર જણાવેલી થોડીજ બીનાની મુનસફી વાંચનારા સાહેબોની સમજમાં શેહલથી ઊતરી શકશે.

પણ જમાનો એવો નીરદયાળુ દેખાયછે કે, સખી તથા સુહુમનો કાંઈજ તકાવત રાખ્યાવના તેના ઝપાતામાં જે આવે, તેને પલ વારમાં પટકી પાડવાનું, તે હરગેજ ભુલતોજ નથી. આ શેઠ નશરવાનજીએ વેપારી મંડળમાં પા સદીબી પુરી નહીં કીધી, તેટલાં તેમનાં ભાએગને, જલમ જમાનાએ, એવું તો ભોરવ્યું કે, વેપારનું ચક્કર, એકાએક, ઊલટાઈ પડયું, અને મેળવેલી દોલત પરાગંદી પામતાં, કરજના કબજાનમાં બહુ કશીઆને લીધે, ચઉદેજરદી ૧૧૭૯ ને સાલથી, પોતાનો વહોવટ બંધ કરીને, બેકાર થઈ બેઠા. આવી દુઃખ ભરેલી વાત જાણવાથી તે મંડળમાં ભારે દલગીરી ઉપજી, પણ વેપારનો ખાડો એવોતો ઉંદો જણાયો કે, તે પુરાએ તેવી મદદ કોઈથી મલી શકી નહીં.

બીરગસને દાહડાનું દુઃખ, લગભગ ચાર વરશવેર,

સહુન કરતાં શેઠ નશરવાનજી વાડીઆ, ૪૮ વરશની વયે પોંહચીને. રોજ ૨ જે, માહ ૯ મો, શેહનસાહી શાલ ૧૧૮૩ યઝદેજરદીએ, આ જંજાલી જહાંનમાંથી અસબાબ ઉઠાવી, બેહસ્તનશીન થયા; અને તે ટાંકણે તેમના બે જવાન બેટાઓ, નામે શેઠ જંહગીરજી વરસ ૨૬, અને શેઠ નવરોજી વરસ ૨૪ ની ઉમરે, પોંહચેલા હતા. આ ઉપરાંત હોરમજી નામના વડા દીકરા બચગીમાં મરણ પામ્યા હતા, તેથી તેની કાંઈજ યાદી હસ્તીમાં રહી નથી.

શેઠ નશરવાનજીની નોબત, જ્યારે વેપારના ખીલતા બાહર ઉપર બીરાજતી હતી, તે વખતે ફ્રાંન્સની સરકાર તથા વેપારી મંડળી તરફથી તેવણ ઉપર આવતું આડતનું બેહલું કામ, પ્રમાણીકપણાંથી બજાવ્યાંને લીધે, ત્યાંની દરબારમાં તેવણને સારી હોરમત મળતી હતી; એટલુંજ નહીં પણ અરસપરસની દોસ્તીનો ગાંઠ બંધાયાથી, પોતાનો દસ્તબી દબદબા સહીત લાગુ રાખ્યો હતો. આ ઉપરથી એક સમસે મેલવેલા લાભ વીશે સાંભળવામાં આવેલી. એક વાત એવી યાદગારી આપેછે કે, ફ્રાંન્સ તથા અંગ્રેજનાં રાજ્ય વચ્ચે, છેલ્લીવાર ઉઠેલી લડાઈ વખતે, આપણા ટાપુના એક પારશી વેપારી, શેઠ રૂસતમજી મનચેરજી બગાલી (લકબે મેટકી), અંગ્રેજી વાવતાનાં જે વાહણમાં સવાર થઈ ચીન તથા બંગાલાની સફરે ફરતાં, તે માલથી ભરેલાં બારફસ સહીત, ફ્રેન્ચ મનવારના સપાટામાં સપડાઈ ગયા. કબજ થયલાં બારફસને, તે માંહેલા માલ તથા ઉતારૂઓ સહીત, ફ્રાંન્સ તાબેના કોઈ સંસથાન ખાતે લઈ જઈને. લડાઈના બંધવા તરીકે સઘળાઓને રાખ્યાં, તેમજ મજકુર

રૂસતમજીની સામેલ હતા. આ ગૃહસ્થ દેખાવે ઘણા શુકીઆના, તથા ડાહપણવાળા માલમ પડયાથી, કહેછે કે એક દાહાડે, ત્યાંની દરબારમાં તેમને, બોલાવ્યા. જ્યાં જનાંવાર, આ નેકનામ વાડીઆજીની એક મોટી તસવીર ટાંગેલી જોઈને, નવધાર આંશુ ટીપાવીને, બેશુમાર રડવા લાગા, અને કલાવીતથી કહયું કે. 'જેના સંબંધમાં આ મારા કાકા જહોજલાલી ભરેલી દોસ્તી બાંધી બેઠા તેનાજ કબજાનમાં હું. તેનો ભત્રીજો, આવી પરેશાન હાલતમાં કેદ પડયો, તે વાત ખરેખરી દુઃખ ભરી નીપજી છે'. આ બોલવું, દરબારીઓએ સાચું માનીને, રાજસભાને લખી વાળ્યાથી, તેમના જપત કરેલા માલ તથા અસબાબ સાથે, તેમને તતકાલ, ત્યાંથી છુટા કીધા, અને કાંઈ બીજું વાવતાવાલાં બારકસમાં, સરકારનાં ખરચથી, તેમને ચહડાવીને, તેમની ખુશી પડતે મુલકે, મોકલી આપ્યા હતા.

ઉપલી વાત કાંઈ કલપણાથી ઉભી થયલી નથી, પણ ખરેખરી બનેલી-ખુદ ઘણીએ ઘણા ગૃહસ્થો આગલ તે વખતપર કીધેલી છે. આપણી તરફના પુરાતન સોહેબોના સાંભળવામાં જે આવી હતી તે આ નામવર નરની બારકાં રાજમાં પ્રકાશેલી ખુબીની સાખશી તરીકે, હયાં નોધી રાખતાં નેવણની જીંદગીનો ટુક હેવાલ હયાં ખતમ કરીએ છીએ.

---

## શેઠો જાંહગીરજી તથા નવરોજી નસરવાનજી.

આ નેકનામ ભાઈઓ મોહેલા વડા, યઝદેજરદી ૧૧૫૬ ના ત્રીજા મહીનાને બીજા રોજે, અને નાંધરા,

૧૧૬૯ માં (જેનો રોજ-માહ જણાયો નથી) જનમ પામેલા કેહેવાય છે.

બાપની હઈઆતી ખતમ થવા ટાંકણે આ સાહેબોની ઉમર એટલીતો પુખ્ત હતી કે વેપાર વણજનું કામ અટોપી લેવામાં કોઈ વાતની મુશકેલી જણાઈજ નહીં; કારણકે તેઓના પીતાના પડી ભાગવાથી, ફ્રાંન્સ તરફની આડતનું કામ, સાંભળ્યા પ્રમાણે, આ બેઉ ભાઈઓના હસતકમાં આવતુંજ રહ્યું; અને તેનો ઊઠલો માલેકોના લાભમાં ઉતારી આપ્યા કીધો, તેથી પોતીકા બોહલા વહીવટને અતી મોટો વધારી દીધો.

બેહુ ભાઈઓની મજમુમા ખાનગી વેપાર રચાવ્યા ઉપરાંત દેશાવરો તરફથી આવતી આડત, અને હયાંની અંગ્રેજ પેહેડીઓ તરફથી સોંપેલું દલાલીનું કામ* લગભગ એક દાએકાની ઉપર સંપજ્યો ચાલ્યા કરતું હતું. તેટલાં, શેઠ નવરોજી, ૩૮ વરસની ભરજવાનીપર આવીને, બે ચાર દીવસની બીમારી ભોગવ્યા પછી, રોજ ૧૨ મો, માહ ૯ મો શેહનશાહી શાલે ૧૧૯૭ યઝદેજરદીએ, માણેકજી નામના એકજ પુરા દીકરાને ભાઈના સવાધીનમાં સોંપી, હકની દરગાહ તરફ ચાલી ગયા. આથી હઈઆત રહેલા જંહગીર શેઠની બલવંત બાજુ

* મેસરસ. ઉલીઅમ નીકલની કુંપના જ્યારે પેહલવેહલી ઈ સને ૧૮૨૪ માં આવી, ત્યારથી તેઓને ત્યાંની દલાલીનું કામ આ સાહેબોને મલેલું હતું; અને ત્યાંનો સંબંધ જંહગીર શેઠ મુજરયા ત્યાં તુલીક જોડાઈ રહયો હતો. બીજી મેસરસ મેકવીકર બરણ્યની કુંપનીની પેહડીનું કામ ઈ સને ૧૮૩૨ થી ૧૮૩૬ સુધી, અને ત્રીજી મેસરસ લાનકે આસ્તરની પેહડી, ૧૮૩૯ થી ૧૮૪૧ સુધી, તેવણ પાસે રહી હતી.

ઉઠી તો ખરી, પણ તેમની આંખને થંડક પમાડનારા ભત્રીજા, જે તેમના દામાંદબી થતા હતા, તેની ઉપર હીંમતનો કોટ બાંધી સંતોષ પકડી બેસવાનું તેવણે મુનાશેબ જણ્યું હતું.

મરહુમ શેઠ નવરોજજી જેમ વેપાર વણજમાં ચાલાકી દેખાડતા હતા, તેમજ બીજી બોહલી બાબદોમાં પુર હીંમત વાપડીને, લોકોનું મુશકેલ કામબી આશાનીથી બજવી આપતા. કોઈ વખતે કશી કશુર તેમણે કીધી ન હતી અને તેવી વાતોની થાંદગારી, તેવણથી મદદ મેલવી ચુકેલા ઘણા શખશોના જીગરમાંથી, કેટલીક મુદત સુધી, ભુલાઈબી ન હતી.

જાંહગીર શેઠના સંબંધમાં જોડાયલા તેમના ભત્રીજા શેઠ માણેકજી, થોડુંક સુધી કાકાની સંગાથે વેપાર વણજમાં સારી સંપજથી, લાગુ રહયા, અને ત્યાર પછી કાંઈક સબબની ધેર સમજુતીએ, બેહુ વચ્ચેની બોહબતમાં, એકાએક ખલલ પડેલી જણાવી હતી; પણ ઉઠેલી ભાંજગડ સમાધાનીપર આવ્યાથી એખલાસ પાછો સરૂ થયો, તે બાબેની વાતો સાંભળી સુલેહના ચાહનારાઓને અત્યંત ખુશી ઉપજી હતી. શેઠ માણેકજી જ્યારે ૨૮ વરશની ઉમરે પોહચ્યા, ત્યારે, અજલના હલકારાએ આવીને, એટલીતો તાકીદ કીધી કે તેમને વધારે વરસ જીવવા દીધાજ નહીં; જેથી કરી, કુદરતના કાયદાને આધીન રહી. રોજ ૨૭ મો માહ રજો શેહનશાહી શાલે ૧૨૦૭ થઈદજરદીએ. જીંદગીને ખતમ કરી, અવેદાની આલમ તરફ ચાલી ગયા. આવી રીતની જુદાઈથી, પોતાના પ્યારાં પરીવાર ઉપરાંત, બોહલાં કુટુંબ તથા

દોસ્તં-આસનાઓને, દલગીરીના દરીઆવની ગમખ્વારીમાં, થોડુંક સુધી, ગીરકતાર રેહવું પડયું હતું. મરહુમ શેઠ માણેકજીના માનવંતાં મોહરદાર મોટલાંબાઈ, જે જંહગીર શેઠની જીંદગીમાં અવતરેલી માત્ર એકજ પુરી દીકરી દેખાયછે, તેણીને પેટથી પેદા થયલા બે દીકરાઓ, (મી૦ નવરોજી તથા મી. નશરવાનજી) બાપના મરણ ટાંકણે, ઘણીજ નાની વયના હતા. આ બેહુ બાલકો, બારેહકતાલાની બખશીસથી, હમણાં પુરતી ઉમરે પોંહચીને, પોતીકા વડવાઓનાં નામની હસ્તીને જે પાછી પ્રકાશતી રાખતા માલુમ પડેછે, તેટલીજ તેઓની યાદી ઉપરાંત વધારે વાતોનું વર્ણન લખવા લાયકનું હજી જાહેરમાં જણાયું નથી; પણ તેમાના માનવંતા મમાવાએ દીપાવેલી કીરતી જે વખણાઈ રહીછે, તેને હવે ત્યાંથી શરૂ કરવા માંગીએ છીએ.

ભાઈ તથા ભત્રીજાના, જવાંની વયમાં, કલખતે એકેકની પુઠે, થયલાં મરણથી આ જંહાગીર શેઠને ઉપજેલાં દુઃખનું નીવારણ કરનારા ઉપલા તેમના બે દાતરાઓ જોકે લાર કરતા પાશે હતા, તો પણ તેમની બાજુને હીંમત આપનારાઆની જુદાઈગીરીનો ગમ તે સાહેબ સેવટનો ઘડી સુધી ભુલેલા જણાયાજ નહીં.

જેમ સરકારી મંડળીમાં તેમજ સાહુકારોની સભા અને રાજદ્વારી દરબારની અંદર આ જંહગીર શેઠની જહોજલાલી એટલી પ્રકાશી રેહેલી હતી કે. તેઓ માંહલા કોઈબી ઠેકાણાપર અગતના કારણ શર તેવણની સારી સલાહ ઘણીજ ઉપયોગી થઈ પડતી હતી; અને તેથી કરી, આપણી વસ્તીમાં, સઘળા વરણના સઘ્ઘો તરફથી, મોટું માન પામતા હતા.

ફ્રેન્ચ વાવટાના સરકારી તથા વેપારી વાહાણોની આડતનું કામ, આ સાહેબ, ઘણીજ ચાલાકીથી જે બજાવતા હતા, તેની યાદગારીમાં, ત્યાંની રાજદ્વારી સભા તરફથી, તેમને ઘણી વખતે ઈનામ સાથે આબરૂ પતરો આપ્યા કરતાં હતાં. જે માંહેલું એક ઉત્તમ માન, માજી શાહનશાહ લુઈ ફીલીપે, ઈશવી સને ૧૮૪૦ માં, જે મોકલાવ્યું હતું, તેને હાં નોંધી લેવા જોગ વીચારીએ છીએ કે ઘટતા શબ્દો કોતરાવેલો શોભાયવંતો શોનાનો એક ચાંદ આ શેઠીયાને ભેટ કીધો; અને તે ફ્રેન્ચ કોનશલ મોનશીઓર બારોતે, એક દબદબા ભરેલી સભા મેલવીને. તેઓની હજુરમાં, મોટી હોરમત સાથે, તેવણનાં ગળામાં ઓરવ્યો હતો.

આ શેઠીયાને હાથે, તેમના દરજ્જા પ્રમાણે, ઘણી સખાવતો થયલી સંભળાઈછે, પણ, બનતાં સુધી. કોઈની જાણમાં જાહેર લાવ્યા ન હતા. એવણની હઈયાતીમાં દીવ ખાતેના હમદીન ભાઈઓને એબાદત કરવા તથા ધર્મની બીજાં ફડાં કામો માટે આતશ આદરાનનું એક પવિત્ર મકાન, પોતાને ખાસ ખર્જાનેથી બંધાવીને, રોજ ૨૬ મો, માહ ૫ મો, શેહનશાહી શાલે ૧૧૯૯ યઝદેજરદીએ, મહજબના ફરમાન મુજબની ક્રીયા સાથે ઈજાવ્યા પછી. તેઓના ઉપયોગ સારૂ, જે સપારદ કરી દીધું તેથી તેમની યાદગારી, ચંદ્રોકાળ સુધી, લેવાતી રહેશે. આ કારણસર સઘળા મળી રૂ. ૧૪,૦૦૦ ખરચાયાછે, અને તે ઉપરાંત, તેના જાઠક નીભાવશ માટે, હલાયદી કાઢેલી રૂ. ૨૦,૦૦૦ ની સરકારી વ્યાજુકી નોટો, તેમની વકીલાતણ શેઠાંણી માણેકબાઈ તથા મોટલાંબાઈના

સ્વાધીનમાં જે સચવાયલીછે, તેમાંથી, દર શાલે, જેઈતો ખંરચ પોહોંચતો રહેછે. એબાદતખાંણાંની પુઠે, તેજ ગામના મરણ પાંમતા જરથોસ્તીઓને માટે, યઝદેજરદી ૧૨૧૨ માં, એક દોખમું બંધાવી આપ્યું, તે ઉપર રૂ. ૯૦૦૦ થયા. માટે, એકજ ગાંમના હમદીનોની સગવડ સાચવતાં, આ શેઠે, શખી દીલથી, રૂ. ૪૩,૦૦૦ ની શખાવત કીધેલી કેહવાઈ છે.

મુંબઈમાં, અનજુમનનાં ઉધરાતથી, એક દોખમું બાંધવાની અગત જ્યારે યઝદેજરદી. ૧૨૦૭ માં જણાઈ ત્યારે તેની કરતી ટીપની અંદર આ શખી નરે, પોતાને નામે, રૂ. ૧૦,૦૦૦, અને તેમના મરહુમ ભત્રીજા શેઠ માણેકજીની નઈયતે, રોકડા રૂ. ૫,૦૦૦ ઉપરાંત, દોખમાંની દેવાલ પાસેના ડુંગર, મરહુમ શેઠ કરસનજી લીમજી યાંડે પાસેથી, વેચાંણ કરી લાધેલો પંચાયતને ધર્મ ખાતે આપ્યો તે મલી રૂ. ૨૦,૦૦૦ ની બખશીશ કીધી હતી; તો જો કે દોખમું તો તે પછી શેઠ કાવશાહ બીસનાએ બંધાવ્યું, અને જે કારણ સર બધા મલીને અનજુમન તરફથી ભેગા થયલા રૂ. ૯૦,૦૦૦ ને આશરે પંચાએતની પુંજના રાખનારાઓ પાંસે સચવાઈ રહેલા કહેવામાં આવેછે, તેમાં આ રકમબી ભેળાઈ રહેલી છે.

જાંહુગીર શેઠે જોઈએ એવી સખાવત કરીને આ જેહાંનમાં મોટી નામવરી જે પ્રકાશતી મેલી, તેમાં એક બાબદ એટલી તો ઉમદા વખણાયલી કેહવાયછે કે, તેવણની સાથે લેણ-દેણ કરનારાં, બધી કોમના બેશુમાર વેપારી તથા ધંધાદારીઓ, માંહેલા જે લોકો તંગ દસ્તીમાં ફસાયલા દેખાયા, તેઓ ઉપર પોતાનાં મોજલક

નાણાં લેણાં નીકલતાં હોય, તે છતાંબી તેઓને બનતી કોશેશથી બંચાવી લેવામાં બરી બાહદુરી વાપરતા હતા; પણ, હરગેજ થઈ, કોઈબી પાસેથી પોતાનું લેણું વસુલ કરવા કાજે, તેઓ ઉપર કશી તરેહની શખ્તી, હઈઆતી સુધી, તેવણે ગુજરી ન હતી; અને તેમ કરતાં, ઘણા સખશોએ તેવણના લાખો રૂપીઆ ડુબાડયા, તેપણ, મોટાં મનથી, સખીપણું વાપરી, જવા દીધેલાં જણવામાં આવ્યાછે. આ ઉપરાંત બીજું એમબી સંભલાયું છે કે, તેવણના મરહુમ બાવા નશરવાનજી વાહડીયાજી, નાદારી વખતે જે લોકોનું લેણું તેવણ ઉપર અકસમાત રહેલું હતું, તેઓ માહેલા કેટલાક સખશો પાછળથી બીરગસતે હાલતમાં આવેલા દેખાયા. તેઓને પણ આ સખી શેઠીયાએ અનવસ્થી સંભાલી લઈને સંતોશ પમાડયા હતા.

મરણ પામેલા પારસીઓને સચકીને થોડોકવાર ઘેરની અંદર જે લાદી ઉપર અલોહેદાં રાખેછે. તે લાદીઓ, રવાંનને અવલ મંજલ પોહચાડવા સારૂં ઘેરમાંથી બાહાર કાઢયા પછી, જો રપીથવન (યાને હુનાળાની) રૂતુ હોય તો ૧૦, અને જો હાવનનો (યાને શીઆળાનો) વખત હોય તો ૩૦ દાહાડા સુધી તે ઠેકાંણેથી ઉચકી નાખવામાં આવતી ન હતી, અને તેથી કરી કાંઈજ નહી પણ મરનારની માહેતમપોશી સારૂં, તેનાં બેશીઓની તથા બાબે સતાવાલી બાંનુઓ, તેટલા દાહાડા સુધી દરરોજ ત્યાં જઈને કમકમાટ ભરયાં રદણો કરવા બેસતીઓ હતી; અને તે કારણસર, સહવારના પેહલા પોહરથી ગયલી બાઈઓ, છેક પાછલે પોહરે ત્યાંથી પાછી ફરતી હતી. આવી કંટાળા ભરેલી રીતમાં થોડેક

દરજ્જે કોતાઈ થવાની કાલજી રાખીને, આપણા આ ગંભીર જંહગીર શેઠે તે વખતપર વખણાયલા શેહનશાહીના વડા દસ્તુર એદલજી દારાબજી સંજાના પાશેથી, સાંભલ્યા પ્રમાણે, મજહબની સરીયત મુજબનો ફતવો મેલવી લીધો હતો; અને તેટલામાં પોતાના જેશી તરફની બાઈ ભીખાઈજી તે મરહુમ શેઠ ધનજી મેહતાના દીનશાની દીકરી, અને આપણી ગોદીના માનવંતા વડા વાહડીયા શેઠ જમશેદજી ધનજીભાઈની માતા, રોજ ૧૬ મો, માહ ૧ લો, શેહનશાહી શાલ ૧૨૧૦ યઝદેજરદીએ ગુજરયાં, ત્યારે તેવણનાં રવાંનને જે લાંદીપર* સજોગી રાખેલી હતી, તે લાદીઓ, સચકારની સાથે, પોતે આગલ ઉભા રહીને, બાહર કાહડી નખાવી હતી. આ બાબદ સર, જરથોસ્તી કોમમાં, થોડીક ચરચા ચાલી હતી, પણ જેમ જેમ લોકોનાં ધ્યાનમાં તે બાબેની સમજ ઉતરવા માંડી, તેમ તેમ તેઓએ, એકેકની પુઠે, લાદીઓને, રવાંનનીજ સાથે, ઘેરમાંથી બાહર કહડાવી નાંખવાની ચાલ. અખત્યાર કરી લીધેલી કેહવાયછે, તોપણ હજી ઘણે એ ઠેકાંણે એ અસલી રેવાજ તેઓની સમજ સાથે વલગી રહેલો માલુમ પડેછે; તે છતાં આટલી તો અસર થઈછે કે મહીનાનું પાંથરનું ચાર દાહડાપર આવી અટકેલું છે: અને થોડેક ઘેર દસ દાહડા બેસેછે તો ત્યાંથી ઘણાં વેહલાં ઉઠી જયછે; માટે આ બાબતમાં થોડોક સુધારો જે થયોછે, તેની શરૂઆત કરનારા આ જંહગીર શેઠ સીવાય બીજું કોઈજ માલુમ પડયું નથી.

* એ કારણ માટે થોડીક લાદીઓ આ શેઠે, આગમજથી ઘડાવીને, અગતવેલા કામે લગાડવા માટે, તૈયાર રખાવી હતી, અને તેવીજ લાદીઓ હમણાં વપડાતી માલુમ પડેછે.

ઉપર જણાવ્યા મુજબ, આ જંહુગીર શેઠને ત્યાં, એક બેટી સીવાએ, નર વારસની કોઈબી એલાદ હસ્તીમાં નહીં હોવાને લીધે, તે બાઈને પેટે પેદા થયલા બે બેટાઓ મધેથી નાધલા નશરવાનજીને, પોતાના પાલક તરીકે ખોલે લઈને, કાયમનો હકદાર વારસ થેડવ્યા પછી, થોડા દીવસ સુધી સખત માંદગી ભોગવીને, રોજ ૨૩ મો, માહ ૮ મો, શેહનશાહી શાલે ૧૨૧૨ યઝદજરદીની પાછલી રાત્રે, કલાક બેને અમલે, ગુજરી ગયા, ત્યારે તેમની ઉમર પદ્ વરશની ઉપર પાંચ મહીના ને ૨૨ દાહડાની માલુમ પડી હતી.

જંહુગીર શેઠ જેમ પૈસે પુર હતા, તેમ ગરીબ ગુરબાંઓ ઉપર માયા મેહરબાંની બાકી રાખતા હતા નહીં; અને, ગંભીર સ્વભાવની સાથે, નમનતાઈ ભર્યા ખવાસને સલુકાઈમાં સમાવ્યાથી, મુંબઈની વસ્તીમાં, એક મોભાદાર શેઠીયા તરીકે સર્વનો સારો ચાહ મેલવી ગયાછે.

---

## શેઠાંણી મોટલાંબાઇ.

આ સદ્‌ગુણી બાનુની ઓલખ ઉપર આપી ચુકા છેએ તે પ્રમાણે મરહુમ જંહુગીર શેઠની એક પુરી પુત્રી અને શેઠ માણેકજી નવરોજજી વાહડયાનાં વીધવા થાયછે.

બાપનાં મરણ ટાંકણે તેમણે કરી લીધેલા પાલક, તથા ભરથારનો હકદાર વારસ મલી બેહુ નાની ઉમરનાં બાલકા હોવાથી તેઓના વહીવટનું સત્તાભરેલું વકીલાતનપણું ચલાવવામાં આ નેકબખ્ત બાઈ મોટલાં તો આ-

લાક માલમ પડ્યાંછે કે, લાખો રૂપીઆના લેનદેન સંબંધી બેહલી ઉથલ-પાથલ, એક મરદ નહીં કરી શકે તે કરતાં સરસ રીતે, સરકારી કામ બજાવીને, બેહુ મરહુમ સાહેબોની અસલી થાપણને અતીશય વધારી મેલ્યાથી, તેઓને ત્યાંની દોલત હમણાં કરોડની કીરતીએ પુગેલી સંભળાય છે.

આ બાહોશ બાઈના બેઉ બેટાઓ (શેઠો નવરોજજી માણેકજી તથા નશરવાનજી ઑહગીરજી વાહડયા), પુરતી વએ પોંહર્યાને, વેપાર-વણજ ચલાવવા લાયક થયા, ત્યારથી તેઓને જુદા જુદા વહીવટનું કામ તેણીએ સોંપી આપ્યું છે; તોપણ, તે દરએક ઉપર વડાપણાંનો હક પોતાકો રાખીને, બેઉ ભાઈઓને સારા સંપજમાં સાચવી બેઠાંછે, તે ખુબી ખરેખરી વખાણ લાયકની વીચારવામાં આવેછે.

સખાવતનાં શુભ કામો જેવા કીસમતમાં જેટલાં સરજેલાં હોય, તેટલાંજ તેનાથી બની શકેછે; પછી આમલને જોઈએ તેવી સમજ દોડાવીને તે સંબંધી યા તો જાહેરાત અથવા બાતેનમાં ગમે તેટલા સબબો સંભળાવે તેની અસર કદાચજ થાયછે; પણ આ સકરમી શેઠાંણી જે ધર્મમાં જનમ પાંમ્યાંછે, તેની તાજુબી હઈડે ધરીને માહપુણનાં કામો જે સખી તબેથી તેણીએ પાર ઉતારી દીધાંછે, તેટલીજ તેણીની યાદગારી હેઠળ જણાવ્યા મુજબ વખણાઈ રેહલી છે.

પારસીના ધર્મગુરૂઓનું વડું પંથક, કસબે નૌસારીમાં, શેકડો વરસથી, સચવાઈ રેહલુંછે, ત્યાંની અગીયારી-વાળી પુરાંણી ઈમારત, ઘણીજ બીસમાર હાલતમાં આ-

વેલી તથા સંકડાશ ભરેલી જણાયા ઉપરથી, આ બાઈએ અસલ મકાનને પડખેની બીજી જગ્યા મેલવી લઈ, મોકલાશ ભરેલી માહભારત ઈમારત, બંધાવી આપી, અને તેમાં આતશ આદરાંનના પવીત્ર કેબલાને, રોજ ૨૬ મો, માહ ૮ મો, શેહનશાહી શાલે ૧૨૨૦ યઝદેજરદીએ, પાછા તખ્તનશીન કરાવ્યા, તે ઉપર, તેણીના ખાસ ખર્ચણેથી, કેટલા હજાર રૂપ્યા ખરચાયા તેની સંખ્યા સાંભળવામાં આવી નથી.

આપણા ટાપુ ખાતે, કોટમાં, પરશોતમ ચીમાજી, અથવા પીઠાંના મોહલ્લા અંદર, મરહુમ હીરા લાહેરના ઘેરથી તે છેક પારખની ચાલ સુધીની બધી મીલકતો ખરીદ કરીને તે ઉપર એક મજબુત ઈમારત જે બંધાવીછે, ત્યાં, રોજ ૨૦ મો, માહ ૯ મો, શેહનશાહી શાલે ૧૨૩૨ યઝદેજરદીએ, પોતાના મરહુમ પીતા શેઠ જંહગીરજીની નઈયતે, આતશ આદરાંનને તખ્તે બેશડાવી, ત્યાંના તમામ જરથોસ્તીઓની સગવડ સાચવી આપતાં, સવાબનો મોટો હંબેરો હાંશલ કરી લીધોછે; અને તે કામ સંપુર્ણ થતાં સુધી, સઘળા મલીને રૂ. ૬૪,૩૦૦ જે થયા તે ઉપરાંત, તેના જથુક નીભાવસ માટે, રૂ. ૪૦,૦૦૦ ની સરકારી વીઆજુકી નોટો, અલાહેદી કાહડીછે તેની ઉપજમાંથી દર સાલે જરૂરીયાત જોગનો બધો ખરચ મલ્યા જાયછે. અનેક કામમાંથી, મજકુર બાઈની સાથે, તેણીના મેહરબાન માતાજી માણેકબાઈએ પુનનો હીસ્સો હાંશલ કીધેલો સંભળાયછે.

એ ઉપરાંતબી, શેઠાણી મોટલાંબાઈની માયાવંતી મેહરબાનીથી, સુરતનાં કેટલાંક પરગણાં તથા દમન ખાતેના

આતશ આદરાંન અને દાદગાહનો ખરચ જે ચાલુ રેહ-લોછે, તેનોતો ચોકસ હીશાબ મલ્યોજ નથી; અને તે-ણીની હઈયાતી સુધી હજી બીજાં ઘણાંક પુનવંતાં કામો જે થવાનાં હોય, તેની અગમચેતી આપ્યા કરતાં, આશા-વંતાઓની તે બાઈના આસરાની વકીપર રાખવાનું બેહ-તર સમજીએ છીએ.

---

## THE LATE MESSRS. JEHANGEER AND MANECKJEE NOWROJEE WADIA.

THE following account has been taken from a "narrative of a voyage round the world," during the years 1835-36-37, including an embassy to the Sultan of Muscat and the King of Siam, by W. S. W. Ruschenberger, M. D., Surgeon to the Expedition:-

We made frequent visits to the counting-house, or office of Messrs. Jehangir and Maneckjee Nowrojee, Parsee merchants, who transact all American business at Bombay. They always greeted us kindly and rendered all the services we required at their hands. Their office is a low building, situated a little back from the highway on one side of the "Green." In front are always seen a number of palanquins and their naked bearers, lounging upon the ground in the shade, awaiting their masters. In a small front yard, planted with trees, we saw a number of boxes with the seams or joints pitched, into which they were packing a variety of drugs. Clerks and coolies were seen busy in taking account of, and weighing them,

while a number of women were seated on the ground, under a shed, sorting gum arabic, myrrh, assafœtida, nut-galls, gum-copal, &c., by picking out the larger pieces, or sifting the smaller fragments from the dust. On the left is a wooden platform, raised a foot or two from the ground, upon which were seated half a dozen clerks *à la Turque*, using their knees as a desk, with small chests of coin before them. This is the bank of the house, where money is paid, changed or received. Several Parsee and Bannia merchants, and as many *Dubashes*, bearing umbrellas under their arms, were loitering about the door, ready to do the bidding of their masters. Maneckjee, the younger partner, dressed in a white muslin frock, the high cap of his tribe, full pantaloons of scarlet silk over fine white socks, and long-pointed shoes, sat in a well-cushioned chair, beneath a small *punkah*, kept waving over his head, conversing with two or three American or European supercargoes, who were reclining on sofas around him. Such was the scene I now allude to, and such it appeared every day.

At our request the shawl-merchants and vendors of Persian rugs were sent for, and in a few minutes, twenty coolies, bearing on their heads great bundles, done up in white muslin, passed into an adjoining room, followed by half the number of Eastern merchants, and half-a-dozen brokers, or appraisers. The bundles were speedily united, and a thousand shawls from Cashmere were revealed to

our inspection, each merchant drawing forth and exhibiting his goods, lauding their beauties and qualities in the Hindustani, no matter whether understood or not. The scene is an exciting one, for they all talk at once. One throws a splendid shawl over his shoulders, and struts to the light to show it off, at the same time looking backwards, and calling attention to its merits; while another, holding a shawl upon his outstretched hands, leans forward over his pack, looking you in the face, beseeching you to feel how soft is its texture, to examine the border and the beauty of its colours. One is bewildered with such a display, and I can imagine that a young lady might be crazed at the sight. Here were long shawls, square shawls, large and small, of pure white, green, blue, yellow, range, red, and black; some having four colours so nicely quartered, that, by care in folding, they might be made to show for as many different shawls. All were brilliant in colour and beautifully embroidered.

The prices of the shawls vary from one hundred to six hundred rupees, and of the scarfs, three yards long by a quarter wide, from six to twenty rupees, according to quality. The merchants always demand two or three times these prices, but to adjust all differences on this subject, it is referred to a broker or appraiser, whose opinion is received as final. When the matter is about being decided, the merchant and broker take each other

by the hand, beneath the shawl under consideration, and for a few moments look each other in the face, the former with an inquiring gaze, the latter with an air of indifference. In this manner intelligence is mutually conveyed in silence. Sometimes the broker ends the communication by tossing the shawl to the merchant with a gesture of contemptuous derision; or, by literally forcing it into your hands, announcing the price to be paid, while the merchant, as if unwilling to part with it on such terms, still retains his hold upon it, but almost always yielding to the appraiser's decision in the course of a few minutes. In our case, Maneckjee, whose word seemed to be law, very kindly told us to select whatever suited our fancies, and he would "settle the price."

## THE LATE MR. NUSSERWANJEE MANECKJEE WADIA.

THE following passage has been taken from the "Journal of a residence, of two years and-a-half, in Great Britain," by Jehangeer Nowrojee and Heerjeebhoy Merwanjee, of Bombay Naval Architect:—

Nusserwanjee Maneckjee, also a member of the same Lowjee Wadia family, encouraged French commerce, and his son, Jehangeer Nusserwanjee, carries on the same business. Almost all French ships that come to Bombay are consigned to him, as also French ships-of-war, and the creditable and regular manner in which he conducts the business

has excited the approbation of his Majesty, the king of the French, who sent him a very handsome present of a gold medal, and deputed the celebrated Marshal Soult to write to him and to say that it was a special mark of the King's favour. In addition to this, he has the American ships consigned to him, so that it may not be presumptuous to state that our family has been very instrumental in promoting the commerce and the prosperity of Bombay.

---

## જાંહગીરજી નસરવાંનજી વાહડયાના છોકરાઓની કમપની.

શેર અને સદાથી જે ખાનાંખરાબી મુંબઈમાં થઈ તેની ચોપડીનો બનાવનાર નીચે મુજબ લખેછેઃ— ઈસવી સને ૧૮૬૪,૬૫ ને ૬૬ નાં બર્યકાર લોભ અને બે બચ્ચા વેપારના વરસમાં જે જે જાણવા જેગ પારસી ઘરથોએ અથવા પહેડીવાળાઓએ, પાકી સમજ અને ધીરજ રાખી, પોતાના વેહવારનો નીભાવ અને આંઠ હોરમતનો બચાવ કરૂયો હતો તેવો વીશે ટુક યાદી.

ઉપલાં નામની પેહડીમાં નવરોજજી તથા નસરવાંનજી જાંહગીરજી વાહડયા નામના બે ભાઈઓ ભાગ્યા છે; અને એ ભાઈઓએ "મોટલી બાઈ" નામના પોતાની માતાના ઉપરીપણાં હેઠળ, આજ કેટલીએક મુદત થઈ, વેલાત, ફ્રાન્સ, કલકતા, અને બીજા દેશાવરો ખાતે મોટું કામકાજ ચલાવ્યું હતું. પણ ગયાં ત્રણ વરસથી જે બલાનું વાદલ મુંબઇને માથે ઘુમતું

હતું તે વાદળે જ્યારે ફાટવાનું શરૂ કીધું અને ખરાબીના છાંટાઓ ટપકવા લાગા તેજ વખતે ઉપલી બાઈએ, પોતાની તદબીર અને સાવચેતીનું છતર, પોતાનાં ફરજંદોને માથે ધરી, સને ૧૮૬૫ માંજ, તમામ જાતનાં લેણદેણોનાં કીચ્ચણમાંથી પગો મોકલા અને હલકા કરાવ્યા હતા. તેથી, જ્યારે ૧૮૬૬ માં તે વાદળે ફના અને ફજેતીનું વમલ ચોતરફ ફેલાવ્યું ત્યારે, એ લોકો સલામતીના કીનારાપર નીરાંતે બેસી તમાસો જોતા હતા. જે કોઇબી પારસી ગ્રસ્થ આજે, દોલત અને મીલકતના બાબમાં સરસાઈ અને મોટાઈનો દાવો, જણવા માંગેતો તે ઉપર કહેલા સખસોનો છે, અને આજના નાશકારક વખતમાં એટલી મોટી દોલત અને હોરમતને બચાવવાનું માંન અને શાબાશી ઉપર કહેલી પારસી બાંનુનેજ ઘટે હ્યેછે તેમાં કસો શક નથી. ઉપર કહેલા બેઉ ભાઈઓ, પોતાની માતાના હોકમને, સદા તાબે રહેતા આવ્યાછે, અને એજ મુજબ બચ્ચાંઓ જ્યારે, પોતાની દાનાવ માતાનાં ફરમાંન મુજબ ચાલી, તેને માંન–આદરમાંન આપે ત્યારે ઉપર કહેવાં જેવાં સારાં પરીણામો નીપજે તેમાં અજબ શું ? પણ જે ફરજંદો પોતાના માતાપીતાની સલાહ અને મરજીથી ઉલટાં ચાલેછે તેવો હર વીપતથી હારમાર અને હર બલામાં ગીરફતાર થયા વીના રહેતાં નથી.

## ગયાં ૯૧ વરશોપર સુરતમાં પડેલા મોટા દુકાલની વખતે વાહડયાજી શેઠો માંણેકજી તથા શેઠ નોશરવાનજીએ કીધેલી મોટી બખશેશની યાદી.

"સત્ય મીતર તથા હખ મજ્જદયસ્તનનામ", પોતાનાં તા૦ ૨૨ મી જુલાઈ, ૧૮૮૩ નાં પત્રમાં લખેછે:— હાલના વખતમાં, શુરતના ગરીબ લોકો ઉપર ગુજરેલા આફતની વખતે, પારસી કોમમાં મોટાં માંન અને મોટા મહલાજાથી રહેનારાં પેલાં વાહડયા ખાંનદાંનના બાઈ મોટલાંબાઈએ રૂપ્યા ૧૫,૦૦૦) ની બખશેસ કરી છે, તેથી ઘણાએક લોકોમાં અચરતી ઊપજી હતી. પણ જણાવવાને મોટી ખુશાલી ઉપજેછે કે, એવી બખશેસ ગોયા બાપ-દાદેથી ઊતરતી આવેલી જણાઈ છે. સંવત ૧૮૪૭ નાં સાલમાં, યાને ગયાં ૯૧ વરસની વાત ઉપર, ગુજરાત અને શુરત તરફ અનાજનો મોટો દુકાળ પડયો હતો ત્યારે એજ પરોપકારી બાંનુ, બાઈ મોટલાંબાઈના સુરજી મરહુમ શેઠ માણેકજી અને નોસરવાંનજી વાહડયાએ, મુંબઈથી વાંહણો ભરીને, બંગાલી ચોખાની ગુણો, સુરત ખાતે મોકલીને હજારો માણસોના જન બંચાવ્યા હતા, તેની યાદગારીનો એક અસલ લેખ અથવા પતર, એક મીત્રની મેહરબાંનીથી, હમારા વાંચવામાં આવ્યો છે, તેની ખરી નકલ નીચે પ્રગટ કરવાને હાલ હમોએ ઘટતું વીચારયુંછે. એ ગયાં ૯૧) વરશોની મુદત ઉપર સુરતથી લખાઈ આવેલો અસલ પત્ર હાલ હમારી ટેબલ ઊપર પડેલો છે, તે જોવાની અથવા વાંચવાની જે

શખસોની ખાહેશ હોય તેઓએ આજથી દીન આંઠની મુદતમાં તેમ કરવું. એ પત્ર પારેખનાં ખાનદાનના મી૦ રતનજી માણેકજી નામનાં ઇસ્થે સુરતથી શેઠ માણેકજી નવરોજી વાહડયાજી ઉપર મુંબઈ ખાતે મોકલ્યો હતો તે હેઠળ જણાવ્યા મુજબનો છેઃ—

---

## વાહડયાજી શેઠ માણેકજી ઉપર શેઠ રતનજી પારખે, ગયાં ૯૧ ) વરસ ઉપર, સુરતથી લખી મોકલેલો પત્ર.

"સવસત શ્રી મુંબઈ બંદર માહશુભસતાને પુંજરાધે સર્વ ઉપમા જોગ સદા સોભાગ નેકનામ નેકં નઈઅત, નેકબખ્ત, મુરબીજી મુરબી વાહડીયાજી માણેકજી નવરોજી, એતાન શ્રી શુરત બંદરેથી લખતંગ શેવક હમેશાંનો દુવાગીર, તકસીર માફ, પાંડખાખ, પારેખ રતનજી માણેકજીની યાજદાં પનાહબાદ વાંચજોજી. જત યાંહ તાજગી છે, મુરબીજીની તાજગીના કાગળ પત્ર હમેશાં લખતા રેહજે જેથી જીવને મલ્યા. જેટલો આરામ થાય. અલે બીજું સમાચાર એ છે જે, મુરબી સાહેબે કાગળ ૫) મોકલાવ્યાં છે તે મુરબીજી સાહેબને નામે કાગળ ૧) મીસ્તર ગરેફીત સાહેબને આપ્યા, તે કાગળ વાંચી તે ઘણો ખુશી થયો, ને કેહવા લાગ્યો જે માહરો ઘણો કરીને સલામ લખજે, ને તાહરી પાસે સર જનના કાગળ લખીને મોકલાવશ તે તું મોકલજે, ને લખજે કે તમે ઘણી નેકનામી કીધી, આલમ બધીને જીવતી રાખી, તાહરૂં વાહન આવવાથી ઘણીએક આલમ બધી તમારા હકમાં તથા તમારાં કરજંદના હકમાં ઘણીએક દુવા માગે છે,

ને બધી આલમને ઘર ઘણી ખુશબખ્તી થઈ ને ખોદાએ-તાલા કરશે તો બધી આલમની દુવા તમને કબુલ થશે. એ કરતાં જ્યાદે તરદ્દકી થાશે તે સત કરીને જાણજો. બીજું મુરબીજીને શું લખી જણાઉં, લખવામાં આવતું નથી. જે લખવામાં એ બધી આલમની હકીકત તમારા હકમાં દુવા કરેછે તે હમેાથી લખાયામાં આવતું નથી, પણ મુરબીજી જેવું આપરા નેાશેરવાન અદલે નામ કાહડયું હતું, તેજ રીતે તમારાં કરજંદ ભાઈ નશરવાન-જીએ નામ કાહડ્યું તે કાંઈ હમારી જબાનથી લખાયામાં આવતું નથી. તમારા કપતાંને પેાતે બધી આલમને પેાતે જેયાંછે આંખે, તેથી જુબાનથી સર્વ આલમ કરશે કે, તમારાં કરજંદની કેવી નેકનામી થઈ, તે બધી આલમપર માલમ પડયું, તે મુરબીજીને જણવાં આસરે સેજ લખી જણાઉંચ જે બધી આલમને ચેાખાની ગુણ એક, બંગાલી રૂપીયા આઠ લેખે આવીછે. સરવેને એજ રીતે, શું મેાહટાં ને શું નાહલાં, તે સરવેને એ રીતે આપીછે, તે મુરબીજીને જણવા સારૂ લખી જણાઉંચ. બેહેદીન શુરત મધેના તથા બેબેદ શુરત મધેના સરવેને પેાંહતું છે, તે સીવાય બાહેર ગામના લેાકેા, પારશી લેાકેા, ઘણાએક આવા હતા. શુરતથી ચેારાશી ગામના પારશી બધા ગરીબ લેાકેા મુરબીજીના નામ જણીને ઘણીએક આલમ બધી આવી પેાંહતી, કાંયજે બાહેરના લેાકેા તે પારશી લેાકેાને ઘણીએક તજદી હતી, તે હમેાથી કાંઈ લખામાં આવે નહી. પણ મુરબીજી શુરતથી તે વેલાત સુધી તમારી નેકનામી કંઈ લખામાં આવે નહી એવી થઈછે. હવે પછી લાખ રૂપીયાનેા ધરમ કાય નહી થાય

પણ એવી નેકનામી કોઈની થાય નહી, સા વાસતે જે કુલ આલમ બધી શુરતના શું હોંડુ, શું મુશલમાન. સરવે બધી આલમને પોંહતું છે. જેટલા ચોખાના દાણા તેટલી દુવા બધી આલમ તમારા કરજંદના હકમાં દુવા માંગેછે. બીજું મુરબીજીએ કાગળ એક નવાબ સાહેબનો મોકલાવેા હતો તે મુરબીજીના નામથી હમેા પોતે જઈને આપી આવા, તયારે નવાબ સાહેબે ઘણી કરીને સલામ લખાવી છે, ઘણીએક દુવા ભાઈ નસરવાનજીના હકમાં માંગી છે તે હમોથી લખામાં આવતું નહી. બીજું કાગળ ૧) બખશી સાહેબનો મોકલાવેા હતો, તે પણ તમારા નામથી આપેા હતો, તે વાંચી તે ઘણા ખુશી થયા, ને કેહવા લાગા જે તમારાં કરજંદનું નામ નશરવાનજી છે તે જોયા નશરવાન અદલ છે, એવી નેકનામી કોઇએ કાધી નથી, એ તમારાં કરજંદે કીધી. બીજું મુરબીજીએ કાગળ એક જકરીઆત ખાંજીનો મોકલાવેા હતો તે કાગળ હમેા તમારા નામથી આપી આવા, ઘણી કરીને તમારા હકમાં દુવા માંગી તે જણજો. બીજું મુરબીજીને લખી જણાવીય જે શ્રી શુરત ખાતે બીજું વાહન એક આવે તેા ઘણીએક નેકનામી છે. હમનાં તેા માસ એક સુધી તેા ચાલશે પણ આગલ દાહડા ઘણા લેવાછે વાસતે વાહન એક હરેક કોઈનું આવે તે શુરત ખાતે મોકલી દેજો, કાંએ કે શુરત મધે તમારા ચોખા આવવાથી દુકાલનું મોહડું ભાંજી નાંખુછે, તે સત કરીને જણજો. મુરબીજી ખોદાતાલા તમારી ઊમરમાં નેકી બખશે.

લા૦ રતનજી માણેકજીની સલામ વાંચજો
જત મુરબીજી માફ કરજો.
સંવત ૧૮૪૭ નેા કારતેગ સુદ ૧૧ વાર બુધે.

## મરનાર ભાઈ મોઠલાંભાઈનાં વડવાંઓનાં મરણોની નોંધ.

નીચલી ત્રણ મરત્યુકની નોધોને માટે શેઠ ખમનજી બેહરામજી પટેલને આભારી છઈએ:— જંહગીરજી નશરવાંનજી વાહડયા.— તા. ૧૯ મી મે, રોજ ૨૩, માહ ૭ (શે૦), ૧૨૧૨ યજ્દેજરદી.—હમો, મોટી દલગીરીથી, આએ શન્તાપભરેલું મરત્યુક; મુંબઈ ખાતાનાં મરત્યુકની ટીપમો, દાખલ કરયેચ કે ચાલતા મહીનાની તા. ૧૪ મી અને ગયા શુક્રવારની રાત્રે, આશરે બાર કલાકને અમલે, કોટ મધેનાં પોતાનાં રહેવાનાં ઘરમો, વાહડયાજી શેઠ જંહગીરભાઈ નશરવાંનજીએ, આશરે પદ્ વરસની વયમેં, ઘણા દીવસના કશટ ભરેલા માંડથી, આ ત્રણ પાંચ દાહડાની વગર ભરોશાની દુન્યાંમાંથી નીશરી, મીનોઈ આલમમાં જઈ, પોતાનો ચંદરો કાલ શુધીનો વાશો કરચો. એ મરનાર વાહડયાજીનાં નામીચાં, અને આય ટાપુનાં તથા હકુમત ચલાવનારાવોથી માંન પાંમેલાં, ખાનદાંનમાંનો નામીચો અને નમનતાઈ ભરેલો સારા સ્વભાવનો, ભોલાં મનનો, અને શાફ દીલનો એક પુરશ કે જે વેપારનો મોટો ઠામ અને વેહવારનો મજ્બુત કોટ હતો. એ મરનારનાં વાહડયાજીનાં નામની જે આલખાંણ આપ્યેતો તે જીનતવાશી લવજી વાહડયાનાં વંશથી છે; કે તેનેથી આખા પારસી ટોલાને નાંમીચું નાંમ અને મોટું માંન મલ્યુંછે; કે જેની યાદ, વરશો ગુજરી ગયાંચ તોપણ, હર વેલાએ, નાંધલાંથી તે મોહટાનાં મોહડાં આગળથી ખીસતી નથી; કે જેની નેકનાંમીનો, એક બાલક વટીક પણ, એકરાર

કરેછે; તેવા નામીચા ધણીના વંશનો, અને તેની બુર્જ-
ગીને લાયકનો, એ મરનાર ધણી હતો, કે જેણે, પોતાની
રહેમદીલી ભરેલી સુચનાંથી અને સારી કલ્પનાથી,
ફ્રેન્ચ જેવી મોટી પાદશાહતથી માંન અને નામ મેલવ્યું-
છે. એ મરનારે, ચંદ્રને જેવાં ઠંડાં અજવાળાંની પેઠે,
આય ટાપુનાં શું નાંધલાં કે શું મોટાં, જેવોએ એ ધણી
સાથે વહેવાર રાખ્યોચ, તે સઘળાંઓનાં દીલને, પોતાથી
બની આવ્યુંચ ત્યાં સુધી, ઠંડકનો આશેબ પોંહચાડ્યોછે,
તેથી કરીને, આ ટાપુનાં અકશર લોકના દીલમાંથી, એ
ધણીના માયા ભરેલા મીજાજને લીધે, પરોપકારી છે,
એવા શબ્દો નીકળતા આવ્યા છે. મરનાર પોતે એટલો
તો પ્રીતીવાળો હતો કે હરેક ધણી પોતાના દુઃખસર
જતો તો તેની વાત સાંભળી, પોતાથી બની આવતો તેવો,
ઉપાય કરવાને મહેનત કરતો, પણ કશી વાતે કંટાલતોતો
નહીં. એ મરનારે, પોતાની મીત્રાચારીનો ગાંઠ જેવોની
સાથે નાંધપણથી બાંધ્યો હતો તે, એવીતો પ્રીતીથી
મજબુત કરયો હતો કે તેને, પોતાના શેવટના દીવસ
સુધી, છોડયો નહીં, અને તેજ પ્રમાણે, એ મરનારે,
આય ટાપુના મોટા મોટા અંગ્રેજી 'જેંટલીમેંન' વેપા-
રીઓ સંગાથે, પોતાના સારાં શ્યાંણપનનાં બળથી, મીલા-
ચારીની માયા મેલવી હતી. તેણે એટલું તો જોર
પકડયું હતું કે તે 'જેંટલીમેંનો'નું બહોલા વેપારનું અકસર
કરીને આખું કામ, એ મરનારની સારી બુદ્ધીપરથી,
ચાલતું હતું. એવું જે કાંઈ બનેચ તે, માયા ભરેલાં
મન તથા વગર કપટનાં દીલ તથા અમીરી સ્વભાવ
અને ખરેખરી ઈમાનદારી સીવાય તથા નામીચું નામ

મેલવ્યા વીના, બનતું નથી. એ મરનાર, આ ટાપુના અંગ્રેજ બજારમાંના, અકસર કરી નાંધલા વેપારીઓનો, પ્રીતીવાળો પીતા હતો કે એવા ધણીના મરણ પાંમવાથી, તેનાં બહોલાં અને નામીચાં માંન પાંમેલાં કુટુંબને તથા ઉપર લખેલાં બંજારમાંના ઉપર કહેલા વેપારીઓને, મોટો ધોકો અને અપરંપાર સંતાપ સાથેનું. મોહટી સુચના ભરેલું, દુઃખ પહોંચ્યુંછે કે તે લોકોના મનમાં, એ મરનારના ગુણની યાદ, એવીતો ઉતરેલીછે કે તે જ્યાં શુધી જીવશે ત્યાં સુધી મનથી મેલશે નહીં અને જ્યાંથી ભુલશે નહીં. એ મરનારના સોખમાં, અંગ્રેજ બજારમાંના તથા ચકલામાંના પારસી તથા બીજા દુકાનદારોએ, સરેસતા પ્રમાણે, અરધી દુકાનો બંધ. રાખી હતી.— "મુંબઈ સમાચાર," ૨૧ મી મે, ૧૮૪૩.

**માણેકજી નવરોજી વાહડયા.**—તા. ૧૪મી નવેંમબર, રોજ ૧૬ મો, માહ ૨ (શે૦), ૧૨૦૭ યજદજરદી.—હમને લખવાને અને પ્રગત કરવાને ભારે કકલાટ લાગેચ કે, તા. ૧૪ મીની, ચાલતા મહીનાની, રાતે, પોતાનાં રહેવાનાં ઘરમાં, બે દહાડાની દુસ્ત રનેપાતના તાવના માંડથી, એકાએક અને અચબુચ, ૨૭ વરસની વયમાં, વાહડયા શેઠ માણેકજી નવરોજીએ, આએ જુઠી માયાની અને વગર ભરોસાની જગતમાંથી નીસરીને, વઈકુંઠવાશી લોકોમાં, જીવેદાન શુધીનો પોતાનો વાશો કીધો. એ મરનાર, વાહડયાજીનાં નામીચાં ખાનદાંનનો અને સર્વગવાસી વાહડયા નવરોજીનો, એકજ પુરો પુત્ર હતો, અને વેપારનાં કામમાં સારો, ચંચલ, અને માહીતગાર હતો. આપણા ટાપુની મેસરસ. નીકલની

કમપનીની અને મેસરસ. બરનની કંપનીની પહેડી-ઓની દલાલીનું મોટું કામ, અને તે સાથે પોતાનો બીજો બહોલો કારભાર, સીધા વહેવારથી, ચલાવતો હતો તેથી કરીને એ મરનારની થોડા દહાડામાં લોકોમાં મોટી વખાંણ ચાલી હતી. એ મરનાર જાતે ખરો અને સીધો બાપદાદા પરદાદાથી આ ઠાપુમાં એક શેઠયો હતો અને, એ મરનારના લાંબા કારભારને લીધે, એ મરનારની દોલતે, ઘણાંક માણસની રોજી અને ગુજ-રાંણ, ચાલતુ હતું. એ મરનારનાં બર જવાંનીની વયમાં મરવાથી મરનારનાં કુટુંબ અને પરીવારમાં આકત સરખું દુઃખ અને સંતાપ ઉપજ્યોછે, કે તેથી કરી એક પલબી કલેજાંનાં મીહીનાં આંજુથી તેણાંની આંખ સુકાતી નથી. એ દુઃખ અને સંતાપ એવો ઉપજ્યા છે કે તે કસું મનથી મેલનાર નથી અને હ્યાંથી ભુલનાર નથી. વળી એ મરનારના મીલોંને પણ માટી ઉદાસી અને નાખુશી પેદા થઈ છે. એ મરનારના સારા ગુણ ઉપરથી, મરનારના શોખમાં, ગઈ કાલે, અંગ્રેજ બજરના વેપારીઓએ, પોતાંની દુકાંનોનાં અરધાં બારણાં, બંધ રાખ્યાં હતાં. એ મરનારનાં નાંમ લેણારો હાલમાં, આસરે ૬ મહીનાની વયનો, એક પુત્ર છે; વાસતે હમારી તરફથી રૂડા આશીરવાદ એજ છે કે એનાં વડ-વાંઓનાં પુન એ બાલકને આડાં આવે અને પરમેશ્વરની કૃપા એ બાલક ઉપર ઉતરે કે તેથી કરી સ્વર્ગવાશી અને ધરમાતુ નશરવાંનજી વાહડયાનાં ખાનદાંનનું નામ લેણું જાવેદાંનસુધી, આ જગતમો, મોટાં નાંમસાથે, કાયમ રહે.—"મુંબઈ સમાચાર," ૧૬મી નવેંમબર, ૧૮૩૭.

Mr. Jehangeer Nusserwanjee Wadia.—19th. May, 1843.—At two o'clock, on the morning of the 20th. instant, at his residence in the Fort, in the 56th. year of his age, died Mr. Jehangeer Nusserwanjee Wadia, after a short but severe illness. The deceased was well known in Bombay as one of the most respectable natives who had, for so many years, carried on a most extensive business, in a highly creditable manner, as a merchant, agent and broker. His family ranks high amongst the Parsees of Bombay, and of the hundreds of Parsees assembled to do honour to his mortal remains, not one went away with dry eyes. Such was his acknowledged worth, his kindness of heart, his generosity and his benevolence, that almost all his acquaintances and relations feel as if they had been deprived of a father or a brother. In him the Parsees have lost one of the principal members of their tribe, and the world, a good man. He has left, as heirs to his numerous estates and large fortune, two infant grandsons, the children of a widowed daughter. They—also a most numerous circle of friends—now bemoan their irreparable loss. On a late occasion he received a gold medal from the present King of the French, with a letter of thanks for the many important services and assistance he had rendered to all the French vessels trading with this port. For his many acts of beneficence and generosity his memory will long survive in Bombay.—*Gentlemen's Gazette, 22nd. May,* 1843.

---

## મરનાર મોટલાંબાઈ અને સુરતનું મોદીવાળું આતશબેહરામ.

શ્રી સુરત મધેના મરહુમ શેઠ દાદાભાઈ નસરવાનજી મોદીવાળાં આતશબેહરામ સાહેબના કેબલાને પરઠી પાછા તેમના અસલ ધુંબજ્જાં મુકવાને, તા૦ ૨૦ કેબ્રુ-

વારી, સને ૧૮૯૭ ને દને, થયલી કીયાનો ટુંક હેવાલ, જરથોસ્તી કોમનાં લોકોની જાણને માટે, એ ફંડના હાલના ટ્રસ્તીઓ, શેઠો જમશેદજી બમનજી વાહડયા, પેસતનજી હોરમસજી બમનજી વાહડયા, અને બમનજી હોરમસજી બમનજી વાહડયા, એઓએ છપાવી પ્રગટ કર્યો છે.

સુરતનું શાહાનશાહી આતશબેહરામનું મોટું કુશાદે મકાન, શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીની કબ્જા બાદ, એ મરહુમ શેઠનાં ધણીઆણી, બાઈ જઈજી તે શેઠ હોરમસજી બમનજી વાહડયાનાં બેહને, પોતાના મરહુમ ખાવીંદના પુનને માટે, તેવનની પુંજીમાંથી, રોજ ૧૭ મો, માહ ૨ જો, શેહેનશાહી સને ૧૧૯૩ યઝદેજરદી, તા૦ ૧૯ મી નવેંબર, ૧૮૨૩ ને દીને, આતશ પાદશાહને તખ્તનશીન કરવા હતા, અને એ મકાનનો સર્વે વહીવટ, પોતાના ભાઈ શેઠ હોરમસજી બમનજી વાહડયાને, સપુરદ કરયો હતો, અને ત્યાર બાદ, એ મકાનનો કુલ વહીવટ, તેઓના હાલના ખશીઓ, જેઓ હાલના ત્રસ્ટીઓ છે, તેઓ એક 'ત્રસ્ટ ડીડ' કીધેલાંની રૂહે હાલ, ત્રસ્ટી તરીકે, ત્રસ્ટ ફંડમાંથી કરે છે તે મકાનમાં સારી મરામત કરવાનું હાલના સમય પ્રમાણે દુરસ્ત લાગવાથી, એજ કુટંબનાં સખી વજુદ બાઈ સાહેબ મોટલાંબાઈ જહાંગીરજી વાહડયાએ, ત્રસ્ટીઓની કરમાશથી, આશરે રૂ૦ ૯,૦૦૦) ખરચી, મરામત કરાવી છે, અને હવે પછી એ સખી વજુદ બાઈ સાહેબ, એ કરતાં પણ મોટી રકમ, એ આતશબેહરામનાં વહીવટનાં ફંડમાં ઉમેરો કરવા સારૂં, આપવાનો ઈરાદો રાખે છે. એ મરામત ચાલી તેટલો

વખત, આતશબેહરામ સાહેબને જુદા ધ્યુંબજ્માં લઇ જવાની જરૂર હોવાથી, તે માટે, એજ કમપાંઉંડમાં, ખાશ ધ્યુંબજ, આશરે ૩૦૩,૦૦૦ નો ખરચ એ ફંડમાંથી કેરી, તેમાં રાખ્યા હતા. હાલમાં સઘણી મરામત પુરી થયાથી, અસલ ધ્યુંબજ્માં, એ પાક આતશને પાછા પરઠવાની ક્રિયા. શેહેનશાહી રોજ અરદીબેહસ્ત, માહ આદર, સને ૧૨૬૬ યજ્દેઝરદી, અને તા૦ ૨૦ મી ફેબરવારી, ૧૮૯૭, ને વાર સનેઉને દીને, સહવારનાં સાડા દસ કલાકે, ઘણા દબદબા સાથે, કરવામાં આવી હતી, જે ક્રિયામાં ભાગ લેવાને બાઈ સાહેબ મોઠલાંબાઈના સાહેબઝદાઓ, શેઠો નવરોજ તથા નશરવાંનજ વાહડયાજીઓ, પોતાના કેટલાક મીત્રો સાથે, મુંબઈથી આવ્યા હતા, તેમની હાજરીમાં, આખી સુરતની જરથોસ્તી અંજુમન, તથા તે શીવાય, મુંબઈ વગેરેથી આવેલા ઘણાક જરથોસ્તીઓની ભારે ઠઠની રૂબરૂ, સરદાર દાવર એદલજી ખુરશેદજી મોદીનાં સરનશીનપણાંથી, કરવામાં આવી હતી. એ પ્રસંગે, જસનની ક્રિયાની આગેવાની, દસ્તુરજી રૂસ્તમજી જમશેદજીએ, ઘણી ગંભીર રીતે, કરી હતી, અને, એ જસનમાં, બીજા સર્વ દસ્તુરો તથા મોબેદોની, મોટી સંખ્યાની સામેલગીરી હતી, અને દસ્તુરજી નશરવાંનજી, પોતાંની નાંતવાંન દેહ છતાં, એ ક્રિયામાં હાજર થયાં હતા. જસનનું આકરગાંન પુરૂં થવા બાદ શેઠ નવરોજી માણેકજી વાહડયાજીએ, દસ્તુરો તથા મોબેદોને, એલતેમાંશ કરી કે હાલની મરકી દુર થવા માટે તથા અંગ્રેજી રાજની સલામતી માટે. પાક યઝદાં પાસે દુવા ચાહવી. એ ઉપરથી, દસ્તુરજી રૂસ્તમજીએ, કેટલાક અસરકારક બોલોમાં, કહી સંભળાવ્યું.

સરદાર દાવર એદલજી મોદીએ, મુંબઈવાળા વાહડયા શેઠો નવરોજી તથા નશરવાંનજીને તેઓનાં માતાજીની, આસરે રૂ૦ ૨,૬૦૦,૦૦૦ ની, બોહળી સખાવત તથા આ આતશબેહરામની બાબદમાં.. અનજુમન ઉપર થયલા તેમના આભાર બાબદ, બે સબુનો જાહેર કીધા, અને મોદીના વડા સાહેબજાદા (શેઠ કબુશરૂ)એ, સુરતની અનજુમન તરફનું, સેંકડો સહી સાથનું, બાઈ સાહેબ મોઠલાંબાઈ જોગું માનપત્ર, નીચે પ્રમાણે, વાંચી સંભલાવ્યું:—

નેકનામ, ઈજ્જતનીશાંન અને સખી વજુદ બાઈ સાહેબ મોઠલાંબાઈ, તે મરહુમ શેઠ જહંગીરજી નશરવાંનજી વાહડયાજીનાં બેટી, જોગ,—લખતંગ, નીચે સહી કરનારા, ખેર અંદેશ સેવકો, દાવર એદલજી ખુરસેદજી મોદી, વગેરે, સુરતની અનજુમનના યઝદાં પનાંહ બાદ વાંચજો. જત હમારાં, સુરત શેહેરમાંનાં. મરહુમ શેઠ દાદાભાઈ નશરવાંનજી મોદીવાળાં, વાહડયાજીનાં નામથી ઓલખાતાં, આતશબેહરામ સાહેબનાં પુરાતન મકાંનની મરામત, તેના ટ્રસ્તી સાહેબો, શેઠો જમશેદજી બમનજી વાહડયાજી, પેસ્તનજી હોરમજી બમનજી વાડયાજી તથા બમનજી હોરમજી બમનજી વાહડયાજીની એલતેમાંશ ઉપરથી, તમો નેકનામ બાઈ સાહેબનાં સખી દીલથી આપેલી, રૂપ્યાની એક મોટી રકમથી, મનમાંનતી રીતે થઈ છે. વળી, હજી પણ જોઈતો ફેર-ફાર અને મદદ, તમો બાઈ સાહેબ, ખોદાની બખશીશથી, કરી શકશો ને કરશો એવી પાકી ઉમેદ અને ખાત્રી છે. હાલ, થોડી મુદત થઈ, સરકારી લોનના વ્યાજનો ભાવ,

નામદાર સરકારે, ઓછો કરવાથી, આ મકાનની જાલવણી અને જાથુકના ખરચનું ફંડ, આંમંદાંનીમાં, ઘણું કમતી થઈ ગયું છે. એ ખબરે તો તમો સખી બાઈ સાહેબ જાણતાંજ હશો, માટે, તે ઉપર, તમારૂં ધ્યાંન ખેંચવાની રજા લઈએ છઈએ. હમારા, સુરત શેહરના, જરથોસ્તી અનજુમનના, આતશ પાદશાહને માટે તમો બાઈ સાહેબે, ખોદાતાલાની બખશેલી પુંજીમાંથી, પોતાનાં પુંન અર્થે, ખરચ કરયો, તે લીધે, હમારી અનજુમનને, તમારા મોટા આભાર તળે, લાવ્યાં છો, અને તે માટે આ ઉપકાર-પત્ર, હમો સર્વે જણ, દીલોજાંનથી, તમોને લખીને ખુશીથી મોકલ્યે છઈએ. તમારૂં વાહડયાજીનું કુટુંબ અસલ હમારાં સીંગણપોર ગામનું (રહીશ) છે, અને, મુંબઈમાં, જે સર્વથી પુરાતન ખાંનદાંનો આગેવાંન છે, તેમાંનું એક, મોટું તથા નામીચું, આજની ઘડી સુધી, પોતાંનો મોભો અને માંન જળવીને, રહેલું છે, અને તેમાં, આવાંનેક તથા ધર્મનાં કાંમો કરી, રોજ-બરોજ, કીરતીમાં, ઉમેરો કરતું જાય છે. આ બીનાં, હમારી સુરતની, બલકે મુંબઇની પણ, આખી જરથોસ્તી કોમને, ખરેખરી અને વાજબી મગરૂરીનું કારણ છે. તમો નેક નામ બાઈ સાહેબને, પરવરદીગારે, મોટી પુંજી બખશી છે તેમાંથી, જ્યારે તમારી પુશકળ ખાંનગી સખાવતોનો ખ્યાલ બાજુએ મુકી, ફકત જે જાહેર અને સર્વને રોશન છે તેવી સખાવતોનો વીચાર કરયેચ ત્યારે, એકંદરે, એક પાદશાહી રકમ, સરવાળે, જણાઈ આવે છે, જે, બીજા સખી જરથોસ્તી નરોની સખાવતો જોડે સરખાવતાં, કાંઈ કમતી જણાંતી નથી. રૂ૦ ૨,૬૦૦,૦૦૦ ની રકમ તે

કાંઈ થોડી નથી, અને, તે જોઈને, હમારા જીવને, પુરેા સંતોષ અને હરખ થાય છે. તેમાં વળી જ્યારે બારીકીથી જોઈએ ચ તેા, એ સખાવતનેા મોટેા જહરેા, આપણા જરથેાસ્તી ટોળાનાંજ ભલાં કાજે, વહેલેા જણાય છે, તેથી હમારી ખુશી અને સંતોષ, કુદરતી રીતે, જદા વધી પડેછે. એ તમારી સખાવતેાની ટીપ તેા મોટી થઈ પડે, પણ, જે મેહનજ હમારી જાણમાં છે, તેની નોંધ, નીચે ટાંકી બતાવ્યે છઈએઃ—૩૦ ૧૫,૦૦૦ સુરતની મોટી રેલ વેળા; ૩૦ ૨,૦૦૦ સુરતનાં આગનાં કુંડમાં; ૩૦ ૩,૦૦૦ સુરતમાં, રેલવખતે, અનાજ માટે; ૩૦ ૧,૧૦૦ સુરતમાં, નાનપરાની પાલીયા મોહલ્લાની, અગીઆરી સમરાવી તેના ચાલુ ખરચ સારૂં; ૩૦૧,૫૦૦ સુરત, ગોપીપુરાની અગીઆરીના ચાલુ ખરચ સારૂં; ૩૦ ૫,૦૦૦ સુરતનાં કરંજ ગામમાં, સગડી બંધાવી તથા ચાલુ ખરચ માટે; ૩૦૧,૦૦૦ સુરતનાં ભગવા ગામમાં રસ્તેા બંધાવી આપ્યેા; ૩૦ ૧૮,૦૦૦ સુરતનાં કરંજ ગામમાં દવાખાનું બંધાવ્યું તે માટે; ૩૦ ૩૦૦,૦૦૦ ઉદવાડા ગામનેા રસ્તેા બનાવવા, આતશ પાદશાહનું મકાન, નવેસરથી બનાંવ્યું, તથા મોટી રકમનું વેહચાંણ કરવું તે સર્વ મળીને આસરે; ૩૦ ૨૦,૦૦૦ નવસારીની વડી દરેમેહર 'રપિર' કરાવી; ૩૦ ૩,૦૦૦મુંબઈમાં, ભગર સાથના મોબેદેાને ઉતારાનું ઘર; ૩૦ ૫.૦૦૦ભરૂચના પારસીઓને મુસલમીન હુલ્લડ વખત; ૩૦ ૧૫૦૦૦ ખેડા જીલ્લામાં મોટી રેલ વખત મદદ; ૩૦ ૫૫૦,૦૦૦ મુંબઈમાં, "બાઈ મોટલાંબાઈ આસપીટલ;" ૩૦ ૧૦,૦૦૦ માંહીમમાં દવાખાનું; ૩૦ ૨૫,૦૦૦ પારસી અબ્બલ મંજનલ મુંબઈનું કુંડ; અને ૩૦ ૬૦,૦૦૦ મુંબઈ, કાટમાં, પીઠાંના મોહલ્લામાં દરેમેહર.

હમારી અનજુમન દલગીર છે કે, કમાલ જઈફી તથા નાંતવાંનીના સબબથી, તમો નાંમવર, બાઈ સાહેબ, અલે, આતશ પાદશાહને, પોતાંનાં અસલ મુકાંમ ઉપર, પાછા તખ્તનશીન કરવાની સુભ ક્રીયા વખતે, જતે સાંમેલ થઈ શકયાં નથી. હમુને એકીન છે કે, આતશ પાદશાહની મદદથી, તમારી તનદરૂસ્તી તથા આઈઉ-શમાં, વરધી થશે, અને દીનપરદીન એવાંજ નેકનાંમીનાં, દીનદારીનાં તેમજ લોકોનું દુઃખનીવારણ કરવાનાં કાંમો બજાવવાને શકતીવાંન થશો. તમો બાઈ સાહેબના નેક નસીબ સાહેબજાદાઓ, આ ક્રીયા વેળા, તસદી લઈ, અતરે આવેલાની તક લઈ, તેનો મારફત, આ હમારા તરફનો ઉપકાર તથા માંનપત્ર, તમારા તરફ પુગાડવાને, હમોએ તેઓને સપુરદ કરયો છે. હમો, આ ખતમ કરતી વખતે, ફરીથી, તમો સખી વજુદ, દીનદાર તથા નેક ખસલ-તનાં બાઇ સાહેબનો, ઉપકાર માનીએચ, ને ખોદા પાસે, દીલથી, ચાહીએચ કે તમોને, તમારા નેક સાહેબજાદાઓ તથા કુલ વાહડયા કબીલા સાથે, સુખી, ખુશી અને આબાદી સાથે લાંબા વરસો સુધી કાયમ રાખે. આમીન!

મુકાંમ સુરત, રોજ ૯ મો, આદર માહ ૬ ઠો, શેહરે-વર, સને ૧૨૬૬, તા૦ ૨૨ મી ફેબરવારી, સને ૧૮૯૭,ને વાર શનેઉ.

એ માંનપત્ર, નકશીદાર ચમર પત્ર ઉપર, સુનેરી અક્ષરે છાપેલું, સારી કારીગરીનાં કોતરકાંમનાં સુખડની સુંદર પેટીમાં મુકીને, દાવર સાહેબે, શેઠો નવરોજ તથા નશરવાંનજી વાહડયાજીને,તેઓનાં માતાજીને આપવા સારૂ, સપુરદ કરયું, તથા સુરતની અનજુમન તરફથી, માંનની

ઈધાંની દાખલ, કીમતી શાલો, દાવર સાહેબને હાથે, શેઠો નવરોજ તથા નશરવાંનજી વાહડયાજીને, ઓઢાડવામાં આવી, તેમજ, એ વાહડયાજીના ખેશી, શેઠ પેસ્તનજી ઔંટીએ,બેહુનબાઈ ખરસેદબાઈ તરફથી, શાલ, દસ્તુરજી રૂસ્તમજી મારફતે, આપી હતી. અલેની અનજુમન તરફથી, બે શાલો, દાવર સાહેબ એદલજીએ, આતશબેહરાંમના ધુંધી ટ્રસ્ટી સાહેબો, પેસ્તનજી તથા બમનજી હોરમજી વાહડયાને, અર્પણ કરી, માંન આપ્યું હતું.

શેઠ નવરોજી વાહડયાએ, અનજુમનનાં માંનપત્રનો, જવાબ નીચે મુજબ આપ્યો હતોઃ—"નેકનામ શેઠજી સાહેબ સરદાર દાવર એદલજી જુરશેદજી મોદી તથા સુરત શેહરની જરથોસ્તી અનજુમનના સાહેબો,—તમો સાહેબોએ, આજ રોજે, જે માંનપત્ર હમોને નવાજેશ કરવું છે તેમાં હમારે માટે લખેલા લાયક સુખનોને સારૂં તમારો. ઉપકાર માંનુંછું. તમારાં શેહરનાં એ શેહનશાહી આતશબેહરાંમ સાહેબ, જે મરહુમ શેઠ દાદાભાઈ નશરવાંનજી મોદીનાં નામથી ઓળખાય છે, તે પરથાવનારાં બાઈજી અઈજી હમારાં ખેશી હતાં; એટલે, તેઓની સખાવતનાં મકાંનને, જે કંઈ અદના મદદ, ખોદાના હુકમથી, હમો કરી શકયા છીએ તે, હમારા મરહુમ ખેશી તરફની તથા આપણા પેદા કરનાર તરફની, હમારી ફરજ બજાવવા શીવાય, વધુ કાંઈ પણ કરવું નથી—બલકે, એવું પુનનું કાંમ કરવાને, હમારૂં ધ્યાંન ખેંચવાને માટે, મારા લાયકીવાળા કુટુંબીઓ, તે એ મકાંનના ટ્રસ્ટીઓનો, હું ઉપકાર માંનુંછું. હમારી અદના મદદથી, એ મકાંન, હમારા શેહરના, પુરાતન કેબલાને લાયકનું બનેલું જોઈ, હમોને

ઘણી ખુશી પેદા થઈ છે; અને એ કેબલો, હમેશ, તમારાં પુરાણાં શેહરના જરથોસ્તીઓનો મદદગાર થઈ, સર્વને તનદરૂસ્તી બક્ષી, તેઓના ધર્મ તરફના પાક આકીનમાં, વધારો કરે એવી હું, ખોદાની જનાંબમાં, દુવા માંગું છું.

મારી જઈફ ઉમર અને નાદરૂસ્ત તબીયતને લીધે, એ પુનનાં કાંમમાં, મારાથી, જાતે, હાજર થઈ શકાતું નથી તે વીશેની દલગીરીમાં હું ભાગ લંઉ છું; પણ, મારી જ્યાએ, મારા બેઉ વાહલા દીકરાઓ, એ ધર્મના કાંમમાં, સામેલ થયા છે. તમારી અનજુમને જે લાયક આવકાર દીધો છે તેને માટે, મારાં અંતઃકરણની ખુશીથી, ઉપકાર માંનું છું. એ પાક મકાંનના આલુ ખરચનાં ફંડમાં, વ્યાજના ઘટાડા વીશે, તમારી અનજુમને, મજકુર માંનપત્રમાં, જણાવ્યું તે વીશે, હવેથી, ખોદાની બક્ષીશથી, મારાથી બનતું કરવાની, હું કોશીશ કરીશ. છેવટે, આ ધર્મના કાંમમાં, સામેલ થનારા સર્વ જરથોસ્તી હમદીનોને, તેમજ, એ ધર્મનું કાંમ સરંજામ ઉતારવામાં મદદ તથા મેહનત કરનારા ભાઈઓનો, ઉપકાર માંનું છું, અને એવાં ધર્મનાં રૂડાં કાંમોમાં, હમેશ સામેલ થઈ, સવાબનો ઉમેરો કરતા રહો, એવી દુવા જે હું માંગું છું તે આમીન, આમીન, આમીન."

ત્યારબાદ, વાહડચાજીએ, પોતાની માતુશ્રી તરફથી, સુરતની અનજુમનના વડા સરદાર દાવર એદલજી મોદીને, માંનની ઈધાંણી દાખલ, એક શ્યાલનો જોતો, ભેટ આપ્યો હતો. દસ્તુરો નશરવાંનજી કેખશરૂ, રૂસ્તમજી જમશેદજી તથા કાવશજી નશરવાંનજીને, વાહડચાજી નવરોજીએ, શ્યાલ તથા સારી રકમની આસોદાદ આપ્યા

પછી, આતશબેહેરામના ટ્રસ્ટીઓ. શેઠો જમશેદજી બમનજી વાહડ્યા, પેસ્તનજી હોરમસજી વાહડ્યા તથા બમનજી હોરમસજી વાહડ્યા તરફથી, નીચે મુજબ, માનપત્ર, શેઠ પેસ્તનજી હોરમસજી બમનજી વાહડ્યાએ, વાંચી સંભલાવ્યું હતું:—

મેહરબાન નેકનામ શેઠજી સાહેબો નવરોજજી માણેકજી વાહડ્યાજી, સી. આઈ. ઈ., તથા નશરવાંનજી જંહગીરજી વાહડ્યાજી,—જત આજ રોજ, આ સુરતની અનજુમનના દબદબાભરેલા મેલાવડા વચ્ચે, હું મારા તરફથી તથા મારી સાથના ટ્રસ્તી સાહેબો, શેઠો જમશેદજી બમનજી વાહડ્યાજી તથા બમનજી હોરમસજી વાહડ્યાજી તરફથી, બે શબ્દનો બોલવાની રજા લઉં છું. આ સુરતનું શેહનશાહી આતશબેહરામ સાહેબ, મરહુમ શેઠ દાદાભાઈ નશરવાંનજી મોદીની પુંજીમાંથી બંધાવેલું, આસરે ૭૫ વરશનું, જુનું મકાન છે; અને તેનો વહીવટ, શરૂ દાહડાથી, આપણા વાહડ્યા ખાનદાનમાં ચાલુ છે. આ મકાનમાં મરામત કરવાનું કામ નીકલવાથી, હમો ટ્રસ્ટીઓએ, વિચાર કરયો અને જોકે બાહરના બીજા સદગ્રહસ્થો, મોટી ખુશીથી, એની 'રીપેર'નો ખરચ, પોતાની ગીરોથી, આપવાને માંગતા હતા, તોપણ હમોએ મનસુબો અને ઠરાવ કરયો કે જે મકાન, આપણા વાહડ્યાજીવાલું આતશબેહરામ, એવે નામથી ઓળખાય છે, તેની મરામત ઉપર, વાહડ્યા કુટુંબમાંથીજ, ખરચ થાય તો તે મોટી નામવરીનું અને ટેકભરેલું કામ ગણવામાં આવે, અને તે માટે તમો સાહેબોનાં નેક નામો, સખી વજુદ

પુનવંત માતાજી સાહેબ, મોટલાંબાઈજી, જેઓનું નામ જગત પ્રસિધ્ધ છે, તેઓ નેકનામે, તરત, હમારી અરજ કબુલ કરી, 'રીપેર' કામ કરવાને કુલ પરવાનગી આપી; અને હમો જણાવવાને ખુશી છઈએ કે તે 'રીપેર' તમામ પુરી થઈ છે અને તે ઉપર મોટી રકમ ખરચાઈ ચુકી છે અને તે આએ મકાનના હાલના દેખાવ ઉપરથી માલમ પડી આવે છે. એ વાહડચા કુટુંબનાં. નામને શોભા આપનારી તથા મગરૂર રેહવાને કારણ આપનારી બીના છે, અને એટલા માટે આ મેલાવડામાં, હમારા તરફથી,બાઈ સાહેબ મનજુરનો, જહેર રીતે,દીલોજાનથી, હમારી ફરજ મુજબ, ઉપકાર માન્યે છીએ, અને તમો સાહેબોને તસદી આપીને વિનંતી કરચે છીએ જે, હમારી તરફથી, આવી રીતના ઉપકારની કબુલાત જ્યારે તમો નામવર સાહેબ મુંબઈ પોંહચો ત્યારે તમારાં માતાજી સાહેબને, હમારી તરફથી, નમનતાઈસાથે, જહેર કરજો અને કેહજો કે એવાં સખાવતભરેલાં દીનદારીનાં કામો કરવાને, ખુદાતાલા, હજી પણ, તમો નેક ખસલતનાં બાઈ સાહેબને, તનદુરસ્તી અને સુખ સાથે લાંબાં ને લાંબાં વરશોની જીંદગી બખશે એવી હમારી દીલથી દુવા છે, તે ખુદાતાલા કબુલ રાખે, આમીન!

આ પત્રનો જવાબ, શેઠ નવરોજી વાહડચાએ, નીચે મુજબ, આપ્યોઃ—મેહરબાન શેઠજી સાહેબ પેસ્તનજી હોરમશજી વાહડચા, તથા બીજા ટ્રસ્ટી સાહેબો,— આજના મુબારક રોજે થયલાં ધર્મનાં કામને માટે તમોએ, તમારી પોતાની તરફથી, હમારાં માતાજી સાહેબ મોટલાંબાઈને સારૂં, આભારના જે સુખનો વાંચી સંભળાવ્યા

છે તેને માટે હમો, બંને ભાઈઓ, તમારો ઉપકાર માંન્યે છીએ. મરહુમ-શેઠ દાદાભાઈ નશરવાંનજી મોદીની નજરે જોયતે બનેલાં આ પાક આતશબેહરામ સાહેબનો વહિવટ, આપણાં વાહડવ્યા ખાનદાનથી, થતો આવ્યો છે તે ખચીત ઘણુંજ ખુશીભરેલું છે; અને તેજ કારણોથી, તમો સાહેબોએ, એ પાક મકાંનની સેવા કરવાનું, હમારાં માતાજીને જણાવવાથી, તેઓએ ખુશીથી ઉપાડી લઈને, સેરભર ઉતારવું છે તે, પોતાના પેદા કરનાર તરફની, પાક કેબલા તરફની, તેમજ પોતાના મરહુમ નેઆમાંનો તરફની પોતાની ફરજ બજાવવા સીવાય વધુ કંઈબી કરવું નથી, તેમ છતાં, આજે, હમને જોઈને ઘણી ખુશી પેદા થઈ છે કે હમારાં માતાજીનાં એ કાંમથી સરખો સંતોષ પેદા થયો છે, અને તમારા આભારની એ લાગણી, ઘણી ખુશી સાથે, તમારી માંગણી મુજબ, હમારાં માતાજી આગળ, રજુ કરીશું ત્યારે તેઓને ઘણી ખુશી હાંસલ થશે. તમોએ હમારાં માતાજીને ચાહેલી નેક દુવાઓને માટે તમારો ઉપકાર માંની પરવરદેગારની જનાબમાં ચાહીએ છીએ કે તમો સર્વ ત્રસ્ટી સાહેબો ખુશીતનદરૂસ્તીસાથે સલામત રહો, અને પાક મકાંનનો વહિવટ, પવિત્ર કેબલાના દરજ્જાને સોભા આપનારો, તથા સુરતની તમામ જરથોસ્તી અંજુમનની આકીનદારીમાં વધારો થાય. એવી રીતનો ચલાવતા રહો, જેનો બદલો, ખોદા, તમને આપશે. આંમીન! આંમીન!! આંમીન!!!

ત્યારબાદ, સર્વ દસ્તુરો તથા મોબેદોને, રૂપા નાણાંની આસોદાદ, તથા મરાંમતનાં કાંમમાં મદદ કરનાર ગૃહસ્થોને, ઈનામો આપ્યા બાદ, ક્રિયા સમાપ્ત થઈ હતી.

આ પ્રસંગની ઈધાંણીમાં, આતશબેહરામ સાહેબની સુભ લાગણી રાખનાર, ખાનબહાદુર શેઠ નાનાભાઈ કા-
ઃશજીને પર્ણે, વાહડ્યાજી તરફથી, ૠયાલ એનાયત કર-
વામાં આવી હતી.

આતશબેહરામ સાહેબની આગળ, આખો દહાડો, સુંદર 'બેંડ'ના મધુર અવાજથી, ખુશી પંથરાઈ હતી, તથા રાત્રે, ભપકા ભરેલી રોશની, બાઈ સાહેબ મોટલાંબાઈને ઘરચે, કરવામાં આવી હતી.

---

## મરનાર મોટલાંબાઇનાં વડવાંઓનો ટુંક હેવાલ.

મરનાર બાઇ મોટલાંબાઈની જીંદગીનો હેવાલ, તથા તેવણની ઘણીજ બહોાલી સખાવતો તથા છુપો ધર્મ, જેને માટે આપણે બોલી ગયા છૈએ, તેમજ મરનાર બાઈ મોટલાંબાઈનાં વડવાંઓ, ઘણાંએક પ્રાકૃમો તથા ગરીબોને છુપી સખાવતો કરી, અમર નામ મેલવી ગયાંછે; તેવા મહા પુરૂશોની ટોપમાં વાહડ્યાજી જંહુગીરજી નશર-
વાંનજીનું નામ કાંઈ પુરતું મશહુર થયું નથી. તેનો મુખ્ય સબબ એ છે જે મરનાર જંહુગીર વાહડ્યાનું દીલ એટલું મોટું હતું કે તેવણ પોતાની સખાવતો છુપી રાખવામાંજ મોટાઈ સમજતા હતા. એ સખાવતો છુપી રાખવામાં ઉગમણા પ્રાંતના દાનાવોનો વારસો, એ-
વણ, પોતાની વહાલી દીકરી મોટલાંબાઈને, ખુબ સંભા-
લથી આપી ગયા હતા. મરનાર જંહુગીર વાહડયાની મોટાઈ કાંઈ રાજ કરતી કોમ તરફના જેતાઓ તથા

આંદો મેલવવામાં નહી હતી; પણ, પોતાના દરરોજના સંબંધમાં આવતા દરેક આદમીને, તે લોકોની ન્યાત જાતના તફાવત વગર, સુખી અને તવંગર બનાવવા એ તેવણની નેમ હતી. તેપણ સઘલું વળી કોઈપણ જાતના ધોધાટ તથા હોહા વગર, મુંગે મહોંડે, બજાવ્યા જતા હતા, એવા તેમના માયાલુ ખવાસથી મુંબઈની વેપારી આલમે, મરનારને, 'જંહગીર શેઠ'નો ખેલકાબ આપ્યો હતો. અગરજો, એવણના સંબંધમાં આવતો કોઈપણ વેપારી, કોઈપણ જાતની બેઅદબી તેવણ સાથે કરતો, તો તેવી બેહુદી ચાલનું વેર, તેવણ, કોઈપણ દીવસે, તેની ઉપર લેતા નહીં હતા; પણ, સાંભી કાયદાની રીતે, તેને સારી સલાહ આપતા. તે વેપારી ગમે તેવો બદ ચાલનો હોવા છતાં, તેનાં બચ્ચાં તરફ રહેમ દીલની નજરે જોઈ, તેઓનું રક્ષણ, છુપે હાથે, કરતા. વેલાત, અમેરીકા, આફ્રીકા, ફ્રાંન્સ તથા જંગબાર, એ સર્વે જગોનો વેપાર, મોટે દરજ્જે, એવણના હાથમાં હતો. પોતાના લાગતાવલગતાઓને તથા પોતાનાં સગાં વહાલાંઓને, તેવણ, એ વેપારમાં, સામેલ કરતા હતા. જેમકે પોતાના ફ્રાંન્સના વેપારમાં, વાહડયા ડોસાભાંઈ ખરશેદજીની કુંમ્પની, તથા ઈંગલંડ સાથના વેપારમાં જેડાયલી મેશરસ. મંચેરજી જમસેદજી વાહડયાના છોકરાઓની કુંમ્પની જેવી આગલા વખતથી એ દોલતમંદ પહેડીઓ, મરનાર શેઠ જંહગીર શેઠનાં ઉદાર દીલની મદદનાં, પરીણામો હતાં. મેશરસ. નવરોજી અરદેશર દાવરની કુંમ્પની અને વાહડયા ડોસાભાઈ મેરવાંનજીની કુંમ્પનીની પુરાણી પહેડીઓ, એજ મુબારક નામવાલા ગ્રહસ્થનાં મુરબ્બી-

પણાંને, આભારી છે. આ કીંમતી જીંદગીનો સઊથી છેલ્લો અગત્યનો ભાગ તવારીખમાં મોંધી રાખવા જેગ છે. પોતાંની હૈયાતીનો છેડો નજદીક આવતો જોઈને, મરનાર વાહડયા જંહુગીરજીએ, જેજે આસામીઓ સાથે પોતાનો વહીવટ હતો, તે સઘલાઓને પોતાની નજદીક બોલાવ્યા, અને લેણ-દેણનો હીસાબ બંધ કરવાને અરજ કીધી. એ વખતે, જે વેપારીઓએ પોતાંની નાણાં સંબંધી હાલત તંગ દેખાડી, તે સઘળાઓ પાસેથી, તેઓથી અપાઈ શકે તેટલી રકમ વસુલ કરી, લાખો રૂપિયાનું લેહણું માંડી વાલી, તે સઘલાઓના આશીરવાદ, પોતાંની મરતી વખતની છેલી ઘડીમાં, પોતે મેલવ્યા હતા. પોતાંનાં મરણ વખતે, મરનાર વાહડીયા જંહુગીરજીએ, આસરે રૂપિયા બે લાખની રકમ, પોતાંનાં ધણીઆંણી, બાઈ માનેકબાઈને, બક્ષેશ કરી હતી, અને એ ભલા બવાસની બાનું, ૯૦ વરસની ભુજર્ગ અને પરહેજગાર જીંદગી ભોગવી, સને ૧૮૮૪ માં, મરણ પાંમ્યાં. તેની ઘણાં વરસ આગમચથી, પોતાંની જીંદગીમાં મલેલી ઉપલી મોટી દોલત, પોતાનાં ગરીબ બેશીઓને, વહેંચી આપી હતી.

બ્રીટીશ વેપારે, હીંદુસ્તાનમાં, મજબુત પગ-પેસારો કર્યો તેની આગમચ, આપણા ટાપુને, વલંદા તથા ફ્રેન્ચ વહાંણવટીઓ તથા આડત્યાઓ સાથે, મરનારના બાવા નશરવાંનજીને, બહુ ઘાડો વહેવાર હતો. તે પુરાંણો વેપાર, ઘણો ખરો, મરનાર નશરવાંનજી માણેકજી વાહડયાનાં હાથમાંજ હતો. આજના સુધરેલા જમાનાંમાં, ફ્રેન્ચ ભાષા, નું જ્ઞાન, બહુ અગત્યનું ગણાયછે, પણ. હાલના જમાંનાના પારસ્સીઓ, આ વાકય વાંચીને ખુશી થશે કે તે વખતમાં,

મરહુમ શેઠ નશરવાંનજી વાહડયાજી, તેમજ તેવણની પહેડીના પારસી માણસો, કલાર્કો, મેનેજરો અને દુભાસો, ફેન્ચ ઘણુંજ સારી રીતે બોલતા તથા સમજતા હતા.

નવસારીનાં આતશબહેરામનું મકાન, આગલ વખતમાં, ઘણુંજ બીસુમાર હાલતમાં આવ્યાથી, શેઠ નશરવાંનજી વાહડયાએ, દેશાઈજી ખરસેદજીની સાથે મલી, એક નવું મકાન બંધાવી આપ્યું હતું. સુરતની આસપાસનાં કેટલાંએક ગામડાઓમાં, એ મરનાર નેકબખ્તે, કેટલીએક દરેહમહેરો, બંધાવી આપી હતી; પણ, વખત જતે, તે ગામડાંઓ, પારસી વસ્તીથી, ઊજજડ થવાના સબબથી, તે દરેહમહેરોના આતશોને, બીજી ચાલુ દરેહમહેરોના આતશોમાં, અમિજ કીધા હતા.

ખુલ્લી અને સારી હવાવાળી જગ્યાઓમાં, અસલથીજ, પારસીઓને રહેવા ગમતું હતું. હાલમાં રાલી બ્રધર્સની ઓફીસવાળું મોટું ઘર, એ મરનાર શેઠયાનું 'ટાંઊનનું' રહેઠાંણ હતું. પરેલનાં 'ગવરમેંટ હાઉસ'ની નજદીકનો કુસાદે બંગલો તેવણની 'કનલી સીટ' હતી. સંવત ૧૮૪૭ માં, ગુજરાતના કમબખ્ત દુકાળ વખતે, મરહુમ શેઠો દાદીભાઈ નશરવાંનજી દાદીશેઠ તથા મોરાબજી મંનચેરજી રેડીમનીની સાથે મલીને, દુકાળથી વાખાનાં મરેલાં, મુંબઈ નહાસી આવેલાંઓને, ઘણાએક મહીના સુધી, ખોરાકની મદદ કીધી હતી. એ વતરણે, એ ભલા મર્દ, પોતાનાં વહાણો ભરીને, સુરત અને ભરૂચ બાતે, ગરીબોને વાસ્તે, અનાજ પહોંચતો પાડયો હતો; કે જેને વાસ્તે, કેટલીએક કહેવતો રહી ગઈછે. ભરૂચની અંદર, મરનાર વાહડયાજીને 'નશરવાંન દુલ્લા'ના ઓલકા-

બથી ઓલખતા હતા, અને સુરતના નવાબે, તેથીપણ આગલ વધીને, એમ લખ્યું છે જે એવણ, આ જમાં-નાના 'પાદશાહ નોશરવાંન અદલ' છે.

શેઠ નશરવાંનજી માણેકજી વાહડયાંએ, સુભ ચોઘડીયે, જે વેપારનો પાયો નાંખ્યો હતો તે વેપાર, એકસોથી વધુ વરસોની લાંબી જીંદગી ભોગવી, આ ચાલુ સાલમાં, મરહુમ શેઠ નશરવાંનજી નાંહુગીરજી નશરવાંનજી વાહડયા, તે મરનાર બાઇ મોટલાંબાઈના નાના દીકરાનાં દલગિરી અને માહેતમ ભરેલાં કવખતનાં મરણને લીધે, બંધ પડયો છે.

# મોટલાંબાઈનું મૃત્ય.

## શયાંમ કલ્યાંણ—ડુંમરી.

રે એા ચરમે તુર ધીરજ ધરો બાંતુ—એ રાહ.

રે એા ખુદાજી કીધું શું રે હાવું,
મમાઈ બપાઈ મોટલાંબાઈનું જાવું.—ટેક.
રે એા મોટલાંબાઈ રડાવી મુંબાઈ,
ખરેખાત રડે આઇ માઇ બાઈ રે—રે એા ખુદાજી
મમતાળુ માયાળુ મહારાંણી,
જાણી શોક કરશે માય ગઈ મુંબાઈ સાંણી—રે એા ખુદાજી
ઝવેરાં† હિંદુનું જુટીજ લીધું,
પારસી‡ મુકતાફળ અલગ કીધું—રે એા ખુદાજી
નાના પુત્રનો ધા લાગ્યો કારી,
ખરે પડ્યાં તેથીજ આજારી—રે એા ખુદાજી
દીન દયાળુ ગરીબ ની વાજ,
પરોપકારે વળ્યાં છો વોજ—રે એા ખુદાજી
જાણી જોઈ કીરતી નહીં કરાવતાં,
છુપું કર્યા છતાં પણ બાહાર આવતાં—રે એા ખુદાજી
કીરતી દાંન હાલમાં ઘણા કરે છે,
નામચાઈ ચાઈ સારૂં તવંળે છે—રે એા ખુદાજી
અરે જરથોસ્તી જાર જાર રડે છે,
હિંદુ મુસલમાંન ત્રાહે ત્રાહે કરે છે—રે એા ખુદાજી
'લ્હેરી અમૃત' પાંને નહીં ધરાય,
કુટુંબ કકલાંણ કરે હાય હાય—રે એા ખુદાજી

એડનાર અમૃતલાલ લ્હેરી—"જ્ઞાન વર્ધક," સપ્ટેંમબર, ૧૮૮૭.

† ઝવેરીલાલ ઉમ્યાશંકર. ‡ મોટલાંબાઈ.

# GENEALOGICAL TREE.




* Husband and wife.

# વંશાવળી.


કડવા.
જોગી.
વીરા.
નવરોજી.
માણેકજી.
નરારવાંનજી.
નવરોજી ( લવજી ).
માણેકજી.
નરારવાંનજી.
હોરમજી.
જાંહગીરજી.
નવરોજી.
મોટલાંબાઈ.*
માણેકજી.
કાવસજી.
નવરોજી.
નરારવાંનજી.

* ધણી-ધણીઆણી.


00021587

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 15 June, 2016